
અમદાવાદ–સસ્તું સાહિત્ય મુદ્રણાલયમાં
–ભિક્ષુ અખંડાનંદના પ્રયત્નથી નહિ।



# प्रकाशकनुं निवेदन

આ 'મનુસ્મૃતિ' વિવિધ ગ્રંથમાળાના [illegible] ગ્રંથનું પ્રથમ પ્રકાશન છે, અને [illegible] થી [illegible] રૂપે પ્રસિદ્ધ થાય છે.

'મનુસ્મૃતિ' આપણા આર્યજીવનનો એક અત્યંત પ્રાણવાન ગ્રંથ છે; એના સર્વ વિભાગોમાં આર્યસંસ્કૃતિનો મંગલ પ્રકાશ છે. એ માત્ર [illegible] કર્મકાંડવિધાનનું પ્રતિપાદન કરનારો ગ્રંથ પણ નથી. એ, [illegible], આ વિશ્વની અનેક લીલાઓ તપાસે છે અને વિવિધ વિભાગોમાં ધર્મના વહેણો જુએ છે. એ પાતાળગંગાની ખોળ કરે છે, અને એ જોનારી મંગલ મધુર અમૃતદર્શિની પાર્વતી કૈલાસ શિખર ઉપર દૃષ્ટિ સ્થિર કરાવે છે. આમ તે જીવનને કલ્યાણના પંથે ચડાવીને સમાજની સહસ્ર નાડીઓમાં પ્રાણ પ્રગટાવે છે, વિવિધતામાં એકતા લાવે છે અને એ એકતાનો સાક્ષાત્કાર પામવા હાકલ આપે છે

ધર્મ માત્ર કર્મકાંડોમાં નથી, પણ જીવનના શ્રદ્ધાયુક્ત સદાચારમાં છે. તેથીજ વેદમાં બતાવેલા આચારવિચાર, સ્મૃતિઓમાં દરેલા નિયમાદિઓ, સત્પુરુષોએ કર્તવ્યમાં ઉતારેલા વ્યવહારો અને અંતરાત્માને પ્રસન્નતા આપનારાં શુદ્ધ આચરણો, એ સર્વને મનુદેવે ધર્મની વિશાળ વ્યાખ્યામાં સમાવ્યાં છે.

આથી શાસ્ત્રકારોએ કહ્યું છે કે, ભગવાન મનુએ જે કાંઈ કહ્યું છે તે ઔષધરૂપ છે. ભગવાન મનુ કહે છે કે, રાગ અને દ્વેષથી નિત્યમુક્ત રહેલા સંતજનોએ જેનો હૃદયમાં સાક્ષાત્કાર કર્યો છે

તે સાચો ધર્મ છે. [illegible]
અનુભવ ઉપરથી [illegible]
જોઈએ. ત્યારે એની [illegible]
સાચા હૃદયમાં પ્રકાશ [illegible]
છે; અને ત્યારેજ તે ભક્તને શ્રીકૃષ્ણના [illegible]
નાનું અને વિરાટના [illegible]
સમજાય છે. આવો [illegible] નહિ [illegible]
પામેલો અને [illegible]
છે—ભગવાનને સર્વભાવે ભજીને તરી જાય છે.

મનુએ [illegible] વર્ણો હતા છે, અને તેમના જુદા જુદા [illegible] ણોને મનુદેવે અપરિગ્રહી, વિશ્વાસંપન્ન, તપોનિષ્ઠ, સર્વત્યાગી અને સર્વમિત્ર રહેવાની આજ્ઞા આપી છે. તેમણે [illegible] જીવવું જોઈએ છે, જેથી અન્ય વર્ણોને [illegible] કરે તેમણે આમ સંસ્કૃતિરક્ષક રહેવાનું છે, એટલે મનુદેવે એની આ જીવિકાનો ભાર સમાજ ઉપર રાખ્યો છે. પણ માત્ર સાથે પેટને ખાતર સંસ્કાર નહિ વેચવાની તેમને ચેતવણી પણ આપી છે.

એ પછી ક્ષત્રિયોને ભગવાન મનુદેવે સમાજની રક્ષાનું કામ સોંપ્યું છે. વીરતા, ઉદારતા, ધર્મપરાયણતા અને લોકરક્ષા આદિ તેમની સંપત્તિ છે. ક્ષત્રિયના શૌર્ય, પરાક્રમ અને તેજ સમાજને કલ્યાણકારી અને ઉપયોગી થવાને બદલે લોકભક્ષક થાય નહિ, તે સારુ તેમણે કડક નિયમો આપ્યા છે, વળી તેમણે વૈશ્યોને માટે પણ ધંધાઓમાં અમુક વિધિ-નિષેધો કર્યા છે. વૈશ્યોએ માત્ર પાઈ-પૈસા માટે જીવ ઘસી નાખવાનો નથી. તેમણે ધર્મપૂર્વક પશુપાલન, ખેતી, વ્યાપાર, આદિથી સંપત્તિ મેળવીને સમાજને સમૃદ્ધ રાખવાનો છે અને ધર્મરક્ષા માટે છૂટે હાથે દ્રવ્યનો ઉપયોગ કરવાનો છે, એમ ભગવાન મનુએ જણાવ્યું છે. શૂદ્રને તેમણે સેવા ધર્મ બતાવ્યો છે, પણ એને માટે ઊંચ જીવનના અવકાશો રાખ્યા છે. શુદ્ધ સેવાભક્તિથી તે ઉત્તમ જીવન સિદ્ધ કરે, એવો તેમનો આદેશ છે. માટે નેવુ વરસની ઉમરે પહોંચેલા શૂદ્રને તે

આરાધના કરવા વંદનાનો અધિકારી બન્યું છે. આ રીતે ચાર વર્ણ [illegible] સૌ કોઈને પોતપોતાના સ્વધર્મમાં રહીને પોતાની આધ્યા- [illegible] આત્મદર્શનની અભિલાષાની તૃપ્તિ [illegible], કે ભગવાન મનુની યોજનાનું રહસ્ય છે.

વર્ણની જેમ આશ્રમોની પ્રણાલી વ્યવસ્થા પણ એવા જ કલ્યાણ-કારક તત્ત્વોથી ગૂંથાયેલી છે. બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ, અને સંન્યાસ એ ચારેના જે પણ આશ્રમો મનુષ્યોના, તે તે આશ્રમના ધર્મનું યથાર્થ અનુષ્ઠાન કરવાથી તે બ્રહ્મપદની નજીક ને નજીક પહોંચતા જાય છે, એ નિઃસંશય વાત છે. જીવનનો ઉત્તરોત્તર વિકાસ કરી, માનવી ભગવાનના સર્વવ્યાપી સ્વરૂપને પામી શકવાને માટે પરમ શાંતિ પ્રાપ્ત કરે. એ ધ્યેયને લક્ષમાં રાખીને વર્ણાશ્રમની વ્યવસ્થા યોજાયેલી છે.

વર્ણ અને આશ્રમોના નાજુક બંધારણમાં સમગ્ર હિંદસમાજ એક પરિવારવિશેષ નહીં કે એવી ગોઠવણ કરી છે. એ પરિવારમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચારે વર્ણ એકબીજાના સહાયક થઈને રહેતા હતા, અને પોતાના સ્વાભાવિક ગુણો પ્રમાણે કર્મોના વિભાગ કરીને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થ પ્રાપ્ત કરવા આનંદપૂર્વક પ્રયત્ન કરતા ચારે વર્ણમાં અરસપરસ પ્રેમ હોવાથી શાંતિ અને આનંદ રહ્યા કરતો હતો. આજે તો પ્રેમની જગ્યાએ દ્વેષ અને કર્તવ્યને સ્થાને અધિકાર ચડી બેઠા છે. એવી વિપરીત ચેષ્ટાથી સમાજ ક્રમશઃ દુર્બળ થતો ચાલી નાશને પંથે ચાલી રહ્યો છે. એટલે ભ્રાતૃપ્રેમ અને સ્વાર્થત્યાગની ભાવના જેટલી વહેલી જાગૃત થાય તેટલી વધુ લાભદાયી નીવડશે.

ભગવાન મનુદેવે વર્ણોમાં, આશ્રમોમાં, યજ્ઞોમાં, આચારોમાં, યુદ્ધોમાં, વેપાર–વણજમાં તથા સેવા–ચાકરીમાં નિયમો અને આદેશો આપ્યા છે. તેમાં ઊંડે જોનારને આજે પણ શિક્ષણના ઉત્તમોત્તમ આદર્શો મળશે, સમાજની અર્થવ્યવસ્થાના સુંદર નમૂના સાંપડશે, સંસારના અતિ જટિલ પ્રશ્નોની ગૂંચ ઉકલશે અને નવા રહસ્યો પ્રાપ્ત થશે. જે સંસ્કૃતિએ હજારો વર્ષથી પોતાનો પ્રાણ ટકાવી રાખ્યો છે અને પરધર્મીઓના

અનેક હુમલાઓ થવા છતા જેણે પોતાનુ ગૌરવ હીણું પડવા દીધું નથી, તે આર્યસસ્કૃતિ ભગવાન મનુ આમા આપણને બતાવે છે આજના સમયમા તેમા કંઇક ગાળવું પડે, કંઇક નવું કરવું પડે, કંઈક હેરફેર કરવું પડે, છતાં પ્રાણ તો મનુદેવે પ્રકટાવ્યો છે તેજ રહેશે.

ભગવાન મનુએ સ્ત્રીઓ સબધમાં જે વ્યવસ્થા આપી છે, તે સામે ઘણી વાર વટોળ ચડાવવામા આવે છે મનુસ્મૃતિમાંના ગમે ત્યાંથી શ્લોકો ઉપાડી લઈ, તેના મનને ફાવે તેવા સબધો જોડી એ વટોળનુ સમર્થન કરવામા આવે છે પણ એ સર્વથા ભૂલભર્યું છે. કારણ કે હિંદુશાસ્ત્રોમા સ્ત્રીજાતિના સબધમા જે આદર ભાવ છે, તે બીજે ક્યાય મળવો દુર્લભ છે. ભગવાન મનુ કહે છે કે,

**उपाध्यायान्दशाचार्य आचार्याणां शतं पिता ।**
**सहस्रं तु पितॄन्माता गौरवेणातिरिच्यते ॥**

અર્થાત્ ઉપાધ્યાયથી આચાર્ય દશગણા, આચાર્યથી પિતા સોગણા **અને માતા પિતાથી હજારગણી પૂજવાયોગ્ય** છે. ભલા, સ્ત્રીજાતિનો આથી વિશેષ કયો આદર હોઈ શકે ?

આથી પણ આગળ વધીને તેઓ કહે છે કે, માત્ર વિવાહપ્રસંગેજ નહિ પણ હરહમેશ કલ્યાણ ઇચ્છતા પિતાએ, ભાઇએ, પતિએ અને દિયરે પોતાના સ્ત્રીજનને સત્કાર આપવો જોઇએ અને તેમને વિભૂષિત કરવાં જોઇએ. જ્યા સ્ત્રીઓનો સત્કાર થાય છે, ત્યા દેવતાઓ આનંદ કરે છે, જ્યા સ્ત્રીઓનો સત્કાર થતો નથી, ત્યા સઘળી ક્રિયાઓ અફળ જાય છે. જે કુળમાં કુલીન સ્ત્રીઓ શોકમા રહે છે, તે કુળ તત્કાલ વિનાશ પામે છે જેમા એ સ્ત્રીઓ શોક કરતી નથી, તે કુલ વૃદ્ધિ પામે છે. સત્કાર ન પામેલી સ્ત્રીઓ જે ઘરો ઉપર શાપ વરસાવે છે, તે ઘરો કૃત્યાએ* ભરખેલા વગેની જેમ બધી રીતે ભાગીને ભૂકો થાય છે. માટે અધિક ઐશ્વર્યની કામના કરનારા પુરુષોએ ઉત્સવો અને તહે-

* તંત્રાનુસાર કોઈ શત્રુનો નાશ કરવા માટે મંત્રદ્વારા ઉત્પન્ન કરેલી અભિચારિણી સ્ત્રી.

વાંના પ્રસંગોમાં સ્ત્રીઓને આભૂષણો, વસ્ત્રો અને ખાનપાનોથી સંતોષ આપવો જોઈએ. જે કુળમાં પતિ પત્નીથી સંતુષ્ટ છે અને પત્ની પતિથી સંતુષ્ટ છે, તે કુળમાં ચોક્કસ કલ્યાણજ છે.

સર્વ અવસ્થામાં સ્ત્રીનું રક્ષણ કરવાની ભગવાન મનુદેવની આજ્ઞા છે. આમ છતાં આગળ જતાં તેઓ એક મહત્ત્વની બાબત કહે છે કે, "આ સ્ત્રીરક્ષણની વાત કરું છું, છતાં ખરું રક્ષણ તો **સ્ત્રી** પોતેજ કરશે." તેને ચાકરીએ રાખો કે બારણે તાળાં લગાવી રાખો, તો પણ તમે સાચવી શકશો નહિ. એ તો **સ્ત્રીજ પોતાનું સ્ત્રીત્વ સંભાળશે;** અને એમાં તો સ્વયંસ્ફુરણાનો આનંદ હશે, બહારથી લાદેલો જુલમ નહિ હોય. આથીજ **અશોકવાટિકામાં એક અનાથ જેવાં પડેલાં સીતાજી દશમુખ રાવણને કંપાવી શકે છે અને કુરુસભામાં અપમાનવશ થયેલાં દ્રૌપદી મહાભારત** મચાવી શકે છે. આનો હજારો વર્ષો પહેલાની વાત થઈ, પરંતુ આજ પણ પોતાના સ્ત્રીત્વના રક્ષણ માટે આત્મબલિદાન દેનાર સ્ત્રીશક્તિનો પરિચય આપણને કોઈ કોઈ વાર જાણવા-જોવા મળ્યા કરે છે. સ્ત્રી એ તો સચરાચર સૃષ્ટિના પાયામાં પડેલી શક્તિનું પંચભૂતાત્મક સ્વરૂપ છે.

એ મહાપદેથી સ્ત્રી ગબડી પડે નહિ એટલા માટે લગ્નાદિ સંબંધોમાં ભગવાન મનુએ મર્યાદાઓ બાંધી છે, પરંતુ ત્યાં 'સ્વતંત્રતા'નો ખોટો વાદ લાવવાની જરૂર નથી. સ્વેચ્છાચારને સ્વચ્છંદતાનું નામ શોભતું નથી. સ્ત્રી તથા પુરુષે પોતપોતાનાં સ્વાભાવિક કાર્યોમાં પ્રવૃત્ત રહી જીવનની સાધના કરવાની છે. આથી ભગવાન મનુના આદેશોમાં કોઈ સ્થળે કડકાઈ અને વ્યક્તિસ્વાતંત્ર્ય ઉપર દાબ જેવું જણાય છે, પણ સમાજનું પ્રત્યેક અંગ એકબીજાને ટેકો આપી શકે અને પોતપોતાનાં સ્વાભાવિક કર્મો કુશળતાપૂર્વક કરીને દરેક વ્યક્તિ પ્રગતિ કરી શકે, એટલા માટે તેની આવશ્યકતા તેમણે સ્વીકારી છે. વળી સંસારમાં ક્યાંયે નિરપેક્ષ સ્વતંત્રતા નથી, બધું અન્યોન્ય સહકારથી અને પરસ્પર અનુકૂળતાથી ચાલે છે. કોઈ પણ સમાજ દરેક વ્યક્તિને દરેક પ્રકારે રાજી રાખી શકે છે, એવું કદી જોવામાં આવ્યું નથી. **મનને ફાવે તેમ વર્તવા દેવું અને પછી તે તે વર્તનનો બચાવ કરવા માટે**

છે કે, સ્ત્રીઓ અને પુરુષોની શારીરિક રચનામાં, એમના ગર્ભધારણ આદિ શારીરિક ધર્મોમાં, તેમજ બાળબચ્ચાનાં પાલનપોષણ આદિ કર્મોમા ભેદ છે તેને લીધે તેમના કર્તવ્યકર્મોમાં અને વ્યવહાર આદિમા ભેદ હોવો અનિવાર્ય છે."

"કોઈ કોઈ લોક માને છે કે, હિન્દુશાસ્ત્રોમા સ્ત્રીઓને હલકો દરજ્જો આપવામા આવ્યો છે. આ પાયા વિનાની વાત છે; હિન્દુશાસ્ત્રે સ્ત્રીતત્ત્વને જેટલુ પિછાણ્યુ છે, તેટલુ ક્યારે કોઇએ પિછાણ્યુ નથી આથી કહ્યુ છે. '**न गृहं गृहमित्याहुर्गृहिणी गृहमुच्यते।** એટલે કે, માત્ર ઘર છે તેથી ઘર ગૃહ કહેવાતુ નથી, પણ ગૃહિણી છે તેથી તે ગૃહ કહેવાય છે વળી બીજુ કારણ એ છે કે, હિન્દુશાસ્ત્રે સ્ત્રીને પુરુષનું ડાબુ અંગ કહ્યુ છે. હવે ડાબા અંગમા હૃદયનુ સ્થાન છે અને હૃદય ઉપરજ સમસ્ત જીવનનો આધાર છે. આમ સ્ત્રી એ ગૃહસ્થજીવનનું હૃદય છે અને એના ઉપરજ ગૃહસ્થજીવનનું સમસ્ત અસ્તિત્વ નિર્ભર રહે છે. હૃદય પ્રેમનુ કેન્દ્ર છે અને સ્ત્રીઓમા પણ પુરુષોની સરખામણીમાં અધિક પ્રેમ છે."

"અહી એટલું ધ્યાનમા રાખવું જોઇએ કે, શાસ્ત્રોના વિધાનો અનુમાને ઉપજાવી કાઢેલા નથી, તેમ તેઓ મનફાવતાં કે પક્ષપાતભર્યા પણ નથી. બલકે, દરેક વસ્તુનો મર્મ પકડીને અને તેનો ધર્મ સમજીને શાસ્ત્રકારોએ તે અનુસાર કર્મ અથવા અધિકારની વ્યવસ્થા કરી છે મનુભગવાને સ્ત્રીપુરુષના તત્ત્વના વિષયમાં કહ્યુ છે કે,

**द्विधा कृत्वात्मनो देहमर्धेन पुरुषोऽभवत्।**
**अर्धेन नारी तस्यां स विराजमसृजत्प्रभुः॥ (१–३२)**

"અર્થાત્ પરમાત્માએ પોતાના વ્યક્ત સ્વરૂપના બે ભાગ કર્યા; એમાં એક ભાગ પુરુષ થયો અને બીજો ભાગ સ્ત્રી થઈ. એ નારીભાગમાં તે પ્રભુએ (પુરુષભાગથી) વિરાટ જગત ઉત્પન્ન કર્યું", આ શ્લોકમા સૂક્ષ્મરૂપમા સ્ત્રી અને પુરુષના અધિકારોનો સંકેત છે. આ વાતને કર્મમીમાંસાકાર વધુ સ્પષ્ટ કરતાં કહે છે કે **यागपरः पुरुषधर्मः। तपःप्रधाना नार्यः।** અર્થાત્ ગૃહસ્થરૂપી વિશ્વમા પુરુષનો ધર્મ છે કે, તે 'યાગરૂપ' થઇ રહે અને નારીનુ કર્તવ્ય છે કે, તે

'તપ'રૂપ થઇ રહે. ભાવાર્થ એ છે કે, પુરુષે એવા કર્મ કરવાં જોઇએ કે, જેથી તેને ઐહિક અને પારમાર્થિક ઐશ્વર્યની પ્રાપ્તિ થાય. પુરુષના એ કાર્યોમા સહાયતા કરવા સારુ સ્ત્રી શારીરિક કષ્ટો સહન કરે છે. 'તપ' ધર્મ કાંઇ સહેલુસુતરું કર્મ નથી એ માટે પણ ઘણી ચતુરાઈ, બુદ્ધિ, જ્ઞાન અને શીલ આદિ ગુણોની આવશ્યકતા છે. આથી માતપિતાનો ધર્મ છે કે, તેઓ પોતાની કન્યાઓને વિદ્યા આદિ શુભ ગુણોથી સુશોભિત કરી કન્યાદાન કરે."

"જે પુરુષ સ્ત્રીજાતિ પાસે આવી કઠણ તપસ્યાની આશા કરે છે, તે પુરુષે પણ સત્પુરુષના જેવી કઠણ તપશ્ચર્યા આચરવી જોઇએ. પુરુષ જો એકપત્નીવ્રતથી ભ્રષ્ટ થાય, તો તેણે સ્ત્રીજાતિ પાસેથી પાતિવ્રત્યના ધર્મના પાલનની આશા રાખવી વ્યર્થ છે. સ્ત્રીજાતિ ઉપર પતિના આચરણનો પ્રભાવ પડવો સ્વાભાવિકજ છે. ઘણાય ભલાભોળા ભાઇઓ સમજી બેઠા છે કે, પુરુષનું બહારનું આચરણ રૂડુરૂપાળું હોવુ જોઇએ, ઘરનું અંદરનું આચરણ ફાવે તેવુ હોય તેથી કઇ હાનિ થતી નથી! એમનો આ વિચાર ભ્રમપૂર્ણ છે. આપણાં બાલબચ્ચાં, સ્ત્રીઓ અને કુટુબના અન્ય લોકો ઉપર ઘરના આચાર અને વ્યવહારનોજ પ્રભાવ વિશેષ પડે છે."

"ભલા, સ્ત્રીજાતિને આથી અધિક કયુ માન અને કયો સત્કાર હોઈ શકે એમ છે? અંગ્રેજી ભણતરને કારણે પાશ્ચાત્ય સભ્યતાના ચકરાવામા ભૂલા પડેલાં યુવકયુવતીઓ માની બેઠા છે કે, હિન્દુસંસ્કૃતિએ સ્ત્રીજાતિને ભારે અપમાન કર્યું છે. અમે તેમને વિનંતિ કરીએ છીએ કે, એ ભાઇઓ અને બહેનો પાશ્ચાત્ય સભ્યતાના ચશ્મા ઉતારી નાખીને પોતાના પૂર્વજોના ગ્રથો તથા ઇતિહાસોને વાચે, તો તેમને જાણ થઈ જશે કે, હિદુ સભ્યતામા સ્ત્રીજાતિને જે ગૌરવ મળ્યુ છે, તે બીજે ક્યાય નથી. જ્યા છૂટાછેડા દ્વારા સ્ત્રીને સહજને માટે ત્યજી દેવામાં આવે છે, ત્યા સ્ત્રીજાતિને કેવુક ગૌરવ મળ્યુ હોય છે? ત્યા તો સ્ત્રીઓનું અસ્તિત્વ ગોર્ટાળકના જેવા પશુઓ જેવુ છે. ડુગર દૂરથી રળિયામણા લાગે છે, પાસે જઈએ છીએ ત્યારે તે વગડના અસલીપણાનો પત્તો મળી આવે છે"

શાસ્ત્રોમાં [illegible]

[illegible]

આ સેવકથી [illegible] બિલકુલ [illegible] વિષયોની ચર્ચામાં [illegible] છે વળી આ સેવક વિદ્વાન કે [illegible] સાગર [illegible]

આ ગ્રંથનું ભાષાન્તર શાસ્ત્રી [illegible] વેલું છે. તે બને તેટલું સરળ અને ભાવવાહી [illegible] પ્રયત્ન થયો છે

આ પછીના પૃષ્ઠોમાં (૧) 'વિવિધ ગ્રંથમાળા'નું [illegible] અને તે પછી સુખદાત્રી ત્રણ દેવીઓ (૨) ત્રણ [illegible] અને (૩) શૌચ–પવિત્રતા એટલે શું? એ લેખો આપ્યા છે, તે તરફ વાચકબંધુઓનું ધ્યાન દોરવામાં આવે છે.

તે પછી શુદ્ધિપત્ર પૃષ્ઠ ૩૧–૩૨ ઉપર છપાયું છે, તે પ્રમાણે ગ્રંથ સુધારીને વાચવો ઘટે

વાચકબંધુઓ આ ગ્રંથમાંથી પોતપોતાના સનાતન ધર્મ પાળવા શક્તિમાન થાય, અને પરમ શ્રેય–પ્રેયને પ્રાપ્ત કરે એવી ભાવનાપૂર્વક **હરિસ્મરણ** ।

સંવત ૧૯૯૭,
આષાઢ સુદિ ૬

—ખરાબ ભિક્ષુ અખંડાનંદ

# "વિવિધ ગ્રંથમાળા"નું હાલનું ધોરણ

૧—વાર્ષિક મૂલ્ય પાકા પૂઠા સાથે રૂપિયા ૫) હોઇ ટપાલખર્ચ ચાલુ વર્ષનુ માફ હોય છે. આફ્રિકા ઇત્યાદિ દેશાવર માટે વાર્ષિક-મૂલ્ય રૂપિયા ૮) અથવા શિલિંગ ૧૨) છે. ૨—પ્રત્યેક વર્ષ કારતકથી આસો સુધીનું ગણાય છે. વચ્ચે ગમે ત્યારે ગ્રાહક થવા છતાં કારતકથી પુસ્તકો અપાય છે. ૩—૫"x૭ા"ના કદના પૃષ્ઠ ૧૯૦૦ થી ૨૧૦૦ સુધી ત્રણથી ચાર પુસ્તકો દ્વારા અપાય છે તેમાના નીકળ્યા હોય તે તે પુસ્તક ગ્રાહક થતી વખતે અપાઇ, બાકીના નીકળે તેમ મોકલાય છે. ૪—કોઇ વાર પુસ્તકોની સખ્યા ચારથી વધે તો તે વધારાનું પુસ્તક સાદાં પૂંઠાવાળુ જ બધાશે; અથવા બીજા બોર્ડ પટ્ટીના પૂઠાવાળા પુસ્તકના ભેગું બધાવાશે. ૫—પ્રત્યેક વર્ષનુ છેલ્લું પુસ્તક વી. પી. થી મોકલીને તે પછીના વર્ષનું વાર્ષિક મૂલ્ય મગાવી લેવાશે, પણ બનતા સુધી તે વિષે અગાઉથી ચેતવણી અપાઈ જેઓ નવા વર્ષમા ગ્રાહક રહેવાની ના લખશે તેમને એ છેલ્લું પુસ્તક વી પી. થી નહિ પણ સાદી રીતે મોકલાશે ૬—જેઓ પ્રથમથી ના નહિ લખતા વી. પી. આવ્યે તે પાછું વાળશે, તો તે છેલ્લા પુસ્તક ઉપરનો સર્વ હક્ક ગુમાવશે. પરંતુ જેમનુ વી. પી ભૂલથી કે એવા કોઇ કારણથી પાછુ વળ્યું હશે તેઓ પોતાનું વાર્ષિક મૂલ્ય મોકલી આપીને પોતાનુ નામ પાછુ ચાલુ કરાવી શકે છે તથા વી પી. પાછું વળવાથી ટપાલ આદિ ખર્ચ રદ ગયુ હોય તે મોકલીને પાછુ વળેલું પુસ્તક પણ તેઓ મેળવી શકે છે. ૭—"વિવિધ ગ્રથમાળા"ના પુસ્તકો પૂરતી ચોકસી કરીને ટપાલમા નંખાય છે, છતા તે ગ્રાહકને મળે નહિ તો તેને માટે આ સંસ્થા જવાબદાર નથી. ટપાલખાતા પર અરજી કરવા છતા જેઓ તે પુસ્તક ન મેળવી શકે, તેઓ તે બાબતનો ટપાલખાતા સાથેનો પત્રવહેવાર જોવા મોકલી આપશે તો બનતો વિચાર થશે. ૮—ગેરવલ્લે જાય નહિ તેટલા માટે દરેક પુસ્તક રજિસ્ટર્ડ પોસ્ટથી મેળવવું હોય તેમણે તે ખર્ચના બાર આના વધુ મોકલવા ૯—વાર્ષિક મૂલ્ય રૂબરૂમા ભરનારને તેજ વખતે છાપેલી પાવતી અપાય છે તથા વી પી. દ્વારા વાર્ષિક મૂલ્ય ભરનારે વી. પી. ઉપર જે સરનામુ, ટપાલની છાપ વગેરે હોય છે તેનેજ પાવતી તરીકે જાળવી રાખવાનુ છે. ૧૦—મુંબઇના કાર્યાલયમા "વિવિધ ગ્રથમાળા"નુ વાર્ષિક મૂલ્ય ભરનારે તે ભર્યા પછીનો સત્ર સંબંધ અમદાવાદનાજ કાર્યાલય સાથે સમજવાનો છે.

# सुखदात्री त्रण देवीओ

इळा सरस्वती मही तिस्रोदेवीर्मयोभुवः बर्हिः सीदन्त्वस्रिधः ॥

(ऋग्वेद. १-१३-२९.)

ભાવાર્થ:-માતૃભાષા, વિદ્યા અને માતૃભૂમિ આ ત્રણ દિવ્ય ગુણોને ધારણ કરતી હોવાથી દેવીઓ કહેવાય છે. એની સેવા કરવાથી માણસ કેવળ પોતાની ઉન્નતિ સાધે છે; એટલુંજ નહિ પણ સમગ્ર દેશને પણ ઉન્નતિમાં લાવી શકે છે. જેણે માતૃભાષાનો ત્યાગ કર્યો છે, તેણે પોતાના આત્માને અને પોતાના કુટુંબને અધઃપાતમાં ધકેલી દીધાં છે. જેણે માતૃભૂમિની સેવા નથી કરી, તેનું સ્થાન સ્વર્ગમાં નથી તો મુક્તિમા તો ક્યાંથીજ હોય? વિદ્યારૂપી દીપક હાથમાં લીધા વગર જે સંસારયાત્રા કરે છે તે કોઈ પણ દિવસ અંધકારમાંથી નીકળી શકતો નથી. સદૈવ સુખદાયક આ ત્રણ દેવીઓની સેવા અને પૂજા આપણા અંતઃકરણમાંથી કદી પણ દૂર ન થાઓ. એ ત્રણ દેવીઓની ભાવનામય મૂર્તિ સર્વ કોઇના અંતઃકરણમા સદૈવ પ્રકાશિત હો!

# त्रण गृहदेवताओ

(લેખક.-આચાર્ય વિનોબા ભાવે)

કોઇની સ્વતંત્રતામા બાધ આવે નહિ, મર્યાદાનો ભંગ ન થાય અને સમાજની ગાડી ધોરી માર્ગે ચાલે, સર્વે કામો શાંતિ અને ન્યાયથી થાય અને ક્રાંતિ કરવાનો પ્રસંગ ન આવે, એ મુદ્દો નજર આગળ રાખીનેજ હિંદુ સમાજની રચના થઈ છે. માટે હિંદુ સમાજે આ નિયમ બનાવી મૂક્યો છે કે, રોજની જરૂરિયાતોની વસ્તુઓ પર કોઇએ પણ કોઇના ઉપર આધાર રાખવો નહિ. આ નિયમનું સર-

ળતાથી પાલન થાય તે માટે હિંદુ સમાજે કેટલીક સંસ્થાઓ નિર્માણ કરી છે અને આવી સસ્થાઓ ટકી રહે, તેઓનુ રક્ષણ થાય, માટે તેઓનો ધર્મમાં સમાવેશ કરી ધર્મનુ રૂપાતર કરવામાં આવ્યુ. આ સંસ્થાઓમાથી ત્રણ સંસ્થાઓ પ્રથમ કોટિની છે.

**પહેલી સંસ્થા છે ચૂલો**—આજકાલ આપણે આ સંસ્થાનું મહત્ત્વ ભૂલી ગયા છીએ કારણ હજુ સુધી સદ્‌ભાગ્યે આપણાં ઘરમાના ચૂલાઓ બધેજ ટાઢા પડી નથી ગયા. અતિપરિચય વડે કેટલીક ચીજોની મહત્તા અને કિંમત આપણે ઓળખી શક્તા નથી. નિશાળમાં "મહા હેતવાળી દયાળુજ મા તુ" આવી કડીઓ ગોખી કાઢી હોય. છતા પણ જ્યાં સુધી પોતાની મા જીવતી હોય ત્યા સુધી એની મહત્તા અને એના અમોલ ઉપકારની કલ્પના ઉન્મત્ત બાળકને આવી શકતી નથી. પણ માતાના મરણ બાદ અનાથ થયા પછીજ એનો ખ્યાલ આવે છે કે મા એટલે શુ? યુરોપમા તો ઘેર ઘેર ચૂલાઓ ટાઢા પડતા જાય છે–બુઝાતા જાય છે; એથી કરીનેજ ત્યાંના મહાન કવિઓએ ચૂલાનો ગરમાવો, ઉબ, મીઠાશ એ વિષયો પર રસભર્યાં કાવ્યો રચ્યા છે. સદ્‌ભાગ્યે હજુ સુધી આવા શુષ્ક કાવ્યોની જરૂર આપણને ભાસતી નથી. છતાં પણ આપણે આ વાત ભૂલી શકતાં નથી કે. મુંબઇ નગરીમા મિલો, કારખાનાઓ અને કોલેજો જેવા સ્થળોએ ગધ્ધાવૈતરા કરનારા કેટલાંક પ્રાણીઓ હવે ચૂલાની ઉબથી વંચિત થવા લાગ્યા છે હવે તો આપણી આંખ ઊઘડવી જોઇએ અને સાવચેતી ગણી આ નવાં ખેતરોમા થતાં બીજના ઝેરી પાકનો નાશ કરવો જોઇએ. આપણા રાષ્ટ્રનો ચૂલો બુઝાય એવી મહાન ભયંકર ભૂલ બીજી કોઈ હોઈ શકેજ નહિ!

**બીજી મહત્ત્વની સંસ્થા છે 'ચક્કી'–ઘંટી**—આ ચક્કીમા ફક્ત આટોજ નથી પિસાતો, પણ ઘરમા દર કરીને પેઠેલું આળસ અને રોગો પણ પિસાય છે. આ સંસ્થાનો શહેરોમાથી લોપ થતો જાય છે. એ નાશ પામી છે. જનાબાઇની સાથે બેસી ભગવાન પાંડુરંગે દળ્યુ હતુ, આ ઘટનાની સત્યતા શહેરોમાં રહેતી દેવીઓ નથી અનુભવી શકતી, પણ હવે તો ઊલટુંજ થયું છે. માબાપ પોતાની કન્યા માટે

એવું ઘર શોધી કાઢે છે કે, જ્યાં સાએલું કે ચક્કી છોકરીની નજરે પડેજ નહિ, તો પછી દળવાની કે ખાંડવાની વાત જ ક્યાં? છોકરીના નસીબમાં દળવાનું કે ખાંડવાનું તો હોય જ નહિ, એવો મત માબા-પનો થઇ ગયો છે. ઘંટીના મધુરા સૂર સાથે ગાવા માટે કેટલાંક ગીતો સંત તુકારામ મહારાજે રચ્યાં છે અને બીજા રસભર્યાં શ્લોકો પણ તૈયાર કર્યા છે. રુકિમણી–ગીત, સીતા–ગીત સાવિત્રી–ગીત અને આ ત્રણે ગીતોની રચના કવિ મોરોપંતે કરી છે; પણ ફેશનમાં પડેલા લોકોને આની સાથે શો સબંધ કે મતલબ? શ્રમ–મહેનતની બચત કરીને શું કરવાના? જાત ટો નથી બચવાની. શ્રમ કરવાનો એટલો બધો કંટાળો આવ્યો છે કે, જાત ન બચે તો ચાલે, પણ મહેનતની બચત થાય એ વધારે સારું. મિલમાંનો લોટ બળીને ભસ્મ થાય છે, તેથી રોગો વધારે પ્રમાણમાં ફૂલ્યાફાલ્યા છે. છાત્રાલયો, વીશીઓ, મેળા વગેરે ઠેકાણે તો મહિનાઓ સુધી પડી રહેલો લોટ વપરાય છે. સોના જેવા ઘઉં મિલમાં દળાવી લાવવા એટલે ઘઉંનેજ નહિ પણ પોતાના અમોલ શરીરને પણ માટી ભેગું કરવા જેવું છે. આ વિષય પર તો નિષ્ણાત વૈદ્યો અને ડોક્ટરો પણ સહમત થયા છે. ચક્કીનો જીર્ણોદ્ધાર કરવો એ બહુજ અગત્યનું છે, પરંતુ આ મૂળ મુદ્દાની વાત દરેકને ગળે ઉતરવી જોઇએને?

**ત્રીજી સંસ્થા રેંટિયાની તરાક** છે—રેંટિયા વિષે તો આગળ જતાં ઘણાં ગીતો ગાવાના છે; છતાં પણ આજે મંગળાચરણનો શ્લોક બોલ્યેજ છૂટકો. જૂના જમાનામાં દરેક કુટુંબમાં રેંટિયો ફરતો હતો. એથી '**એક રોટી**'ની સાથે '**બે લંગોટી**'નો સવાલ પણ આપ-મેળેજ ઉકેલાતો હતો. ગામડાંઓના કારીગરોમાંથી વણકર પણ ખેડૂત કારીગર ગણાતો. ઘરમાં કાંતેલ સૂતર વણકરને આપી જરૂર પૂરતાં કપડાં વણાવી લઇ વણકરને તેના બદલામાં અનાજ મળી રહેતું. આ રિવાજ હવે તદ્દન મરી ગયો છે. રેંટિયાનો ઘરમાં પ્રવેશ થવાથી ચક્કી અને ચૂલાનો સવાલ આપમેળેજ ઉકલે એવો છે. ગામડાંઓમાં લોકોને પેટપૂરતું મળી રહેતું નથી, એટલે શહેરોમાં આવવું પડે છે. ફરજિયાત શહેરોમાં આવવાનું જો બંધ કરી શકાય, તો આપમેળેજ ચોવીસ

કલાક ચૂલો સળગતો રહે અને ચક્કીના મધુરા સૂરો પ્રભાતે સંભળાય. ગામડાઓના લોકોનો શહેર તરફ વહેતો અખંડ પ્રવાહ રોકવાની શક્તિ ફક્ત રેંટિયામા જ છે. રેંટિયાની ઘરમાં પ્રાણપ્રતિષ્ઠા-સ્થાપના થાય તો ચૂલો અને ચક્કી માટે બીજી હિલચાલ કરવાની જરૂર રહેતી નથી.

ચૂલો, ચક્કી અને ચરખો ( રેંટિયો ) આ અમારા ત્રણ ગૃહ-દેવતાઓ છે. આ દેવતાઓની ઉપાસના-સેવા કરનારાં નરનારીઓ સદાને માટે ચિર આનંદ અનુભવશે અને એમનું કલ્યાણ થશે. એમને શાંતિ, સંતોષ અને પોષણ પ્રાપ્ત થાઓ! ( મરાઠી " મધુકર "માંથી )

# शौच-पवित्रता एटले शुं?

હિંદુ, મુસલમાન, બૌદ્ધ, ખ્રિસ્તી વગેરે સર્વ જૂના ધર્મો અને તેને ચુસ્ત પાળનારાઓ શુદ્ધિ અથવા પવિત્રતાનો મોટો મહિમા માને છે. એ સર્વ ધર્મોનાં ધર્મ સંબંધી ફરમાનોમાં પવિત્રતાના બહુ ઊંચા નિયમો બાંધેલા છે. હિંદુ લોકોનો પ્રાચીન આર્યધર્મ પવિત્રતાના બહુ સૂક્ષ્મ નિયમોથી ભરેલો છે અને એ ધર્મની સર્વ ક્રિયાઓ પવિત્રતાના પાયા ઉપર રચાયેલી છે પવિત્રતાના આ બધા સૂક્ષ્મ નિયમો શરીરસંરક્ષણ સાથે બહુજ નિકટ સંબંધ રાખે છે, અથવા ખરુ કહીએ તો એ નિયમો શરીરસંરક્ષણના પાયારૂપ છે. જે લોકો આ વાતના રહસ્યને સમજી શકતા નથી તેઓ આવી પવિત્રતા અથવા આચારોને અત્યાચાર ગણીને મશ્કરી કરે છે. પણ શારીરિક નિયમો તરફ દૃષ્ટિ કરતાં પવિત્રતાના એ આચારોમા કાંઇ પણ અત્યાચાર જેવુ જણાતુ નથી.

પવિત્રતાનો આટલો મોટો મહિમા છતા અને પ્રાચીન વડીલોની ધર્મ સંબધી પવિત્રતાનો આપણે ઘણો ગર્વ ધરાવીએ છીએ છતાં, હાલના કાળમાં આપણે આપણી શારીરિક શુદ્ધિ સંબધી સ્થિતિમા અધમ થયા છીએ અને અપવિત્રતાના પરિણામે આપણે આપણી શારીરિક અને માનસિક ઉત્તમતાને ખોઈ બેઠા છીએ. આપણી આસપાસ નાના પ્રકારનાં દર્દો ઊભરાઇ રહ્યા છે. એ સર્વ આપણી

શારીરિક અપવિત્રતાનુ પરિણામ છે. જે વિષે આ માસિકમાં પ્રસંગોપાત્ત લખાઈ ગયા છતા, આ લેખથી જરા વધારે વિસ્તાર સાથે વાચનારાઓના મન ઉપર અજવાળુ પાડવાનો યત્ન કરવામાં આવ્યો છે.

શુદ્ધિને ધર્મશાસ્ત્રની ભાષામાં 'શૌચ' કહેવામાં આવે છે. આ શૌચના બે પ્રકાર છે. ૧ બાહ્ય શૌચ અને ૨. આભ્યતર શૌચ. શરીરના તમામ અવયવોને શુદ્ધ રાખવા એ બાહ્ય શૌચ છે. સૂક્ષ્મ શરીર એટલે મનને પવિત્ર અથવા વિકાર વગરનુ રાખવુ, એ આભ્યંતર અથવા અંતરનું શૌચ છે. બાહ્ય શૌચ એટલે સ્થૂલ શરીરની પવિત્રતા, સ્નાન વગેરેથી મલિનતાનો ત્યાગ કરવાથી પ્રાપ્ત થાય છે, અને અત:કરણની શુદ્ધિ સદ્‌વિદ્યા, તપ તથા જ્ઞાનથી થાય છે, એવું શાસ્ત્ર કહે છે અને તે ખરુ છે, પણ શરીરની શુદ્ધિ વિના મનની શુદ્ધિ થતી નથી અથવા બીજી રીતે બોલીએ તો મનની શુદ્ધિ માટે તનની શુદ્ધિની અવશ્ય જરૂર છે. શરીરની અંદર દેખાતા હાડકાં, ચામડી, લોહી, માંસ વગેરે પદાર્થોને સ્થૂલ શરીર કહેવામા આવે છે અને તેની અંદર જે અંત:કરણ અથવા મન છે તે સૂક્ષ્મ શરીર છે. આ સૂક્ષ્મ શરીર અથવા મન એક રીતે સ્થૂલ શરીરને અથવા તનને આધીન છે, કેમકે તે સ્થૂલ શરીરમાંથીજ ઘડાય છે. આ વિષય ઘણો સૂક્ષ્મ હોવાથી તે વિષે કોઇ બીજા પ્રસંગે વિસ્તારથી લખવામાં આવશે. ટૂંકામાં સમજવાનું એ છે કે, મન એ શરીરનોજ પરિણામી અશ હોવાથી, તે શરીર પ્રમાણે ઘડાય છે અને પવિત્ર શરીરમાજ પવિત્ર મન હોઈ શકે છે. બહારની અપવિત્રતા મનને અપવિત્ર અથવા અપ્રસન્ન કરે છે. તાવ વગેરે રોગો એ શરીર સંબધી પવિત્રતા નહિ પાળવાની પાપરૂપ શિક્ષા છે, અને કામ, ક્રોધ, કુસંપ, ક્લેશ, ઇત્યાદિ વિકારો અથવા દુર્ગુણો માનસિક અપવિત્રતાની પરિણામી શિક્ષા છે તથા તે સર્વ પરસ્પર સબધ ધરાવે છે. શારીરિક શુદ્ધિ પાળવાના નિયમો જાણવા પહેલા, એ શુદ્ધિ આપણા કયા કયા કાર્યો સાથે સંબંધ રાખે છે તે જાણવાની જરૂર છે. ખાવુ, પીવું, પહેરવુ, બેસવું, ઊઠવું, સૂવુ, કામ કરવુ ઇત્યાદિ દરેક ક્રિયા સાથે શરીરની શુદ્ધિ-અશુદ્ધિ થવાનો સંભવ છે. અને તેથી ડાહ્યા

પગ્યોએ એ બધાના નિયમો બાંધ્યા છે તથા બતાવ્યા છે. હાલમાં કેળવણીના પ્રચારની સાથે કેળવાયેલો વર્ગ ચોખ્ખાઇના સામાન્ય નિયમોને જાણુતો થયો છે અને તેથી તે વર્ગ એમ પણ માનતો જણાય છે કે, ચોખ્ખાઇની બાબતમા તો તે પરિપૂર્ણ છે. સાબુથી શરીર ધોવું અને ધોબીના ધોયેલા ધોળા કપડાં પહેરવાં, એ તેમનો ચોખ્ખાઇ સંબંધી ઊંચામાં ઊંચો ખ્યાલ છે. એક બીજા જૂના-પુરાણા વર્ગની પવિત્રતા સબંધી તપાસ કરીએ તો, સ્નાન કરીને કોઇને અડવાથી શરીર ઓવાઇ જાય અને ફરીથી નાહવુ પડે. તિલક તાણ્યા વિના બહાર ન નીકળાય ઇત્યાદિ ખ્યાલો તેમની ઊંચામા ઊંચી પવિત્રતાના નમૂના છે. અસ્તુ. એ બન્ને વર્ગોમા પોતપોતાની ચોખ્ખાઈ અથવા પવિત્રતા સંબંધી સમજણમા કાંઇ પણ ભૂલ છે એમ અમારુ કહેવુ નથી. સાબુ ચોળીને નાહવું તથા ધોયેલા વસ્ત્ર પહેરવાં તેમજ સ્નાન કરીને કોઇનો સ્પર્શ નહિ કરવો એ બધા આચારમાં કાઇક પણ અર્થ છે, પણ એ ઉભય વર્ગો બીજી ઘણી અગત્યની વાતોમા શારીરિક શુદ્ધિનો આરોગ્ય સબધી હેતુ ભૂલી ગયા છે. શુદ્ધાશુદ્ધિનુ પુરાણ ઘણું મોટું છે અને તેથી માત્ર એકજ દૃષ્ટાંત આપીને અમે એ ઉભય વર્ગના મન ઉપર પવિત્રતાનો વાસ્તવ હેતુ ઠસાવવા માગીએ છીએ. ઘરમાં છૂછી કરવાવાળા અને ટીલાંટપકાં તાણીને કે ભસ્મ લગાવીને સિદ્ધ બની બેઠેલા બ્રાહ્મણો પવિત્ર પોળોમાં અને સરિયામ રસ્તાઓમા કે ખરાબ જગાઓ ઉપર જ્યારે મિષ્ટાન્ન ઉડાવવા મંડી જાય છે, તે વખતે તેઓ પોતાની પવિત્રતાનુ બધુ ભાન ભૂલી જતા હોય એમ જણાય છે; અથવા પવિત્રતા એટલે શું તેનો તેઓ અર્થજ સમજતા હોતા નથી બીજી બાજુએ કેળવાયેલા—સુધરેલાઓ બબરચીખાનાંઓમા બનેલા પાઉ, બિસ્કિટો, ચા-પાણી તથા ભ્રષ્ટતાથી ભરેલી વીશીઓ અને હોટેલોમાં નાસ્તો લેવામા કાંઇ અપવિત્રતા જોતા નથી ! અમે અત્રે નાતજાત કે ધર્મ સબધી મતભિન્નત્વના સવાલને બાજુ પર મૂકીને માત્ર શારીરિક પવિત્રતાના વૈદક સિદ્ધાંત ઉપર બોલવા માગીએ છીએ, તે ભૂલી જવાનુ નથી. હોટેલોમા નાસ્તો લેવાથી કે બબરચી

રીતે શરીરમાં પણ મળમૂત્રનાં મલિન સ્થાનો છે. એ અપવિત્રતા તેની અંદરના મલિન પદાર્થો (ઝાડો તથા પેશાબ) ને લીધે છે. ઘરની એક આખી ઇમારતમા રસોઈ કરવાની, બેસવાના, વાંચવા-લખવાના અને ઝાડાપેશાબ કરવાના એમ ઘણા ખંડો હોય છે. જાજરૂ પણ એ ઇમારતનો એક ભાગ હોય છે, પણ તેને મકાનના એક અલગ, છેડામા કે ખૂણામાં રાખવામાં આવે છે, અને મકાનના બીજા ખંડો-મા જાજરૂની ગંદકી રખેને પેસી જાય, એવા ભયથી જાજરૂને બે વખત વાળીચોળીને કે ધોઇને સાફ રાખવામા આવે છે. જો એ ઘરનું જાજરૂ મલિન રહે તથા તેમાં ગંદકી ભરાઇ રહે, તો તેની ગંદકી આખા મકાનના બધા ખંડોની હવાને બગાડી, તેની અંદરના વસ-નારાઓની પ્રકૃતિને ખરાબ કરે છે. શરીરની અંદરના જાજરૂને માટે પણ એજ નિયમ લાગુ પાડવો શરીરની અંદર જેટલો કચરો તથા નઠારો નિરુપયોગી ભાગ હોય છે, તે ઝાડાપેશાબ વાટે બહાર નીકળે છે. આ મલિન ઝાડાપેશાબમા અસંખ્ય ગંદા પરમાણુઓ હોય છે. જો તે રોગી પરમાણુઓ શરીરની અંદર રહે તો જેમ જાજ-રૂની ગંદકી ઘરના બીજા ખંડોને બગાડે છે તેમ, શરીરના બીજા સારા ભાગોને બગાડી રોગી બનાવે છે. માટે સવારમા ઊઠીને શૌચ કરવું એટલે મળમૂત્રનો ત્યાગ કરવો, એટલુંજ નહિ પણ શૌચક્રિયા કરી આવીને અમુક વિધિથી ગુહ્ય અવયવોને ધોઇ સાફ કરવા તથા સ્નાનથી શુદ્ધ થવા પવિત્ર આચાર આપણને ફરમાવે છે. સુઘડતાના આ ઉત્તમ આચારનો ખરો હેતુ નહિ સમજવાને લીધે સુધરેલાઓ તથા કેટલાક પવિત્ર કહેવાતા બ્રાહ્મણો પણ જાજરૂમાં જઈ આવીને પરિપૂર્ણ રીતે ગુદા, હાથ તથા પગની શુદ્ધિ કરતા નથી. પરિણામ એ થાય કે, ઝાડા તથા પેશાબના મલિન અને રોગી પરમાણુઓ હાથ પર તેમજ શરીર તથા વસ્ત્રો ઉપર વિસ્તાર પામે છે. માટે જાજરૂમાં જઈ આવનાર માણસે પુષ્કળ માટી કે સાબુ વડે ગુદા, હાથ તથા પગ વારંવાર ધોવા જોઇએ. પાશ્ચિમાત્ય વિદ્વાન તબીબોના સૂક્ષ્મ જંતુઓ સંબધી વિચારો અને શોધો એવું અજવાળુ પાડે છે કે, ઘણાક રોગો એવા રોગી જંતુમૂલક છે અને તેથી તેવાં જંતુઓ

અથવા પિશાચોને બનતા પ્રયાસથી દૂર રાખવા જોઇએ. આવા વ્યાધિજન્ય જંતુઓ ઉત્પન્ન થવા ન પામે, વધવા ન પામે અને આપણાં શરીરોને વ્યાધિનુ કારણ થવા ન પામે તેનો માત્ર એકજ ઉપાય છે અને તે શૌચ એટલે પવિત્રતા છે. પવિત્રતા માત્ર શરીર અને વસ્ત્ર સબધીજ નહિ પણ હરેક પ્રકારની પવિત્રતા પાળવાની જરૂર છે. રહેવાના ઘર સાફસૂફ રાખવા એ વાત સાધારણ માણસો પણ અગત્યની સમજે છે, પણ એજ સાફસૂફ ઘરમા જમવા બેસવાની જગા રોજ રોજ અને ક્ષણે ક્ષણે શુદ્ધ કરવી જોઈએ. એ વાતનો અર્થ થોડાજ સમજી શકે છે. જેઓ આવી પવિત્રતા સબધી વધારે કાળજી રાખે છે, તેઓને વહેમી ગણીને મશ્કરી કરવામાં આવે છે, પણ શૌચાશૌચનુ રહસ્ય સમજનારાઓને તેમા અત્યાચાર જેવું કશુ લાગશે નહિ આ પૃથ્વી જંતુઓથી ભરપૂર છે. વાતાવરણ પણ જતુઓનુ ભરેલું છે. ચોખ્ખી હવા એમના દુષ્ટ જતુઓનો નાશ કરે છે જંતુનાશક સુગધી પદાર્થો, પાણી, માટી વગેરે પણ એવા જતુઓનો નાશ કરે છે. માટે મળમૂત્રનો ત્યાગ કરીને મળમૂત્રથી બગડેલા અવયવો તથા હાથને પુષ્કળ પાણી તથા માટી કે સાબુ વડે સાફ કરવા જોઇએ હાથનુ કામ નિરતર કામ કરવાનું હોવાથી અનેક વસ્તુઓનો હાથને સ્પર્શ થાય છે, અને તે વસ્તુઓના પરમાણુઓ હાથને વળગી રહેવાનો સભવ છે એજ હાથનો જમતી વખતે, કાંઇ ખાવાની વસ્તુ પકડતી વખતે તથા પાણી પીતાં પણ ઉપયોગ કરીએ છીએ અને તે વખતે હાથને સારી રીતે સાફ ન કરવામા આવે, તો હાથને ચોટેલા બહારનાં અનેક રજકણો ખાવાપીવાના પદાર્થો ભેગા શરીરમા અને લોહીમા ભળવા પામે છે આ વાતો દેખીતી ઘણી નજીવી લાગે છે, પણ આપણા પવિત્ર ધર્મશાસ્ત્રોની આજ્ઞાઓ તથા હાલના શાસ્ત્રીય તપાસોના આધારભૂત અભિપ્રાયોના આધારે ભાર દઇને કહી શકાય છે કે, એ વાતો નજીવી નથી પણ ઘણીજ અગત્યની છે. અને તેથી આપણા જૂના આચારો એ શરીરશુદ્ધિ સબંધી પવિત્રતા તથા આરોગ્યના સબળ ધોરણ ઉપર ઘડાયેલા છે, એટલેજ તે આચારોને પૂર્ણ આદર સાથે માનવા તથા પાળવા એ આપણી ફરજ છે.

('વૈદ્યકલ્પતરુ'ના એક અંકમાથી)

## અધ્યાય ૪ થો

### બ્રાહ્મણની આજીવિકા તથા ગૃહસ્થને યોગ્ય સદાચાર



## અધ્યાય ૫ મો

### ભક્ષ્યાભક્ષ્ય પદાર્થો, આશૌચનિર્ણય, પદાર્થશુદ્ધિ તથા સ્ત્રીધર્મ

## અધ્યાય ૧૨ મો

### શુભાશુભ કર્મથી થતી ગતિ તથા આત્મજ્ઞાનનુ સ્વરૂપ

# શુદ્ધિપત્ર

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪૦ | ૧૭ | તફર | તરફ |
| ૬૪ | ૨૩ | विद्योपे | विशेपे |
| ૭૧ | ૨૧ | संभापे | संभापे |
| ૭૨ | ૪ | कुर्यादमि | कुर्यादभि |
| ૭૮ | ૧૫ | અનુળકૃતાએ | અનુકૃળતાએ |
| ૭૯ | ૨૩ | गुरुगह्वनीय | गुरुराहवनीय |
| ૮૮ | ૧૧ | ખએ | ખૂએ |
| ૮૮ | ૧૭ | वृपली | वृपली |
| ૯૨ | ૨ | *सुतां | सुतां |
| ૯૯ | ૯ | બ્રાહ્મણોએ | બ્રાહ્મણોએ જલદાનપૂર્વક |
| ૧૦૨ | ૨ | व्याक्षामिणो | व्याथमिणो |
| ૧૧૨ | ૧૪ | નામ કર્મનુ | કર્મનું નામ |
| ૧૨૩ | ૨૧ | भ्रातुर्मुतस्य | भ्रातुर्मृतस्य |
| ૧૪૧ | ૧૫ | ખાવાયું | ખવાયુ |
| ૧૬૦ | ૧૫ | ङ्कया | त्तया |
| ૧૬૧ | ૯ | मूंत्र | मूत्रं |
| ૧૬૮ | ૨૨ | कदानच | कदाचन |
| ૧૭૦ | ૮ | ध्ववज | ध्वज |
| ૧૭૪ | ૧૦ | प्रादुरकृता | प्रादुष्कृता |
| ૧૮૧ | ૨૦ | एत यत्रं | एतत् त्रयं |
| ૧૮૧ | ૨૧ | एतवयं | एतत् त्रयं |
| ૧૯૧ | ૧૨ | ૧૭૮ | ૧૭૯ |
| ૧૯૨ | ૧૮ | શામાઇ | શમાઇ |
| ૧૯૨ | ૨૨ | બ્રહ્માણે | બ્રાહ્મણે |
| ૧૯૪ | ૩ | दातुर्भनवत्य | दातुर्भवत्यन |

૩૧

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૯૬ | ૧૬ | આપ | નહિ કે |
| ૨૧૧ | ૧૩ | ફેરૂ | ફેરવૂ |
| ૨૩૯ | ૧૮ | ब्रह्मचरि | ब्रह्मचारि |
| ૨૪૬ | ૧૯ | फलः | फलैः |
| ૨૬૯ | ૪ | નિગ્ય | નિત્ય |
| ૨૭૬ | ૬ | તે તે | તે |
| ૨૮૦ | ૨૩ | અનુચિત્ત | અનુચિત |
| ૨૮૯ | ૨ | राष्ट्र | राष्ट्रा |
| ૨૯૩ | ૭ | અપણુ | અર્પણુ |
| ૩૨૭ | ૨ | समञ्ञसम् | समञ्जसम् |
| ૩૨૭ | ૧૨ | धर्भ | धर्म |
| ૩૩૨ | ૧૪ | पयद्येन् | पश्येन् |
| ૩૨૬ | ૨૧ | મને | તેમને |
| ૩૪૨ | ૨૧ | विशपेण | विशेपेण |
| ૩૪૩ | ૧૨ | तु | तु |
| ૩૮૪ | ૬ | બ્રાહ્માણો | બ્રાહ્મણો |
| ૩૮૮ | ૨૩ | આદિ મંત્રોથી | આદિ |
| ૩૫૬ | ૨૭ | वर्णक्म्रान् | वर्णक्रमात् |
| [illegible] | ૩ | स्ञ्ज्ञायते | सञ्ज्ञायते |
| ૪૪૪ | ૭ | ઉપત્ન | ઉત્પન્ન |
| ૪૪૪ | ૧૯ | પ્રશંમા | પ્રશંસા જોવુ |
| ૪૪૬ | [illegible] | स्ककर्मसु | स्वकर्मसु |
| [illegible] | [illegible] | લટ | લટ્ |
| [illegible] | [illegible] | गृह्यादय | गृह्यादेय |
| [illegible] | [illegible] | द्रयतो | प्रयतो |
| [illegible] | [illegible] | नाभिम्न | नामिम्न |
| [illegible] | [illegible] | याज्ञकापान् | याज्ञकानापान् |
| [illegible] | ૧ | કર્યુ | મને કર્યું |



# श्री मनुस्मृति

## (मानवधर्मशास्त्रम्)

### સરળ ગુજરાતી ભાષાંતર સહિત

## અધ્યાય ૧ લો

ઋષિઓ મનુને ધર્મ પૂછે છે—

मनुमेकाग्रमासीनमभिगम्य महर्षयः ।
प्रतिपूज्य यथान्यायमिदं वचनमब्रुवन् ॥ १ ॥

એકાગ્ર ચિત્તે વિરાજેલા ભગવાન મનુ પાસે જઇને, તેમને વળતુ પૂજન અર્પી, મહર્ષિઓએ ન્યાયપૂર્વક આ વચન કહ્યું.

भगवन्सर्ववर्णानां यथावदनुपूर्वशः ।
अन्तरप्रभवाणां च धर्मान्नो वक्तुमर्हसि ॥ २ ॥

હે ભગવન્! સૌ વર્ણોના તેમજ સકલ સંકીર્ણ જાતિઓના ધર્મોને તમે યથાવત્ અને યથાક્રમ કહેવાને યોગ્ય છો. ૨

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૯૬ | ૧૬ | આપ | નહિ કે |
| ૨૧૧ | ૧૩ | કૃછૂ | કૃચ્છ્ર |
| ૨૩૯ | ૧૮ | ब्रह्मचरि | ब्रह्मचारि |
| ૨૪૬ | ૧૯ | फलः | फलैः |
| ૨૬૯ | ૪ | નિગ્ય | નિત્ય |
| ૨૭૬ | ૬ | તે તે | તે |
| ૨૮૦ | ૨૩ | અનુચિત્ત | અનુચિત |
| ૨૮૯ | ૨ | રાષ્ટૂ | રાષ્ટ્રા |
| ૨૯૩ | ૭ | અપણું | અર્પણુ |
| ૩૨૭ | ૨ | समञ्चसम् | समञ्जसम् |
| ૩૨૭ | ૧૨ | धर्भ | धर्म |
| ૩૩૨ | ૧૪ | पयश्येन् | पश्येन् |
| ૩૨૬ | ૨૧ | મને | તેમને |
| ૩૪૨ | ૨૧ | विशपेण | विशेषेण |
| ૩૪૩ | ૧૨ | તુ | તું |
| ૩૮૪ | ૬ | બ્રાહ્માણો | બ્રાહ્મણો |
| ૩૪૮ | ૨૩ | આદિ મંત્રોથી | આદિ |
| ૩૫૬ | ૨૨ | वर्णक्म्रात् | वर्णक्रमात् |
| ૩[illegible]૮ | ૩ | सञ्जायते | सञ्ज्ञायते |
| ૪૮૮ | ૭ | ઉપત્ન | ઉત્પન્ન |
| [illegible]૮૮ | ૧૯ | પ્રશંસા | પ્રશંસા જોવું |
| [illegible]૮૫ | ૨૩ | स्कक्र्मसु | स्वकर्मसु |
| ૫૨૯ | ૬ | લટ્ | લટ્ટુ |
| ૫૫૫ | ૮ | गृहादव | गृहादेव |
| ૫[illegible]૬ | ૧૬ | द्रयतो | प्रयतो |
| ૫૯૧ | ૨૦ | नामिस्त्र | तामिस्त्र |
| ૫૯૬ | ૩ | वाल्लुकापान् | वालुकातापान् |
| ૬૦૫ | ૧૬ | કનુ | અને કનુ |



# श्री मनुस्मृति

## (मानवधर्मशास्त्रम्)

### સરળ ગુજરાતી ભાષાંતર સહિત

## अध्याय १ लो

ઋષિઓ મનુને ધર્મ પૂછે છે—

मनुमेकाग्रमासीनमभिगम्य महर्षयः ।
प्रतिपूज्य यथान्यायमिदं वचनमब्रुवन् ॥ १ ॥

એકાગ્ર ચિત્તે વિરાજેલા ભગવાન મનુ પાસે જઇને, તેમને વળતું પૂજન અર્પી, મહર્ષિઓએ ન્યાયપૂર્વક આ વચન કહ્યું.

भगवन्सर्ववर्णानां यथावदनुपूर्वशः ।
अन्तरप्रभवाणां च धर्मान्नो वक्तुमर्हसि ॥ २ ॥

હે ભગવન્! સૌ વર્ણોના તેમજ સકલ સંકીર્ણ જાતિઓના ધર્મોને તમે યથાવત્ અને યથાક્રમ કહેવાને યોગ્ય છો. ૨

*[जरायुजाण्डजानां च तथा संस्वेदजोद्भिदाम्।
भूतग्रामस्य सर्वस्य प्रभवं प्रलयं तथा॥
आचारांश्चैव सर्वेषां कार्याकार्यविनिर्णयम्।
यथाकामं यथायोगं वक्तुमर्हस्यशेषतः॥

જરાયુજ (કોથળીમાંથી થતાં), અંડજ (ઈંડાંમાંથી થતાં), સ્વેદજ (પરસેવામાંથી થતાં), ઉદ્ભિદ (જમીન ફોડી ઉપર આવતાં), એ સર્વ પ્રાણીસમુદાયોનાં જન્મ તથા મરણ વિશે, સૌના આચાર તેમજ તેમનાં કાર્ય ને અકાર્યના નિર્ણય વિશે તમે યથાર્થ રીતે, યથેચ્છાએ, અશેષે કહેવાને યોગ્ય છો.]*

त्वमेको ह्यस्य सर्वस्य विधानस्य स्वयंभुवः।
अचिन्त्यस्याप्रमेयस्य कार्यतत्त्वार्थवित्प्रभो॥ ३॥

કેમકે, હે પ્રભુ! સ્વયંભૂ, અપ્રમેય અને અચિંત્ય એ વેદનાં સર્વ વિધાન (અગ્નિહોત્રાદિ કર્મકાંડ તથા જ્ઞાનકાંડ)ના કાર્યને તેમજ તત્ત્વાર્થને તમેજ એક જાણવાવાળા છો. ૩

स तैः पृष्टस्तथा सम्यगमितौजा महात्मभिः।
प्रत्युवाचार्च्य तान्सर्वान्महर्षीञ्छ्रूयतामिति॥ ४॥

તે મહર્ષિઓએ આ પ્રમાણે વિધિપૂર્વક પૂછ્યું, ત્યારે અમાપ ઓજસવાળા તે ભગવાન મનુદેવે તેમને સૌને સત્કારીને ઉત્તર આપ્યો: સાંભળો. ૪

પ્રલય સમયે જગતની સ્થિતિ—

आसीदिदं तमोभूतमप्रज्ञातमलक्षणम्।
अप्रतर्क्यमविज्ञेयं प्रसुप्तमिव सर्वतः॥ ५॥

* જે શ્લોકો [ ] આ પ્રમાણે કૌંસમાં આપ્યા છે તે ક્ષેપક સમજવા.

પૂર્વે આ જગત અંધકારમય (માયાલીન), અપ્રજ્ઞાત (જાણી જાય નહિ એવું), અલક્ષણ (જેનું લક્ષણ ન બાંધી શકાય એવું), અતર્ક્ય (તર્કમાં આવી શકે નહિ એવું), અવિજ્ઞેય (પ્રમાણથી પામી શકાય નહિ એવું) અને સર્વ બાજુએ જાણે સુષુપ્તિમાં પડ્યું હોય એવું હતું. ૫

સ્વયંભૂનો પ્રાદુર્ભાવ—

ततः स्वयंभूर्भगवानव्यक्तो व्यञ्जयन्निदम्।
महाभूतादि वृत्तौजाः प्रादुरासीत्तमोनुदः ॥ ६ ॥

પછી અવ્યક્ત અને સ્વયંભૂ ભગવાને આ મહાભૂતાદિને પ્રકટ કર્યાં અને અંધકારનો નાશ કરનારા તે પૂર્ણ શક્તિમાન પ્રાકટ્ય પામ્યા. ૬

योऽसावतीन्द्रियग्राह्यः सूक्ष्मोऽव्यक्तः सनातनः।
सर्वभूतमयोऽचिन्त्यः स एव स्वयमुद्बभौ ॥ ७ ॥

જે બાહ્યેન્દ્રિયોથી અગોચર છે, જે સૂક્ષ્મ સ્વરૂપ છે, જે અવયવઆકારથી રહિત છે, જે સનાતન છે, જે પ્રાણીમાત્રના આત્મારૂપ છે અને જે પ્રમાણોથી પર અને અચિંત્ય છે, તે પરમાત્મા પોતેજ (હિરણ્યગર્ભરૂપે) પ્રકટ થયા. ૭

જળની સૃષ્ટિ—

सोऽभिध्याय शरीरात्स्वात्सिसृक्षुर्विविधाः प्रजाः।
अप एव ससर्जादौ तासु बीजमवासृजत् ॥ ८ ॥

વિવિધ પ્રજાઓને સર્જવાની ઇચ્છાવાળા તેમણે સંકલ્પથી પોતાના શરીરમાંથી પ્રથમ જલનેજ સર્જ્યું અને તેમાં પોતાની શક્તિરૂપી બીજ રોપ્યું. ૮

तदण्डमभवद्धैमं सहस्रांशुसमप्रभम् ।
तस्मिञ्जज्ञे स्वयं ब्रह्मा सर्वलोकपितामहः ॥ ९ ॥

તે બીજ સૂર્યના જેવી પ્રભાવાળું સુવર્ણમય ઈંડું થયું: અને તે ઈંડામાં સર્વ લોકના પિતામહ એવા બ્રહ્મા પોતે (વિરાટરૂપે) પ્રકટ થયા. ૯

आपो नारा इति प्रोक्ता आपो वै नरसूनवः ।
ता यदस्यायनं पूर्वं तेन नारायणः स्मृतः ॥ १० ॥

જલને 'નાર' કહ્યું છે અને તે 'નર' (પરમાત્મા)થી જન્મ્યું છે. તે જલ પૂર્વે પરમાત્માનું અયન (નિવાસસ્થાન) હતું, તેથી પરમાત્માને નારાયણ કહેવામાં આવ્યા છે. ૧૦

[ सहस्रशीर्षा पुरुषो रुक्मबाहुस्त्वतीन्द्रियः ।
ब्रह्मा नारायणाख्यस्तु सुष्वाप सलिले तदा ॥

હજાર શિરવાળા, સોનલવર્ણા હાથવાળા અને ઇંદ્રિયોથી અગોચર એવા નારાયણ નામે બ્રહ્મા ત્યારે જલમાં સૂતા હતા.]

यत्तत्कारणमव्यक्तं नित्यं सदसदात्मकम् ।
तद्विसृष्टः स पुरुषो लोके ब्रह्मेति कीर्त्यते ॥ ११ ॥

સૃષ્ટિના કારણરૂપ, અવ્યક્ત, નિત્ય, સત્ તથા અસત્‌ના આત્મારૂપ એવા પરમાત્માએ પ્રકટ કરેલા તે પુરુષ લોકમાં 'બ્રહ્મા' નામે કહેવાય છે. ૧૧

तस्मिन्नण्डे स भगवानुषित्वा परिवत्सरम् ।
स्वयमेवात्मनो ध्यानात्तदण्डमकरोद् द्विधा ॥ १२ ॥

તે ભગવાન તે ઈંડામાં એક વર્ષ સુધી રહ્યા અને પછી પોતાના આત્મધ્યાનથી તેને બે ભાગમાં કર્યું. ૧૨

ताभ्यां स शकलाभ्यां च दिवं भूमिं च निर्ममे ।
मध्ये व्योम दिशश्चाष्टावपां स्थानं च शाश्वतम् ॥ १३ ॥

તે બે ભાગોમાંથી તેમણે સ્વર્ગલોક અને પૃથ્વીલોક તેમજ તે બેની વચ્ચે આકાશ, આઠ દિશાઓ તથા સનાતન જલ-સ્થાનો નિર્માણ કર્યા. ૧૩

[ वैकारिकं तैजसं च तथा भूतादिमेव च ।
एकमेव त्रिधाभूतं महानित्येव संस्थितम् ॥
इन्द्रियाणां समस्तानां प्रभवं प्रलयं तथा ।

અહંકાર આ ત્રણ રૂપે પ્રકટ્યું વૈકારિક, તૈજસ અને તામસ. એ જ સમસ્ત ઇંદ્રિયોના જન્મમરણનું કારણ છે. ]

उद्बबर्हात्मनश्चैव मनः सदसदात्मकम् ।
मनसश्चाप्यहंकारमभिमन्तारमीश्वरम् ॥ १४ ॥

તે પરમાત્માએ પોતાને વિષે રહેલા સત અને અસતરૂપ મહત્તત્ત્વને પ્રકટ કર્યું અને તેમાંથી 'હું ઈશ્વર છું' એવું અભિમાન કરનારો અહંકાર ઉત્પન્ન કર્યો. ૧૪

महान्तमेव चात्मानं सर्वाणि त्रिगुणानि च ।
विपयाणां ग्रहीतॄणि शनैः पञ्चेन्द्रियाणि च ॥ १५ ॥

તે અહંકારમાંથી મનને, સત્ત્વાદિ ત્રણ ગુણોને અને શબ્દાદિ વિષયોને ગ્રહણ કરનારી પાંચ જ્ઞાનેન્દ્રિયો તથા પાંચ કર્મેન્દ્રિયોને ક્રમે ક્રમે ઉત્પન્ન કરી. ૧૫

[अविशेषान् विशेषांश्च विषयांश्च पृथक् पृथक् ।

વળી શબ્દાદિ પાંચ વિષયોને, આકાશાદિ પાંચ મહાભૂતોને તેમજ તેમની તન્માત્રાઓને પૃથક્ પૃથક્ બનાવ્યાં.]

तदण्डमभवद्धैमं सहस्रांशुसमप्रभम् ।
तस्मिञ्जज्ञे स्वयं ब्रह्मा सर्वलोकपितामहः ॥ ९ ॥

તે બીજ સૂર્યના જેવી પ્રભાવાળું સુવર્ણમય ઈંડું થયું; અને તે ઈંડામાં સર્વ લોકના પિતામહ એવા બ્રહ્મા પોતે (વિરાટરૂપે) પ્રકટ થયા. ૯

आपो नारा इति प्रोक्ता आपो वै नरसूनवः ।
ता यदस्यायनं पूर्वं तेन नारायणः स्मृतः ॥ १० ॥

જલને 'नार' કહ્યું છે અને તે 'नर' (પરમાત્મા)થી જન્મ્યું છે. તે જલ પૂર્વે પરમાત્માનુ अयन (નિવાસસ્થાન) હતું, તેથી પરમાત્માને नारायण કહેવામાં આવ્યા છે. ૧૦

[ सहस्रशीर्षा पुरुषो रुक्मबाहुस्त्वतीन्द्रियः ।
ब्रह्मा नारायणाख्यस्तु सुष्वाप सलिले तदा ॥

હજાર શિરવાળા, સોનલવર્ણા હાથવાળા અને ઇંદ્રિયોથી અગોચર એવા નારાયણ નામે બ્રહ્મા ત્યારે જલમાં સૂતા હતા.

यत्तत्कारणमव्यक्तं नित्यं सदसदात्मकम् ।
तद्विसृष्टः स पुरुषो लोके ब्रह्मेति कीर्त्यते ॥ ११ ॥

સૃષ્ટિના કારણરૂપ, અવ્યક્ત, નિત્ય, સત્ તથા અસત્ના આત્મારૂપ એવા પરમાત્માએ પ્રકટ કરેલા તે પુરુ લોકમાં 'બ્રહ્મા' નામે કહેવાય છે. ૧૧

तस्मिन्नण्डे स भगवानुषित्वा परिवत्सरम् ।
स्वयमेवात्मनो ध्यानात्तदण्डमकरोद् द्विधा ॥ १२ ॥

તે ભગવાન તે ઈંડામાં એક વર્ષ સુધી રહ્યા અને પ પોતાના આત્મધ્યાનથી તેને બે ભાગમાં કર્યું. ૧૨

ताभ्यां स शकलाभ्यां च दिवं भूमिं च निर्ममे ।
मध्ये व्योम दिशश्चाष्टावपां स्थानं च शाश्वतम् ॥ १३ ॥

તે બે ભાગોમાંથી તેમણે સ્વર્ગલોક અને પૃથ્વીલોક તેમજ તે બેની વચ્ચે આકાશ, આઠ દિશાઓ તથા સનાતન જલ-સ્થાનો નિર્માણ કર્યાં. ૧૩

[ वैकारिकं तैजसं च तथा भूतादिमेव च ।
एकमेव त्रिधाभूतं महानित्येव संस्थितम् ॥
इंद्रियाणां समस्तानां प्रभवं प्रलयं तथा ।

મહત્તત્ત્વ આ ત્રણ રૂપે પ્રકટ્યું-વૈકારિક, તૈજસ અને તામસ. એજ સમસ્ત ઇંદ્રિયોના જન્મમરણનું કારણ છે. ]

उद्बबर्हात्मनश्चैव मनः सदसदात्मकम् ।
मनसश्चाप्यहंकारमभिमन्तारमीश्वरम् ॥ १४ ॥

તે પરમાત્માએ પોતાને વિષે રહેલા સત અને અસતરૂપ મહત્તત્ત્વને પ્રકટ કર્યું અને તેમાંથી 'હુ ઈશ્વર છુ' એવું અભિમાન કરનારો અહંકાર ઉત્પન્ન કર્યો. ૧૪

महान्तमेव चात्मानं सर्वाणि त्रिगुणानि च ।
विषयाणां ग्रहीतॄणि शनैः पञ्चेन्द्रियाणि च ॥ १५ ॥

તે અહંકારમાંથી મનને, સત્ત્વાદિ ત્રણ ગુણોને અને શબ્દાદિ વિષયોને ગ્રહણ કરનારી પાંચ જ્ઞાનેન્દ્રિયો તથા પાંચ કર્મેન્દ્રિયોને ક્રમે ક્રમે ઉત્પન્ન કરી. ૧૫

[ अविशेषान् विशेषांश्च विषयांश्च पृथक् पृथक् ।

વળી શબ્દાદિ પાંચ વિષયોને, આકાશાદિ પાંચ મહાભૂતોને તેમજ તેમની તન્માત્રાઓને પૃથક્ પૃથક્ બનાવ્યાં.

तेषां त्ववयवान्सूक्ष्मान्षण्णामप्यमितौजसाम् ।
सन्निवेश्यात्ममात्रासु सर्वभूतानि निर्ममे ॥ १६ ॥

પછી અમાપ ઓજસ્વી એવા તે છ પદાર્થો (અહંકાર અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ તથા ગંધ)ના સૂક્ષ્મ અવયવોને તેમના વિકારો (ઇંદ્રિયો તથા મહાભૂતો)માં મેળવી પરમાત્માએ સર્વ ભૂતોને નિર્માણ કર્યાં. ૧૬

यन्मूर्त्यवयवाः सूक्ष्मास्तस्येमान्याश्रयन्ति षट् ।
तस्माच्छरीरमित्याहुस्तस्य मूर्तिं मनीषिणः ॥ १७ ॥

શરીરરૂપી મૂર્તિના છ સૂક્ષ્મ અવયવો (અહંકાર અને પાંચ તન્માત્રાઓ) તે પંચ મહાભૂતો અને ઇંદ્રિયોનો આશ્રય કરે છે, તેથી પંડિતો તે બ્રહ્મની મૂર્તિને શરીર કહે છે. (षडाश्रयणाच्छरीरम्) ૧૭

तदाविशन्ति भूतानि महान्ति सह कर्मभिः ।
मनश्चावयवैः सूक्ष्मैः सर्वभूतकृदव्ययम् ॥ १८ ॥

પછી પોતપોતાનાં કર્મો સાથે આકાશાદિ મહાભૂતો તથા સૂક્ષ્મ અવયવો સાથે મન, એ અવ્યય અને સર્વ ભૂતોના કર્તા એવા વિરાટપુરુષમાં પ્રવેશે છે. ૧૮

જગતની ઉત્પત્તિ—

तेषामिदं तु सप्तानां पुरुषाणां महौजसाम् ।
सूक्ष्माभ्यो मूर्तिमात्राभ्यः संभवत्यव्ययाद् व्ययम् ॥१९॥

મહાઓજસ્વી તે સાત પુરુષતત્ત્વો (મહત્તત્ત્વ, અહંકાર અને પાંચ તન્માત્રા)ના સૂક્ષ્મ શરીરઅવયવો (પંચ મહાભૂતો, દશેન્દ્રિયો અને મન એ સોળ)માંથી આ શરીર બને છે—અવિનાશી પ્રકૃતિમાંથી વિનાશી જગત ઉત્પન્ન થાય છે. ૧૯

आद्याद्यस्य गुणं त्वेषामवाप्नोति परः परः ।
यो यो यावतिथश्चैषां स स तावद्गुणः स्मृतः ॥ २० ॥

આકાશાદિ આદ્ય તત્ત્વોના શબ્દાદિ ગુણો તે તે પછીનાં તત્ત્વોમાં મળે છે અને તેમાં જે જે જેટલામું તત્ત્વ છે તે તે તેટલા ગુણોથી યુક્ત છે. ૨૦

सर्वेषां तु स नामानि कर्माणि च पृथक् पृथक् ।
वेदशब्देभ्य एवादौ पृथक्संस्थाश्च निर्ममे ॥ २१ ॥

તે હિરણ્યગર્ભે આરંભમાં જ વેદના શબ્દોથી તે સર્વનાં જુદાંજુદાં નામો અને કર્મો તથા અલગઅલગ લૌકિક વ્યવસ્થાઓ નિર્માણ કરી. ૨૧

कर्मात्मनां च देवानां सोऽसृजत्प्राणिनां प्रभुः ।
साध्यानां च गणं सूक्ष्मं यज्ञं चैव सनातनम् ॥ २२ ॥

તે પછી પ્રભુએ દેવોના, પ્રાણીઓના, કર્મસ્વભાવવાળા અચેતનોના તેમજ સૂક્ષ્મ સાધ્યોના ગણોને અને સનાતન યજ્ઞને સર્જ્યા. ૨૨

अग्निवायुरविभ्यस्तु त्रयं ब्रह्म सनातनम् ।
दुदोह यज्ञसिद्ध्यर्थमृग्यजुःसामलक्षणम् ॥ २३ ॥

પછી. યજ્ઞની સિદ્ધિ માટે બ્રહ્માએ ઋક્, યજુષ્, અને સામ નામના ત્રણ સનાતન વેદોનું અગ્નિ, વાયુ અને સૂર્યમાંથી દોહન કર્યું. ૨૩

कालं कालविभक्तीश्च नक्षत्राणि ग्रहांस्तथा ।
सरितः सागराञ्छैलान्समानि विषमाणि च ॥ २४ ॥

तपो वाचं रतिं चैव कामं च क्रोधमेव च।
सृष्टिं ससर्ज चैवेमां स्रष्टुमिच्छन्निमाः प्रजाः ॥ २५ ॥

પછી, આ પ્રજાઓને સર્જવાની ઇચ્છાવાળા તેમણે કાળ, કાળવિભાગ, નક્ષત્રો, ગ્રહો, સરિતાઓ, સાગરો, પર્વતો, સમ અને વિષમ ભૂમિભાગો, તપ, વાચા, રતિ, કામ અને ક્રોધ, એ સૃષ્ટિ સર્જી. ૨૪, ૨૫

कर्मणां च विवेकार्थं धर्माधर्मौ व्यवेचयत्।
द्वन्द्वैरयोजयच्चेमाः सुखदुःखादिभिः प्रजाः ॥ २६ ॥

કર્મોના વિવેક માટે પ્રજાપતિએ ધર્મ અને અધર્મની વિવેચના કરી અને આ પ્રજાઓને સુખદુ ખાદિ દ્વંદ્વો સાથે જોડી દીધી.

अण्व्यो मात्रा विनाशिन्यो दशार्धानां तु याः स्मृताः।
ताभिः सार्धमिदं सर्वं संभवत्यनुपूर्वशः ॥ २७ ॥

આ સર્વ જગત, અણુ સરખી જે પાંચ નશ્વર તન્માત્રાઓ કહી છે, તેમની સાથે અનુક્રમે ઉત્પન્ન થાય છે. ૨૭

यं तु कर्मणि यस्मिन्स न्ययुङ्क्त प्रथमं प्रभुः ।
स तदेव स्वयं भेजे सृज्यमानः पुनः पुनः ॥ २८ ॥

તે પ્રભુએ જેને જે કર્મમાં પ્રથમ જોડ્યો હતો, તે પોતે ફરી ફરીને જન્મતાં તેજ કામને ભજતો રહે છે. ૨૮

हिंस्राहिंस्रे मृदुक्रूरे धर्माधर्मावृतानृते।
यद्यस्य सोऽदधात्सर्गे तत्तस्य स्वयमाविशेत् ॥ २९ ॥

તે બ્રહ્માએ સર્જનના પ્રારંભમાં તે જીવને જે કોઇ હિંસ્ર, કે અહિંસ્ર, કોમળ કે ક્રૂર, ધર્મ કે અધર્મ, સત્ય કે અસત્ય,

એવા કર્મમાં નિયત કર્યો હતો, તે તેનું કર્મ તેને આપોઆપ મળી રહે છે. ૨૯

यथर्तुलिङ्गान्यृतवः स्वयमेवर्तुपर्यये ।
स्वानि स्वान्यभिपद्यन्ते तथा कर्माणि देहिनः ॥३०॥

જેમ ઋતુ પલટાતાં ઋતુઓ પોતે જ ઋતુચિહ્નો ધારણ કરે છે, તેમ દેહધારીઓ પણ પોતપોતાનાં કર્મોને સ્વયં પ્રાપ્ત કરે છે. ૩૦

लोकानां तु विवृद्ध्यर्थं मुखबाहूरुपादतः ।
ब्राह्मणं क्षत्रियं वैश्यं शूद्रं च निरवर्तयत् ॥३१॥

પછી લોકની વૃદ્ધિ માટે તેમણે મોં, બાહુ, સાથળ અને પગમાંથી અનુક્રમે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર ઉત્પન્ન કર્યા.

द्विधा कृत्वात्मनो देहमर्धेन पुरुषोऽभवत् ।
अर्धेन नारी तस्यां स विराजमसृजत्प्रभुः ॥३२॥

બ્રહ્માએ પોતાના દેહના બે ભાગ કર્યા એક અડધિયાનો પુરુષ થયો અને બીજાની સ્ત્રી થઇ. તે સ્ત્રીમાં તે પ્રભુએ વિરાટ-પુરુષ સર્જ્યો. ૩૨

तपस्तप्त्वासृजद्यं तु स स्वयं पुरुषो विराट् ।
तं मां वित्तास्य सर्वस्य स्रष्टारं द्विजसत्तमाः ॥३३॥

હે દ્વિજવરો ! તે વિરાટપુરુષે પોતે તપ તપીને જેને ઉત્પન્ન કર્યો હતો, તે હું આ સર્વ જગતનો સ્રષ્ટા છું એમ તમે જાણો. ૩૩

अहं प्रजाः सिसृक्षुस्तु तपस्तप्त्वा सुदुश्चरम् ।
पतीन्प्रजानामसृजं महर्षीनादितो दश ॥३४॥

मरीचिमत्र्यङ्गिरसौ पुलस्त्यं पुलहं क्रतुम् ।
प्रचेतसं वसिष्ठं च भृगुं नारदमेव च ॥ ३५ ॥

પ્રજા સર્જવાની ઇચ્છાવાળા મેં અત્યંત દુષ્કર તપ કરીને પ્રથમ આ દશ પ્રજાપતિ મહર્ષિઓને સર્જ્યા—મરીચિ, અત્રિ, અંગિરસ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, પ્રચેતસ, વસિષ્ઠ, ભૃગુ અને નારદ ૩૪.૩૫

एते मनूंस्तु सप्तान्यानसृजन्भूरितेजसः ।
देवान्देवनिकायांश्च महर्षींश्चामितौजसः ॥ ३६ ॥
यक्षरक्षःपिशाचांश्च गन्धर्वाप्सरसोऽसुरान् ।
नागान्सर्पान्सुपर्णांश्च पितॄणां च पृथग्गणान् ॥ ३७ ॥
विद्युतोऽशनिमेघांश्च रोहितेन्द्रधनूंषि च ।
उल्कानिर्घातकेतूंश्च ज्योतींष्युच्चावचानि च ॥ ३८ ॥
किन्नरान्वानरान्मत्स्यान्विविधांश्च विहङ्गमान् ।
पशून्मृगान्मनुष्यांश्च व्यालांश्चोभयतोदतः ॥ ३९ ॥
कृमिकीटपतङ्गांश्च यूकामक्षिकमत्कुणम् ।
सर्वं च दंशमशकं स्थावरं च पृथग्विधम् ॥ ४० ॥

[illegible] મનુઓ, દેવો દેવનિકાયો, અપાર ઓજ[illegible] [illegible] પિશાચો, ગંધર્વો, અપ્સરાઓ, [illegible] પિતૃઓના વિવિધ સમૂહો, વીજ[illegible] [illegible] ઇંદ્રધનુષ્યો, ઉલ્કાઓ, [illegible] કિન્નરો, વાનરો, [illegible] મનુષ્યો, વ્યાલ[illegible]

(પેટે ચાલનારાં). બેઉ બાજુ દંતાળાં પ્રાણીઓ, કૃમીઓ, કીટો, પતંગિયાં, જૂ, માખી, માંકડ, સૌ જાતના ડાંસ, મચ્છરો, વિવિધ પ્રકારનાં વૃક્ષાદિ સ્થાવરો—એ બધાં તે મહાતેજસ્વી પ્રજાપતિએ સર્જ્યાં. ૩૯–૪૦

[यथाकर्म यथाकालं यथाप्रज्ञं यथाक्रमम् ।
यथायुगं यथादेशं यथावृत्ति यथाक्रमम् ॥

આ સર્જનકાર્ય કાલ, બુદ્ધિ, શાસ્ત્રશ્રવણ, યુગ, દેશ, વર્તન અને ક્રમ અનુસાર હતું. ]

एवमेतैरिदं सर्वं मन्नियोगान्महात्मभिः ।
यथाकर्म तपोयोगात्सृष्टं स्थावरजङ्गमम् ॥ ४१ ॥

આમ મારી આજ્ઞાથી તે મહાત્માઓએ પોતાના તપના યોગથી આ સ્થાવરજંગમ સકલ સૃષ્ટિને કર્માનુસાર સર્જી.

येषां तु यादृशं कर्म भूतानामिह कीर्तितम् ।
तत्तथा वोऽभिधास्यामि क्रमयोगं च जन्मनि ॥ ४२ ॥

એ પ્રાણીઓનું અહીં જેવું કર્મ કહેવાયું છે, તે વિશે તેમજ તેમના જન્મોના અનુક્રમ વિશે હું તમને કહીશ. ૪૨

पशवश्च मृगाश्चैव व्यालाश्चोभयतोदतः ।
रक्षांसि च पिशाचाश्च मनुष्याश्च जरायुजाः ॥ ४३ ॥

પશુઓ, મૃગો, નાગો, બેઉ બાજૂ દાંતવાળાઓ, રાક્ષસો, પિશાચો અને મનુષ્યો—એ જરાયુજ છે. ૪૩

अण्डजाः पक्षिणः सर्पा नक्रा मत्स्याश्च कच्छपाः ।
यानि चैवंप्रकाराणि स्थलजान्यौदकानि च ॥ ४४ ॥

પક્ષીઓ, સર્પો, મગરો, માછલીઓ, કાચબાઓ અને એ જાતના સ્થલના તથા જલના જીવો—એ અંડજ છે. ૪૪

स्वेदजं दंशमशकं यूकामाक्षिकमत्कुणम् ।
ऊष्मणश्चोपजायन्ते यच्चान्यत्किंचिदीदृशम् ॥ ४५ ॥

ડાંસ, મચ્છર, જૂ, માખી, માંકડ, તેમજ કંઈક એમના જેવા બીજા બાફથી થનારાઓ—એ સ્વેદજ છે. ૪૫

उद्भिज्जाः स्थावराः सर्वे बीजकाण्डप्ररोहिणः ।
ओषध्यः फलपाकान्ता बहुपुष्पफलोपगाः ॥ ४६ ॥
अपुष्पाः फलवन्तो ये ते वनस्पतयः स्मृताः ।
पुष्पिणः फलिनश्चैव वृक्षास्तूभयतः स्मृताः ॥ ४७ ॥

બી વાવ્યાથી તથા કલમ રોપ્યેથી ઊગવાવાળાં સર્વ સ્થાવરો ઉદ્ભિજ્જ છે, અર્થાત્ જમીન ફોડીને ઉપર આવનારાં છે. તેમાં જેમને ખૂબ ફૂલ અને ફળ આવે છે તથા જે ફળ પાક્યે વિલાઈ જાય છે તેમને ઔષધિઓ કહે છે. ફૂલ વિનાનાં કોઈ જેઓ ફળવાળાં થાય છે, તેમને વનસ્પતિ કહેવામાં આવે છે. જેમને ફૂલ તથા ફળ બન્ને આવે છે, તેમને વૃક્ષ કહેવાય છે.

गुच्छगुल्मं तु विविधं तथैव तृणजातयः ।
बीजकाण्डरुहाण्येव प्रताना वल्ल्य एव च ॥ ४८ ॥

વિવિધ ગુચ્છો (જેના મૂળમાંથી અનેક વેલીઓ નીકળે છે અને ઉપર ગુચ્છાઓ થાય છે) તથા ગુલ્મો (જેના મૂળમાંથી એક નાડો ઊગે છે અને ઉપર જાળ બાઝે છે), અનેક જાતનાં ઘાસ, તેમજ પથરાતા ચાલતા વેલાઓ—એ બી વાવ્યે કે કલમ રોપ્યે થનારાં છે. ૪૮

तमसा बहुरूपेण वेष्टिताः कर्महेतुना ।
अन्तःसंज्ञा भवन्त्येते सुखदुःखसमन्विताः ॥ ४९ ॥

[illegible] નીચેથી [illegible]
[illegible] જાણવાં છે.

एतदन्तास्तु गतयो ब्राह्माद्याः समुदाहृताः ।
घोरेऽस्मिन्भूतसंसारे नित्यं सततयायिनि ॥५०॥

[illegible] પ્રાણીઓમાં [illegible]
[illegible] ૫૦

एवं सर्वं स सृष्ट्वेदं मां चाचिन्त्यपराक्रमः ।
आत्मन्यन्तर्दधे भूयः कालं कालेन पीडयन् ॥५१॥

અચિંત્ય પરાક્રમી તે પ્રજાપતિ આ રીતે આ સર્વ સૃષ્ટિને તેમજ મને ઉત્પન્ન કરી, પાછા સૃષ્ટિકાળને પ્રલયકાળથી નાશ કરતા થકા પોતાને વિષે અંતર્ધાન પામે છે. ૫૧

यदा स देवो जागर्ति तदेदं चेष्टते जगत् ।
यदा स्वपिति शान्तात्मा तदा सर्वं निमीलति ॥५२॥

તે પ્રજાપતિદેવ જ્યારે જાગૃત હોય છે, ત્યારે આ જગત ચેષ્ટાયુક્ત હોય છે, ને શાંતાત્મા જ્યારે સૂતા હોય છે, ત્યારે સર્વ સૃષ્ટિ લય પામે છે. ૫૨

तस्मिन्स्वपति स्वस्थे तु कर्मात्मानः शरीरिणः ।
स्वकर्मभ्यो निवर्त्तन्ते मनश्च ग्लानिमृच्छति ॥५३॥

તે પ્રજાપતિ સ્વસ્થતાપૂર્વક સૂતા હોય છે, ત્યારે કર્માત્મા દેહધારીઓ પોતાનાં કર્મોમાંથી નિવૃત્ત થઈ જાય છે અને મન તથા ઇંદ્રિયો પણ વૃત્તિઓથી છૂટાં પડે છે. ૫૩

युगपत्तु प्रलीयन्ते यदा तस्मिन्महात्मनि ।
तदायं सर्वभूतात्मा सुखं स्वपिति निर्वृतः ॥५४॥

જ્યારે સર્વ ભૂતો તે મહાત્મા પ્રજાપતિને વિશે એકીસમયેજ પ્રલય પામે છે, ત્યારે એ પ્રાણીમાત્રના આત્મા નિવૃત્ત થઇને સુખપૂર્વક સૂએ છે. ૫૪

तमोऽयं तु समाश्रित्य चिरं तिष्ठति सेन्द्रियः ।
न च स्वं कुरुते कर्म तदोत्क्रामति मूर्तितः ॥५५॥

આ જીવ તમોગુણને આશ્રયે રહીને લાંબા કાળ સુધી ઇંદ્રિય યુક્ત રહે છે, અને પછી જ્યારે પોતાનાં કર્મ કરી શકતો નથી ત્યારે તે શરીરમાંથી નીકળી જાય છે ૫૫

यदाणुमात्रिको भूत्वा बीजं स्थास्नु चरिष्णु च ।
समाविशति संसृष्टस्तदा मूर्तिं विमुञ्चति ॥५६॥

જીવ પૂર્વદેહને છોડે છે, ત્યારે પરમાણુ જેવડો થઇને (એટલે કે, દેહ, ઇંદ્રિયો, મન, બુદ્ધિ, વાસના, કર્મ, વાયુ અને અવિદ્યા સાથે જોડાઇને) સ્થાવરમાં અને જંગમમાં બીજરૂપે પ્રવેશે છે અને તે તે સ્થાવર અને જંગમનું શરીર ધારણ કરે છે. ૫૬

एवं स जाग्रत्स्वप्नाभ्यामिदं सर्वं चराचरम् ।
संजीवयति चाजस्रं प्रमापयति चाव्ययः ॥५७॥

આમ, તે અવિનાશી બ્રહ્મા જાગૃતિ અને સ્વપ્નથી આ સર્વ ચર અને અચર જગતને વારંવાર સર્જે છે અને સંહારે છે. ૫૭

इदं शास्त्रं तु कृत्वासौ मामेव स्वयमादितः ।
विधिवद्ग्राहयामास मरीच्यादींस्त्वहं मुनीन् ॥५८॥

તે બ્રહ્માએ પોતે જ આ શાસ્ત્ર રચ્યું અને પ્રથમ મને ભણાવ્યું. મરીચિ આદિ મુનિઓને તો તે મેં વિધિપૂર્વક શીખવ્યું. ૫૮

एतद्वोऽयं भृगुः शास्त्रं श्रावयिष्यत्यशेषतः ।
एतद्धि मत्तोऽधिजगे सर्वमेषोऽखिलं मुनिः ॥५९॥

[illegible]

ततस्तथा स तेनोक्तो महर्षिर्मनुना भृगुः ।
तानब्रवीदृषीन्सर्वान्प्रीतात्मा श्रूयतामिति ॥६०॥

[illegible] ... તે સાંભળો.

[illegible] ૬૦

स्वायंभुवस्यास्य मनोः षड्वंश्या मनवोऽपरे ।
सृष्टवन्तः प्रजाः स्वाः स्वा महात्मानो महौजसः ॥६१॥
स्वारोचिषश्चोत्तमश्च तामसो रैवतस्तथा ।
चाक्षुषश्च महातेजा विवस्वत्सुत एव च ॥६२॥

આ સ્વાયંભુવ મનુના વંશમાં બીજા છ મનુઓ થયા [illegible] સ્વારોચિષ, ઉત્તમ, તામસ, રૈવત, મહાતેજસ્વી ચાક્ષુષ [illegible] તે મહાત્મા તેજસ્વી મહાત્માઓએ પોતપોતાની પ્રજા સરજી. ૬૧. ૬૨

स्वायंभुवाद्याः सप्तैते मनवो भूरितेजसः ।
स्वे स्वेऽन्तरे सर्वमिदमुत्पाद्यापुश्चराचरम् ॥६३॥

સ્વાયંભુવ આદિ આ સાત અત્યંત તેજસ્વી મનુઓએ પોતપોતાના મન્વંતરમાં આ સર્વ ચરાચરને ઉત્પન્ન કર્યાં અને તેમનું પાલન કર્યું. ૬૩

[कालप्रमाणं वक्ष्यामि यथावत्तन्निबोधत ।
હવે હું કાળનું પ્રમાણ યથાવત કહું છું. તે તમે સાંભળો ]

જ્યારે સર્વ ભૂતો તે મહાત્મા પ્રજાપતિને વિશે એકીસમયે જ પ્રલય પામે છે, ત્યારે એ પ્રાણીમાત્રના આત્મા નિવૃત્ત થઇને સુખપૂર્વક સૂએ છે. ૫૪

**तमोऽयं तु समाश्रित्य चिरं तिष्ठति सेन्द्रियः ।**
**न च स्वं कुरुते कर्म तदोत्क्रामति मूर्तितः ॥५५॥**

આ જીવ તમોગુણને આશ્રયે રહીને લાંબા કાળ સુધી ઇંદ્રિય યુક્ત રહે છે, અને પછી જ્યારે પોતાનાં કર્મ કરી શકતો નથી ત્યારે તે શરીરમાંથી નીકળી જાય છે. ૫૫

**यदाणुमात्रिको भूत्वा बीजं स्थास्नु चरिष्णु च ।**
**समाविशति संसृष्टस्तदा मूर्तिं विमुञ्चति ॥५६॥**

જીવ પૂર્વદેહને છોડે છે, ત્યારે પરમાણુ જેવડો થઇને (એટલે કે, દેહ, ઇંદ્રિયો, મન, બુદ્ધિ, વાસના, કર્મ, વાયુ અને અવિદ્યા સાથે જોડાઇને) સ્થાવરમાં અને જંગમમાં બીજરૂપે પ્રવેશે છે અને તે તે સ્થાવર અને જંગમનું શરીર ધારણ કરે છે. ૫૬

**एवं स जाग्रत्स्वप्नाभ्यामिदं सर्वं चराचरम् ।**
**संजीवयति चाजस्रं प्रमापयति चाव्ययः ॥५७॥**

આમ, તે અવિનાશી બ્રહ્મા જાગ્રતિ અને સ્વપ્નથી આ સર્વ ચર અને અચર જગતને વાર વાર સર્જે છે અને સંહારે છે. ૫૭

**इदं शास्त्रं तु कृत्वासौ मामेव स्वयमादितः ।**
**विधिवद्ग्राहयामास मरीच्यादींस्त्वहं मुनीन् ॥५८॥**

તે બ્રહ્માએ પોતે જ આ શાસ્ત્ર રચ્યું અને પ્રથમ મને ભણાવ્યું. મરીચિ આદિ મુનિઓને તો તે મેં વિધિપૂર્વક શીખવ્યું. ૫૮

[illegible]

चत्वार्याहुः सहस्राणि वर्षाणां तु कृतं युगम् ।
तस्य तावच्छती संध्या संध्यांशश्च तथाविधः ॥६९॥

[illegible] વર્ષોને [illegible] કહે છે. તેની [illegible] (આશરે) [illegible] વર્ષોની [illegible] અને તેની [illegible] તેટલાં જ (આશરે) દેવવર્ષોના [illegible] ૪,૮૦૦ દેવવર્ષો.] ૬૯

इतरेषु ससंध्येषु ससंध्यांशेषु च त्रिषु ।
एकापायेन वर्तन्ते सहस्राणि शतानि च ॥७०॥

[illegible] તેમજ તેમની સંધ્યાઓ તથા તેમના સંધ્યાંશોમાં અનુક્રમે એક એક હજાર તથા એક એક સો વર્ષ ઓછાં [illegible] છે. [આમ. ત્રેતાયુગ=૩,૦૦૦+૩૦૦+૩૦૦=૩,૬૦૦ દેવવર્ષો. દ્વાપરયુગ=૨,૦૦૦+૨૦૦+૨૦૦=૨,૪૦૦ દેવવર્ષો અને કલિયુગ=૧,૦૦૦+૧૦૦+૧૦૦=૧,૨૦૦ દેવવર્ષો.] ૭૦

यदेतत्परिसंख्यातमादावेव चतुर्युगम् ।
एतद्द्वादशसाहस्रं देवानां युगमुच्यते ॥७१॥

ચાર યુગોનું આ જે આરંભમાં પરિમાણ કહ્યું, તે કુલ ૧૨,૦૦૦ દેવવર્ષોનો એક દેવયુગ થાય છે. ૭૧

दैविकानां युगानां तु सहस्रं परिसंख्यया ।
ब्राह्ममेकमहर्ज्ञेयं तावतीं रात्रिमेव च ॥७२॥

એક હજારની સંખ્યાના દેવયુગોનો બ્રહ્માનો એક દિવસ જાણવો અને તેટલા જ પ્રમાણની તેની એક રાત્રિ જાણવી. ૭૨

निमेपो दश चाष्टौ च काष्ठा त्रिंशत्तु ताः कला।
त्रिंशत्कला मुहूर्तः स्यादहोरात्रं तु तावतः ॥ ६४ ॥

અઢાર નિમેષની એક કાષ્ઠા, ત્રીસ કાષ્ઠાની એક કલા, ત્રીસ કલાનું એક મુહૂર્ત અને ત્રીસ મુહૂર્તનો એક રાત્રિદિવસ થાય.

अहोरात्रे विभजते सूर्यो मानुपदैविके।
रात्रिः स्वप्नाय भूतानां चेष्टायै कर्मणामहः ॥ ६५ ॥

માનવી અને દૈવી રાત્રિદિવસને સૂર્ય વિભાગે છે. રાત્રિ પ્રાણીઓની નિદ્રા માટે છે અને દિવસ તેમની કર્મચેષ્ટા માટે છે.

पित्र्ये रात्र्यहनी मासः प्रविभागस्तु पक्षयोः।
कर्मचेष्टास्वहः कृष्णः शुक्लः स्वप्नाय शर्वरी ॥ ६६ ॥

મનુષ્યોનો એક માસ તે પિતૃઓનો એક રાત્રિદિવસ છે. તેમાં બે પક્ષભાગો છે—કૃષ્ણપક્ષ તે તેમનો કામકાજનો દિવસ છે અને શુક્લપક્ષ તે તેમની નિદ્રા માટેની રાત્રિ છે. ૬૬

दैवे रात्र्यहनी वर्षं प्रविभागस्तयोः पुनः।
अहस्तत्रोदगयनं रात्रिः स्याद्दक्षिणायनम् ॥ ६७ ॥

મનુષ્યોનું એક વર્ષ તે દેવતાઓનો એક રાત્રિદિવસ છે. [illegible] ભાગો છે—ઉત્તરાયણ એ તેમનામાં દિવસ છે [illegible] રાત્રિ છે. ૬૭

ब्राह्मस्य तु क्षपाहस्य यत्प्रमाणं समासतः।
एकैकशो युगानां तु क्रमशस्तन्निबोधत ॥ ६८ ॥

[illegible] એક એક યુગની [illegible]

યુગોનાં વર્ષો —

चत्वार्याहुः सहस्राणि वर्षाणां तु कृतं युगम् ।
तस्य तावच्छती संध्या संध्यांशश्च तथाविधः ॥६९॥

દેવોનાં ચાર હજાર વર્ષોને તેઓ કૃતયુગ કહે છે. તેની આગળના તેટલા જ સેંકડો (ચારસો) દેવવર્ષોની સંધ્યા હોય છે અને તેની પાછળના તેટલાં જ (ચારસો) દેવવર્ષોનો સંધ્યાંશ હોય છે. [આમ કૃતયુગ=૪,૮૦૦ દેવવર્ષો ] ૬૯

इतरेषु ससंध्येषु ससंध्यांशेषु च त्रिषु ।
एकापायेन वर्तन्ते सहस्राणि शतानि च ॥७०॥

બાકીના ત્રણ યુગોમાં તેમજ તેમની સંધ્યાઓ તથા તેમ-ના સંધ્યાંશોના માનમાંથી એક એક હજાર તથા એક એક સો વર્ષો ઓછાં થતાં રહે છે. [આમ, ત્રેતાયુગ=૩,૦૦૦+૩૦૦+૩૦૦=૩,૬૦૦ દેવવર્ષો; દ્વાપરયુગ=૨,૦૦૦+૨૦૦+૨૦૦=૨,૪૦૦ દેવવર્ષો અને કલિયુગ=૧,૦૦૦+૧૦૦+૧૦૦=૧,૨૦૦ દેવવર્ષો.] ૭૦

यदेतत्परिसंख्यातमादावेव चतुर्युगम् ।
एतद्द्वादशसाहस्रं देवानां युगमुच्यते ॥७१॥

ચાર યુગોનું આ જે આરંભમાં પરિમાણ કહ્યું, તે કુલ ૧૨,૦૦૦ દેવવર્ષોનો એક દેવયુગ થાય છે. ૭૧

दैविकानां युगानां तु सहस्रं परिसंख्यया ।
ब्राह्ममेकमहर्ज्ञेयं तावतीं रात्रिमेव च ॥७२॥

પાણીમાં, મધરાતે, મળમૂત્રના ત્યાગ વખતે, એઠે મોંએ અને શ્રાદ્ધનું ભોજન કરીને મનથી પણ વેદચિંતન કરવું નહિ. ૧૦૯

प्रतिगृह्य द्विजो विद्वानेकोद्दिष्टस्य केतनम् ।
त्र्यहं न कीर्तयेद्ब्रह्म राज्ञो राहोश्च सूतके ॥ ११० ॥

એકોદ્દિષ્ટ શ્રાદ્ધનુ નિમંત્રણ સ્વીકાર્યો પછી તથા રાજાને ત્યાં

पांसुवर्षे दिशां दाहे गोमायुविरुते तथा ।
श्वखरोष्ट्रे च रुवति पङ्क्तौ च न पठेद्द्विजः ॥११५॥

ધૂળનો વરસાદ થતો હોય, દિશાઓમાં દાહ થતો હોય, શિયાળવાં રડતાં હોય, [illegible] હોય, ગધેડા ભૂંકતાં હોય, ઊંટ ગાંગરતા હોય તેમજ મનુષ્યો ટોળે વળીને બેઠા હોય, ત્યારે બ્રાહ્મણે પાઠ કરવો નહિ. ૧૧૫

नाधीयीत श्मशानान्ते ग्रामान्ते गोव्रजेऽपि वा ।
वसित्वा मैथुनं वासः श्राद्धिकं प्रतिगृह्य च ॥११६॥

ગામને છેડે અને સ્મશાન પાસે, ગૌશાળામાં, મૈથુન સમયનું વસ્ત્ર પહેરીને, તેમજ શ્રાદ્ધનું અન્ન સ્વીકારીને વેદનું અધ્યયન કરવું નહિ. ૧૧૬

प्राणि वा यदि वाऽप्राणि यत्किंचिच्छ्राद्धिकं भवेत् ।
तदालभ्याप्यनध्यायः पाण्यास्यो हि द्विजः स्मृतः ॥११७॥

શ્રાદ્ધ નિમિત્તે (ગાય, ઘોડા આદિ) પ્રાણી કે (વસ્ત્ર આદિ) અપ્રાણીનું દાન લીધા પછી અનધ્યાય ગણવો. કેમકે, બ્રાહ્મણને **पाण्यास्य** (હાથ જ જેનું મુખ છે એવો) કહ્યો છે. ૧૧૭

चौरैरुपप्लुते ग्रामे संभ्रमे चाग्निकारिते ।
आकालिकमनध्यायं विद्यात्सर्वाद्भुतेषु च ॥११८॥

ગામમાં ચોરોએ રંજાડ કર્યો હોય, આગ લાગવાથી ગભરાટ ફેલાયો હોય અને આશ્ચર્યકારક ઉત્પાતો હોય, ત્યારે આકાલિક અનધ્યાય પાળવો. ૧૧૮

उपाकर्मणि चोत्सर्गे त्रिरात्रं क्षपणं स्मृतम् ।
अष्टकासु त्वहोरात्रमृत्वन्तासु च रात्रिषु ॥ ११९ ॥

ઉપાકર્મમાં અને વેદના ઉત્સર્ગમાં ત્રણ રાત્રિ સુધી અનધ્યાય કહ્યો છે. અષ્ટકા શ્રાદ્ધમાં તેમજ દરેક ઋતુને અંતે એક દિવસ ને એક રાત્રિનું અનધ્યયન રાખવું. ૧૧૯

नाधीयीताश्वमारूढो न वृक्षं न च हस्तिनम् ।
न नावं न खरं नोष्ट्रं नरिणस्थो न यानगः ॥ १२० ॥

ઘોડા, ઝાડ, હાથી, હોડી, ગધેડા, ઊંટ, ખારપાટ અને ગાડાં વગેરે વાહન ઉપર બેસીને વેદાધ્યયન કરવું નહિ. ૧૨૦

न विवादे न कलहे न सेनायां न संगरे ।
न भुक्तमात्रे नाजीर्णे न वमित्वा न शुक्तके ॥ १२१ ॥

વિવાદમાં, કલહમાં, સેનામાં, યુદ્ધમાં, જમીને તરત, અપચામાં, ઊલટી થયા પછી અને ખાટા ઓડકાર વખતે વેદાધ્યયન કરવું નહિ. ૧૨૧

अतिथिं चाननुज्ञाप्य मारुते वाति वा भृशम् ।
रुधिरे च स्रुते गात्राच्छस्त्रेण च परिक्षते ॥ १२२ ॥

અતિથિની આજ્ઞા વિના, પવન સખત ફૂંકાતો હોય ત્યારે, અંગમાંથી લોહી ઝરી ગયું હોય ત્યારે અને હથિયારથી જખમ થયો હોય તે વખતે અધ્યયન કરવું નહિ. ૧૨૨

सामध्वनावृग्यजुषी नाधीयीत कदाचन ।
वेदस्याधीत्य वाप्यन्तमारण्यकमधीत्य च ॥ १२३ ॥

સામવેદના ધ્વનિ થતા હોય ત્યારે કદી પણ ઋગ્વેદ કે

યજુર્વેદ ભણવો નહિ; તેમજ વેદનુ અધ્યયન કર્યા પછી આરણ્યક ભણીને અંતે પાછુ વેદાધ્યયન કરવુ નહિ. ૧૨૩

ऋग्वेदो देवदैवत्यो यजुर्वेदस्तु मानुषः ।
सामवेदः स्मृतः पित्र्यस्तस्मात्तस्याशुचिर्ध्वनिः ॥ १२४ ॥

ઋગ્વેદના દેવ દેવતા છે, યજુર્વેદના દેવ મનુષ્ય છે અને સામવેદના દેવ પિતૃ છે. તેથી સામવેદનો ધ્વનિ અપવિત્ર ગણ્યો છે. ૧૨૪

एतद्विदन्तो विद्वांसस्त्रयीनिष्कर्षमन्वहम् ।
क्रमतः पूर्वमभ्यस्य पश्चाद्वेदमधीयते ॥ १२५ ॥

આ જાણનારા વિદ્વાનો નિત્ય વેદના સારરૂપ પ્રણવ, વ્યાહૃતિ અને ગાયત્રી એ ત્રણને ક્રમવાર પ્રથમ ભણીને પછી વેદનું અધ્યયન કરે છે. ૧૨૫

पशुमण्डूकमार्जारश्वसर्पनकुलाखुभिः ।
अन्तरागमने विद्यादनध्यायमहर्निशम् ॥ १२६ ॥

પશુ, દેડકો, બિલાડું, કૂતરુ, સાપ, નોળિયો અને ઊંદર એ અધ્યયન વખતે ગુરુ અને શિષ્યની વચ્ચે થઇને જાય, તો એક દિવસ ને એક રાત્રિ અનધ્યયન જાણવું. ૧૨૬

द्वावेव वर्जयेन्नित्यमनध्यायौ प्रयत्नतः ।
स्वाध्यायभूमिं चाशुद्धामात्मानं चाशुचिं द्विजः ॥ १२७ ॥

સ્વાધ્યાયની ભૂમિ અશુદ્ધ હોય ત્યારે અને પોતે અપવિત્ર હોય ત્યારે આ બે અનધ્યાયોને દ્વિજ નિત્ય પ્રયત્નપૂર્વક વર્જવા.

સદાચાર—

अमावास्यामष्टमीं च पौर्णमासीं चतुर्दशीम् ।
ब्रह्मचारी भवेन्नित्यमप्यृतौ स्नातको द्विजः ॥ १२८ ॥

અમાસ, આઠમ, પૂનમ અને ચૌદશ એ દિવસોએ સ્રીને ઋતુ હોય તો પણ સ્નાતક બ્રાહ્મણે બ્રહ્મચારી રહેવું. ૧૨૮

[ षष्ठ्यष्टम्यौत्वमावास्यामुभयत्र चतुर्दशीम् ।
वर्जयेत्पार्णमासीं च तैले मांसे भगे क्षुरे ॥

તૈલસ્નાન, માંસભક્ષણ, સ્રીસંગ અને હજામત એ ચાર વાનાં અનુક્રમે કે બધાં છઠ, આઠમ, વદ ને સુદની ચૌદશ અને પૂનમે વર્જવાં ]

न स्नानमाचरेद्भुक्त्वा नातुरो न महानिशि ।
न वासोभिः सहाजस्रं नाविज्ञाते जलाशये ॥ १२९ ॥

જમ્યા પછી, માંદગીમાં, મધ્યરાત્રે, ઘણાં કપડાં સહિત, તેમજ અજાણ્યા જલાશયમાં સ્નાન કરવું નહિ. ૧૨૯

देवतानां गुरोराज्ञः स्नातकाचार्ययोस्तथा ।
नाक्रामेत्कामतश्छायां बभ्रुणो दीक्षितस्य च ॥ १३० ॥

દેવ, ગુરુ, રાજા, સ્નાતક, આચાર્ય, કાળી ગાય, યજ્ઞમાં દીક્ષા લીધેલ પુરુષ અને બાંધવ એમની છાયાને જાણીજોઈને ઓળંગવી નહિ. ૧૩૦

मध्यंदिनेऽर्धरात्रे च श्राद्धं भुक्त्वा च सामिषम् ।
सन्ध्ययोरुभयोश्चैव न सेवेत चतुष्पथम् ॥ १३१ ॥

મધ્યાહ્ને, મધરાતે, શ્રાદ્ધ જમીને, માંસયુક્ત આહાર

[illegible]

उद्वर्तनमपस्नानं विण्मूत्रे रक्तमेव च ।
श्लेष्मनिष्ठ्यूतवान्तानि नाधितिष्ठेत्तु कामतः ॥ १३२ ॥

ચોળેલ પાણી નાહેલ પાણી, મળમૂત્ર, લોહી, બળખા, થૂંક, ને, ઉલટી એ ઉપર ઇચ્છાપૂર્વક ઉભા રહેવું નહિ.

वैरिणं नोपसेवेत सहायं चैव वैरिणः ।
अधार्मिकं तस्करं च परस्यैव च योषितम् ॥ १३३ ॥

વેરીને, વેરીના સહાયકને, અધાર્મિકને, ચોરને, તેમજ પરસ્ત્રીને સેવવાં નહિ. ૧૩૩

न हीदृशमनायुष्यं लोके किंचन विद्यते ।
यादृशं पुरुषस्येह परदारोपसेवनम् ॥ १३४ ॥

આ જગતમાં પરસ્ત્રીના સેવન જેવું બીજું કશું જ પુરુષના આયુષ્યનો નાશ કરનાર નથી ૧૩૪

क्षत्रियं चैव सर्पं च ब्राह्मणं च बहुश्रुतम् ।
नावमन्येत वै भूष्णुः कृशानपि कदाचन ॥ १३५ ॥

ક્ષત્રિય, સર્પ અને બહુશ્રુત બ્રાહ્મણ એ દુર્બળ હોય તો પણ તેમનું ઉદયની ઇચ્છાવાળાએ અપમાન કરવું નહિ. ૧૩૫

एतत्त्रयं हि पुरुषं निर्दहेदवमानितम् ।
तस्मादेतत्त्रयं नित्यं नावमन्येत बुद्धिमान् ॥ १३६ ॥

આ ત્રણેય અપમાન પામતાં પુરુષને બાળી નાખે છે તેથી બુદ્ધિમાને એ ત્રણનું ક્યારે પણ અપમાન કરવું

नात्मानमवमन्येत पूर्वाभिरसमृद्धिभिः ।
आमृत्योः श्रियमन्विच्छेन्नैनां मन्येत दुर्लभाम् ॥ १३७ ॥

ઉદ્યમ છતાં સંપત્તિ ન મળે તો પણ પોતાની જાતને ધિક્કારવી નહિ; મરણ સુધી ધનસંપાદન કરવા માટે યત્ન કરવો. ધનને દુર્લભ માનવું નહિ. ૧૩૭

सत्यं ब्रूयात्प्रियं ब्रूयान्न ब्रूयात्सत्यमप्रियम् ।
प्रियं च नानृतं ब्रूयादेष धर्मः सनातनः ॥ १३८ ॥

સત્ય બોલવું અને તે પણ પ્રિય બોલવું, પણ સત્ય અપ્રિય રીતે બોલવું નહિ, તેમ પ્રિય રીતે અસત્ય કહેવું નહિ, આ સનાતન ધર્મ છે. ૧૩૮

भद्रं भद्रमिति ब्रूयाद्भद्रमित्येव वा वदेत् ।
शुष्कवैरं विवादं च न कुर्यात्केनचित्सह ॥ १३९ ॥

અભદ્ર હોય ત્યાં ભદ્ર શબ્દથીજ બોલવું અને ભદ્ર હોય ત્યાં પણ ભદ્રજ બોલવું. કોઈની સાથે પણ ખાલી વેર કે વિવાદ કરવા નહિ. ૧૩૯

नातिकल्यं नातिसायं नातिमध्यंदिने स्थिते ।
नाज्ञातेन समं गच्छेन्नैको न वृषलैः सह ॥ १४० ॥

ખૂબ વહેલી સવારે, ખૂબ મોડી સાંજે અને ખરે બપોરે અજાણ્યા સાથે તેમજ શૂદ્રોની સાથે પંથ કરવો નહિ. ૧૪૦

हीनाङ्गानतिरिक्ताङ्गान्विद्याहीनान्वयोधिकान् ।
रूपद्रव्यविहीनांश्च जातिहीनांश्च नाक्षिपेत् ॥ १४१ ॥

[illegible]

[illegible] ।
[illegible] ॥१८२॥

[illegible]

[illegible] ।
[illegible] न तु ॥१८३॥

[illegible] આપવું અને [illegible] કરવો. ૧૮૩

[illegible] निषण्णः ।
[illegible] विवर्जयेत् ॥१८४॥

[illegible] ઇંદ્રિયોના અને [illegible] કરવો નહિ. ૧૮૪

[illegible] स्यात्प्रयतात्मा जितेन्द्रियः ।
जपेच्च जुहुयाच्चैव नित्यमग्निमतन्द्रितः ॥१८५॥

નિત્ય [illegible] નિયમમાં [illegible]. ઇન્દ્રિયોને વશ રાખવી, આળસ વગર ગાયત્રી [illegible] અને અગ્નિમાં હોમ કરવો. ૧૮૫

मङ्गलाचारयुक्तानां नित्यं च प्रयतात्मनाम् ।
जपतां जुह्वतां चैव विनिपातो न विद्यते ॥ १४६ ॥

નિત્ય મંગલ આચાર કરનારા, મનને નિયમમાં રાખનારા, ગાયત્રી જપનારા અને હોમ કરનારા—એમનો કદી પણ વિનિપાત થતો નથી. ૧૪૬

वेदमेवाभ्यसेन्नित्यं यथाकालमतन्द्रितः ।
तं ह्यस्याहुः परं धर्ममुपधर्मोऽन्य उच्यते ॥ १४७ ॥

પ્રમાદરહિત રહીને, નિત્ય યથાકાલે વેદનો અભ્યાસ કરવો તેને જ પંડિતો પરમ ધર્મ કહે છે. તે વિનાના બીજા ઉપધર્મ કહેવાય છે. ૧૪૭

वेदाभ्यासेन सततं शौचेन तपसैव च ।
अद्रोहेण च भूतानां जातिं स्मरति पौर्विकीम् ॥ १४८ ॥

સતત વેદાભ્યાસથી, બાહ્યાભ્યંતર શુદ્ધિથી, તપથી, ને પ્રાણીઓના અદ્રોહથી મનુષ્યને પૂર્વજન્મનું સ્મરણ થાય છે.

पौर्विकीं संस्मरञ्जातिं ब्रह्मैवाभ्यसते पुनः ।
ब्रह्माभ्यासेन चाजस्रमनन्तं सुखमश्नुते ॥ १४९ ॥

પૂર્વજન્મને સંભારનારો પુરુષ ફરી ફરીને વેદાભ્યાસ જ કરે છે અને અખંડ વેદાભ્યાસથી તે અનંત સુખને ભોગવે છે.

सावित्राञ्छान्तिहोमांश्च कुर्यात्पर्वसु नित्यशः ।
पितॄंश्चैवाष्टकास्वर्चेन्नित्यमन्वष्टकासु च ॥ १५० ॥

પર્વોના દિવસોમાં સવિતા જેના દેવતા છે એવા શાંતિ-હોમ કરવા અને અષ્ટકાઓ (હેમંત ને શિશિરની વદ આઠમ)-

તેમજ અન્વષ્ટકાઓ (અષ્ટકા પાસેની નોમ)માં નિત્ય પિતૃઓનુ પૂજન કરવું અર્થાત શ્રાદ્ધ કરવું. ૧૫૦

दूरादावसथान्मूत्रं दूरात्पादावसेचनम् ।
उच्छिष्टान्ननिषेकं च दूरादेव समाचरेत् ॥ १५१ ॥

મૂત્ર, પગ ધોયેલું પાણી, એંઠવાડ અને એઠું પાણી એ બધું ઘરથી દૂર નાખવું. ૧૫૧

मैत्रं प्रसाधनं स्नानं दन्तधावनमञ्जनम् ।
पूर्वाह्ण एव कुर्वीत देवतानां च पूजनम् ॥ १५२ ॥

મળમૂત્રનો ત્યાગ કરવો. વાળ ઓળીને સાફ રાખવા. સ્નાન, દંતધાવન, અંજન અને દેવોનું પૂજન એ બધાં કાર્ય પહેલા પહોરમાં જ કરવાં. ૧૫૨

दैवतान्यभिगच्छेत्तु धार्मिकांश्च द्विजोत्तमान् ।
ईश्वरं चैव रक्षार्थं गुरूनेव च पर्वसु ॥ १५३ ॥

પોતાની રક્ષા સારુ પર્વોના દિવસોમાં દેવોના, ...
એવા ઉત્તમ બ્રાહ્મણોના, રાજાના, તેમજ ગુરુજનોના ...

अभिवादयेद्वृद्धांश्च दद्याच्चैवासनं स्वकम् ।
कृताञ्जलिरुपासीत गच्छतः पृष्ठतोऽन्वियात्

પોતાને ત્યાં આવેલા વૃદ્ધોને ...
આસન આપવું, બે હાથ જોડીને તેની ...
તેઓ જાય ત્યારે તેમને પાછા વળાવવા ...

श्रुतिस्मृत्युदितं सम्यङ्निबद्धं स्वेषु ...
धर्ममूलं निषेवेत सदाचारमतन्द्रितः

શ્રુતિ તથા સ્મૃતિમાં રૂડી રીતે કહેલા, સ્વકર્મમાં નિયમરૂપ થયેલા અને ધર્મના મૂળરૂપ એવા સદાચારને વગર-આળસે સેવવા. ૧૫૫

आचाराल्लभते ह्यायुराचारादीप्सिताः प्रजाः ।
आचाराद्धनमक्षय्यमाचारो हन्त्यलक्षणम् ॥ १५६ ॥

સદાચારથી આવરદા મળે છે; આચારથી ઇષ્ટ પ્રજાલાભ થાય છે; આચારથી અખૂટ ધન સાંપડે છે અને આચારથી અપલક્ષણોનો નાશ થાય છે. ૧૫૬

दुराचारो हि पुरुषो लोके भवति निन्दितः ।
दुःखभागी च सततं व्याधितोऽल्पायुरेव च ॥ १५७ ॥

દુરાચારી પુરુષ લોકમાં નિંદા પામે છે, સતત દુઃખ ભોગવે છે, રોગી રહે છે અને અલ્પાયુ થાય છે. ૧૫૭

सर्वलक्षणहीनोऽपि यः सदाचारवान्नरः ।
श्रद्दधानोऽनसूयश्च शतं वर्षाणि जीवति ॥ १५८ ॥

શુભ સૂચવનારાં સર્વ લક્ષણો વિનાનો હોવા છતાં, જે સદાચારી હોય છે, શ્રદ્ધાયુક્ત હોય છે અને ઇર્ષ્યાહીન હોય છે, તે સો વર્ષ સુધી જીવે છે. ૧૫૮

यद्यत्परवशं कर्म तत्तद्यत्नेन वर्जयेत् ।
यद्यदात्मवशं तु स्यात्तत्तत्सेवेत यत्नतः ॥ १५९ ॥

પરવશ રહેલાં કર્મનો યત્નપૂર્વક ત્યાગ કરવો. જે જે સ્વાધીન કર્મ હોય તે તે પ્રયત્નપૂર્વક કરવાં. ૧૫૯

सर्वं परवशं दुःखं सर्वमात्मवशं सुखम् ।
एतद्विद्यात्समासेन लक्षणं सुखदुःखयोः ॥ १६० ॥

પારકાને અધીન તે બધું દુઃખ, પોતાને અધીન તે બધું સુખ આ સુખદુઃખનું ટુંકું લક્ષણ જાણવું. ૧૬૦

यत्कर्म कुर्वतोस्य स्यात्परितोषोऽन्तरात्मनः ।
तत्प्रयत्नेन कुर्वीत विपरीतं तु वर्जयेत् ॥ १६१ ॥

જે કર્મ કરતાં પોતાના અંતરાત્માને પૂરો સંતોષ થાય, તે પ્રયત્નપૂર્વક કરવું. તેથી વિપરીત કર્મોનો ત્યાગ કરવો.૧૬૧

आचार्यं च प्रवक्तारं पितरं मातरं गुरुम् ।
न हिंस्याद्ब्राह्मणान्गाश्च सर्वांश्चैव तपस्विनः ॥ १६२ ॥

આચાર્ય, વેદવ્યાખ્યાતા, પિતા, માતા, ગુરુ, બ્રાહ્મણ, ગાય અને તપસ્વી એમાંના કોઇનું ય અપમાન કરવુ નહિ.૧૬૨

नास्तिक्यं वेदनिन्दां च देवतानां च कुत्सनम् ।
द्वेषं दम्भं च मानं च क्रोधं तैक्ष्ण्यं च वर्जयेत् ॥ १६३ ॥

નાસ્તિકતા, વેદની નિંદા, દેવોની નિંદા, દ્વેષ, દંભ, અભિમાન, ક્રોધ અને ક્રૂરતા—એટલાંનો ત્યાગ કરવો. ૧૬૩

परस्य दण्डं नोद्यच्छेत्क्रुद्धो नैव निपातयेत् ।
अन्यत्र पुत्राच्छिष्याद्वा शिष्ट्यर्थं ताडयेत्तु तौ ॥ १६४ ॥

ક્રોધમાં પણ અન્યની સામે દંડ ઉગામવો નહિ, તથા પુત્ર અથવા શિષ્ય સિવાય બીજાને લાકડી વગેરે મારવી નહિ. જો પુત્ર તથા શિષ્ય અપરાધ કરે તો તેમને શિખામણ દેવા સારુ મારી શકાય. ૧૬૪

ब्राह्मणायावगुर्यैव द्विजातिर्वधकाम्यया ।
शतं वर्षाणि तामिस्रे नरके परिवर्तते ॥ १६५ ॥

જે કોઈ ગ્રહસ્થ બ્રાહ્મણને મારવાની ઇચ્છાથી માત્ર લાકડી ઉગામે, તો તે સો વર્ષ સુધી તામિસ્ર નરકમાં ભટકે છે. ૧૬૫

ताडयित्वा तृणेनापि संरम्भान्मतिपूर्वकम् ।
एकविंशतिमाजातीः पापयोनिषु जायते ॥ १६६ ॥

ક્રોધમાં આવીને જે ગૃહસ્થ બ્રાહ્મણને ઇરાદાપૂર્વક એક તણખલાથી પણ મારે છે, તે એકવીસ જન્મ સુધી પાપયોનિમાં જન્મ્યા કરે છે. ૧૬૬

अयुध्यमानस्योत्पाद्य ब्राह्मणस्यासृगङ्गतः ।
दुःखं सुमहदाप्नोति प्रेत्याप्राज्ञतया नरः ॥ १६७ ॥

યુદ્ધ ન કરતા બ્રાહ્મણના અંગમાંથી જે માણસ લોહી કાઢે છે, તે મરણ પછી મૂર્ખતાને લીધે મહાદુખને પામે છે.

शोणितं यावतः पांसून्संगृह्णाति महीतलात् ।
तावतोऽब्दानमुत्रान्यैः शोणितोत्पादकोऽद्यते ॥ १६८ ॥

એ બ્રાહ્મણનું લોહી પૃથ્વીતલના જેટલા રજકણોને ભીંજવે છે, તેટલાં વરસ સુધી તે લોહી કાઢનાર મનુષ્યને શિયાળ આદિ પ્રાણીઓ પરલોકમાં ખાયા કરે છે. ૧૬૮

न कदाचिद्द्विजे तस्माद्विद्वानवगुरेदपि ।
न ताडयेत्तृणेनापि न गात्रात्स्रावयेदसृक् ॥ १६९ ॥

તેથી વિદ્વાને કદી પણ બ્રાહ્મણની સામે લાકડી ઉગામવી નહિ. તરણાથી પણ તેને મારવો નહિ, તેમ તેના અંગમાંથી લોહી પણ કાઢવું નહિ. ૧૬૯

अधार्मिको नरो यो हि यस्य चाप्यनृतं धनम् ।
हिंसारतश्च यो नित्यं नेहासौ सुखमेधते ॥ १७० ॥

જે માણસ અધાર્મિક છે, જેનું ધન જૂઠાણાનુ છે અને જે નિત્ય હિંસામાં ખૂપેલો રહે છે, તે આ લોકમાં સુખ પામતો નથી. ૧૭૦

न सीदन्नपि धर्मेण मनोऽधर्मे निवेशयेत् ।
अधार्मिकाणां पापानामाशु पश्यन्विपर्ययम् ॥ १७१ ॥

પાપી અધર્મીઓની જોતજોતાંમાં અવળી દશા થાય છે. એમ વિચારીને ધર્મથી દુઃખ આવતુ હોય તો પણ અધર્મમાં મન પરોવવું નહિ. ૧૭૧

नाधर्मश्चरितो लोके सद्यः फलति गौरिव ।
शनैरावर्तमानस्तु कर्तुर्मूलानि कृन्तति ॥ १७२ ॥

પૃથ્વીમાં રોપેલુ બીજ જેમ તુરતજ ફળ આપતુ નથી, તેમ જગતમાં અધર્માચરણ પણ તે જ વખતે ફળ આપતુ નથી. પરંતુ બીજ જેમ ધીરે ધીરે વધીને ફાલે છે અને પછી ફળ આપે છે, તેમ અધર્મ પણ ધીરે ધીરે વૃદ્ધિ પામીને અધર્મ કરનારનાં મૂળિયાંને કાપી નાખે છે. ૧૭૨

यदि नात्मनि पुत्रेषु न चेत्पुत्रेषु नप्तृषु ।
न त्वेव तु कृतोऽधर्मः कर्तुर्भवति निष्फलः ॥ १७३ ॥

કરેલો અધર્મ જો કર્તાને ફળ ન આપે, તો તેના પુત્રોને આપે છે અને પુત્રોને ન આપે તો તેના પુત્રોને આપે; પરંતુ તે નિષ્ફળ જતો જ નથી. ૧૭૩

સંતોને જે સન્માર્ગે પોતાના પિતા ગયા હોય અને પિતામહ ગયા હોય, તેજ માર્ગે તેણે જવું. તેવા માર્ગે જતાં તેને હાનિ નહિ આવે. ૧૭૮

ऋत्विक्पुरोहिताचार्यैर्मातुलातिथिसंश्रितैः।
बालवृद्धातुरैर्वैद्यैर्ज्ञातिसंबन्धिबान्धवैः ॥१७९॥
मातापितृभ्यां यामीभिर्भ्रात्रा पुत्रेण भार्यया।
दुहित्रा दासवर्गेण विवादं न समाचरेत् ॥१८०॥

ઋત્વિજ, પુરોહિત, આચાર્ય, મામા, અતિથિ, આશ્રિત, બાળક, વૃદ્ધ, રોગી, વૈદ્ય, જ્ઞાતિજન, સંબંધી, બાંધવ, માતા-પિતા, બહેન, કુળવધૂ, ભાઈ, પુત્ર, પત્ની, દીકરી અને દાસવર્ગ એમની સાથે વિવાદ ન કરવો. ૧૭૮, ૧૮૦

एतैर्विवादान्संत्यज्य सर्वपापैः प्रमुच्यते।
एभिर्जितैश्च जयति सर्वाल्लोकानिमान्गृही ॥१८१॥

જે ગૃહસ્થ ઉપલાઓ સાથે વિવાદ ત્યજે છે, તે સર્વ પાપથી મુક્ત થાય છે અને એમને વશ રહીને તે સર્વલોકને વશ કરે છે. ૧૮૧

आचार्यो ब्रह्मलोकेशः प्राजापत्ये पिता प्रभुः।
अतिथिस्त्विन्द्रलोकेशो देवलोकस्य चर्त्विजः ॥१८२॥
यामयोऽप्सरसां लोके वैश्वदेवस्य बान्धवाः।
संबन्धिनो ह्यपां लोके पृथिव्यां मातृमातुलौ ॥१८३॥
आकाशेशास्तु विज्ञेया बालवृद्धकृशातुराः।
भ्राता ज्येष्ठः समः पित्रा भार्या पुत्रः स्वका तनुः ॥१८४

त्रिष्वप्येतेषु दत्तं हि विधिनाप्यर्जितं धनम् ।
दातुर्भवत्यनर्थाय परत्रादातुरेव च ॥१९३॥

ન્યાયવિધિએ મેળવેલું ધન જો એ ત્રણ પ્રકારના બ્રાહ્મણને આપ્યું હોય, તો તે પરલોકમાં દાતાને તેમ જ લેનારને અનર્થકારી થાય છે. ૧૯૩

यथा प्लवेनौपलेन निमज्जत्युदके तरन् ।
तथा निमज्जतोऽधस्तादज्ञौ दातृप्रतीच्छकौ ॥१९४॥

પથ્થરની હોડીથી તરનારો જેમ પાણીમાં ડૂબે છે, તેમ મૂર્ખ દેનાર અને મૂર્ખ લેનાર બન્ને નીચે નરકે પડે છે. ૧૯૪

धर्मध्वजी सदा लुब्धश्छाद्मिको लोकदम्भकः ।
बैडालव्रतिको ज्ञेयो हिंस्रः सर्वाभिसंधकः ॥१९५॥

જે ધરમની ધજા રાખનારો, સદાય લોભિયો, ઢોંગધતુરો, લોકને છેતરનારો, હિંસાખોર અને બધાનો દ્રોહ કરનારો હોય તેને બિલાડાની વૃત્તિવાળો જાણવો. ૧૯૫

[ यस्य धर्मध्वजो नित्यं सुरध्वज इवोच्छ्रितः ।
प्रच्छन्नानि च पापानि बैडालं नाम तद्व्रतम् ॥

ઇંદ્રધ્વજના ઝંડાની જેમ જેનો ધરમનો વાવટો નિત્ય ઊંચે ફરકે છે અને જેમાં પાપ ઢાંક્યાં છે, તેનું નામ બિલાડાની વૃત્તિ છે ]

अधोदृष्टिर्नैष्कृतिकः स्वार्थसाधनतत्परः ।
शठो मिथ्याविनीतश्च बकव्रतचरो द्विजः ॥१९६॥

[illegible] ૧૯૬

ये बकव्रतिनो विप्रा ये च मार्जारलिङ्गिनः ।
ते पतन्त्यन्धतामिस्रे तेन पापेन कर्मणा ॥ १९७ ॥

જે બ્રાહ્મણો બગલાની તથા બિલાડાની વૃત્તિવાળા છે, તેઓ તે પાપકર્મ કરીને અંધતામિસ નરકમાં પડે છે. ૧૯૭

न धर्मस्यापदेशेन पापं कृत्वा व्रतं चरेत् ।
व्रतेन पापं प्रच्छाद्य कुर्वन्स्त्रीशूद्रदम्भनम् ॥ १९८ ॥

સ્ત્રીઓ તથા શૂદ્રોને છેતરામણ કરવાને માટે વ્રતવડે પાપને ઢાંકી. પાપ કર્યાં પછી ધર્મના બહાના તળે વ્રત આચરવું નહિ.

प्रेत्येह चेदृशा विप्रा गर्ह्यन्ते ब्रह्मवादिभिः ।
छद्मनाचरितं यच्च व्रतं रक्षांसि गच्छति ॥ १९९ ॥

બ્રહ્મવાદીઓ આવા વિપ્રોને આ લોકમાં તેમજ પરલોકમાં નિંદે છે અને તેમણે કપટથી જે કાંઇ વ્રત આચર્યું હોય છે તે રાક્ષસોને પહોંચે છે ૧૯૯

अलिङ्गी लिङ्गिवेषेण यो वृत्तिमुपजीवति ।
स लिङ्गिनां हरत्येनस्तिर्यग्योनौ च जायते ॥ २०० ॥

જે અમુક એક આશ્રમનો ન હોવા છતાં, તે આશ્રમના વેષથી આજીવિકા કાઢે છે, તે તે વેષના આશ્રમવાળાઓનાં પાપોને ઓઢે છે અને પક્ષીની યોનિમાં જન્મ પામે છે. ૨૦૦

परकीयनिपानेषु न स्नायाच्च कदाचन ।
निपानकर्तुः स्नात्वा तु दुष्कृतांशेन लिप्यते ॥ २०१ ॥

પારકાના જળાશયમાં ક્યારેય નાહવું નહિ. એમ નહાવાથી તે (જળાશય) બંધાવનારનું પાપ તેને ચોંટે છે. ૨૦૧

[ सप्तोद्धृत्य ततः पिंडान् कामं स्नायाच्च पंचधा ।
उदपानात्स्वयंग्राहात् बहिःस्नात्वा न दुष्यति ॥

જો નાહવું જ પડે, તો તેમાંથી પાંચ કે સાત કચરાના પિંડા કાઢવા અને જાતે જ પાણી બહાર કાઢીને નાહવું. આ રીતે નહાવાથી દોષ લાગતો નથી.]

यानशय्यासनान्यस्य कूपोद्यानगृहाणि च ।
अदत्तान्युपभुञ्जान एनसः स्यात्तुरीयभाक् ॥ २०२ ॥

વાહન, શય્યા, આસન, કૂપ, બગીચો અને ઘર—એ તેમના ધણીના આપ્યા વિના ભોગવનારને મૂળ ધણીના પાપનો ચોથો ભાગ ભોગવવો પડે છે. ૨૦૨

नदीषु देवखातेषु तडागेषु सरःसु च ।
स्नानं समाचरेन्नित्यं गर्तप्रस्रवणेषु च ॥ २०३ ॥

નદીઓ, દેવનિમિત્તનાં જળાશયો, તળાવો, સરોવરો, ધરાઓ અને ઝરણાંમાં નિત્ય સ્નાન કરવું. ૨૦૩

यमान्सेवेत सततं न नित्यं नियमान्बुधः ।
यमान्पतत्यकुर्वाणो नियमान्केवलान्भजन् ॥ २०४ ॥

વિદ્વાને સતત યમોને સેવવા; આમ નિયમોને નિત્ય સેવવા. કેવળ નિયમોને જ ભજનારો જો યમોને પાળે નહિ, તો તે પતન પામે છે. ૨૦૪

[आनृशंस्यं क्षमा सत्यमहिंसा दममस्पृहा ।
ध्यानं प्रसादो माधुर्यमार्जवं च यमा दश ॥

દયા, ક્ષમા, સત્ય, અહિંસા, ઇંદ્રિયદમન, અસ્પૃહા, ધ્યાન, પ્રસન્નતા, મધુરતા અને સરળતા એ દશ યમો છે.]

[अहिंसा सत्यवचनं ब्रह्मचर्यमकल्पता ।
अस्तेयमिति पंचते यमाश्चोपव्रतानि च ॥

[illegible] નિષ્કપટતા અને
[illegible] ॥ ૨૦૪ ॥ ]

[ શૌચમિજ્યાતપો દાનં સ્વાધ્યાયોપસ્થનિગ્રહઃ ।
व्रतोपवासौ मौनं च स्नानं च नियमा दश ॥

[શૌચ, યજ્ઞ, તપ, દાન, સ્વાધ્યાય, ઉપસ્થેન્દ્રિયનો નિગ્રહ, વ્રત, ઉપવાસ, મૌન અને સ્નાન આ દશ નિયમો છે.]

[ अक्रोधो गुरुशुश्रूषा शौचमाहारलाघवम् ।
अप्रमादश्च नियमाः पञ्चैवोपव्रतानि च ॥

અક્રોધ, ગુરુસેવા, શૌચ, અલ્પાહાર અને અપ્રમાદ એ પાંચ નિયમો અને ઉપવ્રતો છે.]

नाश्रोत्रियतते यज्ञे ग्रामयाजिकृते तथा ।
स्त्रिया क्लीबेन च हुते भुञ्जीत ब्राह्मणः क्वचित् ॥ २०५ ॥

અશ્રોત્રિય, ગામોટ, સ્ત્રી તથા નપુંસક માંડેલા યજ્ઞમાં બ્રાહ્મણે ક્યાંય પણ જમવું નહિ. ૨૦૫

अश्लीकमेतत्साधूनां यत्र जुह्वत्यमी हविः ।
प्रतीपमेतद्देवानां तस्मात्तत्परिवर्जयेत् ॥ २०६ ॥

આવા યજ્ઞોમાં ચાલ્ડેલા જે હવિઓ હોમે છે. તે સત્પુરુષોની લક્ષ્મીને હણનાર છે. તેમજ દેવોને પ્રતિકૂળ છે. આથી તેવા યજ્ઞોનો ત્યાગ કરવો. ૨૦૬

मत्तक्रुद्धातुराणां च न भुञ्जीत कदाचन ।
केशकीटावपन्नं च पदा स्पृष्टं च कामतः ॥ २०७ ॥

ઘેલો, ક્રોધી અને રોગી એમનું ક્યાંય ન જમવું. તેમ વાળ અને કીટવાળુ તેમજ પગની અડકેલું ભોજન બુધ્ધિપૂર્વક ન ખાવું. ૨૦૭

भ्रूणघ्नावेक्षितं चैव संस्पृष्टं चाप्युदक्यया।
पतत्रिणावलीढं च शुना संस्पृष्टमेव च ॥२०८॥
गवा चान्नमुपाघ्रातं घुष्टान्नं च विशेषतः।
गणान्नं गणिकान्नं च विदुषां च जुगुप्सितम् ॥२०९॥
स्तेनगायनयोश्चान्नं तक्ष्णोवार्धुषिकस्य च।
दीक्षितस्य कदर्यस्य बद्धस्य निगडस्य च ॥२१०॥
अभिशस्तस्य षण्ढस्य पुंश्चल्या दाम्भिकस्य च।
शुक्तं पर्युषितं चैव शूद्रस्योच्छिष्टमेव च ॥२११॥
चिकित्सकस्य मृगयोः क्रूरस्योच्छिष्टभोजिनः।
उग्रान्नं सूतिकान्नं च पर्याचान्तमनिर्दशम् ॥२१२॥
अनर्चितं वृथामांसमवीरायाश्च योषितः।
द्विषदन्नं नगर्यन्नं पतितान्नमवक्षुतम् ॥२१३॥
पिशुनानृतिनोश्चान्नं क्रतुविक्रयिणस्तथा।
शैलूषतुन्नवायान्नं कृतघ्नस्यान्नमेव च ॥२१४॥
कर्मारस्य निषादस्य रंगावतारकस्य च।
सुवर्णकर्तुर्वेणस्य शस्त्रविक्रयिणस्तथा ॥२१५॥
श्ववतां शौण्डिकानां च चैलनिर्णेजकस्य च।
रञ्जकस्य नृशंसस्य यस्य चोपपतिर्गृहे ॥२१६॥
मृष्यन्ति ये चोपपतिं स्त्रीजितानां च सर्वशः।
अनिर्दशं च प्रेतान्नमतुष्टिकरमेव च ॥२१७॥

ગર્ભહત્યારાએ જોયેલું, રજસ્વલાએ અભડાવેલું, પક્ષીએ ખોટેલું, કૂતરાએ અડકેલું, ગાયે સૂંઘેલું; 'છે કોઇ જમનારો'

[illegible] સર્વથા [illegible] અને તૃપ્તિ ન થાય એવું [illegible] ભોજનો [illegible]

राजान्नं तेज आदत्ते शूद्रान्नं ब्रह्मवर्चसम् ।
आयुः सुवर्णकारान्नं यशश्चर्मावकर्तिनः ॥ २१८ ॥

રાજાનું અન્ન તેજને, શૂદ્રનું બ્રહ્મવર્ચસને, સોનીનું આવરદાને અને ચામડિયાનું યશને હણે છે. ૨૧૮

कारुकान्नं प्रजां हन्ति बलं निर्णेजकस्य च ।
गणान्नं गणिकान्नं च लोकेभ्यः परिकृन्तति ॥ २१९ ॥

[વિદ્વાન બ્રાહ્મણે 'શ્રાદ્ધ' ન કરનાર શૂદ્રનું રાંધેલું અન્ન ન જમવું. પણ ખાવાનું ન હોય તો તેની પાસેથી માત્ર એક રાત જોગું કાચું સીધું લેવું. ૨૨૩

[ चन्द्रसूर्यग्रहे नाद्यादद्यात्स्नात्वा तु मुक्तयोः ।
अमुक्तयोरस्तगतयोरद्यादेव परेऽहनि ॥

ચંદ્ર અને સૂર્યના ગ્રહણકાળે ન જમવું. પણ ગ્રહણ છૂટ્યા પછી સ્નાન કરીને જમવું. પરંતુ ગ્રહણ છૂટ્યું ન હોય અને સૂર્ય કે ચંદ્ર અસ્ત પામી ગયા હોય, તો બીજે દિવસે જમવું.]

श्रोत्रियस्य कदर्यस्य वदान्यस्य च वार्धुषेः ।
मीमांसित्वोभयं देवाः सममन्नमकल्पयन् ॥ २२४ ॥

વેદ ભણેલા છતાં કૃપણ અને દાતા છતાં વ્યાજખાઉ, એ બન્નેનાં અન્નને દેવોએ વિચાર કરીને સમાન ગણ્યાં છે. ૨૨૪

तान्प्रजापतिराहैत्य मा कृध्वं विषमं समम् ।
श्रद्धापूतं वदान्यस्य हतमश्रद्धयेतरत् ॥ २२५ ॥

પ્રજાપતિ તે દેવો પાસે આવી બોલ્યા કે, તમે વિષમ (અસરખા)ને સમ (સરખા) ન કરો—દાતા છતાં વ્યાજખાઉનું અન્ન શ્રદ્ધાથી પવિત્ર થાય છે, તો બીજું શ્રોત્રિય છતાં કૃપણનું અન્ન અશ્રદ્ધાથી અધમ બને છે. ૨૨૫

श्रद्धयेष्टं च पूर्तं च नित्यं कुर्यादतन्द्रितः ।
श्रद्धाकृते ह्यक्षये ते भवतः स्वागतैर्धनैः ॥ २२६ ॥

દ્વિજે નિત્ય શ્રદ્ધાપૂર્વક અને આળસ વિના યજ્ઞાદિ ક્રિયા અને જલાશયાદિ વ્રતો કરવાં જો સન્માર્ગે આવેલ દ્રવ્યથી શ્રદ્ધાપૂર્વક ને કરવામાં આવે છે, તો તે અક્ષય ફળને આપે છે.

दानधर्मं निषेवेत नित्यमैष्टिकपौर्तिकम् ।
परितुष्टेन भावेन पात्रमासाद्य शक्तितः ॥ २२७ ॥

ગૃહસ્થે પ્રસન્ન ભાવથી અને સત્પાત્ર મેળવીને, (યજ્ઞાદિ) અને પૂર્ત જળાશયાદિકવ્રતનાં કાર્યોમાં નિત્ય યથાશક્તિ દાનધર્મ સેવવો. ૨૨૭

[ पात्रभूतो हि यो विप्रः प्रतिगृह्य प्रतिग्रहम् ।
असत्सु विनियुञ्जीत तस्मै देयं न किञ्चन ॥

સુપાત્રરૂપ જે બ્રાહ્મણ દાન લઇને તે કુપાત્રને આપતો હોય, તેને કશુ આપવુ નહિ. ]

[ सञ्चयं कुरुते यस्तु प्रतिगृह्य समंततः ।
धर्मार्थं नोपयुंक्ते च न तं तस्करमर्चयेत् ॥

ચારે કોરથી દાન લઇને જે સંઘરો કરતો હોય છે ને ધર્મને માટે તેનો જે ઉપયોગ કરતો નથી, તે ચોરને સત્કારવો નહિ. ]

यत्किञ्चिदपि दातव्यं याचितेनानसूयया ।
उत्पत्स्यते हि तत्पात्रं यत्तारयति सर्वतः ॥ २२८ ॥

કોઇ યાચના કરે, તો ઈર્ષ્યા વિના તેને કંઇક તો આપવું જ, કેમકે એમાંથી કોઇ એવો સુપાત્ર નીકળી આવે છે કે, જે દાતાને સર્વ રીતે તારે છે. ૨૨૮

वारिदस्तृप्तिमाप्नोति सुखमक्षय्यमन्नदः ।
तिलप्रदः प्रजामिष्टां दीपदश्चक्षुरुत्तमम् ॥ २२९ ॥

भूमिदो भूमिमाप्नोति दीर्घमायुर्हिरण्यदः ।
गृहदोऽग्र्याणि वेश्मानि रूप्यदो रूपमुत्तमम् ॥ २३० ॥

ભૂમિદાન કરનારો ભૂમિને મેળવે છે, સુવર્ણદાન કરનારો દીર્ઘાયુષ્ય મેળવે છે. ગૃહદાન કરનારો શ્રેષ્ઠ ઘરો મેળવે છે અને રૂપાદાન કરનારો ઉત્તમ રૂપ મેળવે છે. ૨૨૯,૨૩૦

वासोदश्चन्द्रसालोक्यमश्विसालोक्यमश्वदः ।
अनडुहः श्रियं पुष्टां गोदो ब्रध्नस्य विष्टपम् ॥ २३१ ॥

વસ્ત્રનું દાન દેનારો ચંદ્રલોકને પામે છે, અશ્વ આપનારો અશ્વિનીકુમારના લોકમાં જાય છે, બળદનું દાન કરનારો લક્ષ્મીની સમૃદ્ધિ મેળવે છે અને ગોદાન આપનારો સૂર્યલોકને પ્રાપ્ત કરે છે. ૨૩૧

यानशय्याप्रदो भार्यामैश्वर्यमभयप्रदः ।
धान्यदः शाश्वतं सौख्यं ब्रह्मदो ब्रह्मसार्ष्टिताम् ॥ २३२ ॥

વાહન અને શય્યાનુ દાન આપનારો પત્ની પામે છે, અભય દેનારો ઐશ્વર્ય પ્રાપ્ત કરે છે, ધાન્ય આપનારો શાશ્વત સુખ મેળવે છે અને વેદાધ્યયનરૂપી દાન કરનારો બ્રહ્મલોકમાં જાય છે. ૨૩૨

सर्वेषामेव दानानां ब्रह्मदानं विशिष्यते ।
वार्यन्नगोमहीवासस्तिलकाञ्चनसर्पिषाम् ॥ २३३ ॥

જલ, અન્ન, ગાય, પૃથ્વી, વસ્ત્ર, તલ, સુવર્ણ અને ઘી એ સર્વ દાનો કરતાં વેદાધ્યયનરૂપી દાન વિશેષ છે ૨૩૩

येन येन तु भावेन यद्यद्दानं प्रयच्छति ।
तत्तत्तेनैव भावेन प्राप्नोति प्रतिपूजितः ॥ २३४ ॥

ગૃહસ્થ જે જે ભાવથી જે જે દાન આપે છે, તે તે ભાવથી તેને તે તે દાનનું સત્કારફળ મળે છે. ૨૩૪

योऽर्चितं प्रतिगृह्णाति ददात्यर्चितमेव च।
तावुभौ गच्छतः स्वर्गं नरकं तु विपर्यये॥ २३५॥

જે સત્કારપૂર્વક દાન લે છે અને જે સત્કારપૂર્વક દાન આપે છે, તે બન્ને સ્વર્ગમાં જાય છે—એથી ઉલટું કરનારાઓ નરકને પામે છે. ૨૩૫

न विस्मयेत तपसा वदेदिष्ट्वा च नानृतम्।
नार्तोऽप्यपवदेद्विप्रान्न दत्वा परिकीर्तयेत्॥ २३६॥

તપ કરીને અહો! અહો! ન કરવું, યજ્ઞ કરીને જૂઠું ન બોલવું, પીડા પામ્યા છતાં બ્રાહ્મણનિંદા ન કરવી અને દાન આપીને બડાઈ ન મારવી. ૨૩૬

यज्ञोऽनृतेन क्षरति तपः क्षरति विस्मयात्।
आयुर्विप्रापवादेन दानं च परिकीर्तनात्॥ २३७॥

અસત્ય વચનથી યજ્ઞ અફળ જાય છે, અહો! અહો! કરવાથી તપ ખરી જાય છે, વિપ્રની નિંદા કરવાથી આવરદા હણાય છે અને બડાઈથી દાન નિષ્ફળ થાય છે. ૨૦૭

धर्मं शनैः संचिनुयाद्वल्मीकमिव पुत्तिकाः।
परलोकसहायार्थं सर्वभूतान्यपीडयन्॥ २३८॥

કીડીઓ જેમ કણકણ કરીને પૂડો કરે છે, તેમ પરલોકમાં સહાયતા મેળવવાને સારુ, કોઈ પણ પ્રાણીને પીડ્યા વિના, ધીરે ધીરે ધર્મસંગ્રહ કરવો. ૨૩૮

नामुत्र हि सहायार्थं पिता माता च तिष्ठतः।
न पुत्रदारा न ज्ञातिर्धर्मस्तिष्ठति केवलः॥ २३९॥

પિતા, માતા, પુત્ર, પત્ની, જ્ઞાતિજન એમાંનું કોઈ પણ પરલોકમાં સાથમાં ઊભું રહેતું નથી. એક ધર્મ જ કુમકે ઊભે છે.

एकः प्रजायते जन्तुरेक एव प्रलीयते ।
एकोऽनुभुङ्क्ते सुकृतमेक एव च दुष्कृतम् ॥ २४० ॥

પ્રાણી એકલોજ જન્મે છે અને એકલોજ મરે છે. એકલોજ તે પુણ્ય ભોગવે છે અને એકલોજ તે પાપ ભોગવે છે.

मृतं शरीरमुत्सृज्य काष्ठलोष्ठसमं क्षितौ ।
विमुखा बान्धवा यान्ति धर्मस्तमनुगच्छति ॥ २४१ ॥

લાકડા અને માટીના ઢેફા જેવા મૃત શરીરને ભોંયે નાખી દઈને સંબંધીઓ મોં ફેરવી ઘેર વળે છે. એક ધર્મજ તે જીવને અનુસરે છે. ૨૪૧

तस्माद्धर्मं सहायार्थं नित्यं संचिनुयाच्छनैः ।
धर्मेण हि सहायेन तमस्तरति दुस्तरम् ॥ २४२ ॥

તેથી સહાયને સારુ નિત્ય ધીરે ધીરે ધર્મનો સંચય કરવો; કારણ કે, ધર્મની સહાયથીજ માણસ દુસ્તર નરકને તરી જાય છે ૨૪૨

धर्मप्रधानं पुरुषं तपसा हतकिल्बिषम् ।
परलोकं नयत्याशु भास्वन्तं खशरीरिणम् ॥ २४३ ॥

ધર્મપરાયણ, તપથી ક્ષીણપાપ થએલા અને તેજસ્વી એવા બ્રહ્મનિષ્ઠ પુરુષને ધર્મ તત્કાળ પરલોકમાં લઈ જાય છે. ૨૪૩

उत्तमैरुत्तमैर्नित्यं संबन्धानाचरेत्सह ।
निनीषुः कुलमुत्कर्षमधमानधमांस्त्यजेत् ॥ २४४ ॥

કુલનો ઉત્કર્ષ ઇચ્છતા માણસે નિત્ય ઉત્તમ ઉત્તમ સાથે સંબંધો રાખવા અને અધમ અધમો સાથે સંબંધો ત્યાર

उत्तमानुत्तमान्गच्छन्हीनान्हीनांश्च वर्जयन् ।
ब्राह्मणः श्रेष्ठतामेति प्रत्यवायेन शूद्रताम् ॥ २४५ ॥

ઉત્તમ ઉત્તમ પુરુષો સાથે સંગ કરવાથી અને હીન હીનોની સાથે સંગત વર્જવાથી બ્રાહ્મણ શ્રેષ્ઠતાને પામે છે. આથી ઊલટું વર્ત્યાથી તે શૂદ્રતા પ્રાપ્ત કરે છે. ૨૪૫

दृढकारी मृदुर्दान्तः क्रूराचारैरसंवसन् ।
अहिंस्रो दमदानाभ्यां जयेत्स्वर्गं तथाव्रतः ॥ २४६ ॥

દૃઢનિશ્ચયી, કોમળ, ઈન્દ્રિયદમી, ક્રૂર આચારવાળાઓની સાથે અસંગી અને અહિંસાવાન એવો વ્રતસ્થ પુરુષ પોતાના દમ અને દાનથી સ્વર્ગને જીતે છે. ૨૪૬

एधोदकं मूलफलमन्नमभ्युद्यतं च यत् ।
सर्वतः प्रतिगृह्णीयान्मध्वथाभयदक्षिणाम् ॥ २४७ ॥

ઈંધણાં, પાણી, મૂળ, ફળ, અન્ન, મધ અને અભય દક્ષિણા એ એમ ને એમ આવી મળે તો સૌ કોઈ પાસેથી સ્વીકારવાં.

आहृताभ्युद्यतां भिक्षां पुरस्तादप्रचोदिताम् ।
मेने प्रजापतिर्ग्राह्यामपि दुष्कृतकर्मणः ॥ २४८ ॥

એની મેળેજ અને આગળથી કહ્યા વિનાજ આવી પડેલી ભિક્ષા પાપકર્મીની હોય તો પણ લેવી એમ પ્રજાપતિ માને છે.

नाश्नन्ति पितरस्तस्य दश वर्षाणि पञ्च च ।
न च हव्यं वहत्यग्निर्यस्तामभ्यवमन्यते ॥ २४९ ॥

જે આ ભિક્ષાનો અનાદર કરે છે, તેમના પિતૃઓ પંદર વર્ષ સુધી શ્રાદ્ધ જમતા નથી અને અગ્નિ તેમના હવ્ય વહેતો નથી. ૨૪૯

[ चिकित्सककृतघ्नानां शिल्पकर्त्तुश्च वार्धुषेः ।
पण्ढस्य कुलटायाश्च उद्यतामपि वर्जयेत् ॥
વૈદ્ય, કૃતઘ્ની, શિલ્પ કરનાર, વ્યાજખાઉ, પંઢ તેમજ કુલટા તરફથી તૈયાર ભિક્ષા આવે તોપણ તે વર્જવી. ]

[ न विद्यमानमेवं वै प्रतिग्राह्यं विजानता ।
विकल्प्याविद्यमाने तु धर्महीनः प्रकीर्तितः ॥
આ અન્ન ઉપર કહેલાઓનું નથી એમ ખાતરી કરી તેનો સ્વીકાર કરવો. પણ, એ વૈદ્ય વગેરેના અન્નને જે વિકલ્પ રાખી સ્વીકારે છે, તેને ધર્મહીન કહ્યો છે ]

शय्यां गृहान्कुशान्गन्धानपः पुष्पं मणीन्दधि ।
धाना मत्स्यान्पयो मांसं शाकं चैव न निर्नुदेत् ॥२५०॥
શય્યા, ઘર, કુશ, સુગંધી પદાર્થો, જળ, પુષ્પ, મણિ, દહીં, ભૂંજેલું અનાજ, માછલી, દૂધ, માંસ અને શાક આટલાંને પાછાં ન કાઢવાં. ૨૫૦

गुरून्भृत्यांश्चोज्जिहीर्षन्नर्चिष्यन्देवतातिथीन् ।
सर्वतः प्रतिगृह्णीयान्न तु तृप्येत्स्वयं ततः ॥ २५१ ॥
ગુરુજનો અને સેવકોને પોષવાની તેમ જ દેવ અતિથિઓને સત્કારવાની ઇચ્છાવાળાએ સૌ કોઈ પાસેથી દાન સ્વીકારવું. પણ પોતે તેનાથી તૃપ્તિ ન કરવી ૨૫૧

गुरुषु त्वभ्यतीतेषु विना वा तैर्गृहे वसन् ।
आत्मनो वृत्तिमन्विच्छन्गृह्णीयात्साधुतः सदा ॥ २५२ ॥
ગુરુજનો અવસાન પામ્યાં હોય, અથવા પોતે તેમના વિના ઘરમાં રહેતો હોય, તો પોતાની આજીવિકા ઇચ્છતા બ્રાહ્મણે સત્પુરુષો પાસેથી સદા પ્રતિગ્રહ કરવો. ૨૫૨

उत्तमानुत्तमान्गच्छन्हीनान्हीनांश्च वर्जयन् ।
ब्राह्मणः श्रेष्ठतामेति प्रत्यवायेन शूद्रताम् ॥ २४५ ॥

ઉત્તમ ઉત્તમ પુરુષો સાથે સંગ કરવાથી અને હીન હીનોની સાથે સંગત વર્જવાથી બ્રાહ્મણ શ્રેષ્ઠતાને પામે છે. આથી ઊલટું વર્ત્યાથી તે શૂદ્રતા પ્રાપ્ત કરે છે. ૨૪૫

दृढकारी मृदुर्दान्तः क्रूराचारैरसंवसन् ।
अहिंस्रो दमदानाभ્યાં जयेत्स्वर्गं तथाव्रतः ॥ २४६ ॥

દૃઢનિશ્ચયી, કોમળ, ઇન્દ્રિયદમી, ક્રૂર આચારવાળાઓની સાથે અસંગી અને અહિંસાવાન એવો વ્રતસ્થ પુરુષ પોતાના દમ અને દાનથી સ્વર્ગને જીતે છે. ૨૪૬

एधोदकं मूलफलमन्नमभ्युद्यतं च यत् ।
सर्वतः प्रतिगृह्णीयान्मध्वथाभयदक्षिणाम् ॥ २४७ ॥

ઇંધણાં, પાણી, મૂળ, ફળ, અન્ન, મધ અને અભય દક્ષિણા એ એમ ને એમ આવી મળે તો ગમે કોઈ પાસેથી સ્વીકારવાં.

आहृताभ्युद्यतां भिक्षां पुरस्तादप्रचोदिताम् ।
मेने प्रजापतिर्ग्राह्यामपि दुष्कृतकर्मणः ॥ २४८ ॥

એની મેળેજ અને આગળથી કહ્યા વિનાજ આવી પડેલી ભિક્ષા પાપકર્મીની હોય તો પણ લેવી એમ પ્રજાપતિ માને છે.

नाश्नन्ति पितरस्तस्य दश वर्षाणि पञ्च च ।
न च हव्यं वहत्यग्निर्यस्तामभ्यवमन्यते ॥ २४९ ॥

જેઓ આ ભિક્ષાનો અનાદર કરે છે, તેમના પિતૃઓ પંદર વર્ષ સુધી શ્રાદ્ધ જમતા નથી અને અગ્નિ તેમના હવ્ય સ્વીકારતો નથી. ૨૪૯

एकाकी चिन्तयेन्नित्यं विविक्ते हितमात्मनः ।
एकाकी चिन्तयानो हि परं श्रेयोऽधिगच्छति ॥ २५८ ॥

એકાંતમાં નિત્ય એકલા રહી પોતાનું આત્મહિત વિચારવું. કેમકે, એકલા રહી ચિન્તન કરનારો પરમશ્રેયને પામે છે. ૨૫૮

एषोदिता गृहस्थस्य वृत्तिर्विप्रस्य शाश्वती ।
स्नातकव्रतकल्पश्च सत्त्ववृद्धिकरः शुभः ॥ २५९ ॥

ગૃહસ્થી બ્રાહ્મણની આ નિત્યની આજીવિકા કહી, તેમજ સત્ત્વગુણ વધારનારો સ્નાતકનો એ શુભ વ્રતવિધિ પણ કહ્યો.

अनेन विप्रो वृत्तेन वर्तयन्वेदशास्त्रवित् ।
व्यपेतकल्मषो नित्यं ब्रह्मलोके महीयते ॥ २६० ॥

વેદશાસ્ત્રને જાણનારો જે બ્રાહ્મણ આ આચારથી વર્તે છે, તે પાપમુક્ત થઈને નિત્ય બ્રહ્મલોકમાં મહિમા પામે છે ૨૬૦

इतिश्री मानवधर्मशास्त्रे भृगुप्रोक्तायां संहितायां चतुर्थोऽध्यायः ॥

ઇતિશ્રી માનવધર્મશાસ્ત્રે ભૃગુકથિત સંહિતામાં અધ્યાય ૪ થો સમાપ્ત

---

# अध्याय ५ मो

श्रुत्वैतानृषयो धर्मान्स्नातकस्य यथोदितान् ।
इदमूचुर्महात्मानमनलप्रभवं भृगुम् ॥ १ ॥

કહેવામાં આવેલા સ્નાતકના આ ધર્મોને સાંભળીને ઋષિઓએ અગ્નિવંશજ મહાત્મા ભૃગુને આ પ્રમાણે પૂછ્યું. ૧

एवं यथोक्तं विप्राणां स्वधर्ममनुतिष्ठताम् ।
कथं मृत्युः प्रभवति वेदशास्त्रविदां प्रभो ॥ २ ॥

आर्धिकः कुलमित्रं च गोपालो दासनापितौ ।
एते शूद्रेषु भोज्यान्ना यश्चात्मानं निवेदयेत् ॥ २५३ ॥

શાથી. કુલમિત્ર, ગોવાળ, દાસ, નાયી અને જે પોતાની જાતને અર્પણ કરે એ શૂદ્રોનુ અન્ન ભોજ્ય છે. ૨૫૩

यादृशोऽस्य भवेदात्मा यादृशं च चिकीर्षितम् ।
यथा चोपचरेदेनं तथात्मानं निवेदयेत् ॥ २५४ ॥

આત્મનિવેદન કરનારે પોતે જેવા કુલશીલવાળો હોય, પોતાની જેવી ઇચ્છા હોય. અને પોતે જે સેવા કરવી હોય તે યથાવત્ જણાવવું. ૨૫૪

योऽन्यथा सन्तमात्मानमन्यथा सत्सु भाषते ।
स पापकृत्तमो लोके स्तेन आत्मापहारकः ॥ २५५ ॥

જે પોતે [illegible] આગળ પોતાને [illegible] તે આ લોકમાં નીચાતિનીચ પાપી, ચોર અને [illegible]

वाच्यर्था नियताः सर्वे वाङ्मूला वाग्विनिःसृताः ।
तां तु यः स्तेनयेद्वाचं स सर्वस्तेयकृन्नरः ॥ २५६ ॥

[illegible] તેઓનુ [illegible]

महर्षिपितृदेवानां गत्वानृण्यं यथाविधि ।
[illegible] ॥ २५७ ॥

[illegible]

एकाकी चिन्तयेन्नित्यं विविक्ते हितमात्मनः ।
एकाकी चिन्तयानो हि परं श्रेयोऽधिगच्छति ॥ २५८ ॥

એકાંતમાં નિત્ય એકલા રહી પોતાનું આત્મહિત વિચારવું. કેમકે, એકલા રહી ચિન્તન કરનારો પરમશ્રેયને પામે છે. ૨૫૮

एषोदिता गृहस्थस्य वृत्तिर्विप्रस्य शाश्वती ।
स्नातकव्रतकल्पश्च सत्त्ववृद्धिकरः शुभः ॥ २५९ ॥

ગૃહસ્થી બ્રાહ્મણની આ નિત્યની આજીવિકા કહી; તેમજ સત્વગુણ વધારનારો સ્નાતકનો એ શુભ વ્રતવિધિ પણ કહ્યો.

अनेन विप्रो वृत्तेन वर्तयन्वेदशास्त्रवित् ।
व्यपेतकल्मषो नित्यं ब्रह्मलोके महीयते ॥ २६० ॥

વેદશાસ્ત્રને જાણનારો જે બ્રાહ્મણ આ આચારથી વર્તે છે, તે પાપમુક્ત થઈને નિત્ય બ્રહ્મલોકમાં મહિમા પામે છે. ૨૬૦

इतिश्री मानवधर्मशास्त्रे भृगुप्रोक्तायां संहितायां चतुर्थोऽध्यायः ॥

ઇતિશ્રી માનવધર્મશાસ્ત્રે ભૃગુકથિત સંહિતામાં અધ્યાય ૪ થો. સમાપ્ત

---

## अध्याय ५ मो

श्रुत्वैतानृषयो धर्मान्स्नातकस्य यथोदितान् ।
इदमूचुर्महात्मानमनलप्रभवं भृगुम् ॥ १ ॥

કહેવામાં આવેલા સ્નાતકના આ ધર્મોને સાંભળીને ઋષિ લોકોએ અગ્નિવંશજ મહાત્મા ભૃગુને આ પ્રમાણે પૂછ્યું.

एवं यथोक्तं विप्राणां स्वधर्ममनुतिष्ठताम् ।
कथं मृत्युः प्रभवति वेदशास्त्रविदां प्रभो ॥ २

હે પ્રભુ! સ્વધર્મનું યથોક્ત અનુષ્ઠાન કરનારા અને વેદશાસ્ત્રને જાણનારા વિપ્રોનું શીદને મૃત્યુ થાય છે? ૨

स तानुवाच धर्मात्मा महर्षीन्मानवो भृगुः ।
श्रूयतां येन दोषेण मृत्युर्विप्राञ्जिघांसति ॥ ३ ॥

એટલે મનુપુત્ર ધર્માત્મા એવા ભૃગુએ તે મહર્ષિઓને ઉત્તર આપ્યો કે, કયા દોષે કરીને મૃત્યુ વિપ્રોને હણે છે, તે સાંભળો.

ભક્ષ્યાભક્ષ્યનો નિર્ણય—

अनभ्यासेन वेदानामाचारस्य च वर्जनात् ।
आलस्यादन्नदोषाच्च मृत्युर्विप्राञ्जिघांसति ॥ ४ ॥

વેદોના અનભ્યાસથી, આચારના વર્જનથી, આળસથી અને અન્નના દોષથી મૃત્યુ વિપ્રોને મારે છે. ૪

लशुनं गृञ्जनं चैव पलाण्डुं कवकानि च ।
अभक्ष्याणि द्विजातीनाममेध्यप्रभवाणि च ॥ ५ ॥

લસણ, ગાજર, ડુંગળી, બિલાડાના ટોપ, તેમજ અપવિત્ર રીતે પાકતી વસ્તુઓ, એ દ્વિજવર્ણો માટે અભક્ષ્ય છે. ૫

लोहितान्वृक्षनिर्यासान्व्रश्चनप्रभवांस्तथा ।
शेलुं गव्यं च पेयूषं प्रयत्नेन विवर्जयेत् ॥ ६ ॥

ઝાડમાંથી ઝરતા રાતા ગુંદર, વૃક્ષને છેદવાથી નીકળતો રસ, વડગૂંદા અને ગાયના દૂધની બળી, એટલાં તો યત્નપૂર્વક ત્યજવાં. ૬

वृथा कृसरसंयावं पायसापूपमेव च ।
अनुपाकृतमांसानि देवान्नानि हवींषि च ॥ ७ ॥

કેવળ પોતાનેજ માટે રાંધેલાં તલમિશ્રિત ચોખાની ખીચડી, ઘી-દૂધ આદિની રાબડી, દૂધપાક, માલપૂડા, બલિદાન

માટેનું નહિ એવું માંસ, દેવો માટેનું અન્ન અને યજ્ઞના હવિઓ એટલાં ખાવાં નહિ. ૭

अनिर्दशाया गोः क्षीरमौष्ट्रमेकशफं तथा।
आविकं संधिनीक्षीरं विवत्सायाश्च गोः पयः ॥ ८ ॥

દસ વાસાની સુવાવડી ગાય, ઊંટડી, ઘોડી વગેરે એક ખરીવાળી માદા, ઘેટી, ગાભણી ગાય, તેમજ વાછરડું મરી ગયું હોય એવી ગાય–એમનું દૂધ વર્જવું. ૮

[क्षीराणि यान्यभक्ष्याणि तद्विकाराशने बुधः।
सप्तरात्रं व्रतं कुर्यात् प्रयत्नेन समाहितः ॥

જે દૂધ પીવાને અયોગ્ય છે તે તથા તેની બનાવટો જો ખાવામાં આવે તો ડાહ્યા માણસે સ્વસ્થચિત્ત થઈને સાત રાત્રિ સુધી કૃચ્છ્રવ્રત કરવું ]

आरण्यानां च सर्वेषां मृगाणां माहिषं विना।
स्त्रीक्षीरं चैव वर्ज्यानि सर्वशुक्तानि चैव हि ॥ ९ ॥

ભેંસ સિવાયનાં સર્વ અરણ્ય પશુઓનું દૂધ, સ્ત્રીનું દૂધ, તેમજ ખાટા થયેલા સર્વ પદાર્થો એટલાંને ત્યજવાં. ૯

दधि भक्ष्यं च शुक्तेषु सर्वं च दधिसंभवम्।
यानि चैवाभिपूयन्ते पुष्पमूलफलैः शुभैः ॥ १० ॥

ખાટા પદાર્થોમાં દહીં અને દહીંમાંથી થતી સૌ વાનગીઓ તેમજ પવિત્ર ફૂલ. મૂળ અને ફળમાંથી કાઢેલા રસો એ ભોજન માટે યોગ્ય છે. ૧૦

क्रव्यादाञ्छकुनान्सर्वांस्तथा ग्रामनिवासिनः।
अनिर्दिष्टांश्चैकशफांष्टिट्टिभं च विवर्जयेत् ॥ ११ ॥

કાચું માંસ ખાનારાં સર્વ પક્ષીઓ, ગામમાં રહેનાં પક્ષીઓ, નિષિદ્ધ પક્ષીઓ, એક ખરીવાળાં પશુઓ અને ટિટોડો આટલાંને વર્જવાં. ૧૧

कलविङ्कं प्लवं हंसं चक्राह्वं ग्रामकुक्कुटम् ।
सारसं रज्जुवालं च दात्यूहं शुकसारिके ॥ १२ ॥
प्रतुदाञ्जालपादांश्च कोयष्टिनखविष्किरान् ।
निमज्जतश्च मत्स्याञ्शौनं वल्लूरमेव च ॥ १३ ॥

ચકલો, કબૂતર, હંસ, ચકવો, ગામનો કૂકડો, સારસ, જળકાગડો, બપૈયો, પોપટ, મેના, ચાંચ મારી ખાનારાં, પગે જાળીવાળાં, નખથી ખોતરી ખાનારાં અને પાણીમાં ડૂબીને માછલાં ખાનારાં એ પક્ષીઓ તેમ જ કસાઈખાનાનું અને સૂકું માંસ એ અભક્ષ્ય છે. ૧૨,૧૩

बकं चैव बलाकां च काकोलं खञ्जरीटकम् ।
मत्स्यादान्विड्वराहांश्च मत्स्यानेव च सर्वशः ॥ १४ ॥

બગલો, બગલી, કોયલ, ખંજન, માછલાં ખાનાર પક્ષીઓ, ભૂંડ અને સર્વ જાતનાં માછલાં—એ અભક્ષ્ય છે. ૧૪

यो यस्य मांसमश्नाति स तन्मांसाद उच्यते ।
मत्स्यादः सर्वमांसादस्तस्मान्मत्स्यान्विवर्जयेत् ॥ १५ ॥

જે પુરુષ જેનું માંસ ખાય છે તે પુરુષ તેનું માંસ ખાનારો કહેવાય છે. પણ જે માછલાં ખાય છે, તે તો સર્વનું માંસ ખાનારો કહેવાય છે, તેથી માછલાં નજ ખાવાં. ૧૫

पाठीनरोहितावाद्यौ नियुक्तौ हव्यकव्ययोः ।
राजीवान्सिंहतुण्डांश्च सशल्कांश्चैव सर्वशः ॥ १६ ॥

પાઠીન અને રોહિત એ માછલીઓ હવ્ય અને કવ્યમાં લેવાયેલી હોયતો ભક્ષ્ય છે તેમજ રાજીવ, સિંહતુંડ અને [illegible] ફરતી ચામડીવાળાં માછલાં પણ ભક્ષણીય છે ૧૬

न भक्षयेदेकचरानज्ञातांश्च मृगद्विजान् ।
भक्ष्येष्वपि समुद्दिष्टान्सर्वान्पञ्चनखांस्तथा ॥ १७ ॥

એકલાં ફરનારાં સર્પાદિને તથા ભક્ષ્ય [illegible] અજાણ્યાં એવાં પશુ પક્ષીને અને પાંચ નખવાળાં [illegible] પ્રાણીઓને તજવાં ૧૭

श्वाविधं शल्यकं गोधां खड्गकूर्मशशांस्तथा ।
भक्ष्यान्पञ्चनखेष्वाहुरनुष्ट्रांश्चैकतोदतः ॥ १८ ॥

પાંચ નખવાળાંમાં નાનીમોટી [illegible] કાચબો તથા સસલો, તેમજ [illegible] વાળાં પશુઓ ભક્ષ્ય છે [illegible]

छत्राकं विड्वराहं च [illegible] ग्राम[illegible] ।
पलाण्डुं गृञ्जनं चैव मत्या जग्ध्वा[illegible] ॥ [illegible] ॥

[illegible]

अमत्यैतानि षड् जग्ध्वा [illegible]
यतिचान्द्रायणं वापि [illegible]

[illegible]

કાચું માંસ ખાનારાં સર્વ પક્ષીઓ, ગામમાં રહેતાં પક્ષીઓ, નિષિદ્ધ પક્ષીઓ, એક ખરીવાળાં પશુઓ અને ટિટોડો આટલાંને વર્જવાં. ૧૧

कलविङ्कं प्लवं हंसं चक्राह्वं ग्रामकुक्कुटम् ।
सारसं रज्जुवालं च दात्यूहं शुकसारिके ॥ १२ ॥
प्रतुदाञ्जालपादांश्च कोयष्टिनखविष्किरान् ।
निमज्जतश्च मत्स्यान्शौनं वल्लूरमेव च ॥ १३ ॥

ચકલો, કબૂતર, હંસ, ચકવો, ગામનો કુકડો, સારસ, જળકાગડો, બપૈયો, પોપટ, મેના, ચાંચ મારી ખાનારાં, પગે જાળીવાળાં, નખથી ખોતરી ખાનારાં અને પાણીમાં ડૂબીને માછલાં ખાનારાં એ પક્ષીઓ તેમ જ કસાઈખાનાનું અને સૂકું માંસ એ અભક્ષ્ય છે. ૧૨,૧૩

बकं चैव बलाकां च काकोलं खञ्जरीटकम् ।
मत्स्यादान्विड्वराहांश्च मत्स्यानेव च सर्वशः ॥ १४ ॥

બગલો, બગલી, કોયલ, ખંજન, માછલાં ખાનાર પક્ષીઓ, ભૂંડ અને સર્વ જાતનાં માછલાં એ અભક્ષ્ય છે. ૧૪

यो यस्य मांसमश्नाति स तन्मांसाद उच्यते ।
मत्स्यादः सर्वमांसादस्तस्मान्मत्स्यान्विवर्जयेत् ॥ १५ ॥

જે પુરુષ જેનું માંસ ખાય છે તે પુરુષ તેનું માંસ ખાનારો કહેવાય છે. પણ જે માછલાં ખાય છે, તે તો સર્વનું માંસ ખાનારો કહેવાય છે. તેથી માછલાં ન જ ખાવાં. ૧૫

पाठीनरोहितावाद्यौ नियुक्तौ हव्यकव्ययोः ।
राजीवान्सिंहतुण्डांश्च सशल्कांश्चैव सर्वशः ॥ १६ ॥

एतदुक्तं द्विजातीनां भक्ष्याभक्ष्यमशेषतः ।
मांसस्यातः प्रवक्ष्यामि विधिं भक्षणवर्जने ॥ २६ ॥

દ્વિજાતિઓ માટે ભક્ષ્ય અને અભક્ષ્ય વિષે આ અશેષ કહ્યું; હવે માંસભક્ષણ તથા ભક્ષવર્જનનો વિધિ કહીશ ૨૬

प्रोक्षितं भक्षयेन्मांसं ब्राह्मणानां च काम्यया ।
यथाविधि नियुक्तस्तु प्राणानामेव चात्यये ॥ २७ ॥

ખાવાનું સંસ્કારયુક્ત માંસ ખાવું. બ્રાહ્મણોની ઇચ્છાથી તે ખાવું. વિધિઅનુસાર નિયમમાં હોઇએ તે ખાવું અને પ્રાણસંકટમાં હોય ત્યારે તે ખાવું ૨૭

प्राणस्यान्नमिदं सर्वं प्रजापतिरकल्पयत् ।
स्थावरं जङ्गमं चैव सर्वं प्राणस्य भोजनम् ॥ २८ ॥

પ્રજાપતિએ આ સર્વ સ્થાવરજંગમને પ્રાણના અન્ન તરીકે બનાવ્યાં છે એટલે એ સર્વ પ્રાણનું ભોજન છે. ૨૮

चराणामन्नमचरा दंष्ट्रिणामप्यदंष्ट्रिणः ।
अहस्ताश्च सहस्तानां शूराणां चैव भीरवः ॥ २९ ॥

જંગમ જીવોનું અન્ન સ્થાવરો છે, દાઢવાળાઓનું અન્ન દાઢ વિનાના છે, હાથવાળાઓનું અન્ન હાથ વિનાના છે અને શૂરોનું અન્ન બીકણો છે ૨૯

नात्ता दुष्यत्यदन्नाद्यान्प्राणिनोऽहन्यहन्यपि ।
धात्रैव सृष्टा ह्याद्याश्च प्राणिनोऽत्तार एव च ॥ ३० ॥

ખાવાજોગ પ્રાણીઓને રોજ રોજ ખાવાથી ખાનારને દોષ લાગતો નથી. કેમકે વિધાતાએ જ ભક્ષ્ય પ્રાણીઓને અને ભક્ષકોને સરજ્યાં છે. ૩૦

एतदुक्तं द्विजातीनां भक्ष्याभक्ष्यमशेषतः ।
मांसस्यातः प्रवक्ष्यामि विधिं भक्षणवर्जने ॥ २६ ॥

દ્વિજવર્ણો માટે ભક્ષ્ય અને અભક્ષ્ય વિશે આ અશેષે કહ્યું; હવે માંસભક્ષણ તથા માંસવર્જન એને વિધિ કહીશ. ૨૬

प्रोक्षितं भक्षयेन्मांसं ब्राह्मणानां च काम्यया ।
यथाविधि नियुक्तस्तु प्राणानामेव चात्यये ॥ २७ ॥

બ્રાહ્મણે સંસ્કારશુદ્ધ માંસ ખાવું, બ્રાહ્મણોની ઇચ્છાથી તે ખાવું, વિધિઅનુસાર નિગમમાં હોઇ તે ખાવું અને પ્રાણ સંકટમાં હોય ત્યારે તે ખાવું. ૨૭

प्राणस्यान्नमिदं सर्वं प्रजापतिरकल्पयत् ।
स्थावरं जङ्गमं चैव सर्वं प्राणस्य भोजनम् ॥ २८ ॥

પ્રજાપતિએ આ સર્વ સ્થાવરજંગમને પ્રાણના અન્ન તરીકે બનાવ્યાં છે. એટલે એ સર્વ પ્રાણનું ભોજન છે. ૨૮

चराणामन्नमचरा दंष्ट्रिणामप्यदंष्ट्रिणः ।
अहस्ताश्च सहस्तानां शूराणां चैव भीरवः ॥ २९ ॥

જંગમ જીવોનું અન્ન સ્થાવરો છે, દાઢવાળાઓનુ અન્ન દાઢ વિનાના છે, હાથવાળાઓનું અન્ન હાથ વિનાના છે અને શૂરોનું અન્ન ભીરુઓ છે. ૨૯

नात्ता दुष्यत्यदन्नाद्यान्प्राणिनोऽहन्यहन्यपि ।
धात्रैव सृष्टा ह्याद्याश्च प्राणिनोऽत्तार एव च ॥ ३० ॥

ખાવાજોગ પ્રાણીઓને રોજ રોજ ખાવાથી ખાનારને દોષ લાગતો નથી; કેમકે વિધાતાએ જ ભક્ષ્ય પ્રાણીઓને અને ભક્ષકોને સર્જ્યાં છે. ૩૦

यज्ञाय जग्धिर्मांसस्येत्येष दैवो विधिः स्मृतः।
अतोऽन्यथा प्रवृत्तिस्तु राक्षसो विधिरुच्यते ॥ ३१ ॥

યજ્ઞને અંગે માંસ ખાવું એ દેવ વિધિ કહ્યો છે—એથી અન્યથી પ્રવૃત્તિને રાક્ષસવિધિ કહેવાય છે. ૩૧

क्रीत्वा स्वयं वाप्युत्पाद्य परोपकृतमेव वा।
देवान्पितॄंश्चार्चयित्वा खादन्मांसं न दुष्यति ॥ ३२ ॥

પોતે વેચાતું લીધેલુ અથવા પોતે મેળવેલુ અથવા બીજાએ લાવી આપેલું માંસ દેવ અને પિતૃઓને અર્પણ કરીને ખાય છે, તે દોષભાગી થતો નથી ૩૨

नाद्यादविधिना मांसं विधिज्ञोऽनापदि द्विजः।
जग्ध्वा ह्यविधिना मांसं प्रेत्य तैरद्यतेऽवशः ॥ ३३ ॥

વિધિ જાણનાર દ્વિજે અનાપત્તિમાં અવિધિએ માંસ ન [illegible] જે વિધિ વિના માંસ ખાય છે તેને મરણ પછી તે [illegible] કરીને ખાય છે ૩૩

न तादृशं भवत्येनो मृगहन्तुर्धनार्थिनः।
यादृशं भवति प्रेत्य वृथा मांसानि खादतः ॥ ३४ ॥

[illegible] વિના વૃથા માંસ ખાનારને [illegible] ૩૪

नियुक्तस्तु यथान्यायं यो मांसं नात्ति मानवः।
[illegible] संभवानेकविंशतिम् ॥ ३५ ॥

[illegible]

असंस्कृतान्पशून्मन्त्रैर्नाद्याद्विप्रः कदाचन ।
मन्त्रैस्तु संस्कृतानद्याच्छाश्वतं विधिमास्थितः ॥ ३६ ॥

મંત્રોવડે સંસ્કારિત ન કરવામાં આવેલાં પશુઓનું બ્રાહ્મણે કદી ભોજન ન કરવું. પણ, સનાતન વિધિમાં રહીને મંત્રથી સંસ્કારિત કરેલાં પશુઓ જ ખાવાં. ૩૬

कुर्याद् घृतपशुं सङ्गे कुर्यात्पिष्टपशुं तथा ।
न त्वेव तु वृथा हन्तुं पशुमिच्छेत्कदाचन ॥ ३७ ॥

જો માંસની ખૂબ જ ઇચ્છા થાય, તો ઘી કે લોટનું પશુ બનાવવું, પણ ક્યારે ય પશુને વૃથા મારવા ન ઇચ્છવું. ૩૭

यावन्ति पशुरोमाणि तावत्कृत्वेह मारणम् ।
वृथापशुघ्नः प्राप्नोति प्रेत्य जन्मनि जन्मनि ॥ ३८ ॥

જે વૃથા પશુઘાતક છે, તે તે પશુનાં રૂવાડાં જેટલાં મરણ મેળવી જન્મે જન્મે તેને હાથે મોત પામે છે ૩૮

यज्ञार्थं पशवः सृष्टाः स्वयमेव स्वयंभुवा ।
यज्ञस्य भूत्यै सर्वस्य तस्माद्यज्ञे वधोऽवधः ॥ ३९ ॥

સ્વયંભૂએ પોતે જ પશુઓને યજ્ઞને માટે સર્જ્યાં છે. સર્વ યજ્ઞો સમૃદ્ધિ સારુ છે, તેથી યજ્ઞમાં કરેલો વધ એ અવધ છે. ૩૯

ओषध्यः पशवो वृक्षास्तिर्यञ्चः पक्षिणस्तथा ।
यज्ञार्थं निधनं प्राप्ताः प्राप्नुवन्त्युच्छ्रितीः पुनः ॥ ४० ॥

યજ્ઞાર્થે મૃત્યુ પામેલાં ઓષધિઓ, પશુઓ, વૃક્ષો, તિર્યંચો અને પક્ષીઓ મૃત્યુ પછી ઉત્તમ ગતિને મેળવે છે ૪૦

मधुपर्के च यज्ञे च पितृदैवतकर्मणि ।
अत्रैव पशवो हिंस्या नान्यत्रेत्यब्रवीन्मनुः ॥ ४१ ॥

મધુપર્ક, યજ્ઞ અને દેવ તથા પિતૃ સંબંધી કર્મોમાં જ પશુઓની હિંસા થઈ શકે, બીજે પ્રસંગે તે નહિ જ થાય, એમ મનુ બોલ્યા છે. ૪૧

एष्वर्थेषु पशून्हिंसन्वेदतत्त्वार्थविद्द्विजः ।
आत्मानं च पशुं चैव गमयत्युत्तमां गतिम् ॥ ४२ ॥

વેદના તત્ત્વાર્થને જાણનારો દ્વિજ જો તે યજ્ઞાદિ માટે પશુહિંસા કરે, તો તે પોતાને અને તે પશુને ઉત્તમ ગતિએ લઈ જાય છે. ૪૨

गृहे गुरावरण्ये वा निवसन्नात्मवान्द्विजः ।
नावेदविहितां हिंसामापद्यपि समाचरेत् ॥ ४३ ॥

બ્રહ્મચર્ય, ગૃહસ્થ અને વાનપ્રસ્થ એ આશ્રમોમાં રહેનારા જિતેન્દ્રિય દ્વિજે આપત્તિમાં પણ વેદમાં વિહિત ન હોય એવી હિંસા કરવી નહિ. ૪૩

या वेदविहिता हिंसा नियतास्मिंश्चराचरे ।
अहिंसामेव तां विद्याद्वेदाद्धर्मो हि निर्बभौ ॥ ४४ ॥

આ ચરાચર જગતમાં જે વેદવિહિત હિંસા નિયત કરાઈ છે, તેને અહિંસા જ જાણવી. કેમકે, વેદથી જ ધર્મ પ્રકાશ્યો છે.

योऽहिंसकानि भूतानि हिनस्त्यात्मसुखेच्छया ।
स जीवंश्च मृतश्चैव न क्वचित्सुखमेधते ॥ ४५ ॥

જે પોતાના સુખને માટે અહિંસક પ્રાણીઓને મારે છે, જીવતા છતાં મૂએલો જ છે અને તેને ક્યાંય પણ સુખ મળતું નથી. ૪૫

यो बन्धनवधक्लेशान्प्राणिनां न चिकीर्षति ।
स सर्वस्य हितप्रेप्सुः सुखमत्यन्तमश्नुते ॥ ४६ ॥

જે માણસ પ્રાણીઓને બંધન, વધ, ને ક્લેશ કરવા ઇચ્છતો નથી તે સર્વનો હિતેચ્છુ ગણાય છે. અને તે સુખ ભોગવે છે ૪૬

यद्ध्यायति यत्कुरुते धृतिं बध्नाति यत्र च ।
तदवाप्नोत्ययत्नेन यो हिनस्ति न किंचन ॥ ४७ ॥

જે કોઈ પણ હિંસા કરતો નથી. તે જેનું ધ્યાન કરે છે, તે જે કર્મ કરે છે અને જેમાં તે ધારણા બાંધે છે તે બધું તે અનાયાસે પામે છે ૪૭

नाकृत्वा प्राणिनां हिंसां मांसमुत्पद्यते क्वचित् ।
न च प्राणिवधः स्वर्ग्यस्तस्मान्मांसं विवर्जयेत् ॥ ४८ ॥

પ્રાણીની હિંસા કર્યા વિના કદીય માંસ ઉત્પન્ન થતું નથી, તેમ પ્રાણીવધ સ્વર્ગ આપનારો નથી. એટલે માંસનો ત્યાગ જ કરવો ૪૮

समुत्पत्तिं च मांसस्य वधबन्धौ च देहिनाम् ।
प्रसमीक्ष्य निवर्तेत सर्वमांसस्य भक्षणात् ॥ ४९ ॥

માંસની ઉત્પત્તિ તથા દેહધારીઓનાં વધ અને બંધન એ બરાબર વિચારીને તમામ જાતના માંસભક્ષણથી વેગળા રહેવું.

न भक्षयति यो मांसं विधिं हित्वा पिशाचवत् ।
स लोके प्रियतां याति व्याधिभिश्च न पीड्यते ॥ ५० ॥

જે વિધિ છોડીને, પિશાચની જેમ, માંસ ખાતો નથી, તે આ લોકમાં પ્રિયતા પામે છે અને વ્યાધિઓથી પીડાતો નથ

મધુપર્ક, યજ્ઞ અને દેવ તથા પિતૃ સંબંધી કર્મોમાં જ પશુઓની હિંસા થઈ શકે, બીજે પ્રસંગે તે નહિ જ થાય, એમ મનુ બોલ્યા છે. ૪૧

एष्वर्थेषु पशून्हिंसन्वेदतत्त्वार्थविद्द्विजः ।
आत्मानं च पशुं चैव गमयत्युत्तमां गतिम् ॥ ४२ ॥

વેદના તત્ત્વાર્થને જાણનારો દ્વિજ જો તે યજ્ઞાદિ માટે પશુહિંસા કરે, તો તે પોતાને અને તે પશુને ઉત્તમ ગતિએ લઈ જાય છે. ૪૨

गृहे गुरावरण्ये वा निवसन्नात्मवान्द्विजः ।
नावेदविहितां हिंसामापद्यपि समाचरेत् ॥ ४३ ॥

બ્રહ્મચર્ય, ગૃહસ્થ અને વાનપ્રસ્થ એ આશ્રમોમાં રહેનારો જિતેન્દ્રિય દ્વિજે આપત્તિમાં પણ વેદમાં વિહિત ન હોય એવી હિંસા કરવી નહિ. ૪૩

या वेदविहिता हिंसा नियतास्मिंश्चराचरे ।
अहिंसामेव तां विद्याद्वेदाद्धर्मो हि निर्बभौ ॥ ४४ ॥

આ ચરાચર જગતમાં જે વેદવિહિત હિંસા નિયત કરાઈ છે, તેને અહિંસા જ જાણવી. કેમકે, વેદથી જ ધર્મ પ્રકાશ્યો છે.

योऽहिंसकानि भूतानि हिनस्त्यात्मसुखेच्छया ।
स जीवंश्च मृतश्चैव न क्वचित्सुखमेधते ॥ ४५ ॥

જે પોતાના સુખને માટે અહિંસક પ્રાણીઓને મારે છે, તે જીવતા છતાં મુએલા જ છે અને તેને ક્યારેય સુખ પ્રાપ્ત થતું નથી. ૪૫

[illegible] ।
[illegible] ॥५५॥

[illegible]

[illegible] ।
[illegible] ॥५६॥

[illegible]

[illegible] ।
[illegible] ॥५७॥

[illegible]

[illegible] —

दन्तजातेऽनुजाते च कृतचूडे च संस्थिते ।
अशुद्धा बान्धवाः सर्वे सूतके च तथोच्यते ॥५८॥

જેને દાંત ઉગ્યા હોય, જેને દાંત ન ઉગ્યા હોય, ચૂડાકર્મ થયું હોય અને જેને ઉપનયન અપાયું હોય, એવાઓનાં મરણ, અને સૂતકમાં સર્વે બાંધવો અશુદ્ધ થાય છે, તેમ તેઓ સૂતકી કહેવાય છે ૫૮

दशाहं शावमाशौचं सपिण्डेषु विधीयते ।
अर्वाक्संचयनादस्थ्नां त्र्यहमेकाहमेव च ॥ ५९ ॥

સપિંડીઓના મરણ સૂતક દશ દિવસનું લાગે છે, બીજા-

अनुमन्ता विशसिता निहन्ता क्रयविक्रयी ।
संस्कर्ता चोपहर्ता च खादकश्चेति घातकाः ॥ ५१ ॥

માંસ વિષયમાં અનુમતિ આપનાર, તે કાપનાર, મારનાર, વેચનાર, ખરીદનાર, રાંધનાર, પીરસનાર અને માંસ ખાનાર એ સૌ ઘાતકો છે. ૫૧

स्वमांसं परमांसेन यो वर्धयितुमिच्छति ।
अनभ्यर्च्य पितॄन्देवांस्ततोऽन्यो नास्त्यपुण्यकृत् ॥ ५२ ॥

દેવો અને પિતૃઓને સત્કાર્યા વિના જે પારકાનાં માંસથી પોતાનું માંસ વધારવા ઇચ્છે છે, તેનાથી બીજો કોઈ પાપકારી નથી. ૫૨

वर्षे वर्षेऽश्वमेधेन यो यजेत शतं समाः ।
मांसानि च न खादेद्यस्तयोः पुण्यफलं समम् ॥ ५३ ॥

વર્ષે વર્ષે સો વર્ષ સુધી એક જે અશ્વમેધ કરે છે અને બીજો જે માંસ જ ખાતો નથી—તે બન્નેનુ પુણ્યફળ સરખું છે.

[ सदा यजति यज्ञेन सदा दानानि यच्छति ।
स तपस्वी सदा विप्रो यश्च मांसं विवर्जयेत् ॥

જે સદા યજ્ઞથી યજન કરે છે, સદા દાન આપે છે અને જે માંસભક્ષણ કરતો નથી, તે વિપ્ર સદાય તપસ્વી છે. ]

फलमूलाशनैर्मेध्यैर्मुन्यन्नानां च भोजनैः ।
न तत्फलमवाप्नोति यन्मांसपरिवर्जनात् ॥ ५४ ॥

માંસવર્જ નથી જે ફળ સાંપડે છે, તે પવિત્ર ફલમૂળના આહારોથી કે મુનિઅન્નોનાં ભોજનોથીય મળતું નથી. ૫૪

मां स भक्षयिताऽमुत्र यस्य मांसमिहाद्म्यहम्।
एतन्मांसस्य मांसत्वं प्रवदन्ति मनीषिणः॥५५॥

મને (માં) તે (સઃ) પરલોકમાં ખાશે કે જેનું માંસ હું અહીં ખાઉં છું—આમ વિદ્વાનો માંસનું માંસપણું કહે છે. ૫૫

न मांसभक्षणे दोषो न मद्ये न च मैथुने।
प्रवृत्तिरेषा भूतानां निवृत्तिस्तु महाफला॥५६॥

માંસભક્ષણમાં, મદ્યમાં ને મૈથુનમાં દોષ નથી. પ્રાણીઓની એ પ્રવૃત્તિ છે, પણ એની નિવૃત્તિ જ મહાફળ આપનારી છે. ૫૬

प्रेतशुद्धिं प्रवक्ष्यामि द्रव्यशुद्धिं तथैव च।
चतुर्णामपि वर्णानां यथावदनुपूर्वशः॥५७॥

હવે હું ચારે વર્ણોની પ્રેતશુદ્ધિ તથા દ્રવ્યશુદ્ધિને વિષે અનુપૂર્વક યથાવત્ કહીશ. ૫૭

આશૌચનો નિર્ણય—

दन्तजातेऽनुजाते च कृतचूडे च संस्थिते।
अशुद्धा बान्धवाः सर्वे सूतके च तथोच्यते॥५८॥

જેને દાંત ફૂટ્યા હોય, જેને દાંત ન ફૂટ્યા હોય, ચૂડાકર્મ થયું હોય અને જેને ઉપનયન અપાયું હોય, એવાઓનાં જન્મ અને મરણમાં સર્વ બાંધવો અશુદ્ધ થાય છે, તેમ તેઓ સૂતકી કહેવાય છે. ૫૮

दशाहं शावमाशौचं सपिण्डेषु विधीयते।
अर्वाक्संचयनादस्थ्नां त्र्यहमेकाहमेव च॥५९॥

સપિંડીઓમાં મરણ સૂતક દશ દિવસનું લાગે છે, બી

ઓમાં કેટલાકને અસ્થિસંચયન ( ચાર દિવસ ) સુધી, કેટલા
કને ત્રણ દિવસ સુધી તો કેટલાકને એક દિવસ સુધી સૂત
પહોંચે છે. ૫૯

सपिण्डता तु पुरुषे सप्तमे विनिवर्तते।
समानोदकभावस्तु जन्मनाम्नोरवेदने ॥ ६० ॥

સાતમી પેઢીએ સપિંડીપણું સમાપ્ત થાય છે. પણ સમા
નોદકભાવ ( મરનારને દાબાંજલિ આપવાપણું ) તો તે કુલમ
અમુક નામનો માણસ હતો અને તેનો અમુક રીતનો જન્મ
હતો એ વાતના વિસ્મરણથીય પૂરો થાય છે. ૬૦

यथेदं शावमाशौचं सपिण्डेषु विधीयते।
जननेऽप्येवमेव स्यान्निपुणं शुद्धिमिच्छताम् ॥ ६१ ॥

સપિંડો માટે જેમ મરણસૂતકનું વિધાન છે, તેમ સુ-
શુદ્ધિ ઇચ્છનાર તેમને જન્મસૂતક પણ લાગે છે. ૬૧

[ उभयत्र दशाहानि कुलस्यान्नं न भुज्यते।
दानं प्रतिग्रहो यज्ञः स्वाध्यायश्च निवर्तते ॥

એ બેઉ પ્રસંગે સૂતકી કુટુંબનું દસ દિવસ સુધી અન્ન
ખાવું નહિ; તેમ સૂતકીએ દાન લેવું નહિ, દાન આપવું નહિ,
યજ્ઞ કરવો નહિ અને વેદનો સ્વાધ્યાય કરવો નહિ. ]

सर्वेषां शावमाशौचं मातापित्रोस्तु सूतकम्।
सूतकं मातुरेव स्यादुपस्पृश्य पिता शुचिः ॥ ६२ ॥

મરણસૂતક સર્વ કુટુંબીઓને લાગે છે. વૃદ્ધિસૂતક માત-
તાને હોય છે. તેમાંય એ ખરું સૂતક માતાને હોય છે, પિતા
તો સ્નાન કર્યે શુદ્ધ થાય છે. ૬૨

[illegible] ।
[illegible] ॥

[illegible]

[illegible] ।
[illegible] ॥

[illegible]

[ [illegible] ।
[illegible] ॥

[illegible] ]

[illegible] ।
[illegible] ॥ ६४ ॥

[illegible]

[illegible] ।
[illegible] दशाहेन शुद्ध्यति ॥ ६५ ॥

[illegible] शुद्ध थाय छे. ६५

ઓમાં કેટલાકને અસ્થિસંચયન ( ચાર દિવસ ) સુધી, કેટલા-
કને ત્રણ દિવસ સુધી તો કેટલાકને એક દિવસ સુધી સૂ
પહોંચે છે. ૫૯

सपिण्डता तु पुरुषे सप्तमे विनिवर्तते ।
समानोदकभावस्तु जन्मनाम्नोरवेदने ॥ ६० ॥

સાતમી પેઢીએ સપિંડીપણું સમાપ્ત થાય છે. પણ સમા
નોદકભાવ ( મરનારને દાધાંજલિ આપવાપણું ) તો તે કુલમ
અમુક નામનો માણસ હતો અને તેનો અમુક રીતનો જન્મ
હતો એ વાતના વિસ્મરણથીય પૂરો થાય છે. ૬૦

यथेदं शावमाशौचं सपिण्डेषु विधीयते ।
जननेऽप्येवमेव स्यान्निपुणं शुद्धिमिच्छताम् ॥ ६१ ॥

સપિંડો માટે જેમ મરણસૂતકનું વિધાન છે, તેમ સુ-
શુદ્ધિ ઇચ્છનાર તેમને જન્મસૂતક પણ લાગે છે ૬૧

[ उभयत्र दशाहानि कुलस्यान्नं न भुज्यते ।
दानं प्रतिग्रहो यज्ञः स्वाध्यायश्च निवर्तते ॥

એ બેઉ પ્રસંગે સૂતકી કુટુંબનું દસ દિવસ સુધી અન્ન
ખાવું નહિ; તેમ સૂતકીએ દાન લેવુ નહિ, દાન આપવું નહિ,
યજ્ઞ કરવો નહિ અને વેદનો સ્વાધ્યાય કરવો નહિ. ]

सर्वेषां शावमाशौचं मातापित्रोस्तु सूतकम् ।
सूतकं मातुरेव स्यादुपस्पृश्य पिता शुचिः ॥ ६२ ॥

મરણસૂતક સર્વ કુટુંબીઓને લાગે છે. વૃદ્ધિસૂતક માત-
પિતાને હોય છે. તેમાંય એ ખરું સૂતક માતાને હોય છે, પિતા
તો સ્નાન કર્યે શુદ્ધ થાય છે. ૬૨

रात्रिभिर्मासतुल्याभिर्गर्भस्रावे विशुद्ध्यति ।
रजस्युपरते साध्वी स्नानेन स्त्री रजस्वला ॥ ६६ ॥

ગર્ભસ્રાવ થયો હોય, તો ગર્ભ જેટલા મહિનાનો હોય તેટલી રાત વીત્યે સ્ત્રી શુદ્ધ થાય છે. રજસ્વલા સ્ત્રી રજ અટકે તે દિવસે સ્નાન કર્યે શુદ્ધ થાય છે. ૬૬

नृणामकृतचूडानां विशुद्धिर्नैशिकी स्मृता ।
निर्वृत्तचूडकानां तु त्रिरात्राच्छुद्धिरिष्यते ॥ ६७ ॥

ચૂડાકર્મ થયું ન હોય તેવાં બાળકોના મરણમાં એક રાત-દિવસે શુદ્ધિ થાય છે. અને ચૂડાકર્મ થયું હોય તેવાંનાં મરણમાં ત્રણ રાત્રે શુદ્ધિ થાય છે. ૬૭

[ प्राक्संस्कारप्रमीतानां वर्णानामविशेषतः ।
त्रिरात्रात्तु भवेच्छुद्धिः कन्यास्वह्नो विधीयते ॥

કોઈ પણ વર્ણનાં બાળક સંસ્કાર પામ્યા પહેલાં મરી જાય, તો ત્રણ રાતે શુદ્ધિ થાય છે. આમાં કન્યા મરી જાય તો એક રાતે શુદ્ધિ થવાનું વિધાન છે.

[ अदन्तजन्मनः सद्य आचूडान्नैशिकी स्मृता ।
त्रिरात्रमाव्रतादेशाद्दशरात्रमतः परम् ॥

દાંત ફૂટ્યા પહેલાં બાળક મરી જાય, તો તત્કાળ શુદ્ધિ થાય છે. ચૂડાકર્મ પહેલાંના સંસ્કાર પામેલ મરી જાય તો એક રાતનું સૂતક કહ્યું છે. ચૂડાકર્મ થયા પછી [illegible] [illegible] નહિ છે અને [illegible] [illegible] જાય, તો દશ રાતનું સૂતક [illegible]

[ [illegible] ।
[illegible] ॥

स्त्रीणामसंस्कृतानां तु त्र्यहाच्छुद्ध्यन्ति बान्धवाः।
यथोक्तेनैव कल्पेन शुद्ध्यन्ति तु सनाभयः॥७२॥

વિવાહસંસ્કાર ન પામેલી સ્ત્રી ગુજરી જાય, તો તેના પતિ આદિ સંબંધીઓ ત્રણ દિવસ પછી શુદ્ધ થાય છે. તેમજ કહી વિધિએ તેના પિતૃપક્ષના પિતાઆદિ સંબંધીઓ શુદ્ધ થાય છે. ૭૨

अक्षारलवणान्नाः स्युर्निमज्जेयुश्च ते त्र्यहम्।
मांसाशनं च नाश्नीयुः शयीरंश्च पृथक् क्षितौ॥ ७३॥

આ સૂતકમાં મીઠાવાળું ખારું અન્ન ન ખાવું, ત્રણ દિવસ નદી આદિમાં સ્નાન કરવું, માંસભોજન ન કરવું અને જમીન ઉપર અલગ સૂવું. ૭૩

सन्निधावेष वै कल्पः शावाशौचस्य कीर्तितः।
असन्निधावयं ज्ञेयो विधिः संवन्धिवान्धवैः॥ ७४॥

મરણસમયે પાસે હોય એવાઓ માટેનો મરણસૂતકનો આ વિધિ કહ્યો. હવે, પાસે ન હોય તેવા સપિંડીઓ તેમજ સંબંધીઓ માટે નીચેનો વિધિ જાણવો ૭૪

विगतं तु विदेशस्थं शृणुयाद्यो ह्यनिर्दशम्।
यच्छेषं दशरात्रस्य तावदेवाशुचिर्भवेत्॥ ७५॥

પરદેશમાં રહેલા કોઇ મરી ગયાનું તેના દસ દિવસની અંદર સંભળાય, તો તે દસ દિવસમાં જેટલા બાકી રહ્યા હોય તેટલા દિવસ જ સૂતક રાખવું. ૭૫

[मासत्रये त्रिरात्रं स्यात् पण्मासे पक्षिणी तथा।
अहस्तु नवमादर्वागूर्ध्वं स्नानेन शुद्ध्यति॥

એ મર્યાની ખબર ત્રણ મહિને પડે તો ત્રણ રાતનું, ૭ મહિને પડે તો દોઢ દિવસનું અને નવ મહિને પડે તો એક દિવસનું સૂતક પાળવું એ પછી ખબર પડે, તો માત્ર સ્નાનથી શુદ્ધ થવાય. ]

अतिक्रान्ते दशाहे च त्रिरात्रमशुचिर्भवेत् ।
संवत्सरे व्यतीते तु स्पृष्ट्वैवापो विशुद्ध्यति ॥ ७६ ॥

सीमाविनिर्णयं कुर्युः प्रयता राजसंनिधौ ॥ २५८ ॥

સાક્ષીના અભાવે આસપાસનાં ચાર ગામોમાં રહેનારા શ્રેષ્ઠજનોએ રાજાની હાજરીમાં પ્રયત્નપૂર્વક સીમાનો નિર્ણય કરવો. ૨૫૮

सामन्तानामभावे तु मौलानां सीम्नि साक्षिणाम् ।
इमानप्यनुयुञ्जीत पुरुषान्वनगोचरान् ॥ २५९ ॥
व्याधांश्छाकुनिकान्गोपान्कैवर्तान्मूलखानकान् ।
व्यालग्राहानुञ्छवृत्तीनन्यांश्च वनचारिणः ॥ २६० ॥

એ શ્રેષ્ઠજનો ન મળે તોજ સીમા વિષે અસલથી જાણકાર એવા માણસો ન મળે. તો વનમાં ફરનારા નીચેના માણસોને પણ સાક્ષીમાં લેવા પારધીઓ, પક્ષી મારી જીવનારાઓ, ગોવાળિયાઓ, માછીમારો, મૂળિયાં ખોદી આજીવિકા કરનારાઓ, સર્પ પકડનારાઓ, ઉંછવૃત્તિથી રહેનારાઓ અને બીજા વનચારી મનુષ્યો. ૨૫૯. ૨૬૦

ते पृष्टास्तु यथा ब्रूयुः सीमासंधिषु लक्षणम् ।
तत्तथा स्थापयेद्राजा धर्मेण ग्रामयोर्द्वयोः ॥ २६१ ॥

પૂછવામાં આવતાં તેઓ સીમાસંધિને વિષે જે લક્ષણ કહે. તે પ્રમાણે રાજાએ ન્યાયપૂર્વક બે ગામો બંનેની સીમા સ્થાપવી. ૨૬૧

क्षेत्रकूपतडागानामारामस्य गृहस्य च ।
सामन्तप्रत्ययो ज्ञेयः सीमासेतुविनिर्णयः ॥ २६२ ॥

ત્યારે રાજાએ આ ચિહ્નો ઉપરથી, પ્રથમના ભોગવટા ઉપરથી તેમજ પાણી આવવાના માર્ગ ઉપરથી સીમા નક્કી કરવી.

यदि संशय एव स्याल्लिङ्गानामपि दर्शने।
साक्षिप्रत्यय एव स्यात्सीमावादविनिर्णयः॥ २५३॥

નિશાનો જોયા છતાંય જો સંશય રહે, તો સાક્ષીની ખાતરી ઉપરથીજ સીમાના કજિયાનો નિકાલ થાય. ૨૫૩

ग्रामीयककुलानां च समक्षं सीम्नि साक्षिणः।
प्रष्टव्याः सीमलिङ्गानि तयोश्चैव विवादिनोः॥ २५४॥

સીમા સંબંધમાં, તે પક્ષકારો અને ગામના કુટુંબ પંચો સમક્ષમાં સાક્ષીઓને સીમાચિહ્નો પૂછવાં. ૨૫૪

ते पृष्टास्तु यथा ब्रूयुः समस्ताः सीम्नि निश्चयम्।
निबध्नीयात्तथा सीमां सर्वांस्तांश्चैव नामतः॥ २५५॥

તે સાક્ષીઓને પૂછવામાં આવતાં તેઓ સમસ્ત રીતે સીમાનો જે નિર્ણય આપે તે પ્રમાણે સીમા બાંધવી અને તેમનાં નામ નોંધી લેવાં. ૨૫૫

शिरोभिस्ते गृहीत्वोर्वीं स्रग्विणो रक्तवाससः।
सुकृतैः शापिताः स्वैः स्वैर्नयेयुस्ते समञ्जसम्॥ २५६॥

માળા ધારણ કરેલા અને રક્ત વસ્ત્ર પહેરેલા તે સાક્ષીઓએ માથે ધરતીની માટી ઉપાડવી અને પોતપોતાનાં પુણ્યના સોગન ખાઈ શુદ્ધ સીમાનિર્ણય આપવો. ૨૫૬

यथोक्तेन नयन्तस्ते पूयन्ते सत्यसाक्षिणः।
विपरीतं नयन्तस्तु दाप्याः स्युर्द्विशतं दमम्॥ २५७॥

શાસ્ત્રોક્ત રીતે નિર્ણય કરનારા તે સત્ય સાક્ષીઓ પાપ

રહિત રહે છે. પણ એથી ઊલટું કહેનારા સાક્ષીઓ બસો પણના દંડને યોગ્ય થાય છે. ૨૫૭

साक्ष्यभावे तु चत्वारो ग्रामाः सामन्तवासिनः ।
सीमाविनिर्णयं कुर्युः प्रयता राजसंनिधौ ॥ २५८ ॥

સાક્ષીના અભાવે આસપાસનાં ચાર ગામોમાં રહેનારા શ્રેષ્ઠજનોએ રાજાની હાજરીમાં પ્રયત્નપૂર્વક સીમાનો નિર્ણય કરવો. ૨૫૮

सामन्तानामभावे तु मौलानां सीम्नि साक्षिणाम् ।
इमानप्यनुयुञ्जीत पुरुषान्वनगोचरान् ॥ २५९ ॥
व्याधांश्छाकुनिकान्गोपान्कैवर्तान्मूलखानकान् ।
व्यालग्राहानुञ्छवृत्तीनन्यांश्च वनचारिणः ॥ २६० ॥

એ શ્રેષ્ઠજનો ન મળે તેમજ સીમા વિશે અસલથી જાણકાર એવા માણસો ન મળે, તો વનમાં ફરનારા નીચેના માણસોને પણ સાક્ષીમાં લેવા—પારધીઓ, પક્ષી મારી જીવનારાઓ, ગોવાળિયાઓ, માછીમારો, મૂળિયાં ઉખેડી આજીવિકા કરનારાઓ, સર્પ પકડનારાઓ, ઉંછવૃત્તિથી રહેનારાઓ અને બીજા વનચારી મનુષ્યો. ૨૫૯, ૨૬૦

ते पृष्टास्तु यथा ब्रूयुः सीमासंधिषु लक्षणम् ।
तत्तथा स्थापयेद्राजा धर्मेण ग्रामयोर्द्वयोः ॥ २६१ ॥

પૂછવામાં આવતાં તેઓ સીમાસંધિને વિશે જે લક્ષણ કહે, તે પ્રમાણે રાજાએ ન્યાયપૂર્વક બે ગામો વચ્ચેની સીમા સ્થાપવી. ૨૬૧

क्षेत्रकूपतडागानामारामस्य गृहस्य च ।
सामन्तप्रत्ययो ज्ञेयः सीमासेतुविनिर्णयः ॥ २६२ ॥

[illegible]

सीमायामविषह्यायां स्वयं राजैव धर्मवित् ।
प्रदिशेद्भूमिमेकेषामुपकारादिति स्थितिः ॥ २६५ ॥

[illegible] જમીન નક્કી કરી આપવી એવો [illegible] છે. ૨૬૫

[ ध्वजिनी मत्स्यिनी चैव निधानी भयवर्जिता ।
राजशासननीता च सीमा पंचविधा स्मृता ॥

ધ્વજિની, મત્સ્યિની, નિધાની, ભયવર્જિતા અને રાજશાસનનીતા એ પાંચ પ્રકારની સીમા કહી છે.*]

* ધ્વજિની—જેના ઉપર ધ્વજ રોપેલો હોય; મત્સ્યિની—જેના ઉપર માછલું ચઢાવ્યું હોય; નિધાની—જેના ઉપર નિધિ દાટી હોય; ભયવર્જિતા—જેના ઉપર નદી અને પર્વત વગેરે હોય અને રાજશાસનનીતા—જેનો રાજાએ નિર્ણય કર્યો હોય.

एषोऽखिलेनाभिहितो धर्मः सीमाविनिर्णये ।
अत ऊर्ध्वं प्रवक्ष्यामि वाक्पारुष्यविनिर्णयम् ॥ २६६ ॥

સીમા સંબંધીના નિર્ણય વિશેનો આ ધર્મ સંપૂર્ણ રીતે કહ્યો. હવે વાક્પારુષ્ય ( ગાળાગાળી ) સંબંધી નિર્ણય [illegible].

ગાળાગાળીનો નિર્ણય—

शतं ब्राह्मणमाक्रुश्य क्षत्रियो दण्डमर्हति ।
वैश्योऽप्यर्धशतं द्वे वा शूद्रस्तु वधमर्हति ॥ २६७ ॥

ક્ષત્રિય જો બ્રાહ્મણને ગાળ આપે, તો તેને સો પણનો દંડ થાય, વૈશ્ય જો બ્રાહ્મણને ગાળ આપે, તો તેને દોઢસો કે બસો પણનો દંડ થાય; પણ શૂદ્ર જો બ્રાહ્મણને ગાળ આપે, તો તેને મારની શિક્ષા થાય. ૨૬૭

पञ्चाशद्ब्राह्मणो दण्ड्यः क्षत्रियस्याभिशंसने ।
वैश्ये स्यादर्धपञ्चाशच्छूद्रे द्वादशको दमः ॥ २६८ ॥

બ્રાહ્મણ જો ક્ષત્રિયને ગાળ દે તો તેને પચાસ પણ [illegible]. વૈશ્યને ગાળ દે તો તેને પચીસ પણનો [illegible] તો બાર પણનો દંડ થાય. ૨૬૮

समवर्णे द्विजातीनां द्वादशैव व्यतिक्रमे ।
वादेष्ववचनीयेषु तदेव द्विगुणं भवेत् ॥ २६९ ॥

દ્વિજવર્ણોમાંનો [illegible] ને ગાળ દે, તો તેને બાર પણનો [illegible] ન બોલવા જેવી ગાળો આપે, તો [illegible]

[ विप्रक्षत्रियवत्कार्यो दण्डो राजन्यवैश्ययोः ।
वैश्यक्षत्रिययोः शूद्रे विप्रे यः क्षत्रशूद्रयोः ॥

ક્ષત્રિય વૈશ્યને ગાળ આપે, તો તેને બ્રાહ્મણ ક્ષત્રિયને ગાળ આપે ત્યારે જેમ થાય તેમ (પચાસ પણનો) દંડ કરવો; વૈશ્ય ક્ષત્રિયને ગાળ આપે, તો તેને ક્ષત્રિય બ્રાહ્મણને ગાળ આપે ત્યારે જેમ થાય તેમ (સો પણનો) દંડ કરવો; ક્ષત્રિય કે વૈશ્ય શૂદ્રને ગાળ આપે, તો તેને બ્રાહ્મણ શૂદ્રને ગાળ આપે ત્યારે જેમ થાય તેમ (બાર પણનો) દંડ કરવો; અને શૂદ્ર ક્ષત્રિય કે વૈશ્યને ગાળ આપે, તો તેને શૂદ્ર બ્રાહ્મણને ગાળ આપે ત્યારે જેમ થાય તેમ તેને મારની સજા આપવી.]

**एकजातिर्द्विजातींस्तु वाचा दारुणया क्षिपन् ।**
**जिह्वायाः प्राप्नुयाच्छेदं जघन्यप्रभवो हि सः ॥ २७०**

જો શૂદ્ર દ્વિજવર્ણનાને ભયંકર ગાળો ભાંડે, તો તેની જીભનો છેદ કરવો. કેમકે, તે હલકી જાતનો છે. ૨૭૦

**नामजातिग्रहं त्वेषामभिद्रोहेण कुर्वतः ।**
**निक्षेप्योऽयोमयः शङ्कुर्ज्वलन्नास्ये दशाङ्गुलः ॥ २७१ ॥**

જો શૂદ્ર એ દ્વિજવર્ણનાં નામ અને જાતિને દ્રોહથી એમને ભાંડે, તો લોઢાનો દશ આંગળનો એક ધગધગતો સળિયો એના મોંમાં ઘુસાડી દેવો. ૨૭૧

**धर्मोपदेशं दर्पेण विप्राणामस्य कुर्वतः ।**
**तप्तमासेचयेत्तैलं वक्त्रे श्रोत्रे च पार्थिवः ॥ २७२ ॥**

કોઈ શૂદ્ર જો છકી જઇને બ્રાહ્મણાદિ ત્રિવર્ણને ધર્મોપદેશ કરે, તો રાજાએ તેના મોંમાં અને કાનમાં કડકડતું તેલ રેડાવવું.

**श्रुतं देशं च जातिं च कर्म शारीरमेव च ।**
**वितथेन ब्रुवन्दर्पाद्दाप्यः स्याद्द्विशतं दमम् ॥ २७३ ॥**

જો કોઇ અભિમાનથી બીજાનાં વેદજ્ઞાન, દેશ, જાતિ અને શરીરના સંસ્કારકર્મ વિશે મિથ્યા બોલે, તો તેને બસો પણનો દંડ કરવો. ૨૭૩

काणं वाप्यथवा खञ्जमन्यं वापि तथाविधम् ।
तथ्येनापि ब्रुवन्दाप्यो दण्डं कार्षापणावरम् ॥ २७४ ॥

જો કોઈ બીજાને કાણો, લંગડો કે એવી બીજી ખોડવાળો કહે અને જો એ સાચું હોય તો પણ, તેને ઓછામાં ઓછો એક કાર્ષાપણનો દંડ કરવો. ૨૭૪

मातरं पितरं जायां भ्रातरं तनयं गुरुम् ।
आक्षारयञ्छतं दाप्यः पन्थानं चाददद्गुरोः ॥ २७५ ॥

મા, બાપ, પત્ની, ભાઈ, પુત્ર અને ગુરુ એમને ગાળ દેનાર પાસેથી તેમજ ગુરુને માર્ગ ન આપનાર પાસેથી સો પણનો દંડ લેવો જોઈએ. ૨૭૫

ब्राह्मणक्षत्रियाभ्यां तु दण्डः कार्यो विजानता ।
ब्राह्मणे साहसः पूर्वः क्षत्रियो त्वेव मध्यमः ॥ २७६ ॥

બ્રાહ્મણ અને ક્ષત્રિય અંદરોઅંદર ગાળાગાળી કરે, તો ધર્મજ્ઞ રાજાએ બ્રાહ્મણને પૂર્વસાહસ (અઢીસો પણ) અને ક્ષત્રિયને મધ્યમસાહસ( પાંચસો પણ )નો દંડ કરવો. ૨૭૬

विट्शूद्रयोरेवमेव स्वजातिं प्रति तत्त्वतः ।
छेदवर्जं प्रणयनं दण्डस्येति विनिश्चयः ॥ २७७ ॥

વૈશ્ય અને શૂદ્ર પોતપોતાની જાતવાળાને સામાસામી ગાળ આપે, તો તેને જીભના છેદ સિવાયનો દંડપ્રયોગ કરવો, એવો નિર્ણય છે. (એટલે, વૈશ્યને અઢીસો પણનો શૂદ્રને પાંચસો પણનો દંડ થાય. ) ૨૭૭

[ पतितं पतितेत्युक्त्वा चौरं चौरेति वा पुनः ।
वचनात्तुल्यदोषः स्यान्मिथ्या द्विर्दोषतां व्रजेत् ॥
પતિતને પતિત કહેનારને અને ચોરને ચોર કહેનારને તેના એ વચનના અપરાધ સારુ આગળ પ્રમાણે દંડ કરવો. પણ તે જો આ ખોટેખોટું જ કહે તો તેનો અપરાધ બમણા દંડને પાત્ર થાય. ]

મારામારીનો નિર્ણય—

एष दण्डविधिः प्रोक्तो वाक्पारुष्यस्य तत्त्वतः ।
अत ऊर्ध्वं प्रवक्ष्यामि दण्डपारुष्यनिर्णयम् ॥ २७८ ॥
ગાળાગાળી માટેનો આ તત્ત્વપૂર્વકનો દંડવિધિ કહ્યો. હવે મારામારી બાબતના દંડનિર્ણય વિશે કહીશ. ૨૭૮

येन केनचिदङ्गेन हिंस्याच्चेच्छ्रेष्ठमन्त्यजः ।
छेत्तव्यं तत्तदेवास्य तन्मनोरनुशासनम् ॥ २७९ ॥
જો અંત્યજ પોતાના ગમે તે અવયવથી શ્રેષ્ઠપુરુષને મારે તો રાજાએ તેનો તે અવયવ છેદી નંખાવવો—એમ મનુની આજ્ઞા છે. ૨૭૯

पाणिमुद्यम्य दण्डं वा पाणिच्छेदनमर्हति ।
पादेन प्रहरन्कोपात्पादच्छेदनमर्हति ॥ २८० ॥
તે હાથ કે લાકડી ઉગામીને મારે, તો રાજાએ તેનો હાથ ।વી નાખવો ઘટે. તે ક્રોધ કરીને પગે પ્રહાર કરે, તો તેના છેદાવી નાખવા જોઈએ. ૨૮૦

सहासनमभिप्रेप्सुरुत्कृष्टस्यापकृष्टजः ।
कट्यां कृताङ्को निर्वास्यः स्फिचं वाऽस्यावकर्तयेत् ॥२८१॥

હલકી વરણનો માણસ જો ચડિયાતી વર્ણના માણસ સાથે અભિમાનથી એક આસને બેસવા ચાહે, તો તેને કેડ ઉપર ડામ દઈ દેશવટો આપવો અને તેના કૂલા કતરાવી નાખવા. ૨૮૧

अवनिष्ठीवतो दर्पाद्द्वावोष्ठौ छेदयेन्नृपः ।
अवमूत्रयतो मेढ्रमवशर्धयतो गुदम् ॥ २८२ ॥

નીચ વર્ણનો મનુષ્ય અહંકારથી ઊંચ મનુષ્યના ઉપર થૂંકે, મૂતરે કે પાદે, તો રાજાએ અનુક્રમે તેના બન્ને હોઠ, તેની જનનેન્દ્રિય કે તેની ગુદા કપાવી નાખવાં. ૨૮૨

केशेषु गृह्णतो हस्तौ छेदयेदविचारयन् ।
पादयोर्दाढिकायां च ग्रीवायां वृषणेषु च ॥ २८३ ॥

કોઈ હલકી જાતિનો મનુષ્ય કોઈ ચડિયાતી જાતિના મનુષ્યને વાળથી, પગથી, દાઢીથી, ગરદનથી કે વૃષણથી પકડે, તો વિનાવિચારેજ તેના બેઉ હાથ કાપી નાખવા. ૨૮૩

त्वग्भेदकः शतं दण्ड्यो लोहितस्य च दर्शकः ।
मांसभेत्ता तु षण्निष्कान्प्रवास्यस्त्वस्थिभेदकः ॥ २८४ ॥

સમાન વર્ણવાળાની ચામડી ઉતરડનારને તેમજ તેનું લોહી કાઢનારને સો પણનો દંડ કરવો. તેનું માંસ [illegible] નારને છ નિષ્કનો દંડ કરવો અને તેનાં હાડકાં [illegible] દેશનિકાલ કરવો. ૨૮૪

वनस्पतीनां सर्वेषामुपभोगं यथा यथा ।
तथा तथा दमः कार्यो हिंसायामिति धारणा ॥ २८५ ॥

જે જે વનસ્પતિઓનો જેવો જેવો [illegible]

ઉપભોગ થતો હોય, તો તે તે જાત વનસ્પતિઓને જે ઉપ
તેને તે ઉપભોગના પ્રમાણમાં (દામ, તાડન આદિ) દંડ ક
રવામાં આવે એવી વ્યવસ્થા છે. ૨૮૫

मनुष्याणां पशूनां च दुःखाय प्रहृते सति ।
यथा यथा महद्दुःखं दण्डं कुर्यात्तथा तथा ॥ २८६ ॥

મનુષ્યોને અને પશુઓને દુઃખ આપવા માટે માર મારવામાં આવે, તો તે તે મહાદુઃખના પ્રમાણમાં રાજાએ દંડ કરવો. ૨૮૬

अङ्गावपीडनायां च व्रणशोणितयोस्तथा ।
समुत्थानव्ययं दाप्यः सर्वदण्डमथापि वा ॥ २८७ ॥

કોઈ મનુષ્ય બીજાના હાથપગ આદિ અંગોને પીડા કરે, તેને જખમ કરે અથવા લોહી કાઢે, તો રાજાએ દરદી સાજો થાય ત્યાં સુધીનો તે મારનાર પાસેથી ખરચ અપાવવો અથવા તેને (ધનદંડ, શારીરદંડ વગેરે) સર્વ જાતના દંડ કરવા.

द्रव्याणि हिंस्याद्यो यस्य ज्ञानतोऽज्ञानतोऽपि वा ।
स तस्योत्पादयेत्तुष्टिं राज्ञे दद्याच्च तत्समम् ॥ २८८ ॥

જે માણસ જાણતાં કે અજાણતાં બીજાના માલને નુકસાન કરે, તેણે માલધણી પ્રસન્ન થાય તેમ કરવું અને રાજાને તે નુકસાનની બરાબરનો દંડ ભરવો. ૨૮૮

चर्मचार्मिकभाण्डेषु काष्ठलोष्ठमयेषु च ।
मूल्यात्पञ्चगुणो दण्डः पुष्पमूलफलेषु च ॥ २८९ ॥

ચામડાને, ચામડાનાં, લાકડાનાં અને માટીનાં પાત્રોને તેમજ ફૂલ, મૂળ અને ફળને નુકસાન કરનાર પાસેથી તે તે વસ્તુની કિંમતથી પાંચગણો દંડ લેવો. ૨૮૯

[illegible]

[illegible] ॥ २२० ॥

[illegible]

[illegible]

[illegible] ॥ २२१ ॥

[illegible]

[illegible] ॥ २२२ ॥

[illegible]

[illegible]

[illegible] ॥ २२३ ॥

[illegible]

[illegible]

[illegible] ॥ २२४ ॥

[illegible]

ઉપભોગ થતો હોય, તેવા તે તે જાતિ વનસ્પતિઓને જે કાંઈ તેને એ ઉપભોગના પ્રમાણમાં ઉત્તમ, મધ્યમ આદિ દંડ કરવામાં આવે—એવી ન્યાયમર્યાદા છે. ૨૮૫

मनुष्याणां पशूनां न दुःखाय प्रहृते सति।
यथा यथा महद्दुःखं दण्डं कुर्यात्तथा तथा॥ २८६॥

મનુષ્યોને અને પશુઓને દુઃખ આપવા માટે જો મારવામાં આવે, તો તે તે મહાદુઃખના પ્રમાણમાં મોટો દંડ કરવો. ૨૮૬

अङ्गावपीडनायां च व्रणशोणितयोस्तथा।
समुत्थानव्ययं दाप्यः सर्वदण्डमथापि वा॥ २८७॥

કોઈ મનુષ્ય કોઈના હાથપગ આદિ અંગોને પીડા કરે તેને જખમ કરે અથવા લોહી કાઢે, તો રાજાએ દરદી સારો થાય ત્યાં સુધીનો તે મારનાર પાસેથી ખરચ અપાવવો અથવા તેને (ધનદંડ, શારીરદંડ વગેરે) સર્વ જાતના દંડ કરવા.

द्रव्याणि हिंस्याद्यो यस्य ज्ञानतोऽज्ञानतोऽपि वा।
स तस्योत्पादयेत्तुष्टिं राज्ञे दद्याच्च तत्समम्॥ २८८॥

જે માણસ જાણતાં કે અજાણતાં બીજાના માલને નુકસાન કરે, તેણે માલધણી પ્રસન્ન થાય તેમ કરવું અને રાજાને તે નુકસાનની બરાબરનો દંડ ભરવો. ૨૮૮

चर्मचार्मिकभाण्डेषु काष्ठलोष्ठमयेषु च।
मूल्यात्पञ्चगुणो दण्डः पुष्पमूलफलेषु च॥ २८९॥

ચામડાને, ચામડાનાં, લાકડાનાં અને માટીનાં પાત્રોને તેમજ ફૂલ, મૂળ અને ફળને નુકસાન કરનાર પાસેથી તે તે વસ્તુની કિંમતથી પાંચગણો દંડ લેવો. ૨૮૯

यानस्य चैव यातुश्च यानस्वामिन एव च।
दशातिवर्तनान्याहुः शेषे दण्डो विधीयते॥ २९० ॥

વાહન, વાહન ચલાવનાર અને વાહનના સ્વામી. એમને નીચેના દશ નિમિત્તોમાં દંડ કર્યો નથી. બાકીનામાં તેમને માટે દંડવિધાન છે. ૨૯૦

छिन्ननास्ये भग्नयुगे तिर्यक्प्रतिमुखागते।
अक्षभङ्गे च यानस्य चक्रभङ्गे तथैव च॥ २९१ ॥
छेदने चैव यन्त्राणां योक्त्ररश्म्योस्तथैव च।
आक्रन्दे चाप्यपैहीति न दण्डं मनुरब्रवीत्॥ २९२ ॥

નાથ તૂટી જાય, ધૂંસરી ભાંગી જાય, [illegible] સીધે વાહન તીરછું આવે, [illegible] તૂટી જાય, [illegible] જાય, વાહનનાં પૈડાં તૂટી જાય, [illegible] જોતરું તૂટી જાય, દોર-લગામ તૂટી જાય [illegible] થાય નહિ, એમ મનુએ કહ્યું છે. ૨૯૧, ૨૯૨

यत्रापवर्तते युग्यं वैगुण्यात् प्राजकस्य तु।
तत्र स्वामी भवेद्दण्ड्यो हिंसायां द्विशतं दमम्॥ २९३ ॥

પણ, હાંકનારની [illegible]

प्राजकश्चेद्भवेदाप्तः प्राजको दण्डमर्हति।
युग्यस्थाः प्राजकेऽनाप्ते सर्वे दण्ड्याः शतं शतम्॥ २९४ ॥

[illegible]

તે હોશિયાર ન હોય તો ચાલકનમાં બેઠેલા દરેકને ર
પણનો દંડ કરવો. ૨૯૪

स चेत्तु पथि संरुद्धः पशुभिर्वा रथेन वा ।
प्रमापयेत्प्राणभृतस्तत्र दण्डोऽविचारितः ॥ २९५

ઢોરઢાંખરને લીધે કે સામે આવતા રથને કારણે તે
નારને રુકાવટ થઈ હોય અને છતાં તે વાહન આગળ
અને એમ કરતાં કોઈ પ્રાણીનો ઘાત થઈ જાય, તો
વિનાવિચારે તેનો નીચે પ્રમાણે દંડ કરવો. ૨૯૫

मनुष्यमारणे क्षिप्रं चौरवत्किल्बिषं भवेत् ।
प्राणभृत्सु महत्स्वर्धं गोगजोष्ट्रहयादिषु ॥ २९६ ॥

એ ઘાતમાં જો માણસ માર્યો જાય, તો તે હાંક
ચોરની પેઠે ૧૦૦૦ પણની શિક્ષા કરવી. પણ એમાં જો
હાથી અને ઘોડા વગેરે મોટાં પ્રાણીઓ માર્યાં ગયાં
તો તેથી અર્ધો દંડ (૫૦૦ પણનો) કરવો. ૨૯૬

क्षुद्रकाणां पशूनां तु हिंसायां द्विशतो दमः ।
पञ्चाशत्तु भवेद्दण्डः शुभेषु मृगपक्षिषु ॥ २९७ ।

નાનાં નાનાં પશુઓ માર્યાં જાય, તો બસો પણનો
કરવો. સારાં મૃગો ને પક્ષીઓ માર્યાં જાય, તો પચાસ પ
દંડ કરવો. ૨૯૭

गर्दभाजाविकानां तु दण्डः स्यात्पञ्चमाषिकः ।
माषकस्तु भवेद्दण्डः श्वसूकरनिपातने ॥ २९८

ગધેડાં અને મેંઢાંબકરાંની ઘાત થઈ જાય, તો
માષાનો દંડ કરવો. કૂતરાં અને ભૂંડ માર્યાં ગયાં હોય
એક માષાનો દંડ કરવો. ૨૯૮

भार्या पुत्रश्च दासश्च प्रेष्यो भ्राता च सोदरः।
प्राप्तापराधास्ताड्याः स्यू रज्ज्वा वेणुदलेन वा॥ २९९॥

પત્ની, પુત્ર, દાસ, વૈતરો અને નાનો ભાઇ એટલાં અપરાધ કરે, તો તેમને દોરડાથી અથવા વાંસની લાકડીથી તાડન કરવું. ૨૯૯

पृष्ठतस्तु शरीरस्य नोत्तमाङ्गे कथंचन।
अतोऽन्यथा तु प्रहरन्प्राप्तः स्याच्चौरकिल्बिषम्॥ ३००॥

પણ, આ માર વાંસા ઉપર મારવો કયારેય મસ્તક આદિ ઉત્તમ અંગ ઉપર મારવો નહિ આથી ઊલટી રીતે પ્રહાર કરનારને ચોરની પેઠે શિક્ષા મળે. ૩૦૦

ચોરને શિક્ષા કરવાનો નિર્ણય—

एषोऽखिलेनाभिहितो दण्डपारुष्यनिर्णयः।
स्तेनस्यातः प्रवक्ष्यामि विधिं दण्डविनिर्णये॥ ३०१॥

આ મારામારી સંબંધીનો નિર્ણય સંપૂર્ણ રીતે કહ્યો હવે, ચોરના સંબંધમાં કરવાના શિક્ષાનિર્ણય વિશે વિધિ કહીશ. ૩૦૧

परमं यत्नमातिष्ठेत्स्तेनानां निग्रहे नृपः।
स्तेनानां निग्रहादस्य यशो राष्ट्रं च वर्धते॥ ३०२॥

રાજાએ ચોરને કબજે કરવામાં પરમ યત્નવાન રહેવું. ચોરોને વશ રાખવાથી રાજાનો યશ અને તેનું રાજ વધે છે.

अभयस्य हि यो दाता स पूज्यः सततं नृपः।
सत्रं हि वर्धते तस्य सदैवाभयदक्षिणम्॥ ३०३॥

જે રાજા અભયના દાતા છે, તે સતત પૂજ્યપાત્ર થાય છે. તે રાજાનો અભયરૂપી દક્ષિણાવાળો યજ્ઞ હમેશ વૃદ્ધિ પામે છે.

सर्वतो धर्मषड्भागो राज्ञो भवति रक्षतः ।
अधर्मादपि षड्भागो भवत्यस्य ह्यरक्षतः ॥ ३०४ ॥

દેશની રક્ષા કરનાર રાજાને સર્વ પ્રજાના ધર્મનો છઠ્ઠો ભાગ મળે છે. અને રક્ષા નહિ કરનાર રાજાને અધર્મનોય છઠ્ઠો ભાગ હાંસલ થાય છે. ૩૦૪

यदधीते यद्यजते यद्ददाति यदर्चति ।
तस्य षड्भागभाग्राजा सम्यग्भवति रक्षणात् ॥ ३०५ ॥

જે અધ્યયન, યજન, દાન અને અર્ચન થાય તેનો છઠ્ઠો ભાગ પ્રજાની રક્ષાને લીધે રાજાને મળે છે. ૩૦૫

रक्षन् धर्मेण भूतानि राजा वध्यांश्च घातयन् ।
यजतेऽहरहर्यज्ञैः सहस्रशतदक्षिणैः ॥ ३०६ ॥

પ્રાણીઓનું ધર્મપૂર્વક પાલન કરનારા અને દંડપાત્રોને યોગ્ય શિક્ષા દેનારા રાજાને પ્રતિદિન એક લાખ ગોદક્ષિણાવાળા યજ્ઞોનું ફળ સાંપડે છે. ૩૦૬

योऽरक्षन्बलिमादत्ते करं शुल्कं च पार्थिवः ।
प्रतिभागं च दण्डं च स सद्यो नरकं व्रजेत् ॥ ३०७ ॥

જે રાજા પ્રજાનું રક્ષણ નહિ કરતો છતાં, બલિ, કર, શુલ્ક પ્રતિભાગ અને દંડ લે છે, તે તત્કાલ નરકે જાય છે. ૩૦૭

अरक्षितारं राजानं बलिषड्भागहारिणम् ।
तमाहुः सर्वलोकस्य समग्रमलहारकम् ॥ ३०८ ॥

પ્રજાનું રક્ષણ નહિ કરનારો જે રાજા ધાન્યનો છઠ્ઠો ભાગ લે છે, તે સર્વ લોકોનાં સર્વ પાપનો ભાગી થાય છે. ૩૦૮

अनपेक्षितमर्यादं नास्तिकं विप्रलुम्पकम् ।
अनपेक्षितारमत्तारं नृपं विद्यादधोगतिम् ॥ ३०९ ॥

શાસ્ત્રમર્યાદાની ગણના નહિ રાખનારો, નાસ્તિક, પ્રજાને લૂંટનારો, પ્રજારક્ષણ નહિ કરનારો અને કર વગેરે હોઈયાં કરી જનારો રાજા અધોગતિ પામે છે, એમ જાણવું ૩૦૯

अधार्मिकं त्रिभिर्न्यायैर्निगृह्णीयात्प्रयत्नतः ।
निरोधनेन बन्धेन विविधेन वधेन च ॥ ३१० ॥

નિરોધન (કેદ), બન્ધ (બેડી) અને વિવિધ જાતના માર, એ ત્રણ ઉપાયોથી રાજાએ ચોર આદિને પ્રયત્નપૂર્વક શિક્ષા કરવી. ૩૧૦

निग्रहेण हि पापानां साधूनां संङ्ग्रहेण च ।
द्विजातय इवेज्याभिः पूयन्ते सततं नृपाः ॥ ३११ ॥

જેમ દ્વિજાતિઓ યજ્ઞાદિથી પવિત્ર થાય છે, તેમ રાજાઓ પાપીઓને સજા કરવાથી તેમજ સાધુઓને રક્ષણ આપવાથી સતત પવિત્ર થાય છે ૩૧૧

क्षन्तव्यं प्रभुणा नित्यं क्षिपतां कार्यिणां नृणाम् ।
बालवृद्धातुराणां च कुर्वता हितमात्मनः ॥ ३१२ ॥

દાવાના પક્ષકારો વગેરે માણસો, બાળકો, વૃદ્ધો, તેમજ રોગિયાઓ કંઈ આક્ષેપ કરી બેસે, તો રાજાએ પોતાનું હિત વિચારીને તેમને નિત્ય ક્ષમા આપવી. ૩૧૨

यः क्षिप्तो मर्षयत्यार्तैस्तेन स्वर्गे महीयते ।
यस्त्वैश्वर्यान्न क्षमते नरकं तेन गच्छति ॥ ३१३ ॥

પીડિત મનુષ્યોએ આક્ષેપ આપ્યા છતાં જે રાજા તેને

સજ્જન કરી લે છે, તે સ્વર્ગમાં મહિમા પામે છે; પણ જે રાજા પોતાના અપરાધને કારણે તેને શિક્ષા આપતો નથી તે નરકને વિશે જાય છે ૩૧૩

राजा स्तेनेन गन्तव्यो मुक्तकेशेन धावता ।
आचक्षाणेन तत्स्तेयमेवंकर्मास्मि शाधि माम् ॥ ३१४ ॥
स्कन्धेनादाय मुसलं लगुडं वापि खादिरम् ।
शक्तिं चोभयतस्तीक्ष्णामायसं दण्डमेव वा ॥ ३१५ ॥

મુશળ, ખેરની લાકડી, બેધારી બરછી અથવા લોખંડી ધોકો, એ ખભા ઉપર રાખી ચોરે છૂટે વાળે રાજા પાસે દોડતા જવું અને કહેવું કે, તે ચોરી મે કરી છે, મને શિક્ષા આપો.

[ गृहीत्वा मुसलं राजा सकृद्धन्यात्तु तं स्वयम् ।
वधेन शुध्यते स्तेनो ब्राह्मणस्तपसैव वा ॥

રાજાએ પોતે તે મુશળ લઈને તેને એકવાર પ્રહાર કરવો. ચોર મારથી અને બ્રાહ્મણ તપથીજ શુદ્ધ થાય છે. ]

शासनाद्वा विमोक्षाद्वा स्तेनः स्तेयाद्विमुच्यते ।
अशासित्वा तु तं राजा स्तेनस्याप्नोति किल्बिषम् ॥ ३१६ ॥

ચોરને શિક્ષા કરવાથી કે તેને છોડી દેવાથી તે ચોરીમાંથી મુક્ત થાય છે પણ તે ચોરને સજા ન કરવામાં આવે તો રાજા ચોરનું પાપ પામે છે. ૩૧૬

अन्नादे भ्रूणहा मार्ष्टि पत्यौ भार्यापचारिणी ।
गुरौ शिष्यश्च याज्यश्च स्तेनो राजनि किल्बिषम् ॥ ३१७ ॥

ગર્ભહત્યા કરનારો તે જેનું અન્ન ખાય છે તેને વિશે, ભિચારિણી પત્ની પતિને વિશે, શિષ્ય ગુરુને વિશે અને

યજમાન યાજકને નિમે જેમ પોતપોતાનાં પાપ ધુએ છે, તેમ ચોર રાજાને નિમે પોતાનું પાપ ધુએ છે. ૩૧૭

राजभिः कृतदण्डास्तु कृत्वा पापानि मानवाः ।
निर्मलाः स्वर्गमायान्ति सन्तः सुकृतिनो यथा ॥ ३१८ ॥

પાપી પુરુષો રાજા પાસેથી શિક્ષા પામીને નિર્મળ થાય છે અને પુણ્યશાળીઓની જેમ સ્વર્ગમાં જાય છે. ૩૧૮

यस्तु रज्जुं घटं कूपाद्धरेद्भिन्द्याच्च यः प्रपाम् ।
स दण्डं प्राप्नुयान्माषं तं च तस्मिन्समाहरेत् ॥ ૩૧૯ ॥

જે કૂવા પરથી દોરડું કે ઘડો હરી જાય અથવા પરબને તોડી નાખે, તેને એક માષો દંડ કરવો અને તે દોરડું વગેરે તે કૂવા ઉપર પાછાં મુકાવવાં. ૩૧૯

धान्यं दशभ्यः कुम्भेभ्यो हरतोऽभ्यधिकं वधः ।
शेषेऽप्येकादशगुणं दाप्यस्तस्य च तद्धनम् ॥ ३२० ॥

દશ કુંભ કરતાં જે વધારે ધાન્યની ચોરી કરે, તેને ભારે મારની સજા કરવી. આથી ઓછા ધાન્યની જે ચોરી કરે, તેને ધાન્યના મૂલ્યથી અગિયારગણો દંડ કરવો અને ધણીનો તે માલ પાછો અપાવવો. ૩૨૦

तथा धरिममेयानां शतादभ्यधिके वधः ।
सुवर्णरजतादीनामुत्तमानां च वाससाम् ॥ ३२१ ॥

વળી ત્રાજવે તોળવા યોગ્ય સુવર્ણ અને ચાંદી વગેરેની તેમજ ઉત્તમ વસ્ત્રોની ચોરી સો પલથી વધુ વજનની હોય, તો ચોરનારને મારની શિક્ષા ઘટે. ૩૨૧

---

* બગો પણનો એક દ્રોણ અને વીસ દ્રોણનો એક કુંભ.

पञ्चाशतस्त्वभ्यधिके हस्तच्छेदनमिष्यते ।
शेषे त्वेकादशगुणं मूल्याद्दण्डं प्रकल्पयेत् ॥ २२२ ॥

ને ગોરી પચાસ પલ કરતાં વધુ વજનની હોય, તો તે ચોરનારના હાથ છેદી નાખવા. પણ જો તે તેથી ઓછા વજનની હોય, તો તેને માલની કિંમતથી અગિયારગણો દંડ કરવો.

पुरुषाणां कुलीनानां नारीणां च विशेषतः ।
मुख्यानां चैव रत्नानां हरणे वधमर्हति ॥ २२३ ॥

કુલીન પુરુષોનું અને ખાસ કરીને સ્ત્રીઓનું તેમજ ઉત્તમ રત્નોનું હરણ કરનારને અંગછેદનની શિક્ષા ઘટે છે ૩૨૩

महापशूनां हरणे शस्त्राणामौषधस्य च ।
कालमासाद्य कार्यं च दण्डं राजा प्रकल्पयेत् ॥ २२४ ॥

મોટાં પશુઓના, શસ્ત્રોના અને ઔષધના હરણમાં સમય તથા અપરાધ જોઈને રાજાએ દંડ દેવો. ૩૨૪

गोषु ब्राह्मणसंस्थासु स्थूरिकायाश्च भेदने ।
पशूनां हरणे चैव सद्यः कार्योऽर्धपादिकः ॥ २२५ ॥

બ્રાહ્મણની ગાયો ચોરવા માટે, ગાયને નાથ નાખી બળદ જોડવા માટે તથા મોટાં એકરાં વગેરે પશુઓ હરવા માટે અપરાધીનો અર્ધો પગ તરતજ કાપી નાંખવો. ૩૨૫

सूत्रकार्पासकिण्वानां गोमयस्य गुडस्य च ।
दध्नः क्षीरस्य तक्रस्य पानीयस्य तृणस्य च ॥ २२६ ॥

वेणुवैदलभाण्डानां लवणानां तथैव च ।
मृन्मयानां च हरणे मृदो भस्मन एव च ॥ २२७ ॥

मत्स्यानां पक्षिणां चैव तैलस्य च घृतस्य च।
मांसस्य मधुनश्चैव यच्चान्यत्पशुसंभवम् ॥ ३२८ ॥
अन्येषां चैवमादीनां मद्यानामोदनस्य च।
पक्वान्नानां च सर्वेषां तन्मूल्याद्द्विगुणो दमः ॥ ३२९ ॥

દોરા, કપાસ, કેફનાં બીજ, છાણ, ગોળ, દહીં, દૂધ, છાશ, પીણું, તૃણ, વાંસનાં ટોપલા વગેરે પાત્રો, મીઠું, માટીનાં વાસણો, માટી, રાખ, માછલાં, પક્ષીઓ, તેલ, ઘી, માંસ, મધ, પશુમાંથી નીકળતી શિંગડાં વગેરે ચીજો, મદ્ય, રાંધેલા ભાત, તેમજ સર્વ પ્રકારનાં પકવાન્નો વગેરેની ચોરી કરનારને તે તે ચીજની કિંમતથી બમણો દંડ કરવો ૩૨૬-૩૨૯

पुष्पेषु हरिते धान्ये गुल्मवल्लीनगेषु च।
अन्येष्वपरिपूतेषु दण्डः स्यात्पञ्चकृष्णलः ॥ ३३० ॥

ફૂલો, લીલાં ધાન, ગુલ્મો, વેલીઓ, વૃક્ષો અને સાફસૂફ કરી તૈયાર ન કરેલાં બીજાં ધાન્યો એમની ચોરી કરનારને પાંચ કૃષ્ણલનો દંડ કરવો. ૩૩૦

परिपूतेषु धान्येषु शाकमूलफलेषु च।
निरन्वये शतं दण्डः सान्वयेऽर्धशतं दमः ॥ ३३१ ॥

સાફ કરી તૈયાર કરેલાં ધાન્ય, શાક, મૂળ અને ફળ સંબંધી ચોરી કરનાર જો માલધણીનો સંબંધી હોય, તો તેને પચાસ પણનો અને સંબંધી ન હોય તો સો પણનો, એમ દંડ કરવો. ૩૩૧

स्यात्साहसं त्वन्वयवत्प्रसभं कर्म यत्कृतम्।
निरन्वयं भवेत्स्तेयं हृत्वाऽपव्ययते च यत् ॥ ३३२ ॥

ब्राह्मणस्य चतुःषष्टिः पूर्णं वापि शतं भवेत्।
द्विगुणा वा चतुःषष्टिस्तद्दोषगुणविद्धि सः ॥ ३३८ ॥

ચોરીનાં શૂદ્રને આઠગણું, વૈશ્યને સોળગણું અને ક્ષત્રિયને બત્રીસગણું પાપ લાગે છે. બ્રાહ્મણ તેના ગુણદોષને જાણનારો છે. એટલે તેને ચોસઠગણું, પૂરું સોગણું કે એકસોઅઠાવીશગણું પાપ લાગે છે. ૩૩૭.૩૩૮

वानस्पत्यं मूलफलं दार्वग्न्यर्थं तथैव च।
तृणं च गोभ्यो ग्रासार्थमस्तेयं मनुरब्रवीत् ॥ ३३९ ॥

વનસ્પતિનાં મૂળ, ફળ, અગ્નિ માટેનાં લાકડાં અને ગાયના ગોતા માટે ઘાસ લેવાં એમાં ચોરી નથી. એમ મનુએ કહ્યું છે ૩૩૯

योऽदत्तादायिनो हस्ताल्लिप्सेत ब्राह्मणो धनम्।
याजनाध्यापनेनापि यथा स्तेनस्तथैव सः ॥ ३४० ॥

જે બ્રાહ્મણ ચોરને યજ્ઞ અને વેદાધ્યયન કરાવીને તેની પાસેથી ધન મેળવવા ઇચ્છે છે. તેને ચોરના જેવોજ જાણવો.

द्विजोऽध्वगः क्षीणवृत्तिर्द्वाविक्षू द्वे च मूलके।
आददानः परक्षेत्रान्न दण्डं दातुमर्हति ॥ ३४१ ॥

વટેમાર્ગુ દ્વિજનુ જો ભાતું ખૂટી ગયુ હોય અને તે પારકા ખેતરમાંથી શેરડીના બે સાંઠા તથા બે મૂળા લે, તો તેને દંડ કરવો ન ઘટે. ૩૪૧

असंधितानां संधाता संधितानां च मोक्षकः।
दासाश्वरथहर्ता च प्राप्तः स्याच्चोरकिल्बिषम् ॥ ३४२ ॥

જે માણસ બીજાનાં છૂટાં પશુને બાંધી દે છે અને

[illegible]

अनेन विधिना राजा कुर्वाणः स्तेननिग्रहम् ।
यशोऽस्मिन्प्राप्नुयाल्लोके प्रेत्य चानुत्तमं सुखम् ॥ ३४३ ॥

[illegible] ૩૪૩

ऐन्द्रं स्थानमभिप्रेप्सुर्यशश्चाक्षयमव्ययम् ।
नोपेक्षेत क्षणमपि राजा साहसिकं नरम् ॥ ३४४ ॥

ઇન્દ્રસ્થાનની ઇચ્છા રાખનારા અને અક્ષય અને અવ્યય યશને ચાહનારા રાજાએ સાહસકર્મ કરનાર માણસની એક ક્ષણ પણ ઉપેક્ષા ન કરવી. ૩૪૪

वाग्दुष्टात्तस्कराच्चैव दण्डेनैव च हिंसतः ।
साहसस्य नरः कर्ता विज्ञेयः पापकृत्तमः ॥ ३४५ ॥

ગાળ આપનારા, ચોરી કરનારા અને દંડથી મારનારા કરતાં પણ સાહસકર્મી માણસને વિશેષ પાપ કરનારો માનવો

साहसे वर्तमानं तु यो मर्षयति पार्थिवः ।
स विनाशं व्रजत्याशु विद्वेषं चाधिगच्छति ॥ ३४६ ॥

જે રાજા સાહસ કરનારાને ક્ષમા કરે છે, તે તત્કાલ વિનાશને પામે છે અને પ્રજામાં દ્વેષપાત્ર થાય છે. ૩૪૬

न मित्रकारणाद्राजा विपुलाद्वा धनागमात् ।
समुत्सृजेत्साहसिकान्सर्वभूतभयावहान् ॥ ३४७ ॥

પ્રાણીમાત્રને ભય આપનારા સાહસિકોને રાજાએ મિત્રતાને લીધે કે વિપુલ ધનના લોભથી કદી છોડી દેવા નહિ. ૩૪૭

દ્વિજોએ શસ્ત્ર ક્યારે ધારણ કરવાં ?—

शस्त्रं द्विजातिभिर्ग्राह्यं धर्मो यत्रोपरुध्यते ।
द्विजातीनां च वर्णानां विप्लवे कालकारिते ॥ ३४८ ॥
आत्मनश्च परित्राणे दक्षिणानां च संगरे ।
स्त्रीविप्राभ्युपपत्तौ च घ्नन्धर्मेण न दुष्यति ॥ ३४९ ॥

જ્યારે ધર્મકર્મને અટકાયત થતી હોય અને કાળબળને કારણે જ્યારે બ્રાહ્મણ આદિના વર્ણ તથા આશ્રમના ધર્મ સંબંધે બળવો જાગ્યા જેવું થયું હોય, ત્યારે ત્રણે દ્વિજવર્ણોએ શસ્ત્ર ધારણ કરવાં. આમ, પોતાની રક્ષા માટે, યજ્ઞના દક્ષિણાધનની રખવાળી માટે તેમજ સ્ત્રીઓ અને મિત્રો ઉપરની સંકટવેળાએ વહાર કરવા માટે, જે ધર્મયુદ્ધ થાય તેમાં હિંસા કરવાથી તે દ્વિજને દોષ લાગતો નથી ૩૪૮,૩૪૯

આતતાયીને મારવામા દોષ નથી—

गुरुं वा बालवृद्धौ वा ब्राह्मणं वा बहुश्रुतम् ।
आततायिनमायान्तं हन्यादेवाविचारयन् ॥ ३५० ॥

ગુરુ, બાળક, વૃદ્ધ અને બહુશ્રુત બ્રાહ્મણ એમાંથી જે કોઇ આતતાયી થઇ મારવા ચડી આવે અને પોતાની રક્ષાનો કોઇ ઉપાય ન હોય તો વિનાવિચારે તેને હણી નાખવો. ૩૫૦

[ अग्निदो गरदश्चैव शस्त्रपाणिर्धनापहः ।
क्षेत्रदारहरश्चैव षडेते ह्याततायिनः ॥

આગ લગાડનારો, ઝેર દેનારો, હાથે હથિયાર સજી

[illegible] [illegible] આતતાયીઓ [illegible] ]

[ उद्यतासिविषाग्निभ्यां शापोद्यतकरस्तथा ।
आथर्वणेन हन्ता च पिशुनश्चापि राजनि ॥
भार्यातिक्रमकारी च रन्ध्रान्वेषणतत्परः ।
एवमाद्यान्विजानीयात् सर्वानेवाततायिनः ॥

ઉગામેલી તલવારવાળો, ઝેરવાળો, અગ્નિવાળો, શાપ આપવા હાથ ઊંચો કરનારો, અથર્વવેદના અભિચારમંત્રથી મારનારો, રાજાને ચાડી ખાનારો, પત્નીનું હરણ કરનારો, [illegible] ફરનારો અને છિદ્રો શોધવામાં તત્પર રહેનારો—એ સૌ આતતાયીઓ જાણવા. ]

नाततायिवधे दोषो हन्तुर्भवति कश्चन ।
प्रकाशं वाऽप्रकाशं वा मन्युस्तं मन्युमृच्छति ॥ ३५१ ॥

હાંશી કે ખુલ્લી રીતે આવેલા આતતાયીનો વધ કરનાર હણનારને કંઇ દોષ લાગતો નથી. કેમકે, એકનો ક્રોધ તે બીજાના ક્રોધને વધારે છે. ૩૫૧

વળી પ્રકરણ—

परदाराभिमर्शेषु प्रवृत्तान्नॄन्महीपतिः ।
उद्वेजनकरैर्दण्डैश्छिन्नयित्वा प्रवासयेत् ॥ ३५२ ॥

પરસ્ત્રી સાથે સંભોગમાં પ્રવૃત્ત થયેલા પુરુષોને રાજાએ ઉદ્વેગ કરાવે એવા દંડોથી નાક, કાન આદિ કપાવી દેશનિકાલ કરવા. ૩૫૨

तत्समुत्थो हि लोकस्य जायते वर्णसंकरः ।
येन मूलहरोऽधर्मः सर्वनाशाय कल्पते ॥ ३५३ ॥

કારણ કે જગતમાં વ્યભિચારથી ઉત્પન્ન થયેલી પ્રજા વર્ણસંકર થાય છે અને તેથી જગતના મૂળનો નાશ કરનારો અધર્મ સર્વનાશ કરી દે છે. ૩૫૩

परस्य पत्न्या पुरुषः संभाषां योजयन्रहः ।
पूर्वमाक्षारितो दोषैः प्राप्नुयात्पूर्वसाहसम् ॥ ३५४ ॥

અગાઉ વ્યભિચારાદિ દોષોથી દૂષિત થયેલો કોઇ પુરુષ ફરી વાર પારકાની પત્ની સાથે એકાંતમાં સંભાષણ કરે, તો તેને પ્રથમ સાહસનો દંડ કરવો. ૩૫૪

यस्त्वनाक्षारितः पूर्वमभिभाषेत कारणात् ।
न दोषं प्राप्नुयात्किंचिन्न हि तस्य व्यतिक्रमः ॥ ३५५ ॥

પણ જેને અગાઉ આવો દોષ લાગ્યો ન હોય, એવો પુરુષ કોઇ કારણસર એ પ્રમાણે વાત કરે, તો તેને કંઇ દોષ ન લાગે તેમ તેનો તે અપરાધ પણ ન ગણાય. ૩૫૫

परस्त्रियं योऽभिवदेत्तीर्थेऽरण्ये वनेऽपि वा ।
नदीनां वापि संभेदे स संग्रहणमाप्नुयात् ॥ ३५६ ॥

જો કોઇ માણસ તીર્થ, અરણ્ય, વન કે નદીના સંગમ આગળ પરસ્ત્રી સાથે વાતચીત કરે, તો તેને સ્ત્રીસંગ્રહણનો દોષ લાગે. ૩૫૬

उपचारः क्रिया केलिः स्पर्शो भूषणवाससाम् ।
सह खट्वासनं चैव सर्वं संग्रहणं स्मृतम् ॥ ३५७ ॥

પરસ્ત્રીને માલાચંદનાદિ ઉપચારો આપવા, તેને હાસ્ય અને આલિંગન ઇત્યાદિ કરવાં, તેનાં વસ્ત્રાભૂષણોને સ્પર્શ કરવો અને તેની સાથે એક ખાટલે બેસવું, એ બધું સંગ્રહણ કહેવાય છે. ૩૫૭

स्त्रियं स्पृशेददेशे यः स्पृष्टो वा मर्षयेत्तया।
परस्परस्यानुमते सर्वं संग्रहणं स्मृतम् ॥ ३५८ ॥

એકબીજાની સંમતિથી પુરુષ જો પરસ્ત્રીનાં અને સ્ત્રી જો પરપુરુષનાં કટેકાણાંને સ્પર્શ કરે છે, તેમજ જો બન્ને એવા સ્પર્શને સહી લે છે, તો તે બધું સંગ્રહણ કહેવાય છે. ૩૫૮

अब्राह्मणः संग्रहणे प्राणान्तं दण्डमर्हति ।
चतुर्णामपि वर्णानां दारा रक्ष्यतमाः सदा ॥ ३५९ ॥

કોઈ બ્રાહ્મણેતર જાતિનો પુરુષ સ્ત્રીસંગ્રહણ કરે, તો તેને દેહાંતદંડની શિક્ષા ઘટે છે. ચારે વર્ણોની સ્ત્રીઓ સદૈવ શ્રેષ્ઠ રક્ષણને યોગ્ય છે. ૩૫૯

भिक्षुका बन्दिनश्चैव दीक्षिताः कारवस्तथा ।
संभाषणं सह स्त्रीभिः कुर्युरप्रतिवारिताः ॥ ३६० ॥

ભિક્ષુકો, બંદીજનો, યજ્ઞમાં દીક્ષા લેનારાઓ, રસોઈયાઓ તથા કારીગરો એ સૌ વગરરોકયે અન્ય સ્ત્રીઓ સાથે વાત કરી શકે છે. ૩૬૦.

न संभाषां परस्त्रीभिः प्रतिषिद्धः समाचरेत् ।
निषिद्धो भाषमाणस्तु सुवर्णं दण्डमर्हति ॥ ३६१ ॥

જેને માટે નિષેધ થયો હોય તેવાએ પરસ્ત્રી સાથે સંભાષણ કરવું નહિ. નિષેધ થયા છતાં તે જો તેવું સંભાષણ કરે, તો તેને એક સુવર્ણનો દંડ ઘટે. ૩૬૧

नैष चारणदारेषु विधिर्नात्मोपजीविषु ।
सज्जयन्ति हि ते नारीर्निगूढाश्चारयन्ति च ॥ ३६२ ॥

પરંતુ નાચનારાઓ, ગાવાબજાવવાવાળાઓ તેમજ બેરી

ઉપર પેટભરનારાઓ એ લોકોની પત્ની સંબંધમાં આ નિષેધ લાગુ પડતો નથી. કારણ કે, આ લોકો જાતેજ પોતાની ને સ્ત્રીઓને શણગાર આદિ સજાવે છે અને તેમને ગુપ્ત રીતે પર-પુરુષોમાં ફેરવે છે ૩૬૨

किंचिदेव तु दाप्यः स्यात्संभाषां ताभिराचरन् ।
प्रैष्यासु चैकभक्तासु रहः प्रव्रजितासु च ॥ ३६२ ॥

છતાં, તેવી સ્ત્રીઓ સાથે તથા કોઈની રખાત દાસી સાથે અને વેરાગણ સાથે જે એકાંતમાં વાતચીત કરે, તેને કંઈક તો દંડ કરવોજ જોઈએ. ૩૬૩

योऽकामां दूषयेत्कन्यां स सद्यो वधमर्हति ।
सकामां दूषयंस्तुल्यो न वधं प्राप्नुयान्नरः ॥ ३६४ ॥

જે માણસ કામરહિત કન્યાને બગાડે, તેને તત્કાલ વધ ઘટે; પણ સજાતિ માણસ કામાસક્ત કન્યાને દૂષિત કરે, તો તેને વધ અપાય નહિ. ૩૬૪

कन्यां भजन्तीमुत्कृष्टं न किंचिदपि दापयेत् ।
जघन्यं सेवमानां तु संयतां वासयेद्गृहे ॥ ३६५ ॥

ચડિયાતા પુરુષને ભજનારી કન્યાને કંઈ દંડ કરવો નહિ, પણ ઊતરતા પુરુષને સેવનારી કન્યાને ઘરમાં જતનપૂર્વક પૂરી રાખવી. ૩૬૫

उत्तमां सेवमानस्तु जघन्यो वधमर्हति ।
शुल्कं दद्यात्सेवमानः समामिच्छेत्पिता यदि ॥ ३६६ ॥

હીન જાતિનો પુરુષ ઉત્તમ જાતિની કન્યાને સેવે, તો તે વધને યોગ્ય છે, પણ તે પોતાનીજ જાતની કન્યાને સેવે ત્યારે તે કન્યાનો પિતા ઇચ્છે તો તે કન્યાનું મૂલ્ય આપે ૩૬

अभिषह्य तु यः कन्यां कुर्याद्दर्पेण मानवः ।
तस्याशु कर्त्ये अङ्गुल्यौ दण्डं चार्हति षट्शतम् ॥ ३६७॥

જે માણસ બળજબરી કરી અહંકારપૂર્વક કન્યાને (આંગળીથી) દૂષિત કરે, તેની બન્ને આંગળીઓ તરતજ કાપી નંખાવવી અને તેને છસો પણનો દંડ કરવો. ૩૬૭

सकामां दूषयंस्तुल्यो नाङ्गुलिच्छेदमाप्नुयात् ।
द्विशतं तु दमं दाप्यः प्रसङ्गविनिवृत्तये ॥ ३६८ ॥

જે સજાતિ પુરુષ કામેચ્છાવાળી કન્યાને (આંગળીથી) દૂષિત કરે, તો તેને આંગળીઓના છેદની શિક્ષા આપવી નહિ, પણ અત્યાસક્તિના નિવારણ બદલ તેને બસો પણનો દંડ કરવો.

कन्यैव कन्यां या कुर्यात्तस्याः स्याद्द्विशतो दमः ।
शुल्कं च द्विगुणं दद्याच्छिफाश्चैवाप्नुयाद्दश ॥ ३६९ ॥

જે કન્યા બીજી કોઈ કન્યાને (આંગળીથી) બગાડે, તેને બસો પણનો દંડ કરવો. વળી દૂષિત કરાયેલી કન્યાના પિતાને તેણે બમણું મૂલ્ય આપવું અને દૂષિત કરનારીને દસ ચાબખાનો માર મારવો. ૩૬૯

या तु कन्यां प्रकुर्यात्स्त्री सा सद्यो मौण्ड्यमर्हति ।
अङ्गुल्योरेव वा छेदं खरेणोद्वहनं तथा ॥ ३७० ॥

જો કોઈ સ્ત્રી કોઈ કન્યાને (આંગળીથી) દૂષિત કરે, તો તેને તરતજ મુંડન કરી નાખવું, તેની આંગળીઓ કાપી નંખાવવી અને તેને ગધેડે બેસાડી ફેરવવી. ૩૭૦

भर्तारं लङ्घयेद्या तु स्त्री ज्ञातिगुणदर्पिता ।
तां श्वभिः खादयेद्राजा संस्थाने बहुसंस्थिते ॥ ३७१ ॥

જે સ્ત્રી પોતાનાં સગાંવહાલાં વિશેના ધન ડને લીધે તથા સ્ત્રી દર્પના અભિમાને કરીને પોતાના સ્વામીનું ઉલ્લંઘન કરે, તેને રાજાએ ઘણા માણસોના મેળાની જગાએ કુતરાં પાસે ફાડી ખવડાવવી. ૩૭૧

पुमांसं दाहयेत्पापं शयने तप्त आयसे।
अभ्यादध्युश्च काष्ठानि तत्र दह्येत पापकृत्॥ ३७२॥

વ્યભિચારનું પાપ કરનાર માણસને રાજાએ લોઢાના ધગધગતા ખાટલા ઉપર બાળી મૂકવો અને તે પાપ કરનારો ત્યાં બળીને ખાખ થાય તે સારૂ ઉપર લાકડાં મૂકવાં ૩૭૨

संवत्सराभिशस्तस्य दुष्टस्य द्विगुणो दमः।
व्रात्यया सह संवासे चाण्डाल्या तावदेव तु॥ ३७३॥

એક જ વરસમાં જેના ઉપર ફરીવાર વ્યભિચારનો આરોપ આવે. તે દુષ્ટનો બમણો દંડ કરવો. વ્રાત્ય જાતિની સ્ત્રી અને ચંડાળણ સાથે સંભોગ કરનારનો બમણો દંડ કરવો. ૩૭૩

शूद्रो गुप्तमगुप्तं वा द्वैजातं वर्णमावसन्।
अगुप्तमङ्गसर्वस्वैर्गुप्तं सर्वेण हीयते॥ ३७४॥

કોઈ શૂદ્ર દ્વિજાતિની કોઈ ધણિયાતી કે નધણિયાતી સ્ત્રી સાથે સહવાસ કરે, તો નધણિયાતી સ્ત્રી સાથે સહવાસ કર્યા બદલ તેની ગુહ્યેન્દ્રિય છેદી નાખવી અને ધણિયાતી સ્ત્રી સાથે તે કર્યા બદલ તેનાં સર્વ અંગો કાપી નાખવાં તથા તેનું સર્વ ધન હરી લેવું. ૩૭૪

वैश्यः सर्वस्वदण्डः स्यात्संवत्सरनिरोधतः।
सहस्रं क्षत्रियो दण्ड्यो मौण्ड्यं मूत्रेण चार्हति॥ ३७५॥

अभिषह्य तु यः कन्यां कुर्याद्दर्पेण मानवः।
तस्याशु कर्त्ये अङ्गुल्यौ दण्डं चार्हति षट्शतम् ॥३६७॥

જે માણસ બળજબરી કરી અહંકારપૂર્વક કન્યાને (આંગળીથી) દૂષિત કરે, તેની બન્ને આંગળીઓ તરત કાપી નંખાવવી અને તેને છસો પણનો દંડ કરવો. ૩૬૭

सकामां दूषयंस्तुल्यो नाङ्गुलिच्छेदमाप्नुयात्।
द्विशतं तु दमं दाप्यः प्रसङ्गविनिवृत्तये ॥३६८॥

જે સજાતિ પુરુષ કામેચ્છાવાળી કન્યાને (આંગળીથી) દૂષિત કરે, તો તેને આંગળીઓના છેદની શિક્ષા આપવી નહિ, પણ અત્યાસક્તિના નિવારણ બદલ તેને બસો પણનો દંડ કરવો.

कन्यैव कन्यां या कुर्यात्तस्याः स्याद्द्विशतो दमः।
शुल्कं च द्विगुणं दद्याच्छिफाश्चैवाप्नुयाद्दश ॥३६९॥

જે કન્યા બીજી કોઈ કન્યાને (આંગળીથી) બગાડે, તેને બસો પણનો દંડ કરવો. વળી દૂષિત કરાયેલી કન્યાના પિતાને તેણે બમણું મૂલ્ય આપવું અને દૂષિત કરનારીને દસ ચાબખાનો માર મારવો. ૩૬૯

या तु कन्यां प्रकुर्यात्स्त्री सा सद्यो मौण्ड्यमर्हति।
अङ्गुल्योरेव वा छेदं खरेणोद्वहनं तथा ॥३७०॥

જે કોઈ સ્ત્રી કોઈ કન્યાને (આંગળીથી) દૂષિત કરે, તો તેને તરતજ મુંડન કરી નાખવું, તેની આંગળીઓ કાપી નંખાવવી અને તેને ગધેડે બેસાડી ફેરવવી. ૩૭૦

भर्तारं लङ्घयेद्या तु स्त्री ज्ञातिगुणदर्पिता।
तां श्वभिः खादयेद्राजा संस्थाने बहुसंस्थिते ॥३७१॥

જે સ્ત્રી પોતાનાં સગાંવહાલાં વિશેના ઘમંડને લીધે તથા સૌંદર્યના અભિમાને કરીને પોતાના સ્વામીનું ઉલ્લંઘન કરે, તેને રાજાએ ઘણા માણસોના મેળાની જગાએ કૂતરાં પાસે ફાટી ખવડાવવી. ૩૭૧

पुमांसं दाहयेत्पापं शयने तप्त आयसे।
अभ्यादध्युश्च काष्ठानि तत्र दह्येत पापकृत् ॥ ३७२ ॥

વ્યભિચારનું પાપ કરનાર માણસને રાજાએ લોઢાના ધગધગતા ખાટલા ઉપર બાળી મૂકવો અને તે પાપ કરનારો ત્યાં બળીને ખાખ થાય તે સારુ ઉપર લાકડાં મૂકવાં ૩૭૨

संवत्सराभिशस्तस्य दुष्टस्य द्विगुणो दमः।
व्रात्यया सह संवासे चाण्डाल्या तावदेव तु ॥ ३७३ ॥

એકજ વરસમાં જેના ઉપર ફરીવાર વ્યભિચારનો આરોપ આવે, તે દુષ્ટનો બમણો દંડ કરવો. વ્રાત્ય જાતિની સ્ત્રી અને ચંડાળણ સાથે સંભોગ કરનારનો બમણો દંડ કરવો. ૩૭૩

शूद्रो गुप्तमगुप्तं वा द्वैजातं वर्णमावसन्।
अगुप्तमङ्गसर्वस्वैर्गुप्तं सर्वेण हीयते ॥ ३७४ ॥

કોઈ શૂદ્ર દ્વિજજાતિની કોઈ પણિયાતી કે નપણિયાતી સ્ત્રી સાથે સહવાસ કરે, તો નપણિયાતી સ્ત્રી સાથે સહવાસ કર્યા બદલ તેની ગુહ્યેન્દ્રિય છેદી નાખવી અને પણિયાતી સ્ત્રી સાથે તે કર્યા બદલ તેનાં સર્વ અંગો કાપી નાખવાં તથા તેનું સર્વ ધન હરી લેવું. ૩૭૪

वैश्यः सर्वस्वदण्डः स्यात्संवत्सरनिरोधतः।
सहस्रं क्षत्रियो दण्ड्यो मौण्ड्यं मूत्रेण चार्हति ॥ ३७५ ॥

વૈશ્ય જો ધણિયાતી બ્રાહ્મણ સ્ત્રી સાથે સંભોગ કરે, તો તેને એક વર્ષની કેદ આપવી. જો ક્ષત્રિય તે પ્રમાણે કરે, તો તેને એક હજાર પણનો દંડ કરવો અને ગધેડાના મૂતરથી તેનું માથું મુંડાવવું. ૩૭૫

ब्राह्मणीं यद्यगुप्तां तु गच्छेतां वैश्यपार्थिवौ ।
वैश्यं पञ्चशतं कुर्यात्क्षत्रियं तु सहस्रिणम् ॥ ३७६ ॥

જો વૈશ્ય અને ક્ષત્રિય નધણિયાતી બ્રાહ્મણી પાસે જાય, તો વૈશ્યને પાંચસો પણનો અને ક્ષત્રિયને એક હજાર પણનો દંડ કરવો. ૩૭૬

उभावपि तु तावेव ब्राह्मण्या गुप्तया सह ।
विप्लुतौ शूद्रवद्दण्ड्यौ दग्धव्यौ वा कटाग्निना ॥ ३७७ ॥

તે બન્ને જો કોઈ ધણિયાતી બ્રાહ્મણી સાથે સંગ કરે, તો તેમને શૂદ્રની જેમ દંડ કરવો અથવા તેમને કટ જાતના ઘાસના અગ્નિ વડે ફુંકી મુકવા. ૩૭૭

सहस्रं ब्राह्मणो दण्ड्यो गुप्तां विप्रां बलाद्व्रजन् ।
शतानि पञ्च दण्ड्यः स्यादिच्छन्त्या सह संगतः ॥ ३७८ ॥

જો કોઈ બ્રાહ્મણ રક્ષિત બ્રાહ્મણી સાથે બળાત્કારે સંગ સેવે, તો તેને એક હજાર પણનો દંડ કરવો; પણ તે જો તે બ્રાહ્મણીની ઈચ્છાથી તેનો સમાગમ કરે, તો તેને પાંચસો પણનો દંડ કરાય. ૩૭૮

मौण्ड्यं प्राणान्तिको दण्डो ब्राह्मणस्य विधीयते ।
इतरेषां तु वर्णानां दण्डः प्राणान्तिको भवेत् ॥ ३७९ ॥

વ્યભિચારના અપરાધમાં બ્રાહ્મણનું માથું બોડી નખાવું

એજ એને માટે દેહાંતદંડરૂપ છે. પણ બીજા વર્ણોને તો એ અપરાધ બદલ દેહાંતદંડની શિક્ષા હોયજ. ૩૭૯

न जातु ब्राह्मणं हन्यात्सर्वपापेष्वपि स्थितम्।
राष्ट्रादेनं बहिः कुर्यात्समग्रधनमक्षतम् ॥ ३८० ॥

બ્રાહ્મણ ભલે બધાંય પાપોમાં ડૂબ્યો હોય, તોપણ તેને દેહાંતદંડની શિક્ષા ન કરવી, પરંતુ તેને તો સમગ્ર ધન સાથે અક્ષત શરીરે દેશપાર કરવો. ૩૮૦

न ब्राह्मणवधाद्भूयानधर्मो विद्यते भुवि ।
तस्मादस्य वधं राजा मनसाऽपि न चिन्तयेत् ॥ ३८१ ॥

જગતમાં બ્રાહ્મણવધથી ભૂંડો કોઈ અધર્મ નથી. તેથી રાજાએ એના વધ માટે મનમાં પણ વિચાર કરવો નહિ. ૩૮૧

वैश्यश्चेत्क्षत्रियां गुप्तां वैश्यां वा क्षत्रियो व्रजेत्।
यो ब्राह्मण्यामगुप्तायां तावुभौ दण्डमर्हतः ॥ ३८२ ॥

વૈશ્ય જો ધણિયાતી ક્ષત્રાણી પાસે જાય અથવા ક્ષત્રિય જો ધણિયાતી વૈશ્ય સ્ત્રી પાસે જાય, તો નધણિયાતી બ્રાહ્મણીનો સંગ કરનારને જેટલો દંડ થાય તેટલો આ બેને પણ થાય.

[ क्षत्रियां चैव वैश्यां च गुप्तां तु ब्राह्मणो व्रजन् ।
न मूत्रमुण्डः कर्तव्यो दाप्यस्तूत्तमसाहसम् ॥

જો બ્રાહ્મણ ધણિયાતી ક્ષત્રિયાણી કે વૈશ્યાનો સંગ કરે તો મૂતરથી તેનું માથું મુંડાવવું નહિ. પણ તેને ઉત્તમ સાહસનો દંડ કરવો ]

सहस्रं ब्राह्मणो दण्डं दाप्यो गुप्ते तु ते व्रजन् ।
शूद्रायां क्षत्रियविशोः साहस्रो वै भवेद्दमः ॥ ३८३ ॥

જો બ્રાહ્મણ ક્ષત્રિય કે વૈશ્યની ધણિયાતી સ્ત્રી પાસે જાય, તો તેને એક હજાર પણનો દંડ કરવો. જો ક્ષત્રિય કે વૈશ્ય ધણિયાતી શૂદ્ર સ્ત્રીમાં ગમન કરે, તો તેને પણ એક હજાર પણનો દંડ થાય. ૩૮૩

क्षत्रियायामगुप्तायां वैश्ये पञ्चशतं दमः ।
मूत्रेण मौण्ड्यमिच्छेत्तु क्षत्रियो दण्डमेव वा ॥ ३८४ ॥

વૈશ્ય જો નધણિયાતી ક્ષત્રાણીનો સંગ કરે, તો તેને પાંચસો પણનો દંડ કરવો. પણ ક્ષત્રિય જો નધણિયાતી ક્ષત્રિયાણીનો સંગ કરે તો મૂતરથી તેનું મુંડન કરાવવું અથવા તેને પાંચસો પણનો દંડ કરવો. ૩૮૪

अगुप्ते क्षत्रियावैश्ये शूद्रां वा ब्राह्मणो व्रजन् ।
शतानि पञ्च दण्ड्यः स्यात्सहस्रं त्वन्त्यजस्त्रियम् ॥ ३८५ ॥

બ્રાહ્મણ જો નધણિયાતી ક્ષત્રિયાણી, વૈશ્યા કે શૂદ્રાનો સંગ કરે, તો તેને પાંચસો પણનો દંડ કરવો. તે જો અંત્યજ સ્ત્રીને સેવે, તો તેને એક હજાર પણનો દંડ કરવો. ૩૮૫

[ शूद्रोत्पन्नांशपापीयान्न वै मुच्येत किल्बिषात् ।
तेभ्यो दण्डाहृतं द्रव्यं न कोशे संप्रवेशयेत् ॥
अयाजिकं तु तद्राजा दद्याद्भृतकवेतनम् ।
यथा दण्डगतं वित्तं ब्राह्मणेभ्यस्तु लंभयेत् ॥

શૂદ્રથી ભિન્ન વર્ણની સ્ત્રીમાં ઉત્પન્ન થયેલા પાપી પુરુષ પાપમુક્ત થતા નથી. તેમની પાસેથી દંડરૂપે લીધેલું ધન ભંડારમાં દાખલ ન કરવું. જેમ દંડમાં આવેલું ધન બ્રાહ્મણોને આપવામાં આવે છે, તેમ ગવાયાગમાં અનુપયોગી એવું તે ધન રાજાએ નોકરચાકરોને વેતનમાં આપવું. ]

यस्य स्तेनः पुरे नास्ति नान्यस्त्रीगो न दुष्टवाक् ।
न साहसिकदण्डघ्नौ स राजा शक्रलोकभाक् ॥ ३८६ ॥

જે રાજાના નગરમાં ચોર નથી, પરસ્ત્રીગામી નથી, અપશબ્દ બોલનારો નથી, સાહસકર્મી નથી, તેમ મારામારી કરનારો નથી, તે રાજા ઇન્દ્રલોક ભોગવે છે. ૩૮૬

एतेषां निग्रहो राज्ञः पञ्चानां विषये स्वके ।
साम्राज्यकृत्सजात्येषु लोके चैव यशस्करः ॥ ३८७ ॥

પોતાના દેશમાં જે રાજા આ પાંચેને વશ રાખે છે, તે પોતાના સમાન રાજાઓમાં સામ્રાજ્ય ભોગવે છે અને લોકમાં યશ પામે છે. ૩૮૭

ऋत्विजं यस्त्यजेद्याज्यो याज्यं चार्त्विक्त्यजेद्यदि ।
शक्तं कर्मण्यदुष्टं च तयोर्दण्ड शतं शतम् ॥ ३८८ ॥

કર્મ કરાવી શકનારા અને શક્તિમાન એવા ઋત્વિજને જો યજમાન છોડી દે અને જો ઋત્વિજ કર્મ કરાવવાને યોગ્ય એવા નિર્દોષ યજમાનને તજી દે, તો તે બન્નેને સો સો પણનો દંડ કરવો. ૩૮૮

न माता न पिता न स्त्री न पुत्रस्त्यागमर्हति ।
त्यजन्नपतितानेतान्राज्ञा दण्ड्यः शतानि षट् ॥ ३८९ ॥

માતા, પિતા, પત્ની અને પુત્ર એમનો ત્યાગ કરવો નહિ. જે આ અપતિતોને તજે છે, તેનો રાજાએ છસો પણનો દંડ કરવો. ૩૮૯

आश्रमेषु द्विजातीनां कार्ये विवदतां मिथः ।
न [illegible]पो धर्मं चिकीर्षन्हितमात्मनः ॥ ३९० ॥

यथार्हमेतानभ्यर्च्य ब्राह्मणैः सह पार्थिवः ।
सान्त्वेन प्रशमय्यादौ स्वधर्मं प्रतिपादयेत् ॥ ३९१ ॥

બ્રાહ્મણ આદિ ત્રિવર્ણો ગૃહસ્થાદિ આશ્રમો સંબંધે પોતાનાં કાર્યો વિશે પરસ્પર વિવાદ કરતા હોય, તો આત્મહિત ઇચ્છતા રાજાએ વચ્ચે પડી ધર્મનિર્ણય કહી નાંખવો નહિ. રાજાએ તો પોતાના બ્રાહ્મણો સહિત તેમનો યોગ્ય સત્કાર કરવો. પ્રથમ તેમને સાંત્વન આપવું અને પછી તેમને સ્વધર્મ સમજાવવો. ૩૯૦, ૩૯૧

प्रातिवेश्यानुवेश्यौ च कल्याणे विंशतिद्विजे ।
अर्हावभोजयन्विप्रो दण्डमर्हति माषकम् ॥ ३९२ ॥

મંગલપ્રસંગે વીસ બ્રાહ્મણોને ભોજન અપાતું હોય, ત્યાં જે બ્રાહ્મણ ઘરમાં કાયમ રહેનારા અને આંતરેઆંતરે ત્યાં આવનારા યોગ્ય બ્રાહ્મણોને ન જમાડે, તેને રૂપાના એક માષાનો દંડ કરવો. ૩૯૨

श्रोत्रियः श्रोत्रियं साधुं भूतिकृत्येष्वभोजयन् ।
तदन्नं द्विगुणं दाप्यो हिरण्यं चैव माषकम् ॥ ३९३ ॥

જે શ્રોત્રિય બ્રાહ્મણ ઉત્સવકાર્યોમાં ઉત્તમ શ્રોત્રિયને જમાડે નહિ, તેણે બમણું અન્ન અને એક સુવર્ણ માષો એટલો દંડ આપવો. ૩૯૩

જુદા જુદા કર લેવા વિષે—

अन्धो जडः पीठसर्पी सप्तत्या स्थविरश्च यः ।
श्रोत्रियेषूपकुर्वंश्च न दाप्याः केनचित्करम् ॥ ३९४ ॥

આંધળો, બહેરો, પાંગળો, સિત્તેર વરસનો ઘરડો અને

શ્રોત્રિયોને ઉપકારક એટલા પાણીથી કોઈ પણ જાતનો કર રાજાએ ન લેવો. ૩૯૪

श्रोत्रियं व्याधितार्तौ च बालवृद्धावकिंचनम् ।
महाकुलीनमार्यं च राजा संपूजयेत्सदा ॥ ३९५ ॥

શ્રોત્રિય, રોગી, દુઃખી, બાલક, વૃદ્ધ, અકિંચન, મહાકુલીન અને આર્ય એમને રાજાએ સદૈવ સત્કાર આપવો. ૩૯૫

शाल्मलीफलके श्लक्ष्णे नेनिज्यान्नेजकः शनैः ।
न च वासांसि वासोभिर्निर्हरेन्न च वासयेत् ॥ ३९६ ॥

ધોબીએ શીમળાના લીસા પાટિયા ઉપર ધીરે ધીરે લુગડાં ધોવાં. તેણે એકબીજાનાં લુગડાં [illegible], તેમ બીજાને પહેરવા પણ આપવાં નહિ. ૩૯૬

तन्तुवायो दशपलं दद्यादेकपलाधिकम् ।
अतोऽन्यथा वर्तमानो दाप्यो द्वादशकं दमम् ॥ ३९७ ॥

વણકરે દશ પલ સૂતર લઈ [illegible] પાછું આપવું. તે તેથી [illegible] તો, [illegible] દંડ કરવો. ૩૯૭

शुल्कस्थानेषु कुशलाः सर्वपण्यविचक्षणाः ।
कुर्युरर्घं यथापण्यं ततो विंशं नृपो हरेत् ॥ ३९८ ॥

[illegible] ૩૯૮

राज्ञः प्रख्यातभाण्डानि प्रतिषिद्धानि यानि च ।
तानि निर्हरतो लोभात्सर्वहारं हरेन्नृपः ॥ ३९९ ॥

હાથી, ઘોડા આદિ જે વસ્તુઓ રાજાના કામની ઠરી થઈ હોય અને જે વસ્તુઓને પરદેશમાં વેચવાની રાજાએ બંધી કરી હોય, તેને જો કોઈ વેપારી લોભથી દેશાંતરમાં સરકાવી દે. તો રાજાએ તેનું સર્વસ્વ હરી લેવું. ૩૯૯

शुल्कस्थानं परिहरन्नकाले क्रयविक्रयी।
मिथ्यावादी च संख्याने दाप्योऽष्टगुणमत्ययम् ॥ ४००॥

જે દાણનાં નાકાં ચુકાવી દે, જે કવખતે ખરીદી-વેચાણ કરે અને જે માલનો ભળતો આંકડો આપે, તેને રાજાએ માલની કિંમતથી આઠગણો દંડ કરવો. ૪૦૦

आगमं निर्गमं स्थानं तथा वृद्धिक्षयावुभौ।
विचार्य सर्वपण्यानां कारयेत्क्रयविक्रयौ ॥ ४०१ ॥

માલની આયાત અને નિકાસ, તેનાં સ્થાન, તેમજ તેનો નફોતોટો એ બધું વિચારીને સર્વ માલના ખરીદી–વેચાણના ભાવ ઠરાવવા. ૪૦૧

पञ्चरात्रे पञ्चरात्रे पक्षे पक्षेऽथवा गते।
कुर्वीत चैषां प्रत्यक्षमर्घसंस्थापनं नृपः ॥ ४०२॥

રાજાએ એ વેપારીઓની હાજરીમાં પાંચ પાંચ દિવસે કે પખવાડિયે પખવાડિયે એ સર્વ માલના ભાવ ઠેરવવા. ૪૦૨

तुलामानं प्रतीमानं सर्वं च स्यात्सुलक्षितम्।
षट्सु षट्सु च मासेषु पुनरेव परीक्षयेत् ॥ ४०३ ॥

તમામ કાંટા ને માપિયાંને બરાબર તપાસેલાં રાખવાં અને છ છ મહિને તેમની ફરીથી પરીક્ષા કરવી. ૪૦૩

નૌકામાં બેસનારાઓનો વ્યવહાર—

पणं यानं तरे दाप्यं पौरुषोऽर्धपणं तरे।
पादं पशुश्च योषिच्च पादार्धं रिक्तकः पुमान् ॥ ४०४ ॥

પારઉતરણ માટે ખાલી વાહનનો એક પણ, ભાર સાથેના પુરુષનો અર્ધો પણ, પશુ તથા સ્ત્રીનો એક ચતુર્થાંશ પણ અને ભાર વિનાના પુરુષનો એક અષ્ટમાંશ પણ એમ લેવું ૪૦૪

भाण्डपूर्णानि यानानि तार्यं दाप्यानि सारतः।
रिक्तभाण्डानि यत्किंचित्पुमांसश्चापरिच्छदाः ॥ ४०५ ॥

માલથી ભરેલાં વાહનોની પારઉતરાઈ તેમના માલના પ્રમાણમાં લેવી. માલ વિનાનાં વાહનો અને ગરીબ માણસો પાસે સાધારણ જેવી ઉતરાઈ લેવી. ૪૦૫

दीर्घाध्वनि यथादेशं यथाकालं तरो भवेत्।
नदीतीरेषु तद्विद्यात्समुद्रे नास्ति लक्षणम् ॥ ४०६ ॥

સફર લાંબા પંથની હોય, તો દેશ અને કાળ [illegible] ઉતરાઈ લેવી. આ ઉતરાઈની રચના નદીપાર [illegible] માં જાણવી—તે સમુદ્રપાર કરવા સંબંધમાં નથી. ૪૦૬

गर्भिणी तु द्विमासादिस्तथा प्रव्रजितो मुनिः।
ब्राह्मणा लिङ्गिनश्चैव न दाप्यास्तारिकं [illegible]

બે મહિના ઉપરની ગર્ભવતી [illegible] બ્રાહ્મણ અને બ્રહ્મચારી એમની [illegible] ઉતરાઈ લેવી નહિ. ૪૦૭

यन्नावि किंचिद्दाशानां [illegible]
तद्दाशैरेव दातव्यं [illegible]

ખલાસીઓના અપરાધે કરીને વહાણમાં જે કાંઈ ભાંગ તૂટ થાય, તે ખલાસીઓએજ ભેગા મળીને પોતાના હિસ્સા પ્રમાણે ભરી આપવી. ૪૦૮

**एष नौयायिनामुक्तो व्यवहारस्य निर्णयः ।**
**दाशापराधतस्तोये दैविके नास्ति निग्रहः ॥ ४०९ ॥**

વહાણવટીઓના વ્યવહાર સંબંધી આ નિર્ણય કહ્યો. ખલાસીઓનો અપરાધ હોય, ત્યારેજ તેમણે આ નુકસાની ભરી આપવાની હોય; પણ આસમાની વખતે તેમના ઉપર આ બંધન ન હોય. ૪૦૯

દાસ તથા સ્વામીનો સંબંધ—

**वाणिज्यं कारयेद्वैश्यं कुसीदं कृषिमेव च ।**
**पशूनां रक्षणं चैव दास्यं शूद्रं द्विजन्मनाम् ॥ ४१० ॥**

વૈશ્ય પાસે રાજાએ વેપાર, વ્યાજવટંતર, ખેતી અને પશુરક્ષણ કરાવવાં, શૂદ્ર પાસે તેણે દ્વિજવર્ણોની સેવા કરાવવી.

**क्षत्रियं चैव वैश्यं च ब्राह्मणो वृत्तिकर्शितौ ।**
**बिभृयादानृशंस्येन स्वानि कर्माणि कारयन् ॥ ४११ ॥**

ક્ષત્રિયો અને વૈશ્યો જો આજીવિકા ચલાવવામાં દુખમાં પડ્યા હોય, તો બ્રાહ્મણે દયાપૂર્વક પોતાનાં કર્મો તેમની પાસે કરાવી તેમનું ભરણપોષણ કરવું. ૪૧૧

**दास्यं तु कारयँल्लोभाद्ब्राह्मणः संस्कृतान्द्विजान् ।**
**अनिच्छतः प्राभवत्याद्राज्ञा दण्ड्यः शतानि षट् ॥४१२॥**

દાસપણું કરાવતો જે બ્રાહ્મણ સંસ્કારવાળા બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યને તેમની અનિચ્છા છતાં લોભે કરીને દાસકર્મમાં જોડે, તો તેને રાજાએ છસો પણનો દંડ કરવો

शूद्रं तु कारयेद्दास्यं क्रीतमक्रीतमेव वा।
दास्यायैव हि सृष्टोऽसौ ब्राह्मणस्य स्वयंभुवा॥ ४१३॥

ખરીદેલા અથવા ન ખરીદેલા એવા શૂદ્ર પાસેજ બ્રાહ્મણે દાસકર્મ કરાવવું. કેમકે સ્વયંભૂ બ્રહ્માએ શૂદ્રને બ્રાહ્મણના દાસપણા માટેજ સર્જ્યો છે. ૪૧૩

न स्वामिना निसृष्टोऽपि शूद्रो दास्याद्विमुच्यते।
निसर्गजं हि तत्तस्य कस्तस्मात्तदपोहति॥ ४१४॥

સ્વામી જો શૂદ્રને દાસપણામાંથી મુક્ત કરે, તોપણ તે શૂદ્ર તેમાંથી મુક્ત થઈ શકતો નથી. એ દાસપણું તો એને માટે સ્વભાવસિદ્ધ છે, તો કોણ એને તેમાંથી છોડાવી શકે? ૪૧૪

ध्वजाहृतो भक्तदासो गृहजः क्रीतदत्रिमौ।
पैत्रिको दण्डदासश्च सप्तैते दासयोनयः॥ ४१५॥

ધ્વજાહૃત (યુદ્ધમાં જીતી આણેલો), ભક્તદાસ (ખાવા બદલ રહેલો), ગૃહજ (ઘરની દાસીને પેટે જન્મેલો), ક્રીત (વેચાતો લીધેલો), દત્રિમ (કોઈએ દાનમાં આપેલો), પૈત્રિક (પેઢીદર ચાકરી કરતો) અને દંડદાસ (દંડ ભરવાની અશક્તિને લીધે ચાકરીએ આવેલો), એમ સાત પ્રકારના દાસો છે.

भार्या पुत्रश्च दासश्च त्रय एवाधनाः स्मृताः।
यत्ते समधिगच्छन्ति यस्य ते तस्य तद्धनम्॥ ४१६॥

પત્ની, પુત્ર અને દાસ એ ત્રણેને અધન (ધનના સ્વામીપણા વિનાનાં) કહ્યાં છે. તેઓ જે ધન સંપાદન કરે છે, તે તેઓ જેમનાં હોય તેમનું થાય છે. ૪૧૬

विस्रब्धं ब्राह्मणः शूद्राद्द्रव्योपादानमाचरेत् ।
नहि तस्यास्ति किंचित्स्वं भर्तृहार्यधनो हि सः ॥ ४१७॥

બ્રાહ્મણે પોતાના શૂદ્ર દાસ પાસેથી તેનું દ્રવ્ય નિઃસંકોચ લઈ લેવું; કેમકે તે દાસને પોતાનુ એવુ કંઈ દ્રવ્ય નથી. એનુ ધન હોય તે પણ સ્વામીએ લઈ લેવાનું છે. ૪૧૭

वैश्यशूद्रौ प्रयत्नेन स्वानि कर्माणि कारयेत् ।
तौ हि च्युतौ स्वकर्मभ्यः क्षोभयेतामिदं जगत् ॥ ४१८॥

રાજાએ વૈશ્યો પાસે ખેતીવાડી, વેપાર વગેરે કર્મ કરાવવાં અને શૂદ્રોની પાસે સેવા વગેરે કર્મ કરાવવાં. સ્વકર્મોથી ચ્યુત થયેલા તેઓ આ જગતને ખળભળાવી મૂકે છે.

अहन्यहन्यवेक्षेत कर्मान्तान्वाहनानि च ।
आयव्ययौ च नियतावाकरान्कोशमेव च ॥ ४१९ ॥

રાજાએ રોજરોજ આરંભેલાં કર્મનાં પરિણામોની, વાહનોની, નિયમિત આવકજાવકની, ખાણોની તેમજ ભંડારની તપાસ કરવી. ૪૧૯

एवं सर्वानिमान्राजा व्यवहारान्समापयन् ।
व्यपोह्य किल्बिषं सर्वं प्राप्नोति परमां गतिम् ॥ ४२० ॥

જે રાજા આ પ્રમાણે આ સર્વ વ્યવહારોની યથાર્થ સિદ્ધિ કરે છે, તે સર્વ પાપોનો નાશ કરીને પરમગતિને પામે છે. ૪૨૦

॥ इतिश्री मानवधर्मशास्त्रे भृगुप्रोक्तायां संहितायां अष्टमोऽध्यायः॥
ઇતિશ્રી માનવધર્મશાસ્ત્રે ભૃગુકથિત સંહિતામાં અધ્યાય ૮ મો સમાપ્ત

# अध्याय ९ मो

पुरुषस्य स्त्रियाश्चैव धर्म्ये वर्त्मनि तिष्ठतोः।
संयोगे विप्रयोगे च धर्मान्वक्ष्यामि शाश्वतान् ॥ १ ॥

ધર્મમાર્ગે રહેનારાં પુરુષો અને સ્ત્રીઓના સંયોગ અને વિયોગ સંબંધી જે સનાતન ધર્મો છે તે હું કહીશ. ૧

अस्वतन्त्राः स्त्रियः कार्याः पुरुषैः स्वैर्दिवानिशम्।
विषयेषु च सज्जन्त्यः संस्थाप्या आत्मनो वशे ॥ २ ॥

પુરુષોએ પોતે સ્ત્રીઓને રાતદિવસ અસ્વતંત્ર રાખવી. વળી વિષયોમાં સજ્જ થનારી સ્ત્રીઓને પોતાના વશમાં લાવવી. ૨

સ્ત્રીનું રક્ષણ કરવું—

पिता रक्षति कौमारे भर्ता रक्षति यौवने।
रक्षन्ति स्थविरे पुत्रा न स्त्री स्वातन्त्र्यमर्हति ॥ ३ ॥

એને કૌમારમાં પિતા રક્ષે, યૌવનમાં પતિ રક્ષે અને ઘડપણમાં પુત્રો રક્ષે–સ્ત્રીને સ્વતંત્રતા ન ઘટે. ૩

कालेऽदाता पिता वाच्यो वाच्यश्चानुपयन्पतिः।
मृते भर्तरि पुत्रस्तु वाच्यो मातुररक्षिता ॥ ४ ॥

યોગ્યકાલે કન્યાદાન ન કરનારો પિતા, ઋતુકાલે પત્નીગમન ન કરનાર પતિ અને ભર્તા અવસાન પામતાં માતાને રક્ષણ ન આપનારો પુત્ર, એ નિંદાપાત્ર થાય છે. ૪

सूक्ष्मेभ्योऽपि प्रसङ्गेभ्यः स्त्रियो रक्ष्या विशेषतः।
द्वयोर्हि कुलयोः शोकमावहेयुररक्षिताः ॥ ५ ॥

સૂક્ષ્મ પ્રસંગોથી પણ સ્ત્રીઓનુ ખાસ રખોપુ કરવુ. રખોપા વિનાની તે સ્ત્રીઓ પિયર અને સાસરું એમ બે કુળને સંતાપ લાવે છે. ૫

[ भार्यायां रक्ष्यमाणायां प्रजा भवति रक्षिता ।
प्रजायां रक्ष्यमाणायामात्मा भवति रक्षितः ॥

સ્ત્રીનું રક્ષણ કરવામાં આવે, તો પ્રજા રક્ષિત થાય છે. પ્રજાનું રક્ષણ કરવામાં આવે, તો પોતે પંડે રક્ષિત બને છે. ]

इमं हि सर्ववर्णानां पश्यन्तो धर्ममुत्तमम् ।
यतन्ते रक्षितु भार्यां भर्तारो दुर्बला अपि ॥ ६ ॥

સર્વ વર્ણો માટેના સ્ત્રીરક્ષણરૂપી આ ઉત્તમ ધર્મને જોનારા પતિઓ પોતે દુર્બળ હોય તો પણ પત્નીનું રક્ષણ કરવા માટે પ્રયત્ન કરે છે. ૬

स्वां प्रसूतिं चरित्रं च कुलमात्मानमेव च ।
स्वं च धर्मं प्रयत्नेन जायां रक्षन्हि रक्षति ॥ ७ ॥

જે પુરુષ પોતાની પત્નીને રક્ષે છે, તે પોતાનાં સંતાનને, ચારિત્ર્યને, કુળને, પંડને, તેમજ ધર્મને પણ પ્રયત્નપૂર્વક રક્ષે છે. ૭

पतिर्भार्यां संप्रविश्य गर्भो भूत्वेह जायते ।
जायायास्तद्धि जायात्वं यदस्यां जायते पुनः ॥ ८ ॥

પતિ પત્નીમાં (શુક્રરૂપે) પ્રવેશી ગર્ભરૂપ (પુત્રરૂપે) થઈ આ લોકમાં ફરી જન્મે છે. આમ, પુરુષ ફરીને પત્નીમાં જન્મ પામે છે. તેનાથી જ જાયાનું જાયાપણું છે. ૮

यादृशं भजते हि स्त्री सुतं सूते तथाविधम् ।
तस्मात्प्रजाविशुद्ध्यर्थं स्त्रियं रक्षेत्प्रयत्नतः ॥ ९ ॥

સ્ત્રી જેવા પુરુષને ભજે છે, તેવાજ પુત્રને તે જન્મ આપે છે. તેથી પ્રજાની વિશુદ્ધિ સારુ સ્ત્રીને પ્રયત્નપૂર્વક રક્ષવી. ૯

न कश्चिद्योषितः शक्तः प्रसह्य परिरक्षितुम् ।
एतैरुपाययोगैस्तु शक्यास्ताः परिरक्षितुम् ॥ १० ॥

કોઈ પણ માણસ બળજબરાઈથી સ્ત્રીને રક્ષી શકે નહિ; પરંતુ નીચેના ઉપાયોના યોગોથીજ રક્ષી શકાય. ૧૦

સ્ત્રીના રક્ષણના ઉપાય—

अर्थस्य संग्रहे चैनां व्यये चैव नियोजयेत् ।
शौचे धर्मेऽन्नपक्त्यां च पारिणाह्यस्य वेक्षणे ॥ ११ ॥

ધનના સંગ્રહનાં, તેના ખરચનાં, સ્નાન આદિ શૌચનાં, પૂજા આદિ ધર્મનાં, રસોઈનાં અને ઘરવખરીની સંભાળનાં એ કામોની સોંપણ સ્ત્રીને કરવી. ૧૧

अरक्षिता गृहे रुद्धाः पुरुषैराप्तकारिभिः ।
आत्मानमात्मना यास्तु रक्षेयुस्ताः सुरक्षिताः ॥ १२ ॥

વિશ્વાસુ અને આજ્ઞાધીન માણસો દ્વારા ઘરમાં ગોંધી રાખવાથી સ્ત્રીઓ અરક્ષિત છે. પણ જે સ્ત્રીઓ પોતેજ પોતાને રક્ષે છે, તેજ સ્ત્રીઓ સુરક્ષિત રહી શકે છે. ૧૨

पानं दुर्जनसंसर्गः पत्या च विरहोऽटनम् ।
स्वप्नोऽन्यगेहवासश्च नारीसंदूषणानि षट् ॥ १३ ॥

મદ્યપાન, દુર્જનની સોબત, પતિનો વિયોગ, રખડરઝળ, ઊંઘણશીપણું અને પરઘેર વાસ—એ ૭ નારીઓનાં દૂષણ છે.

नैता रूपं परीक्षन्ते नासां वयसि संस्थितिः ।
सुरूपं वा विरूपं वा पुमानित्येव भुञ्जते ॥ १४ ॥

સૂક્ષ્મ પ્રસંગોથી પણ સ્ત્રીઓનું ખાસ રક્ષણ કરવું. રક્ષણ વિનાની તે સ્ત્રીઓ પિયર અને સાસરું એમ બેઉ કુળને સંતાપ લાવે છે. ૫

[ भार्यायां रक्ष्यमाणायां प्रजा भवति रक्षिता ।
प्रजायां रक्ष्यमाणायामात्मा भवति रक्षितः ॥

સ્ત્રીનું રક્ષણ કરવામાં આવે, તો પ્રજા રક્ષિત થાય છે. પ્રજાનું રક્ષણ કરવામાં આવે, તો પોતે પણ રક્ષિત બને છે.]

इमं हि सर्ववर्णानां पश्यन्तो धर्ममुत्तमम् ।
यतन्ते रक्षितुं भार्यां भर्तारो दुर्बला अपि ॥ ६ ॥

સર્વ વર્ણો માટેના સ્ત્રીરક્ષણરૂપી આ ઉત્તમ ધર્મને જોનારા પતિઓ પોતે દુર્બળ હોય તો પણ પત્નીનું રક્ષણ કરવા માટે પ્રયત્ન કરે છે. ૬

स्वां प्रसूतिं चरित्रं च कुलमात्मानमेव च ।
स्वं च धर्मं प्रयत्नेन जायां रक्षन्हि रक्षति ॥ ७ ॥

જે પુરુષ પોતાની પત્નીને રક્ષે છે, તે પોતાનાં સંતાનને, ચારિત્ર્યને, કુળને, પંડને, તેમજ ધર્મને પણ પ્રયત્નપૂર્વક રક્ષે છે. ૭

पतिर्भार्यां संप्रविश्य गर्भो भूत्वेह जायते ।
जायायास्तद्धि जायात्वं यदस्यां जायते पुनः ॥ ८ ॥

પતિ પત્નીમાં (શુક્રરૂપે) પ્રવેશી ગર્ભરૂપ (પુત્રરૂપે) થઈ આ લોકમાં ફરી જન્મે છે. આમ, પુરુષ ફરીને પત્નીમાં જન્મ પામે છે, તેથી જ જાયાનું જાયાપણું છે. ૮

यादृशं भजते हि स्त्री सुतं सूते तथाविधम् ।
तस्मात्प्रजाविशुद्ध्यर्थं स्त्रियं रक्षेत्प्रयत्नतः ॥ ९ ॥

સ્ત્રી જેવા પુરુષને ભજે છે, તેવાજ પુત્રને તે જન્મ આપે છે. તેથી પ્રજાની વિશુદ્ધિ સારૂ સ્ત્રીને પ્રયત્નપૂર્વક રક્ષવી. ૯

न कश्चिद्योषितः शक्तः प्रसह्य परिरक्षितुम् ।
एतैरुपाययोगैस्तु शक्यास्ताः परिरक्षितुम् ॥ १० ॥

કોઈ પણ માણસ બળજબરાઇથી સ્ત્રીને રક્ષી શકે નહિ; પરંતુ નીચેના ઉપાયોના યોગોથીજ રક્ષી શકાય. ૧૦

સ્ત્રીના રક્ષણના ઉપાય—

अर्थस्य संग्रहे चैनां व्यये चैव नियोजयेत् ।
शौचे धर्मेऽन्नपक्त्यां च पारिणाह्यस्य वेक्षणे ॥ ११ ॥

ધનના સંગ્રહનાં, તેના ખરચનાં, સ્નાન આદિ શૌચનાં, પૂજા આદિ ધર્મનાં, રસોઈનાં અને ઘરવખરીની સંભાળનાં એ કામોની સોંપણ સ્ત્રીને કરવી ૧૧

अरक्षिता गृहे रुद्धाः पुरुषैराप्तकारिभिः ।
इतरे कृतवन्तस्तु पापान्येतान्यकामतः ।
सर्वस्वहारमर्हन्ति कामतस्तु प्रवासनम् ॥ २४२ ॥

પરંતુ બીજા વર્ણવાળાઓ જો અજાણતાં પણ આ પાપો કરે તો તેમનું સર્વસ્વ હરી લેવું. તેઓ જો જાણીજોઈને આ પાપો કરે તો તેમને દેશનિકાલ કરવા. ૨૪૨

नाददीत नृपः साधुर्महापातकिनो धनम् ।
आददानस्तु तल्लोभात्तेन दोषेण लिप्यते ॥ २४३ ॥

ધાર્મિક રાજાએ મહાપાપીનુ ધન ન લેવું લોભે કરીને જે તે ધન લે છે, તે દોષથી ખરડાય છે. ૨૪૩

अप्सु प्रवेश्य तं दण्डं वरुणायोपपादयेत् ।
श्रुतवृत्तोपपन्ने वा ब्राह्मणे प्रतिपादयेत् ॥ २४४ ॥

દંડરૂપે આવેલ તે ધનને પાણીમાં નાખી વરુણદેવને અર્પવું અથવા વેદસંપન્ન સદાચારી બ્રાહ્મણને આપી દેવું.

ईशो दण्डस्य वरुणो राज्ञां दण्डधरो हि सः ।
ईशः सर्वस्य जगतो ब्राह्मणो वेदपारगः ॥ २४५ ॥

દંડનો સ્વામી વરુણ છે, કેમકે તે રાજાઓનેય દંડ દેનારો છે; અને વેદમાં પારગત થયેલો બ્રાહ્મણ અખિલ જગતનો ઈશ છે.

यत्र वर्जयते राजा पापकृद्भ्यो धनागमम् ।
तत्र कालेन जायन्ते मानवा दीर्घजीविनः ॥ २४६ ॥

જ્યાં રાજા પાપ કરનારાઓ તરફથી આવતા ધનને વર્જે છે, ત્યાં માણસો કાળે કરીને લાંબી આવરદાવાળાં થાય છે. ૨૪૬

निष्पद्यन्ते च सस्यानि यथोप्तानि विशां पृथक् ।
बालाश्च न प्रमीयन्ते विकृतं न च जायते ॥ २४७ ॥

ત્યાં જમીનમાં વિવિધ ધાન્યો વાવ્યા પ્રમાણે પાકે છે, ત્યાં બાલકો મરતાં નથી અને કોઈ ખોડખાંપણવાળુ પણ જનમતું નથી ૨૪૭

ब्राह्मणान्बाधमानं तु कामादवरवर्णजम् ।
हन्याच्चित्रैर्वधोपायैरुद्वेजनकरैर्नृपः ॥ २४८ ॥

અન્ય વર્ણનો જે કોઈ માણસ બ્રાહ્મણને જાણીજોઈને પીડા કરે છે, તેને રાજાએ ઉદ્વેગ પમાડે એવા અનેક વધોપાયોથી મારી નાખવો. ૨૪૮

यावानवध्यस्य वधे तावान्वध्यस्य मोक्षणे।
अधर्मो नृपतेर्दृष्टो धर्मस्तु विनियच्छतः॥ २४९॥

વધને અયોગ્ય એવા માણસનો વધ કરવાથી રાજાને જેટલો અધર્મ લાગે છે, તેટલો અધર્મ તેને વધને યોગ્ય એવા માણસને છોડી દેવાથી લાગે છે. પરંતુ યથાશાસ્ત્ર દંડ દેવાથી રાજા ધર્મફળ પામે છે. ૨૪૯

उदितोऽयं विस्तरशो मिथो विवदमानयोः।
अष्टादशसु मार्गेषु व्यवहारस्य निर्णयः॥ २५०॥

રાજાનું કર્તવ્ય—

અઢાર જાતના વ્યવહારો વિશે પરસ્પર વિવાદ કરનારાઓના સંબંધમાં આ વિસ્તારપૂર્વક નિર્ણય કહ્યો. ૨૫૦

एवं धर्म्याणि कार्याणि सम्यक्कुर्वन्महीपतिः।
देशानलब्धांल्लिप्सेत लब्धांश्च परिपालयेत्॥ २५१॥

આમ રૂડી રીતે ધર્મ્ય કાર્યો કરનારો રાજા નહિ મળેલા દેશોને મેળવવા ઇચ્છે અને મેળવેલા દેશોનું પાલન કરે. ૨૫૧

सम्यङ्निविष्टदेशस्तु कृतदुर्गश्च शास्त्रतः।
कण्टकोद्धरणे नित्यमातिष्ठेद्यत्नमुत्तमम्॥ २५२॥

[illegible]

रक्षणादार्यवृत्तानां कण्टकानां च शोधनात् ।
नरेन्द्रास्त्रिदिवं यान्ति प्रजापालनतत्पराः ॥ २५३ ॥

પ્રજાપાલનમાં તત્પર રહેલા રાજાઓ, સદાચારી માણસોનું રક્ષણ કરવાથી તથા કંટકરૂપ દુષ્ટોને યોગ્ય દંડ દેવાથી સ્વર્ગને વિશે જાય છે. ૨૫૩

अशासंस्तस्करान्यस्तु बलिं गृह्णाति पार्थिवः ।
तस्य प्रक्षुभ्यते राष्ट्रं स्वर्गाच्च परिहीयते ॥ २५४ ॥

પણ જે રાજા ચોરોને સજા કરતા નથી અને છતાં કર લે છે, તેનું રાજ્ય ખળભળી ઊઠે છે અને તે સ્વર્ગથી [illegible] થાય છે. ૨૫૪

निर्भयं तु भवेद्यस्य राष्ट्रं बाहुबलाश्रितम् ।
तस्य तद्वर्धते नित्यं सिच्यमान इव द्रुमः ॥ २५५ ॥

પરંતુ જે રાજાના બાહુબળના આશ્રયે કરીને રાજ્ય નિર્ભય રહે છે, તેનું રાજ્ય નિત્ય સિંચન પામતા વૃક્ષની જેમ [illegible] પામે છે. ૨૫૫

द्विविधांस्तस्करान्विद्यात्परद्रव्यापहारकान् ।
प्रकाशांश्चाप्रकाशांश्च चारचक्षुर्महीपतिः ॥ २५६ ॥

પારકું દ્રવ્ય હરી લેનારા [illegible] ચોરોને [illegible] ૨૫૬

प्रकाशवञ्चकास्तेषां नानापण्योपजीविनः ।
प्रच्छन्नवञ्चकास्त्वेते ये स्तेनाटविकादयः ॥ २५७ ॥

તેમાં [illegible] ૨૫૭

उत्कोचकाश्चोपधिका वञ्चकाः कितवास्तथा ।
मङ्गलादेशवृत्ताश्च भद्राश्चेक्षणिकैः सह ॥ २५८ ॥
असम्यक्कारिणश्चैव महामात्राश्चिकित्सकाः ।
शिल्पोपचारयुक्ताश्च निपुणाः पण्ययोषितः ॥ २५९ ॥
एवमादीन्विजानीयात्प्रकाशाँल्लोककण्टकान् ।
निगूढचारिणश्चान्याननार्यानार्यलिङ्गिनः ॥ २६० ॥

લાંચ લેનારા, ભય બતાવી પૈસા પડાવનારા, છળકપટ કરનારા, જુગારી, ખોટી મંગલ વાતો કહી પેટ ભરનારા, ભલું ભલું બતાવી પૈસા કઢાવનારા, હાથની રેખા ઉપરથી ફલાદેશ કહી પેટિયું મેળવનારા, અવળાં કામો કરનારા મોટા અધિકારીઓ, ધૂર્ત વૈદ્યો, શિલ્પના ધંધામાં રહી ધન ફોસલાવી જનારાઓ, હોશિયાર બજારુ સ્ત્રીઓ વગેરે લોકનાં ખુલ્લાં કંટકરૂપોને તેમજ આર્યવેશ ધારણ કરનારા બીજા છૂપા ફરતા અનાર્યોને રાજાએ વર્તી લેવા. ૨૫૮–૨૬૦

तान्विदित्वा सुचरितैर्गूढैस्तत्कर्मकारिभिः ।
चारैश्चानेकसंस्थानैः प्रोत्साद्य वशमानयेत् ॥ २६१ ॥

પોતાના કામમાં કુશળ, સુચરિત, ગુપ્ત અને અનેક સ્થાનોમાં રહેનારા દૂતો દ્વારા ઉપર કહેલા લોકો વિશે જાણી લેવું અને તેમને ચોર વગેરેને આગળ લાવીને વશ કરવા. ૨૬૧

तेषां दोषानभिख्याप्य स्वे स्वे कर्मणि तत्त्वतः ।
कुर्वीत शासनं राजा सम्यक्सारापराधतः ॥ २६२ ॥

રાજાએ તે ચોર વગેરેના જે જે અપરાધો હોય, તે તત્ત્વતાએ પ્રકટ કરવા અને તેમના અપરાધ પ્રમાણે તેમને યથાર્થ શિક્ષા કરવી. ૨૬૨

न हि दण्डादृते शक्यः कर्तुं पापविनिग्रहः ।
स्तेनानां पापबुद्धीनां निभृतं चरतां क्षितौ ॥ २६३ ॥

પૃથ્વી ઉપર છાનાછપકા ફરતા પાપી મનના ચોરોનાં પાપોને દંડ સિવાય અંકુશમાં લાવી શકાતાં નથી. ૨૬૩

सभाप्रपापूपशालावेशमद्यान्नविक्रयाः ।
चतुष्पथाश्चैत्यवृक्षाः समाजाः प्रेक्षणानि च ॥ २६४ ॥
जीर्णोद्यानान्यरण्यानि कारुकावेशनानि च ।
शून्यानि चाप्यगाराणि वनान्युपवनानि च ॥ २६५ ॥
एवंविधान्नृपो देशान्गुल्मैः स्थावरजङ्गमैः ।
तस्करप्रतिषेधार्थं चारैश्चाप्यनुचारयेत् ॥ २६६ ॥

સભા, પરબ, મીઠાઈની દુકાન, [illegible] વીશી, બાગ, મોટાં પ્રસિદ્ધ વૃક્ષો, મેળાઓ, [illegible] જુના બગીચાઓ, અરણ્યો, કારીગરોનાં મકાનો, [illegible] અને ઉપવનો [illegible] અને એવા સ્થાનોમાં [illegible] સ્થાવર અને જંગમ [illegible] તપાસ રખાવવી. ૨૬૪-૨૬૬

तत्सहायैरनुगतैर्नानाकर्मप्रवेदिभिः ।
विद्यादुत्सादयेच्चैव निपुणैः पूर्वतस्करैः ॥ २६७ ॥

[illegible]

भक्ष्यभोज्योपदेशैश्च ब्राह्मणानां च दर्शनैः ।
शौर्यकर्मापदेशैश्च कुर्युस्तेषां समागमम् ॥ २६८ ॥

તે ભેદુઓએ ખાનપાનનાં નિમંત્રણનાં, બ્રાહ્મણનાં દર્શનનાં અને બહાદુરીભર્યાં કામોના પ્રદર્શનનાં બહાનાં વડે તે ચોરોને ભેગા કરવા. ૨૬૮

ये तत्र नोपसर्पेयुर्मूलप्रणिहिताश्च ये ।
तान्प्रसह्य नृपो हन्यात्समित्रज्ञातिबान्धवान् ॥ २६९ ॥

જે ચોરો ત્યાં આવે નહિ તથા જેઓ આ દૂતોથી સાવધ રહી અળગા રહે, તેઓને રાજાએ બળપૂર્વક પકડી તેમના મિત્ર, નાતવાળા તથા બાંધવોની સાથે મારી નાખવા. ૨૬૯

न होढेन विना चौरं घातयेद्धार्मिको नृपः ।
सहोढं सोपकरणं घातयेदविचारयन् ॥ २७० ॥

ધાર્મિક રાજાએ ચોરને મુદ્દામાલ વિના ઘાત ન આપવો, પણ તે જો મુદ્દામાલ સાથે મળી આવે, તો તેનો વિચાર ન કરતાં ઘાત કરવો. ૨૭૦

ग्रामेष्वपि च ये केचिच्चौराणां भक्तदायकाः ।
भाण्डावकाशदाश्चैव सर्वांस्तानपि घातयेत् ॥ २७१ ॥

ગામોમાંય જે કોઈ ચોરોને ખાવાનું, સામાન કે આશરો આપતા હોય, તે સૌનેય મારી નંખાવવા. ૨૭૧

राष्ट्रेषु रक्षाधिकृतान्सामन्तांश्चैव चोदितान् ।
अभ्याघातेषु मध्यस्थाञ्छिष्याच्चौरानिव द्रुतम् ॥ २७२ ॥

રાજ્યમાં રખવાળું કરવા નિમાયેલા અધિકારીઓ ધાડ વખતે જો તટસ્થ રહે, તો તેમને ચોરોની જેમ તત્કાલ શિક્ષા કરવી. ૨૭૨

समैर्हि विषमं यस्तु चरेद्वै मूल्यतोऽपि वा ।
समाप्नुयाद्दमं पूर्वं नरो मध्यममेव वा ॥ २८७ ॥

જે સરખી કિંમતની વસ્તુના બદલામાં ભારેઓછી કિંમતની વસ્તુ લે છે, તે માણસને વસ્તુના મૂલ્યના પ્રમાણે પ્રથમ કે મધ્યમ સાહસનો દંડ મળે. ૨૮૭

बन्धनानि च सर्वाणि राजा मार्गे निवेशयेत् ।
दुःखिता यत्र दृश्येरन्विकृताः पापकारिणः ॥ २८८ ॥

રાજાએ સર્વ કારાગૃહો રસ્તા ઉપર રાખવાં, તેથી તેમાંના દુ:ખી અને વિકૃત પાપાચારીઓ લોકોની નજરે પડે. ૨૮૮

प्राकारस्य च भेत्तारं परिखाणां च पूरकम् ।
द्वाराणां चैव भंक्तारं क्षिप्रमेव प्रवासयेत् ॥ २८९ ॥

કોટકિલ્લાને તોડનારા, ખાઈઓ પૂરી દેનારા અને દરવાજા ભાંગી નાખનારા એ સૌને તરતજ દેશનિકાલ કરવા.

अभिचारेषु सर्वेषु कर्तव्यो द्विशतो दमः ।
मूलकर्मणि चानाप्तेः कृत्यासु विविधासु च ॥ २९० ॥

સૌ જાતના મારણપ્રયોગો, આપ્તજન સિવાયનાંએ કરેલાં વશીકરણો અને વિવિધ ઉચ્ચાટનો, એમાં જો માણસ મરણ ન પામે, તો તે કરનારાને બસો પણનો દંડ કરવો (માણસ મરણ પામે, તો તેને વધનો દંડ થાય.) ૨૯૦

अबीजविक्रयी चैव बीजोत्कृष्टं तथैव च ।
मर्यादाभेदकश्चैव विकृतं प्राप्नुयाद्वधम् ॥ २९१ ॥

ન ઊગે એવાં બી વેચનારો, સારાં બી ભેગાં નઠારાં બી ભેળવનારો, તેમજ ગામ અને શહેરની સીમાને તોડનારો એ સર્વને નાકકાન વગેરે કાપી વિરૂપ કરવા. ૨૯૧

सर्वकण्टकपापिष्ठं हेमकारं तु पार्थिवः ।
प्रवर्तमानमन्याये छेदयेल्लवशः क्षुरैः ॥ २९२ ॥

સર્વ ચોરોમાં અત્યંત પાપી એવા સોની જો અન્યાયે પ્રવર્તે, તો રાજાએ છરાથી તેના [illegible] કરી નાખવા. ૨૯૨

सीताद्रव्यापहरणे शस्त्राणामौषधस्य च ।
कालमासाद्य कार्यं च राजा दण्डं प्रकल्पयेत् ॥ २९३ ॥

ખેતીનાં ઓજારો, શસ્ત્રો તથા ઔષધિઓની [illegible] નારને રાજાએ કાળ અને વખત જોઈને સજા કરવી. ૨૯૩

स्वाम्यमात्यौ पुरं राष्ट्रं कोशदण्डौ सुहृत्तथा ।
सप्त प्रकृतयो ह्येताः सप्ताङ्गं राज्यमुच्यते ॥ २९४ ॥

સ્વામી, અમાત્ય, પુર, રાષ્ટ્ર, કોશ, [illegible] સાત પ્રકૃતિઓ છે; અને રાજ્ય આ સાત [illegible] ૨૯૪

सप्तानां प्रकृतीनां तु राज्यस्यासां यथाक्रमम् ।
पूर्वं पूर्वं गुरुतरं जानीयाद्व्यसनं महत् ॥ २९५ ॥

રાજ્યની આ સાત પ્રકૃતિઓમાં [illegible] પહેલી છે, તે પછી પછીની કરતાં અધિક [illegible] બગડવાની [illegible] મોટું ૨૯૫

सप्ताङ्गस्येह राज्यस्य विष्टब्धस्य त्रिदण्डवत् ।
अन्योन्यगुणवैशेष्यान्न किंचिदतिरिच्यते ॥ २९६ ॥

[illegible]

तेषु तेषु तु कृत्येषु तत्तदङ्गं विशिष्यते ।
येन यत्साध्यते कार्यं तत्तस्मिञ्श्रेष्ठमुच्यते ॥ २९७ ॥

તે તે અંગ તેનાં તેનાં કાર્યોમાં વિશેષ છે. જે કામ જેનાથી સધાય, તે કામનાં તે અંગ શ્રેષ્ઠ કહેવાય. ૨૯૭

चारेणोत्साहयोगेन क्रिययैव च कर्मणाम् ।
स्वशक्तिं परशक्तिं च नित्यं विद्यान्महीपतिः ॥ २९८ ॥

દૂતો દ્વારા ઉત્સાહના યોગથી, તેમજ કાર્યોની ક્રિયાથી રાજાએ પોતાની અને શત્રુની શક્તિને નિત્ય જાણવી. ૨૯૮

पीडनानि च सर्वाणि व्यसनानि तथैव च ।
आरभेत ततः कार्यं संचिन्त्य गुरुलाघवम् ॥ २९९ ॥

સર્વ જાતનાં પીડાદુઃખો અને સંકટોનું ભારેપણું તથા હલકાપણું વિચાર્યા પછી રાજાએ કાર્ય આરંભવું. ૨૯૯

आरभेतैव कर्माणि श्रान्तः श्रान्तः पुनः पुनः ।
कर्माण्यारभमाणं हि पुरुषं श्रीर्निषेवते ॥ ३०० ॥

થાક ઉપર થાક લાગે, તોય રાજાએ ફરી ફરીને કર્મો આરંભ્યાજ કરવાં કેમકે લક્ષ્મી કર્મો આરંભનાર પુરુષનેજ સેવે છે ૩૦૦

कृतं त्रेतायुगं चैव द्वापरं कलिरेव च ।
राज्ञो वृत्तानि सर्वाणि राजा हि युगमुच्यते ॥ ३०१ ॥

[illegible]ત્ય, ત્રેતા, દ્વાપર, અને કલિ એ સર્વ યુગો રાજાના [illegible] આધારે છે. કેમકે, રાજાનેજ યુગરૂપ કહ્યો છે ૩૦૧

[illegible] प्रसुप्तो भवति स जाग्रद्द्वापरं युगम् ।
[illegible] विचरंस्तु कृतं युगम् ॥ ३०२ ॥

રાજા ઊંઘતો રહે, તો કલિયુગ છે: તે જાગ્રત રહે, તો દ્વાપર-યુગ છે, તે કર્મમાં તત્પર રહે, તો ત્રેતાયુગ છે: અને તે કર્માનુષ્ઠાનમાં વિચરતો રહે, તો સત્યયુગ છે. ૩૦૨

इन्द्रस्यार्कस्य वायोश्च यमस्य वरुणस्य च।
चन्द्रस्याग्नेः पृथिव्याश्च तेजोवृत्तं नृपश्चरेत्॥ ३०३॥

ઇન્દ્ર, સૂર્ય, વાયુ, યમ, વરુણ, ચન્દ્ર, અગ્નિ અને પૃથ્વી—એમનાં જેવાં તેજસ્વી આચરણ રાજાએ આચરવાં ૩૦૩

वार्षिकांश्चतुरो मासान्यथेन्द्रोऽभिप्रवर्षति।
तथाभिवर्षेत्स्वं राष्ट्रं कामैरिन्द्रव्रतं चरन्॥ ३०४॥

ઇન્દ્ર જેમ વરસમાં ચાર માસ વૃષ્ટિ કરે છે, તેમ રાજાએ ઇન્દ્રવ્રત આચરી પોતાના રાજ્યમાં સર્વ કામનાઓની વૃષ્ટિ કરવી. ૩૦૪

अष्टौ मासान्यथादित्यस्तोयं हरति रश्मिभिः।
तथा हरेत्करं राष्ट्रान्नित्यमर्कव्रतं हि तत्॥ ३०५॥

સૂર્ય જેમ પોતાનાં કિરણોદ્વારા આઠ માસ જલ લે છે, તેમ રાજાએ સૂર્યવ્રત રાખી રાષ્ટ્ર પાસેથી નિત્ય કર લેવો.

प्रविश्य सर्वभूतानि यथा चरति मारुतः।
तथा चारैः प्रवेष्टव्यं व्रतमेतद्धि मारुतम्॥ ३०६॥

વાયુ જેમ સર્વ ભૂતોમાં પ્રવેશીને વિચરે છે, તેમ રાજાએ દૂતો દ્વારા બધે પ્રવેશવું—એજ વાયુવ્રત છે. ૩૦૬

यथा यमः प्रियद्वेष्यौ प्राप्ते काले नियच्छति।
तथा राज्ञा नियन्तव्याः प्रजास्तद्धि यमव्रतम्॥ ३०७॥

યમ જેમ પ્રિય અને અપ્રિયને યથાકાલે દંડ આપે છે, તેમ રાજાએ પણ પ્રજા ઉપર નિયમન રાખવું —તેજ યમવ્રત છે. ૩૦૭

वरुणेन यथा पाशैर्बद्ध एवाभिदृश्यते ।
तथा पापान्निगृह्णीयाद् व्रतमेतद्धि वारुणम् ॥ ३०८ ॥

પ્રાણી જેમ વરુણથી પાશોવડે બંધાયેલો જણાય છે, તેમ રાજાએ પણ પાપીઓને કબજે રાખવા—એ તેનું વરુણવ્રત છે.

परिपूर्णं यथा चन्द्रं दृष्ट्वा हृष्यन्ति मानवाः ।
तथा प्रकृतयो यस्मिन्स चान्द्रव्रतिको नृपः ॥ ३०९ ॥

જેમ પૂરા ખીલેલા ચંદ્રને જોઈને મનુષ્યો હરખ પામે છે, તેમ જે રાજાને વિશે પ્રકૃતિમંડળ આનંદ પામે છે, તેને ચંદ્રવ્રતી જાણવો. ૩૦૯

प्रतापयुक्तस्तेजस्वी नित्यं स्यात्पापकर्मसु ।
दुष्टसामन्तहिंस्रश्च तदाग्नेयं व्रतं स्मृतम् ॥ ३१० ॥

જે રાજા પ્રતાપયુક્ત હોય, જે પાપાચારીઓ સંબંધમાં નિત્ય તેજસ્વી હોય અને જે દુષ્ટ સામન્તો પ્રત્યે હિંસક હોય, તેને અગ્નિવ્રતી કહ્યો છે ૩૧૦

यथा सर्वाणि भूतानि धरा धारयते समम् ।
तथा सर्वाणि भूतानि बिभ्रतः पार्थिवं व्रतम् ॥ ३११ ॥

ધરતી જેમ ભૂતમાત્રને સરખી રીતે ધારે છે, તેમ રાજાએ સર્વ ભૂતોને સમાન રીતે પાળવાંપોષવાં—એ તેનું પૃથ્વીવ્રત છે.

एतैरुपायैरन्यैश्च युक्तो नित्यमतन्द्रितः ।
स्तेनान् राजा निगृह्णीयात्स्वराष्ट्रे पर एव च ॥ ३१२ ॥

આ અને બીજા ઉપાયોથી યુક્ત એવા રાજાએ નિત્ય

સાવધાન રહીને પોતાના રાજ્યમાંના તેમજ પરરાજ્યમાંના ચોરોને કબજે રાખવા. ૩૧૨

परामप्यापदं प्राप्तो ब्राह्मणान्न प्रकोपयेत् ।
ते ह्येनं कुपिता हन्युः सद्यः सबलवाहनम् ॥ ३१३ ॥

મહાઆપત્તિ આવી પડી હોય, તો પણ બ્રાહ્મણોને કોપાવવા નહિ, કેમકે કુપિત થયેલા તેઓ તરતજ રાજાનો તેનાં સેનાબલ અને વાહન સાથે નાશ કરે છે. ૩૧૩

यैः कृतः सर्वभक्ष्योऽग्निरपेयश्च महोदधिः ।
क्षयी चाप्यायितः सोमः को न नश्येत्प्रकोप्य तान् ॥३१४॥

જે બ્રાહ્મણોએ અગ્નિને સર્વભક્ષી કર્યો છે, મહાસાગરને અપેય કર્યો છે અને ચંદ્રને ક્ષયવાળો છતાં પૂર્ણ કલાવાન કર્યો છે, તેમને કોપાવીને કોણ નાશ નોતરતો નથી ? ૩૧૪

लोकानन्यान्सृजेयुर्ये लोकपालांश्च कोपिताः ।
देवान्कुर्युरदेवांश्च कः क्षिण्वंस्तान्समृध्नुयात् ॥ ३१५ ॥

જે છંછેડાયેલા બ્રાહ્મણો અન્ય લોકોને અને લોકપાલોને સર્જે છે અને જે દેવોને અદેવ કરી નાખે છે, તેમને સંતાપનારો કયો માણસ સમૃદ્ધિ પામી શકે ? ૩૧૫

यानुपाश्रित्य तिष्ठन्ति लोका देवाश्च सर्वदा ।
ब्रह्म चैव धनं येषां को हिंस्यात्तांजिजीविषु ॥ ३१६ ॥

લોકો અને દેવો સદા જે બ્રાહ્મણોને આશ્રયે રહેલા છે, અને વેદજ જેમનું ધન છે, તેવા તેમને [illegible] જીવવાની ઇચ્છાવાળો દુભવે ? ૩૧૬

अविद्वांश्चैव विद्वांश्च ब्राह्मणो दैवतं महत्।
प्रणीतश्चाप्रणीतश्च यथाऽग्निर्दैवतं महत्॥३१७॥

અગ્નિ વેદમંત્રોથી પ્રગટાવ્યો હોય કે વેદમંત્રો વિના પ્રગટાવ્યો હોય, તો પણ તે જેમ મહાન દેવતારૂપ છે, તેમ બ્રાહ્મણ વિદ્વાન હોય કે અવિદ્વાન હોય, તો પણ તે મહાન દૈવતરૂપ છે. ૩૧૭

श्मशानेष्वपि तेजस्वी पावको नैव दुष्यति।
हूयमानश्च यज्ञेषु भूय एवाभिवर्धते॥३१८॥

તેજસ્વી અગ્નિ શ્મશાનમાંય અપવિત્ર થતો નથી, તેમ યજ્ઞોમાં હોમ થવાથી તે ફરીને વધે છે. ૩૧૮

एवं यद्यप्यनिष्टेषु वर्तन्ते सर्वकर्मसु।
सर्वथा ब्राह्मणाः पूज्याः परमं दैवतं हि तत्॥३१९॥

આમ, બ્રાહ્મણો સર્વ અનિષ્ટ કર્મોમાં વર્તે, તો પણ સર્વથા પૂજ્ય છે, કેમકે, તે પરમ દૈવતરૂપ છે. ૩૧૯

क्षत्रस्यातिप्रवृद्धस्य ब्राह्मणान्प्रति सर्वशः।
ब्रह्मैव संनियन्तृ स्यात्क्षत्रं हि ब्रह्मसंभवम्॥३२०॥

બ્રાહ્મણને સર્વદા અત્યંત દુઃખ દેનાર ક્ષત્રિયને બ્રાહ્મણેજ વશમાં આણવો કેમકે ક્ષત્રિયો બ્રાહ્મણમાંથીજ થયા છે. ૩૨૦

अद्भ्योऽग्निर्ब्रह्मतः क्षत्रमश्मनो लोहमुत्थितम्।
तेषां सर्वत्रगं तेजः स्वासु योनिषु शाम्यति॥३२१॥

જળમાંથી અગ્નિ, બ્રાહ્મણમાંથી ક્ષત્રિય અને પથ્થરમાંથી લોઢું એમ ઉત્પન્ન થયું છે. તેમનું સર્વત્ર વ્યાપક તેજ પોત- પોતાનાં કારણરૂપોમાં શમી જાય છે. ૩૨૧

नाब्रह्म क्षत्रमृध्नोति नाक्षत्रं ब्रह्म वर्धते।
ब्रह्म क्षत्रं च संपृक्तमिह चामुत्र वर्धते ॥ ३२२ ॥

બ્રાહ્મણ વિના ક્ષત્રિય વૃદ્ધિ પામતો નથી અને ક્ષત્રિય વિના બ્રાહ્મણ વૃદ્ધિ પામતો નથી. બ્રાહ્મણ અને ક્ષત્રિય બન્ને ભેગા મળીને આ લોક અને પરલોકમાં વૃદ્ધિ મેળવે છે. ૩૨૨

दत्त्वा धनं तु विप्रेभ्यः सर्वदण्डसमुत्थितम्।
पुत्रे राज्यं समासृज्य कुर्वीत प्रायणं रणे ॥ ३२३

દંડનું સર્વ ધન બ્રાહ્મણોને આપીને તેમજ પોતાના પુત્રને રાજ્ય સોંપીને રાજાએ રણમાં પ્રાણત્યાગ કરવો ૩૨૩

एवं चरन्सदा युक्तो राजधर्मेषु पार्थिवः।
हितेषु चैव लोकस्य सर्वान्भृत्यान्नियोजयेत् ॥ ३२४ ॥

રાજાએ રાજધર્મોમાં નિત્ય પરાયણ રહીને આ પ્રમાણે વર્તવુ અને સર્વ સેવકોને લોકહિતનાં કામો ઉપર યોજવા. ૩૨૪

एषोऽखिलः कर्मविधिरुक्तो राज्ञः सनातनः।
इमं कर्मविधिं विद्यात्क्रमशो वैश्यशूद्रयोः ॥ ३२५ ॥

રાજાનો આ સનાતન કર્મવિધિ સંપૂર્ણતાએ કહ્યો, હવે વૈશ્ય અને શૂદ્રનો ક્રમપૂર્વક કર્મવિધિ જાણવો. ૩૨૫

વૈશ્યનું કર્તવ્ય—

वैश्यस्तु कृतसंस्कारः कृत्वा दारपरिग्रहम्।
वार्तायां नित्ययुक्तः स्यात्पशूनां चैव रक्षणे ॥ ३२६ ॥

જાતકર્માદિ સંસ્કાર પામેલા વૈશ્યે લગ્ન કરવું અને ખેતીવાડી, વેપાર વગેરેમાં તથા ઢોરઢાંખરના પાલનમાં નિત્ય પરાયણ રહેવુ ૩૨૬

प्रजापतिर्हि वैश्याय सृष्ट्वा परिददे पशून्।
ब्राह्मणाय च राज्ञे च सर्वाः परिददे प्रजाः॥ ३२७॥

કેમકે, પ્રજાપતિએ પશુઓ સર્જીને વૈશ્યને સોંપ્યાં છે અને સર્વ પ્રજાઓ તેણે બ્રાહ્મણ તથા ક્ષત્રિયને સુપરત કરી છે.

न च वैश्यस्य कामः स्यान्न रक्षेयं पशूनिति।
वैश्ये चेच्छति नाऽन्येन रक्षितव्याः कथंचन॥ ३२८॥

વૈશ્ય એવી ઇચ્છા કરેજ નહિ કે હું પશુઓનું રક્ષણ ન કરું. જ્યાં સુધી વૈશ્ય એ પશુપાલન ઇચ્છે, ત્યાં સુધી બીજા કોઇએ પણ ક્યારેય તે પાલન ન કરવું. ૩૨૮

मणिमुक्ताप्रवालानां लोहानां तान्तवस्य च।
गन्धानां च रसानां च विद्यादर्घबलाबलम्॥ ३२९॥

મણિઓ, મોતીઓ, પરવાળાં, લોઢું, વસ્ત્ર, સુગંધો અને રસો એમના ચડતાઊતરતા ભાવોની વૈશ્યે જાણ રાખવી. ૩૨૯

बीजानामुप्तिविच्च स्यात्क्षेत्रदोषगुणस्य च।
मानयोगं च जानीयात्तुलायोगांश्च सर्वशः॥ ३३०॥

તે બિયાં રોપવાની રીતનો જાણકાર હોય, ખેતરના ગુણ-દોષોનો જાણનાર હોય અને તે બધી જાતનાં માપિયાં અને કાટલાંને જાણતો હોય. ૩૩૦

सारासारं च भाण्डानां देशानां च गुणागुणान्।
लाभालाभं च पण्यानां पशूनां परिवर्धनम्॥ ३३१॥

માલનું સારાસારપણું, મુલકના ગુણઅવગુણ, વેપારનો નફોતોટો તેમજ પશુઓનો ઉછેર—એ તેણે જાણવાં જોઇએ. ૩૩૧

भृत्यानां च भृतिं विद्याद्भाषाश्च विविधा नृणाम्।
द्रव्याणां स्थानयोगांश्च क्रयविक्रयमेव च॥ ३३२॥

નોકરચાકરોનો પગાર, માણસોની વિવિધ ભાષાઓ, માલની સાચવણ અને ખરીદી તથા વેચાણ-એ તેણે જાણવાં જોઈએ ૩૩૨

धर्मेण च द्रव्यवृद्धावातिष्ठेयत्नमुत्तमम्।
दद्याच्च सर्वभूतानामन्नमेव प्रयत्नतः ॥ ३३३ ॥

તેણે ધર્મપૂર્વક દ્રવ્યવૃદ્ધિ સંબંધે ઉત્તમ રીતે પ્રયત્નશીલ રહેવું અને જતનપૂર્વક તેણે સર્વ ભૂતોને અન્ન આપવું. ૩૩૩

શૂદ્રનું કર્તવ્ય—

विप्राणां वेदविदुषां गृहस्थानां यशस्विनाम् ।
शुश्रूषैव तु शूद्रस्य धर्मो नैश्रेयसः परः ॥ ३३४ ॥

વેદવેત્તા, ગૃહસ્થી અને યશસ્વી એવા બ્રાહ્મણોની સેવા કરવી, એજ શૂદ્રનો પરમ કલ્યાણકારી ધર્મ છે ૩૩૪

शुचिरुत्कृष्टशुश्रूषुर्मृदुवागनहंकृतः ।
ब्राह्मणाद्याश्रयो नित्यमुत्कृष्टां जातिमश्नुते ॥ ३३५ ॥

પવિત્ર, ઊંચી સેવા કરનારો, કોમળ બોલનારો, અહંકાર વિનાનો અને બ્રાહ્મણ આદિના આશ્રયવાળો શૂદ્ર નિત્ય ઊંચી જાતિને પામે છે. ૩૩૫

एषोऽनापदि वर्णानामुक्तः कर्मविधिः शुभः ।
आपद्यपि हि यस्तेषां क्रमशस्तन्निबोधत ॥ ३३६ ॥

આ સર્વ વર્ણો માટેનો આપત્તિરહિત કાલનો શુભ કર્મ-વિધિ કહ્યો હવે આપત્કાલે તેમનો જે ધર્મ છે તે ક્રમશ સાંભળો.

इतिश्री मानवधर्मशास्त्रे भृगुप्रोक्तायां संहितायां नवमोऽध्यायः ॥

ઇતિશ્રી માનવધર્મશાસ્ત્રે ભૃગુકથિત સંહિતામાં અધ્યાય ૯ મો સમાપ્ત

# अध्याय १० नो

अधीयीरंस्त्रयो वर्णाः स्वकर्मस्था द्विजातयः ।
प्रब्रूयाद्ब्राह्मणस्त्वेषां नेतराविति निश्चयः ॥ १ ॥

સ્વકર્મમાં રહેલી ત્રણે દ્વિજાતિઓએ વેદાધ્યયન કરવું પરંતુ બ્રાહ્મણેજ તે અધ્યયન કરાવવું. બીજી બે વર્ણોએ તે ન કરાવવું, આવો નિર્ણય છે. ૧

सर्वेषां ब्राह्मणो विद्याद्वृत्त्युपायान्यथाविधि ।
प्रब्रूयादितरेभ्यश्च स्वयं चैव तथा भवेत् ॥ २ ॥

બ્રાહ્મણે સર્વ વર્ણોના આજીવિકાના યથાવિધિ ઉપાયો જાણવા અને તે બીજાઓને ભણાવવા તેમજ પોતેય તેમ કરવું.

वैशेष्यात्प्रकृतिश्रैष्ठ्यान्नियमस्य च धारणात् ।
संस्कारस्य विशेषाच्च वर्णानां ब्राह्मणः प्रभुः ॥ ३ ॥

વિશેષતા, સ્વાભાવિક શ્રેષ્ઠતા, નિયમની ધારણા, તેમજ સંસ્કારની ઉત્તમતા એને લઈને બ્રાહ્મણ સર્વ વર્ણોનો પ્રભુ છે. ૩

ब्राह्मणः क्षत्रियो वैश्यस्त्रयो वर्णा द्विजातयः ।
चतुर्थ एकजातिस्तु शूद्रो नास्ति तु पञ्चमः ॥ ४ ॥

બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ વર્ણો દ્વિજાતિ છે. ચોથો શૂદ્ર એકજાતિ છે, પણ પાંચમો વર્ણ નથી. ૪

અનુલોમ પ્રતિલોમ પ્રજા—

सर्ववर्णेषु तुल्यासु पत्नीष्वक्षतयोनिषु ।
आनुलोम्येन संभूता जात्या ज्ञेयास्त एव ते ॥ ५ ॥

સૌ વર્ણોમાં પોતપોતાના વર્ણની અક્ષતયોનિ પત્નીઓમાં વિધિ ક્રમપૂર્વક જે સંતાન જન્મે તે તે, તે વર્ણનાં જાણવાં. ૫

स्त्रीष्वनन्तरजातासु द्विजैरुत्पादितान्सुतान् ।
सदृशानेव तानाहुर्मातृदोषविगर्हितान् ॥ ६ ॥

દ્વિજોએ એક એક ઊતરતી જાતિની સ્ત્રીઓમાં જે પુત્રો ઉત્પન્ન કર્યા હોય, તેઓ પિતાની સરખી જાતિના ગણાય છે, પણ માતાના દોષને લીધે નિંદિત કહેવાય છે ૬

अनन्तरासु जातानां विधिरेष सनातनः ।
द्व्येकान्तरासु जातानां धर्म्यं विद्यादिमं विधिम् ॥ ७ ॥

એકએક ઊતરતી જાતિમાં જન્મેલાં સંતાન [illegible] આ સનાતન વિધિ છે. [illegible] ઊતરતી જાતિની સ્ત્રીઓમાં જન્મેલાં સંતાનના સંબંધમાં આ ધર્મ્ય વિધિ જાણવો ૭

ब्राह्मणाद्वैश्यकन्यायामम्बष्ठो नाम जायते ।
निषादः शूद्रकन्यायां यः पारशव उच्यते ॥ ८ ॥

બ્રાહ્મણથી વૈશ્ય કન્યામાં 'અંબષ્ઠ' જન્મે [illegible] શૂદ્ર કન્યામાં નિષાદ થાય છે, જે 'પારશવ' [illegible] ૮

क्षत्रियाच्छूद्रकन्यायां क्रूराचारविहारवान् ।
क्षत्रशूद्रवपुर्जन्तुरुग्रो नाम प्रजायते ॥ ९ ॥

ક્ષત્રિયથી શૂદ્ર કન્યામાં ક્રૂર [illegible] ક્ષત્રિય તથા શૂદ્રના બેગા [illegible] જન્મે છે ૯

विप्रस्य त्रिषु वर्णेषु नृपतेर्वर्णयोर्द्वयोः ।
वैश्यस्य वर्णे चैकस्मिन्षडेतेऽपसदाः स्मृताः ॥ १० ॥

[illegible]

क्षत्रियाद्विप्रकन्यायां सूतो भवति जातितः ।
वैश्यान्मागधवैदेहौ राजविप्राङ्गनासुतौ ॥ ११ ॥

બ્રાહ્મણ કન્યામાં ક્ષત્રિયથી સૂત જાતિનો પુત્ર થાય છે વૈશ્યથી બ્રાહ્મણીમાં વૈદેહ જાતિનો થાય છે અને તેનાથી ક્ષત્રિયાણીમાં માગધ જાતનો થાય છે. ૧૧

शूद्रादायोगवः क्षत्ता चण्डालश्चाधमो नृणाम् ।
वैश्यराजन्यविप्रासु जायन्ते वर्णसंकराः ॥ १२ ॥

વૈશ્ય, ક્ષત્રિય અને બ્રાહ્મણ એ જાતિની સ્ત્રીઓમાં શૂદ્રથી અનુક્રમે આયોગવ, ક્ષત્તા તથા મનુષ્યમાં અધમ એવા ચંડાળ જન્મે છે. શૂદ્રથી ઉત્પન્ન થવાથી તેઓ વર્ણસંકર છે. ૧૨

एकान्तरे त्वानुलोम्यादम्बष्ठोग्रौ यथा स्मृतौ ।
क्षत्तृवैदेहकौ तद्वत्प्रातिलोम्येऽपि जन्मनि ॥ १३ ॥

એકએકના આંતરાની જાતિમાં જન્મેલા જેમ અનુલોમતાથી અમ્બષ્ઠ અને ઉગ્ર કહેવાય છે, તેમ તે રીતે પ્રતિલોમતાથી જન્મેલા, ક્ષત્તા અને વૈદેહ ગણાય છે. ૧૩

पुत्रा येऽनन्तरस्त्रीजाः क्रमेणोक्ता द्विजन्मनाम् ।
ताननन्तरनाम्नस्तु मातृदोषात्प्रचक्षते ॥ १४ ॥

દ્વિજોને અનુક્રમે એકએક અને બબ્બે ઊતરતી જાતિઓની સ્ત્રીઓમાં જે પુત્રો જન્મતા કહ્યા છે, તે માતાના દોષને લીધે 'અનંતર' નામે કહેવાય છે. ૧૪

ब्राह्मणादुग्रकन्यायामावृतो नाम जायते ।
आभीरोऽम्बष्ठकन्यायामायोगव्यां तु धिग्वणः ॥ १५ ॥

બ્રાહ્મણથી ઉગ્ર કન્યામાં આવૃત, અંબષ્ઠ કન્યામાં આ-

ભીર અને આયોગવી કન્યામાં જન્મેલા ધિગ્વણ પુત્ર જન્મે છે. ૧૫

आयोगवश्च क्षत्ता च चण्डालश्चाधमो नृणाम् ।
प्रातिलोम्येन जायन्ते शूद्रादपसदास्त्रयः ॥ १६ ॥

આયોગવ, ક્ષત્તા અને નરાધમ ચંડાળ એ ત્રણ અપસદ શૂદ્રથી પ્રતિલોમતાએ જન્મે છે. ૧૬

वैश्यान्मागधवैदेहौक्षत्रियात्सुत एव तु ।
प्रतीपमेते जायन्ते परेऽप्यपसदास्त्रयः ॥ १७ ॥

જેમ વૈશ્યથી માગધ અને વૈદેહ તથા ક્ષત્રિયથી સૂત થાય છે, તેમ પ્રતિલોમતાથી પણ બીજા ત્રણ અપસદો જન્મે છે. ૧૭

जातो निषादाच्छूद्रायां जात्या भवति पुक्कसः ।
शूद्राज्जातो निषाद्यां तु स वै कुक्कुटकः स्मृतः ॥ १८ ॥

નિષાદથી શૂદ્રામાં થયેલો પુત્ર જાતિએ પુક્કસ થાય છે. શૂદ્રથી નિષાદીમાં થયેલો તે કુક્કુટક કહેવાય છે. ૧૮

क्षत्तुर्जातस्तथोग्रायां श्वपाक इति कीर्त्यते ।
वैदेहकेन त्वम्बष्ठ्यामुत्पन्नो वेण उच्यते ॥ १९ ॥

ક્ષત્તાથી ઉગ્ર કન્યામાં થયેલો પુત્ર 'શ્વપાક' કહેવાય છે અને વૈદેહથી અમ્બષ્ટ કન્યામાં ઉત્પન્ન થયેલો 'વેણ' કહેવાય છે. ૧૯

द्विजातयः सवर्णासु जनयन्त्यव्रतांस्तु यान् ।
तान्सावित्रीपरिभ्रष्टान्व्रात्यानिति विनिर्दिशेत्

દ્વિજવર્ણો પોતાની સવર્ણા સ્ત્રીઓમાં
તે જો ઉપનયન આદિ વ્રતથી રહિત હોય,
રહિતોને 'વ્રાત્ય' નામે નિર્દેશવા. ૨૦

व्रात्यात्तु जायते विप्रात्पापात्मा भूर्जकण्टकः ।
आवन्त्यवाटधानौ च पुष्पधः शैख एव च ॥ २१ ॥

વ્રાત્ય બ્રાહ્મણથી પાપાત્મા ભૂર્જકંટક જન્મે છે અને તેઓ આવંત્ય, વાટધાન, પુષ્પધ તથા શૈખ પણ કહેવાય છે. ૨૧

झल्लो मल्लश्च राजन्याद् व्रात्यान्निच्छिविरेव च ।
नटश्च करणश्चैव खसो द्रविड एव च ॥ २२ ॥

વ્રાત્ય ક્ષત્રિયથી જે સંતાન થાય, તે ઝલ્લ, મલ્લ, નિચ્છિવી, નટ, કરણ, ખસ અને દ્રવિડ કહેવાય છે. ૨૨

वैश्यात्तु जायते व्रात्यात्सुधन्वाचार्य एव च ।
कारुषश्च विजन्मा च मैत्रः सात्वत एव च ॥ २३ ॥

વ્રાત્ય વૈશ્યથી વ્રાત્ય વૈશ્ય સ્ત્રીમાં સુધન્વાચાર્ય, કારુષ, વિજન્મા, મૈત્ર અને સાત્વત—એ જન્મે છે. ૨૩

व्यभिचारेण वर्णानामवेद्यावेदनेन च ।
स्वकर्मणां च त्यागेन जायन्ते वर्णसंकराः ॥ २४ ॥

વર્ણોના પરસ્પર વ્યભિચારથી, અયોગ્ય લગ્નથી અને સ્વકર્મના ત્યાગથી વર્ણસંકરો જન્મ પામે છે ૨૪

संकीर्णयोनयो ये तु प्रतिलोमानुलोमजाः ।
अन्योन्यव्यतिषक्ताश्च तान्प्रवक्ष्याम्यशेषतः ॥ २५ ॥

અનુલોમ અને પ્રતિલોમથી જન્મેલી તેમજ તે પરસ્પરના સંબંધે થયેલી જે વર્ણસંકર જાતિઓ છે, તે હું અશેષે કહું છું. ૨૫

सूतो वैदेहकश्चैव चण्डालश्च नराधमः ।
मागधः क्षत्तृजातिश्च तथाऽयोगव एव च ॥ २६ ॥

एते षट् सदृशान्वर्णाञ्जनयन्ति स्वयोनिषु ।
मातृजात्यां प्रसूयन्ते प्रवरासु च योनिषु ॥ २७ ॥

સૂત, વૈદેહક, નરાધમ ચંડાળ, માગધ, ક્ષત્તા અને આયોગવ એ છને પોતાની જાતિની, માતાની જાતિની અને બીજી ચડિયાતી જાતિઓની સ્ત્રીઓમાં પોતાની જાતિના પુત્રો થાય છે.

यथा त्रयाणां वर्णानां द्वयोरात्मास्य जायते ।
आनन्तर्यात्स्वयोन्यां तु तथा बाह्येष्वपि क्रमात् ॥ २८ ॥

જેમ બ્રાહ્મણ આદિ ત્રિવર્ણમાંના બેના યોગથી જે પુત્ર થાય છે તે અનંતર હોવાથી દ્વિજજાતિમાં ગણાય છે, તેમ બાહ્ય જાતિઓ સંબંધમાં પણ પ્રતિલોમતાએ જાણવું. (આ રીતે બ્રાહ્મણને ક્ષત્રિય તથા વૈશ્ય જાતિની સ્ત્રીઓમાં જે પુત્ર થાય, તે પણ દ્વિજ ગણાય છે. હવે, ક્ષત્રિયને બ્રાહ્મણ સ્ત્રીમાં તેમજ વૈશ્યને બ્રાહ્મણ કે ક્ષત્રિય સ્ત્રીમાં જે સૂત, માગધ અને વૈદેહ પુત્રો થાય છે, તે શૂદ્રથી ત્રિવર્ણની સ્ત્રીમાં થયેલા પ્રતિલોમ પુત્રો કરતાં ચડિયાતા છે, અને તેમને ઉપનયનનો અધિકાર છે.)

ते चापि बाह्यान्सुबहूंस्ततोऽप्यधिकदूषितान् ।
परस्परस्य दारेषु जनयन्ति विगर्हितान् ॥ २९ ॥

તે આયોગવ વગેરે છ જાતના વર્ણસંકરો પરસ્પરની સ્ત્રીઓમાં પોતાથી પણ અધિક દૂષિત એવા અનેક નિંદિત બાહ્યોને ઉત્પન્ન કરે છે. ૨૯

यथैव शूद्रो ब्राह्मण्यां बाह्यं जन्तुं प्रसूयते ।
तथा बाह्यतरं बाह्यश्चातुर्वर्ण्ये प्रसूयते ॥ ३० ॥

જેમ શૂદ્ર બ્રાહ્મણીમાં બાહ્ય (ચંડાળ) પુત્ર પેદા કરે

તેમ ચંડાળો વળી ચારે વર્ણોમાં પોતાથીય અધમ બાહ્યપુત્ર ઉત્પન્ન કરે છે. ૩૦

प्रतिकूलं वर्तमाना बाह्या बाह्यतरान्पुनः ।
हीना हीनान्प्रसूयन्ते वर्णान्पञ्चदशैव तु ॥ ३१ ॥

વળી, પ્રતિલોમથી થયેલા હીન બાહ્યો પોતાથી ચઢિયાતી જાતિની કન્યાઓમાં વિશેષ હીન બાહ્યોને પેદા કરે છે. તેમની પંદર જાતિઓ થાય છે. ૩૧

प्रसाधनोपचारज्ञमदासं दासजीवनम् ।
सैरिन्ध्रं वागुरावृत्तिं सूते दस्युरयोगवे ॥ ३२ ॥

દસ્યુથી આયોગવી સ્ત્રીમાં તે સૈરિન્ધ્ર જન્મે છે, જે શણગાર આદિ પ્રસાધનોના ઉપચારોને જાણે છે, જે દાસ ન હોવા છતાં દાસજીવન ગાળે છે અને જે જાળ પાથરી પશુ પકડી ગુજારો કરે છે. ૩૨

मैत्रेयकं तु वैदेहो माधूकं संप्रसूयते ।
नॄन्प्रशंसत्यजस्रं यो घण्टाताडोऽरुणोदये ॥ ३३ ॥

વૈદેહથી આયોગવી સ્ત્રીમાં ગીત ગાનારો મૈત્રેયક થાય છે, જે પરોઢિયે ઘંટા વગાડી માણસોની નિત્ય પ્રશંસા કર્યા કરે

* [illegible]

निषादो मार्गवं सूते दासं नौकर्मजीविनम्।
कैवर्तमिति यं प्राहुरार्यावर्तनिवासिनः ॥ ३४ ॥

નિષાદથી આયોગવી સ્ત્રીમાં માર્ગવ અથવા દાસ જન્મે છે, જે નાવ ચલાવીને જીવિકા ચલાવે છે અને જેને આર્યાવર્તના નિવાસીઓ કૈવર્તક કહે છે. ૩૪

मृतवस्त्रभृत्सु नारीषु गर्हितान्नाशनासु च।
भवन्त्यायोगवीष्वेते जातिहीनाः पृथक् त्रयः ॥ ३५ ॥

શબ પરનાં વસ્ત્રો પહેરનારી અને નિંદિત અન્ન ખાનારી આયોગવી સ્ત્રીઓમાં ઉપરના ત્રણ જુદા જુદા હીન જાતિના પુત્રો જન્મે છે. ૩૫

कारावरो निषादात्तु चर्मकारः प्रसूयते।
वैदेहिकादन्ध्रमेदौ बहिर्ग्रामप्रतिश्रयौ ॥ ३६ ॥

નિષાદથી વૈદેહી સ્ત્રીમાં 'કારાવર' નામે ચર્મકાર (મોચી) જન્મે છે અને વૈદેહિકથી તેમાં અંધ્ર તથા મેદ નામે ગામ બહાર વસનારા ઉત્પન્ન થાય છે. ૩૬

चण्डालात्पाण्डुसोपाकस्त्वक्सारव्यवहारवान्।
आहिण्डिको निषादेन वैदेहामेव जायते ॥ ३७ ॥

વૈદેહી સ્ત્રીમાં ચંડાળથી પાંડુસોપાક જાતિનો પુત્ર થાય છે, જે ઝાડની છાલની તથા વાંસની બનાવટોથી ગુજરાન કરે છે. નિષાદથી વૈદેહી સ્ત્રીમાં આહિંડક જાતનો પુત્ર જન્મે છે

चण्डालेन तु सोपाको मूलव्यसनवृत्तिमान्।
पुक्कस्यां जायते पापः सदा सज्जनगर्हितः ॥ ३८ ॥

સજ્જનોથી સદા નિંદિત, પાપી અને અપરાધીઓ

મારીને જીવિકા ચલાવનારો (કાંગિયો) 'સોપાક' ચંડાલથી પુક્કસીમાં જન્મે છે. ૩૮

निषादस्त्री तु चण्डालात्पुत्रमन्त्यावसायिनम्।
श्मशानगोचरं सूते बाह्यानामपि गर्हितम् ॥ ३९ ॥

ચંડાળથી નિષાદસ્ત્રીમાં 'અંત્યાવસાયી' પુત્ર થાય છે, જે શ્મશાનમાં વસે છે અને જે બાહ્યોથીય નિંદિત છે. ૩૯

सङ्करे जातयस्त्वेताः पितृमातृप्रदर्शिताः ।
प्रच्छन्ना वा प्रकाशा वा वेदितव्याः स्वकर्मभिः ॥ ४० ॥

પિતા અને માતાના ભેદપૂર્વક જણાવેલી આ વર્ણસંકર જાતિઓ થઈ. છાની કે ઉઘાડી એવી તેમને તેમનાં કર્મોથી જાણી લેવી. ૪૦

सजातिजानन्तरजाः षट् सुता द्विजधर्मिणः ।
शूद्राणां तु सधर्माणः सर्वेऽपध्वंसजाः स्मृताः ॥ ४१ ॥

પોતાની જાતિની કન્યામાં તેમજ પોતાથી એકએક ઊતરતી જાતિની કન્યામાં એમ દ્વિજોએ ઉત્પન્ન કરેલા છ પ્રકારના પુત્રો દ્વિજધર્મી ગણાય છે અને પ્રતિલોમવિધિથી ઉત્પન્ન થયેલા સર્વે પુત્રો શૂદ્ર સમાન છે. ૪૧

तपोबीजप्रभावैस्तु ते गच्छन्ति युगे युगे ।
उत्कर्षं चापकर्षं च मनुष्येष्विह जन्मतः ॥ ४२ ॥

તપ અને બીજના પ્રભાવને લીધે તેઓ યુગે યુગે આ માણસોમાં જન્મને કારણે ઉત્કર્ષ કે અપકર્ષ પામે છે. ૪૨

शनकैस्तु क्रियालोपादिमाः क्षत्रियजातयः ।
वृषलत्वं गता लोके ब्राह्मणादर्शनेन च ॥ ४३ ॥

पौण्ड्रकाश्चौड्रद्राविडाः काम्बोजा यवनाः शकाः ।
पारदा पह्लवाश्चीनाः किराता दरदाः खशाः ॥ ४४ ॥

નીચેની ક્ષત્રિયજાતિઓ ધીરે ધીરે ક્રિયાના લોપ વગેરેથી તેમજ બ્રાહ્મણના અસંગથી સંસારમાં વૃષલપણાને પામી છે–પૌંડ્રક, ઔડ્ર, દ્રવિડ, કમ્બોજ, યવન, શક, પારદ, પહ્લવ, ચીન, કિરાત, દરદ અને ખશ ૪૩,૪૪

मुखबाहूरुपज्जानां या लोके जातयो बहिः ।
म्लेच्छवाचश्चार्यवाचः सर्वे ते दस्यवः स्मृताः ॥ ४५ ॥

મુખ, બાહુ, ઊરુ અને પગ એમાંથી અનુક્રમે થયેલા બ્રાહ્મણાદિ વર્ણોમાંથી લોકમાં જે બાહ્ય જાતિના થયા છે, તે સર્વ દસ્યુઓ કહેવાય છે. પછી ભલે તેઓ મ્લેચ્છ ભાષા અને આર્ય ભાષા બોલનારા હોય. ૪૫

વર્ણસંકરની આજીવિકા—

ये द्विजानामपसदा ये चापध्वंसजाः स्मृताः ।
ते निन्दितैर्वर्तयेयुर्द्विजानामेव कर्मभिः ॥ ४६ ॥

દ્વિજોમાં જેઓ અપસદો છે તથા જેઓ પ્રતિલોમથી થયેલા કહેવાયા છે, તેઓએ દ્વિજોનાંજ નિન્દિત કર્મોથી જીવિકા ચલાવવી. ૪૬

सूतानामश्वसारथ्यमम्बष्ठानां चिकित्सनम् ।
वैदेहकानां स्त्रीकार्यं मागधानां वणिक्पथः ॥ ४७ ॥
मत्स्यघातो निषादानां त्वष्टिस्त्वायोगवस्य च ।
मेदान्ध्रचुञ्चुमद्गूनामारण्यपशुहिंसनम् ॥ ४८ ॥
क्षत्त्रुग्रपुक्कसानां तु बिलौकोवधबन्धनम् ।
धिग्वणानां चर्मकार्यं वेणानां भाण्डवादनम् ॥ ४९ ॥

न तैः समयमन्विच्छेत्पुरुषो धर्ममाचरन् ।
व्यवहारो मिथस्तेषां विवाहः सदृशैः सह ॥ ५३ ॥

ધર્માચારી પુરુષે તેમની સાથે બોલવા સરખો પ્રસંગ ન શોધે. તેમણે પોતાની જાતવાળાઓ સાથેજ પરસ્પર વ્યવહાર અને વિવાહસંબંધ કરવા. ૫૩

अन्नमेषां पराधीनं देयं स्याद्भिन्नभाजने ।
रात्रौ न विचरेयुस्ते ग्रामेषु नगरेषु च ॥ ५४ ॥
दिवा चरेयुः कार्यार्थं चिह्निता राजशासनैः ।
अबान्धवं शवं चैवं निर्हरेयुरिति स्थितिः ॥ ५५ ॥
वध्यांश्च हन्युः सततं यथाशास्त्रं नृपाज्ञया ।
वध्यवासांसि गृह्णीयुः शय्याश्चाभरणानि च ॥ ५६ ॥

બીજાને હાથે અને જુદાંજ વાસણમાં તેમને અન્ન આપવું. તેઓ રાતે ગામ કે નગરમાં ન ફરે તેઓ રાજશાસનનો પટો રાખી દિવસે કામપ્રસંગે ફરે નધણિયાતા શબને તેઓ વગે કરે, એવી મર્યાદા છે. વધની શિક્ષા પામેલાઓને તેઓ રાજાની આજ્ઞાથી યથાશાસ્ત્ર સદૈવ હણે અને એ વધ્ય મનુષ્યનાં વસ્ત્રો, શય્યાઓ તથા અલંકારો લઇ લે. ૫૪–૫૬

वर्णापेतमविज्ञातं नरं कलुषयोनिजम् ।
आर्यरूपमिवानार्यं कर्मभिः स्वैर्विभावयेत् ॥ ५७ ॥

જાતિભ્રષ્ટ થયેલા, દૂષિત યોનિમાં જન્મેલા અને આર્યના જેવા જણાતા અજાણ્યા અનાર્યને તેનાં કર્મો ઉપરથી જાણી લેવાય. ૫૭

अनार्यता निष्ठुरता क्रूरता निष्क्रियात्मता ।
पुरुषं व्यञ्जयन्तीह लोके कलुषयोनिजम् ॥ ५८ ॥

અનાર્યતા, નિષ્ઠુરતા, ક્રૂરતા અને નિષ્ક્રિયતા—એ જગતમાં અપ્રજ્ઞાત પુરુષને છતો કરે છે. ૫૮

पित्र्यं वा भजते शीलं मातुर्वोभयमेव वा ।
न कथंचन दुर्योनिः प्रकृतिं स्वां नियच्छति ॥ ५९ ॥

એ અપ્રજ્ઞાત પુરુષ પિતાના, માતાના, કે બંનેના શીલને ભજે છે-પણ ક્યારેય તે પોતાનો સ્વભાવ ઢાંકી શકતો નથી.

कुले मुख्येऽपि जातस्य यस्य स्याद्योनिसंकरः ।
संश्रयत्येव तच्छीलं नरोऽल्पमपि वा बहु ॥ ६० ॥

ઉત્તમ કુલમાં જન્મ્યા છતાં પણ જેનો જાતિનાશ થયો છે, તે માણસ તેના જનકના શીલને થોડું કે ઝાઝું મેળવે છે. ૬૦

यत्र त्वेते परिध्वंसाज्जायन्ते वर्णदूषकाः ।
राष्ट्रिकैः सह तद्राष्ट्रं क्षिप्रमेव विनश्यति ॥ ६१ ॥

જે દેશમાં [illegible] આ વર્ણદૂષકો જન્મે છે, તે દેશ [illegible] સાથે તરત જ વિનાશ પામે છે. ૬૧

ब्राह्मणार्थे गवार्थे वा देहत्यागोऽनुपस्कृतः ।
स्त्रीबालाभ्युपपत्तौ च बाह्यानां सिद्धिकारणम् ॥ ६२ ॥

[illegible]

अहिंसा [illegible] शौचमिन्द्रियनिग्रहः ।
[illegible] चातुर्वर्ण्येऽब्रवीन्मनुः ॥ ६३ ॥

[illegible]

[ श्राद्धकर्मातिथेयं च दानमस्तेयमार्जवम् ।
प्रजनं स्वेषु दारेषु तथा चैवानसूयता ॥

શ્રાદ્ધકર્મ, અતિથિસત્કાર, દાન, અસ્તેય, સરલતા, સ્વપત્નીમાં પ્રજોત્પત્તિ તથા ઇર્ષ્યારહિતપણું—એ ચારે વર્ણોના સંક્ષેપમાં ધર્મ છે ]

शूद्रायां ब्राह्मणाज्जातः श्रेयसा चेत्प्रजायते ।
अश्रेयान् श्रेयसीं जातिं गच्छत्यासप्तमाद्युगात् ॥ ६४ ॥

શૂદ્રસ્ત્રીમાં બ્રાહ્મણથી થયેલી કન્યા બ્રાહ્મણને પરણે અને તેથી તેને જે કન્યા થાય તેને વળી બ્રાહ્મણ પરણે—આમ જે અનુક્રમે સાતમો પુરુષ થાય છે તે બ્રાહ્મણજાતિને પામે છે.

शूद्रो ब्राह्मणतामेति ब्राह्मणश्चैति शूद्रताम् ।
क्षत्रियाज्जातमेवं तु विद्याद्वैश्यात्तथैव च ॥ ६५ ॥

આ રીતે શૂદ્ર બ્રાહ્મણતા મેળવે છે અને બ્રાહ્મણ શૂદ્રતા મેળવે છે. તેજ રીતે ક્ષત્રિયથી તેમજ વૈશ્યથી શૂદ્ર કન્યામાં જન્મેલા પુરુષ વિશે જાણવું. ૬૫

अनार्यायां समुत्पन्नो ब्राह्मणात्तु यदृच्छया ।
ब्राह्मण्यामप्यनार्यात्तु श्रेयस्त्वं क्वेति चेद्भवेत् ॥ ६६ ॥

દૈવસંયોગે અનાર્ય સ્ત્રીમાં બ્રાહ્મણથી અને બ્રાહ્મણીમાં અનાર્ય પુરુષથી જે પુત્રો થાય. તેમાં ચડિયાતાપણું ક્યાં હોય ? ૬૬

जातो नार्यामनार्यायामार्यादार्यो भवेद्गुणैः ।
जातोऽप्यनार्यादार्यायामनार्य इति निश्चयः ॥ ६७ ॥

અનાર્ય સ્ત્રીમાં આર્યથી થયેલો પુત્ર તે ગુણોએ કરીને

આર્ય થાય છે; તેમ આર્ય સ્ત્રીમાં અનાર્ય પુરુષથી થયેલો પુત્ર અનાર્યજ છે, એવો શાસ્ત્રનિર્ણય છે. ૬૭

तावुभावप्यसंस्कार्याविति धर्मो व्यवस्थितः ।
वैगुण्याज्जन्मनः पूर्व उत्तरः प्रतिलोमतः ॥ ६८ ॥

પહેલો જાતિની વિગુણતાને લીધે અને બીજો પ્રતિલોમતાથી જન્મ્યો હોવાથી, તે બન્ને ઉપનયનસંસ્કારને અયોગ્ય છે—એવી ધર્મવ્યવસ્થા છે. ૬૮

सुबीजं चैव सुक्षेत्रे जातं संपद्यते यथा ।
तथाऽऽर्याज्जात आर्यायां सर्वं संस्कारमर्हति ॥ ६९ ॥

સારું બીજ સારા ક્ષેત્રમાં રૂડી રીતે ખીલે છે, તેમ આર્ય પુરુષથી આર્યસ્ત્રીમાં જન્મેલાનેજ સર્વ સંસ્કારો ઘટે છે. ૬૯

બીજનો અને ક્ષેત્રનો નિર્ણય—

बीजमेके प्रशंसन्ति क्षेत्रमन्ये मनीषिणः ।
बीजक्षेत्रे तथैवान्ये तत्रेयं तु व्यवस्थितिः ॥ ७० ॥

કોઈક ઋષિઓ બીજને, બીજા કોઈક ક્ષેત્રને, તો વળી બીજા બીજ તથા ક્ષેત્ર બન્નેને પ્રશંસે છે. પણ તે વિશે વ્યવસ્થા નીચે પ્રમાણે છે. ૭૦

अक्षेत्रे बीजमुत्सृष्टमन्तरैव विनश्यति ।
अबीजकमपि क्षेत्रं केवलं स्थण्डिलं भवेत् ॥ ७१ ॥

ઊખર ભૂમિમાં નાખેલું બીજ અંદરજ મરી જાય છે, બીજરહિત ક્ષેત્ર કેવળ સાફ ઓટલોજ રહે છે. ૭૧

यस्माद्बीजप्रभावेण तिर्यग्जा ऋषयोऽभवन् ।
पूजिताश्च प्रशस्ताश्च तस्माद्बीजं प्रशस्यते ॥ ७२ ॥

બીજના પ્રભાવે કરીને નિર્ગુણયોનિમાં જન્મેલાઓ પણ ઋષિઓ થયા છે અને પૂજ્ય તથા પ્રશંસા પામ્યા છે. તેથી બીજ પ્રશંસાપાત્ર છે. ૭૨

अनार्यमार्यकर्माणमार्यं चानार्यकर्मिणम् ।
संप्रधार्याब्रवीद्धाता न समौ नासमाविति ॥७३॥

આર્યકર્મી અનાર્ય અને અનાર્યકર્મી આર્ય તે બન્ને સમાન નથી તેમ અસમાન પણ નથી, એમ બ્રહ્માએ તુલના કરીને કહ્યું છે. ૭૩

દ્વિજવર્ણની આજીવિકા—

ब्राह्मणा ब्रह्मयोनिस्था ये स्वकर्मण्यवस्थिताः ।
ते सम्यगुपजीवेयुः षट्कर्माणि यथाक्रमम् ॥ ७४ ॥

સ્વકર્મમાં પરાયણ અને બ્રહ્મમાં ધ્યાનનિષ્ઠ એવા બ્રાહ્મણોએ નીચેના ક્રમનાં છ કર્મોથી રૂડી રીતે આજીવિકા ચલાવવી.

अध्यापनमध्ययनं यजनं याजनं तथा ।
दानं प्रतिग्रहश्चैव षट्कर्माण्यग्रजन्मनः ॥७५॥

ભણવું, ભણાવવું, યજ્ઞ કરવો, યજ્ઞ કરાવવો, દાન લેવું અને દાન આપવું, એ બ્રાહ્મણનાં ષટ્કર્મો છે. ૭૫

षण्णां तु कर्मणामस्य त्रीणि कर्माणि जीविका ।
याजनाध्यापने चैव विशुद्धाच्च प्रतिग्रहः ॥ ७६ ॥

આ છ કર્મોમાં યજ્ઞ કરાવવો, ભણાવવું અને વિશુદ્ધ જાતિ પાસેથી દાન લેવું, એ ત્રણ એની આજીવિકા માટે છે.

त्रयो धर्मा निवर्तन्ते ब्राह्मणात्क्षत्रियं प्रति ।
अध्यापनं याजनं च तृतीयश्च प्रतिग्रहः ॥ ७७ ॥

[illegible]

[illegible] ॥ ७८ ॥

[illegible]

शस्त्रास्त्रभृत्त्वं क्षत्रस्य वणिक्पशुकृषिर्विशः ।
आजीवनार्थं धर्मस्तु दानमध्ययनं यजिः ॥ ७९ ॥

[illegible]

वेदाभ्यासो ब्राह्मणस्य क्षत्रियस्य च रक्षणम् ।
वार्ता कर्मैव वैश्यस्य विशिष्टानि स्वकर्मसु ॥ ८० ॥

વેદાભ્યાસ, પ્રજારક્ષણ અને પશુપાલનાદિ એ અનુક્રમે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યનાં વિશિષ્ટ સ્વકર્મ છે. ૮૦

આપત્કાળના આપદ્ધર્મનો નિર્ણય—

अजीवंस्तु यथोक्तेन ब्राह्मणः स्वेन कर्मणा ।
जीवेत्क्षत्रियधर्मेण स ह्यस्य प्रत्यनन्तरः ॥ ८१ ॥

કહેલા સ્વકર્મથી બ્રાહ્મણ જો પોતાનો નિર્વાહ ન કરી [illegible] તે ક્ષત્રિયધર્મથી ઉપજીવિકા ચલાવે—કેમકે, તે ધર્મ તેની પછીના વર્ણનો છે. ૮૧

उभाभ्यामप्यजीवंस्तु कथं स्यादिति चेद्भवेत् ।
कृषिगोरक्षमास्थाय जीवेद्वैश्यस्य जीविकाम् ॥ ८२ ॥

બ્રાહ્મણ તે આ બંને કર્મોથી પણ જીવન ન ચલાવી શકે તો તેણે ખેતીવાડી અને ગોરક્ષા સિવાય વૈશ્યની આજી-વિકાથી નભાવ કરવો. ૮૨

वैश्यवृत्त्यापि जीवंस्तु ब्राह्मणः क्षत्रियोऽपि वा ।
हिंसाप्रायां पराधीनां कृषिं यत्नेन वर्जयेत् ॥ ८३ ॥

જે વૈશ્યવૃત્તિથી જીવનનિર્વાહ કરતા બ્રાહ્મણ કે ક્ષત્રિયે બહુધાં હિંસામય અને પરાધીન એવી ખેતીને યત્નપૂર્વક વર્જવી

कृषिं साध्विति मन्यन्ते सा वृत्तिः सद्विगर्हिता ।
भूमिं भूमिशयांश्चैव हन्ति काष्ठमयोमुखम् ॥ ८४ ॥

કેટલાક ખેતીને સારી માને છે, પણ સજ્જનો તે વૃત્તિને નિંદે છે. કેમકે લોઢાના મોંવાળું લાકડું ભૂમિને તથા ભૂમિમાં રહેલા જીવોને હણે છે. ૮૪

इदं तु वृत्तिवैकल्यात्त्यजतो धर्मनैपुणम् ।
विट्पण्यमुद्धृतोद्धारं विक्रेयं वित्तवर्धनम् ॥ ८५ ॥

બ્રાહ્મણ અને ક્ષત્રિય સ્વકર્મથી જીવનનિર્વાહ ન કરી શકે અને વૃત્તિના અભાવે તેઓ પોતાની ધર્મનિપુણતા છોડે, તો તેમણે વૈશ્યના વેપારમાલમાંથી નિષિદ્ધ પદાર્થોનો ત્યાગ કરી, બાકીના ધનવૃદ્ધિ કરનારા પદાર્થોનું વેચાણ કરવું ૮૫

सर्वान्रसानपोहेत कृतान्नं च तिलैः सह ।
अश्मनो लवणं चैव पशवो ये च मानुषाः ॥ ८६ ॥

તેણે સર્વ રસો, રાંધેલું અન્ન, તલ, પથ્થર, મીઠું અને મનુષ્યોને ઉપકારી એવાં પશુઓ એટલાં વેચવાં નહિ. ૮૬

[illegible]

वैश्योऽजीवन्स्वधर्मेण शूद्रवृत्त्यापि वर्तयेत् ।
अनाचरन्नकार्याणि निवर्तेत च शक्तिमान् ॥ ९८ ॥

[illegible]

अशक्नुवंस्तु शुश्रूषां शूद्रः कर्तुं द्विजन्मनाम् ।
पुत्रदारात्ययं प्राप्तो जीवेत्कारुककर्मभिः ॥ ९९ ॥

જે શૂદ્રનાં પુત્ર અને પત્ની આપત્તિમાં હોય અને જે દ્વિજાતિઓની સેવા કરવા શક્તિમાન ન હોય, તેણે [illegible] થી (સુતારી, કુંભારી આદિથી) [illegible]

कर्मभिः प्रचरितैः शुश्रूष्यन्ते द्विजातयः ।
कारुककर्माणि शिल्पानि विविधानि च ॥ १०० ॥

જે કર્મો કર્યાથી દ્વિજવર્ણોની સેવા થઈ શકે છે, તેવાં અનેક પ્રકારનાં શિલ્પનાં અને કારીગરીનાં કર્મો શૂદ્રે કરવાં.

वैश्यवृत्तिमनातिष्ठन्ब्राह्मणः स्वे पथि स्थित ।
अवृत्तिकार्षितः सीदन्निमं धर्मं समाचरेत् ॥ १०१ ॥

આજીવિકા વિના દુઃખી થયેલો કલેશયુક્ત બ્રાહ્મણ વૈશ્યવૃત્તિથી ન રહેતાં સ્વકર્મને માર્ગેજ વર્તે, તો તેણે આ નીચેનો ધર્મ આચરવો. ૧૦૧

सर्वतः प्रतिगृह्णीयाद्ब्राह्मणस्त्वनयं गतः ।
पवित्रं दुष्यतीत्येतद्धर्मतो नोपपद्यते ॥ १०२ ॥

દુઃખમાં આવેલો વિપદ્ગ્રસ્ત બ્રાહ્મણ સૌ કોઈ પાસેથી દાન લે; કેમકે પવિત્રને દૂષણ લાગે છે, એવો ધર્મમત નથી. ૧૦૨

नाध्यापनाद्याजनाद्वा गर्हिताद्वा प्रतिग्रहात् ।
दोषो भवति विप्राणां ज्वलनाम्बुसमा हि ते ॥ १०३ ॥

આપત્તિકાલે નિંદિતોને વેદ ભણાવવાથી, તેમને યજ્ઞ કરાવવાથી અથવા તેમની પાસેથી દાન લેવાથી બ્રાહ્મણોને દોષ લાગતો નથી, કેમકે તેઓ અગ્નિ અને જલ સમાન પવિત્ર છે.

जीवितात्ययमापन्नो योऽन्नमत्ति यतस्ततः ।
आकाशमिव पङ्केन न स पापेन लिप्यते ॥ १०४ ॥

પ્રાણસંકટમાં આવી પડેલો માણસ જ્યાંથી ત્યાંથી અન્ન જમે, તો જેમ આકાશ કાદવથી લેપાતું નથી તેમ તે પાપથી લેપાતો નથી ૧૦૪

अजीगर्तः सुतं हन्तुमुपासर्पद्बुभुक्षितः ।
न चालिप्यत पापेन क्षुत्प्रतीकारमाचरन् ॥ १०५ ॥

यो लोभादधमो जात्या जीवेदुत्कृष्टकर्मभिः।
तं राजा निर्धनं कृत्वा क्षिप्रमेव प्रवासयेत् ॥ ९६ ॥

અધમ જાતિનો જે માણસ લોભથી ઊંચી જાતિનાં કર્મોથી જીવિકા ચલાવે, તેને રાજાએ તરતજ નિર્ધન કરીને દેશ-નિકાલ આપવો. ૯૬

वरं स्वधर्मो विगुणो न पारक्यः स्वनुष्ठितः।
परधर्मेण जीवन् हि सद्यः पतति जातितः ॥ ९७ ॥

ભલે ગુણે ઓછો હોય તોપણ સ્વધર્મ ચડિયાતો છે-પારકો ધર્મ સારી રીતે આચરી શકાતો હોય તોપણ ચડિયાતો નથી. જે પરધર્મથી આજીવિકા કરે છે, તે તરતજ નીતિભ્રષ્ટ થાય છે. ૯૭

वैश्योऽजीवन्स्वधर्मेण शूद्रवृत्त्याऽपि वर्तयेत् ।
अनाचरन्नकार्याणि निवर्तेत च शक्तिमान् ॥ ९८ ॥

સ્વધર્મથી આજીવિકા ન ચલાવી શકતા વૈશ્યે શૂદ્રની વૃત્તિથી નિર્વાહ કરવો, પણ તેણે શૂદ્રનાં અયોગ્ય કાર્યો આચરવાં નહિ અને શક્તિમાન થતાં એ વૃત્તિમાંથી મુક્ત થવું. ૯૮

अशक्नुवंस्तु शुश्रूषां शूद्रः कर्तुं द्विजन्मनाम् ।
पुत्रदारात्ययं प्राप्तो जीवेत्कारुककर्मभिः ॥ ९९ ॥

જે શૂદ્રનાં પુત્ર અને પત્ની આપત્તિમાં હોય અને જે પોતે દ્વિજજાતિઓની સેવા કરવા શક્તિમાન ન હોય, તેણે કારીગરકામથી (સુતારી, લુહારી આદિથી) જીવિકા ચલાવવી.

यैः कर्मभिः प्रचरितैः शुश्रूष्यन्ते द्विजातयः ।
तानि कारुककर्माणि शिल्पानि विविधानि च ॥ १०० ॥

જે કર્મો કર્યાથી દ્વિજવર્ણોની સેવા થઈ શકે છે. તેવાં અનેક પ્રકારનાં શિલ્પનાં અને કારીગરીનાં કર્મો શૂદ્રે કરવાં.

वैश्यवृत्तिमनातिष्ठन्ब्राह्मणः स्वे पथि स्थित ।
अवृत्तिकर्षितः सीदन्निमं धर्मं समाचरेत् ॥ १०१ ॥

આજીવિકા વિના દુઃખી થયેલો કલેશયુક્ત બ્રાહ્મણ વૈશ્યવૃત્તિથી ન રહેતાં સ્વકર્મને માર્ગે જ વર્તે, તો તેણે આ નીચેનો ધર્મ આચરવો. ૧૦૧

सर्वतः प्रतिगृह्णीयाद्ब्राह्मणस्त्वनयं गतः ।
पवित्रं दुष्यतीत्येतद्धर्मतो नोपपद्यते ॥ १०२ ॥

દુઃખમાં આવેલો વિપદ્ગ્રસ્ત બ્રાહ્મણ સૌ કોઈ પાસેથી દાન લે: કેમકે પવિત્રને દૂષણ લાગે છે, એવો ધર્મમત નથી. ૧૦૨

नाध्यापनाद्याजनाद्वा गर्हिताद्वा प्रतिग्रहात् ।
दोषो भवति विप्राणां ज्वलनाम्बुसमा हि ते ॥ १०३ ॥

આપત્તિકાલે નિંદિતોને વેદ ભણાવવાથી, તેમને યજ્ઞ કરાવવાથી અથવા તેમની પાસેથી દાન લેવાથી બ્રાહ્મણોને દોષ લાગતો નથી: કેમકે તેઓ અગ્નિ અને જલ સમાન પવિત્ર છે.

जीवितात्ययमापन्नो योऽन्नमत्ति यतस्ततः ।
आकाशमिव पङ्केन न स पापेन लिप्यते ॥ १०४ ॥

પ્રાણસંકટમાં આવી પડેલો માણસ જ્યાંથી ત્યાંથી અન્ન જમે, તો જેમ આકાશ કાદવથી લેપાતું નથી તેમ તે પાપથી લેપાતો નથી. ૧૦૪

अजीगर्तः सुतं हन्तुमुपासर्पद्बुभुक्षितः ।
न चालिप्यत पापेन क्षुत्प्रतीकारमाचरन् ॥ १०५ ॥

અજીગર્ત ઋષિ ભૂખના માર્યા પુત્ર (શુનઃશેપ)ને હણવા તૈયાર થયા હતા; ભૂખનો આમ ઉપાય કરવાથી તેમને પાપનો લેપ લાગ્યો નહોતો. ૧૦૫

श्वमांसमिच्छन्नार्तोऽत्तुं धर्माधर्मविचक्षणः ।
प्राणानां परिरक्षार्थं वामदेवो न लिप्तवान् ॥ १०६ ॥

ધર્માધર્મને જાણનારા દુઃખી વામદેવ ઋષિએ પ્રાણ સારુ કૂતરાનું માંસ ખાવા ઇચ્છ્યું હતું, તો પણ તે પા' લેપાયા નહોતા ૧૦૬

भरद्वाजः क्षुधार्तस्तु सपुत्रो विजने वने ।
बह्वीर्गाः प्रतिजग्राह वृधोस्तक्ष्णो महातपाः ॥ १०७ ॥

મહાતપસ્વી ભરદ્વાજ ઋષિએ અને તેમના પુત્રે, ભૂખ પીડાઇને, નિર્જન વનમાં વૃધુ નામના સુથાર પાસેથી અં ગાયો લીધી હતી. ૧૦૭

क्षुधार्तश्चात्तुमभ्यागाद्विश्वामित्रः श्वजाघनीम् ।
चण्डालहस्तादादाय धर्माधर्मविचक्षणः ॥ १०८ ॥

પીડા પામતાં, ધર્મ અને અધર્મને જાણવાવાળ વિશ્વામિત્ર ઋષિ ભૂખને લીધે ચંડાલના હાથમાંથી લઇ કૂતરાની જાંઘ ખાવા તૈયાર થયા હતા. ૧૦૮

प्रतिग्रहाद्याजनाद्वा तथैवाध्यापनादपि ।
प्रतिग्रहः प्रत्यवरः प्रेत्य विप्रस्य गर्हितः ॥ १०९ ॥

પ્રતિગ્રહ, યાજન (યજ્ઞ કરાવવો) અને અધ્યાપન એમ સૌમાં પ્રતિગ્રહ (દાન લેવું) સૌથી નીચો છે અને તે બ્રાહ્મણનો પરભવ બગાડનારો છે. ૧૦૯

याजनाध्यापने नित्यं क्रियेते संस्कृतात्मनाम् ।
प्रतिग्रहस्तु क्रियते शूद्रादप्यन्त्यजन्मनः ॥ ११० ॥

યાજન અને અધ્યાપન તો નિત્ય સંસ્કારી પુરુષોને કરાવવામાં આવે છે, ત્યારે પ્રતિગ્રહ તો શૂદ્ર અને અંત્યજો પાસેથી પણ લેવાય છે. ૧૧૦

जपहोमैरपैत्येनो याजनाध्यापनैः कृतम् ।
प्रतिग्रहनिमित्तं तु त्यागेन तपसैव च ॥ १११ ॥

નિષિદ્ધ યાજન અને અધ્યાપન કરાવ્યાથી લાગેલું પાપ જપહોમથી નાશ પામે છે; પરંતુ નિષિદ્ધ પ્રતિગ્રહને નિમિત્તે લાગેલું પાપ ત્યાગ તથા તપથીજ દૂર થાય છે. ૧૧૧

शिलोञ्छमप्याददीत विप्रोऽजीवन्यतस्ततः ।
प्रतिग्रहाच्छिलः श्रेयांस्ततोऽप्युञ्छः प्रशस्यते ॥ ११२ ॥

જ્યાંત્યાંથી દાન લઈ જીવિકા ચલાવવા ન ઇચ્છતા બ્રાહ્મણે શિલોંછવૃત્તિ રાખવી. એ પ્રતિગ્રહ કરતાં *શિલવૃત્તિ શ્રેષ્ઠ છે, અને શિલ કરતાંય ઉછવૃત્તિ શ્રેષ્ઠતર છે. ૧૧૨

सीदद्भिः कुप्यमिच्छद्भिर्धनं वा पृथिवीपतिः ।
याच्यः स्यात्स्नातकैर्विप्रैरदित्संस्त्यागमर्हति ॥ ११३ ॥

વિપત્તિમાં ગળાતા અને ધાન્ય, વસ્ત્ર તથા યજ્ઞાદિ અર્થે ધનની ઇચ્છાવાળા એવા સ્નાતક વિપ્રોએ રાજાને યાચવો—તે જો ન આપે તો તેનો ત્યાગ કરવો. ૧૧૩

* અનાજ ખેતરમાંથી ખળામાં લઈ જવાય, ત્યારે જે દાણા ખેતરમાં રહે તેનાથી જે જીવનનિર્વાહ કરાય તે શિલવૃત્તિ અને ખળામાં ગયા પછી ખેતરમાં જે દાણા પડી રહે, તે વીણી ખાવા એ ઉંછવૃત્તિ.

अकृतं च कृतात्क्षेत्राद्गौरजाविकमेव च।
हिरण्यं धान्यमन्नं च पूर्वं पूर्वमदोषवत्॥११४॥

ખેડેલા ખેતર કરતાં વગર ખેડેલું ખેતર દોષહીન છે. તેમ, ગાય, બકરાં, ઘેટાં, સોનું, ધાન્ય અને રાંધેલું અન્ન એમાં પહેલાં પહેલાં તે પછી પછીનાં કરતાં વિશેષ દોષહીન છે. ૧૧૪

सप्त वित्तागमा धर्म्या दायो लाभः क्रयो जयः।
प्रयोगः कर्मयोगश्च सत्प्रतिग्रह एव च॥११५॥

ધનની આવકના આ સાત ધર્મસંમત માર્ગો છે—વારસો, અકસ્માત્ લાભ, માલવેચાણ, રણમાં વિજય, વ્યાજ વગેરેના પ્રયોગ, ખેતીવાડી વગેરેના કર્મયોગ અને સત્પાત્ર પાસેથી મળેલું દાન. ૧૧૫

विद्या शिल्पं भृतिः सेवा गोरक्ष्यं विपणिः कृषिः।
धृतिर्भैक्ष्यं कुसीदं च दश जीवनहेतवः॥११६॥

વિદ્યા, શિલ્પ, નોકરી, સેવાચાકરી, પશુપાલન, દુકાનદારી, ખેતી, સંતોષપૂર્વક થોડાથી જીવવાની ધીરજ, ભિક્ષાવૃત્તિ, અને વ્યાજવટાવ, એ દશ જીવનહેતુઓ છે. ૧૧૬

ब्राह्मणः क्षत्रियो वापि वृद्धिं नैव प्रयोजयेत्।
कामं तु खलु धर्मार्थं दद्यात्पापीयसेऽल्पिकाम्॥११७॥

બ્રાહ્મણ કે ક્ષત્રિય વ્યાજવટું તો નજ કરે. છતાં, જોઈએ તો, નીચ લોકને તે ધર્મને નિમિત્તે થોડે વ્યાજે ધન આપે. ૧૧૭

चतुर्थमाददानोऽपि क्षत्रियो भागमापदि।
प्रजा रक्षन्परं शक्त्या किल्बिषात्प्रतिमुच्यते॥११८॥

આપત્કાલમાં રાજા ચોથો ભાગ લઈને પણ જો સ્વશક્તિ પ્રમાણે પ્રજાનું રક્ષણ કરે, તો તે પાપમાંથી મુક્ત થાય છે.

स्वधर्मो विजयस्तस्य नाहवे स्यात्पराङ्मुखः ।
शस्त्रेण वैश्यान् रक्षित्वा धर्म्यमाहारयेद्बलिम् ॥ ११९ ॥

રણમાં વિજય એ તેનો સ્વધર્મ છે. યુદ્ધમાં તેણે પીઠ ન બતાવવી, તેણે શસ્ત્રોથી વૈશ્યોની રક્ષા કરવી અને ધર્મમાર્ગે કર લેવો. ૧૧૯

धान्येऽष्टमं विंशं शुल्कं विंशं कार्षापणावरम् ।
कर्मोपकरणाः शूद्राः कारवः शिल्पिनस्तथा ॥ १२० ॥

વૈશ્યો પાસેથી તેણે ધાન્યનો આઠમો ભાગ લેવો, સુવર્ણથી કાર્ષાપણ સુધીના ધનનો દશમો ભાગ લેવો અને શૂદ્રો, સુતારો, શિલ્પીઓ પાસે કામરૂપે ભાગ લેવો. ૧૨૦

शूद्रस्तु वृत्तिमाकाङ्क्षन्क्षत्रमाराधयेद्यदि ।
धनिनं वाप्युपाराध्य वैश्यं शूद्रो जिजीविषेत् ॥ १२१ ॥

જીવિકા ઇચ્છતા શૂદ્રે જોઈએ તો ક્ષત્રિયને સેવવો અથવા ધનવાન વૈશ્યને સેવી તેણે ગુજરો કરવા ઇચ્છવું. ૧૨૧

स्वर्गार्थमुभयार्थं वा विप्रानाराधयेत्तु सः ।
जातब्राह्मणशब्दस्य सा ह्यस्य कृतकृत्यता ॥ १२२ ॥

પણ સ્વર્ગને અર્થે અથવા આ લોક અને પરલોક એ બંનેને સારુ તેણે બ્રાહ્મણોનેજ સેવવા જોઇએ. તે 'અમુક બ્રાહ્મણનો સેવક છે' એટલા શબ્દોમાંય તેની કૃતાર્થતા રહી છે.

विप्रसेवैव शूद्रस्य विशिष्टं कर्म कीर्त्यते ।
यदतोऽन्यद्धि कुरुते तद्भवत्यस्य निष्फलम् ॥ १२३ ॥

બ્રાહ્મણની સેવા એજ શૂદ્રનું વિશિષ્ટ કર્મ કહેવાય છે આથી બીજુ એ જે કંઈ કરે, તે એને માટે નિષ્ફળ જાય છે.

प्रकल्प्या तस्य तैर्वृत्तिः स्वकुटुम्बाद्यथार्हतः ।
शक्तिं चावेक्ष्य दाक्ष्यं च भृत्यानां च परिग्रहम् ॥ १२४ ॥

તે શૂદ્રની શક્તિ, હોશિયારી અને તેમના આશ્રિત પરિવાર એનો વિચાર કરીને તે બ્રાહ્મણોએ પોતાના કુટુંબમાંથી તેને માટે યથાયોગ્ય આજીવિકા બાંધી આપવી. ૧૨૪

उच्छिष्टमन्नं दातव्यं जीर्णानि वसनानि च ।
पुलाकाश्चैव धान्यानां जीर्णाश्चैव परिच्छदाः ॥ १२५ ॥

તેને વધ્યું અન્ન, જૂનાં થયેલાં વસ્ત્રો અને ધાન્યોનાં છાંટણ આપવાં, તેમજ પુરાણી સાધનસામગ્રીઓ આપવી. ૧૨૫

न शूद्रे पातकं किंचिन्न च संस्कारमर्हति ।
नास्याधिकारो धर्मेऽस्ति न धर्मात्प्रतिषेधनम् ॥ १२६ ॥

શૂદ્રને લસણ વગેરે ખાવા સંબંધમાં કંઈ જ પાતક નથી, તેમ તે ઉપનયન આદિ સંસ્કારને પણ યોગ્ય નથી. તેને અગ્નિહોત્રાદિ ધર્મનો અધિકાર નથી, તેમ મંત્ર વિનાના પાકયજ્ઞાદિ ધર્મનો નિષેધ નથી. ૧૨૬

धर्मेप्सवस्तु धर्मज्ञाः सतां वृत्तमनुष्ठिताः ।
मन्त्रवर्ज्यं न दुष्यन्ति प्रशंसां प्राप्नुवन्ति च ॥ १२७ ॥

ધર્મજ્ઞ અને સત્પુરુષોના આચારમાં રહેવાવાળા ધર્મેચ્છુ શૂદ્રો જે મંત્ર વિના પંચમહાયજ્ઞો કરે છે, તો તેઓ દોષમાં પડતા નથી પણ પ્રશંસા પામે છે. ૧૨૭

यथा यथा हि सद्वृत्तमातिष्ठत्यनसूयकः ।
तथा तथेमं चामुं च लोकं प्राप्नोत्यनिन्दितः ॥ १२८ ॥

ઈર્ષ્યારહિત રહીને જે શૂદ્ર જેમ જેમ સદાચરણને સેવે છે,

તેમ તેમ તે અનિન્દિત થઇને આ લોક અને પરલોકમાં સુખ પામે છે. ૧૨૮

शक्तेनापि हि शूद्रेण न कार्यो धनसञ्चयः ।
शूद्रो हि धनमासाद्य ब्राह्मणानेव बाधते ॥ १२९ ॥

શક્તિમાન હોય તો પણ શૂદ્રે ધનસંચય કરવો નહિ. કેમકે, શૂદ્ર ધન મેળવીને બ્રાહ્મણોને પીડા કરે છે. ૧૨૯

एते चतुर्णां वर्णानामापद्धर्माः प्रकीर्तिताः ।
यान्सम्यगनुतिष्ठन्तो व्रजन्ति परमां गतिम् ॥ १३० ॥

ચારે વર્ણોના આ આપદ્ધર્મો કહ્યા તેમને રૂડી રીતે અનુસરનારાઓ પરમગતિને પામે છે. ૧૩૦

एष धर्मविधिः कृत्स्नश्चातुर्वर्ण्यस्य कीर्तितः ।
अतः परं प्रवक्ष्यामि प्रायश्चित्तविधिं शुभम् ॥ १३१ ॥

ચાતુર્વર્ણ્યનો આ સમગ્ર ધર્મવિધિ કહ્યો. હવે પ્રાયશ્ચિત્તનો શુભ વિધિ કહીશ. ૧૩૧

इतिश्री मानवधर्मशास्त्रे भृगुप्रोक्तायां संहितायां दशमोऽध्यायः ॥
ઇતિશ્રી માનવધર્મશાસ્ત્રે ભૃગુકથિત સંહિતામાં અધ્યાય ૧૦ નો સમાપ્ત

---

# अध्याय ११ मो

યાચકોને દાન આપવું—

सांतानिकं यक्ष्यमाणमध्वगं सर्ववेदसम् ।
गुर्वर्थं पितृमात्रर्थं स्वाध्यायार्थ्युपतापिनः ॥ १ ॥
नवैतान्स्नातकान्विद्याद्ब्राह्मणान्धर्मभिक्षुकान् ।
निःस्वेभ्यो देयमेतेभ्यो दानं विद्याविशेषतः ॥ २ ॥

સંતાનના પ્રયોજન સારુ વિવાહ કરવા ઇચ્છતો, યજ્ઞયાગાદિ કરવાની ઇચ્છા રાખતો, વટેમાર્ગુ, સર્વસ્વની દક્ષિણાવાળો વિશ્વજિત્ યજ્ઞ કરનારો, ગુરુ અને માતપિતા માટે ભોજનવસ્ત્રની ઇચ્છા કરનો, સ્વાધ્યાયના હેતુવાળો અને રોગી—એ નવ સ્નાતક બ્રાહ્મણોને ધર્મભિક્ષુક જાણવા; અને તે નિર્ધનોને તેમની વિદ્યાની વિશેષતા પ્રમાણે દાન આપવું. ૧,૨

एतेभ्यो हि द्विजाग्र्येभ्यो देयमन्नं सदक्षिणम् ।
इतरेभ्यो बहिर्वेदि कृतान्नं देयमुच्यते ॥ ३ ॥

આ દ્વિજવરોને દક્ષિણા સાથે અન્ન આપવું અને બીજાઓને વેદીની બહાર રાંધેલુ અન્ન આપવું—એમ કહેવાયું છે. ૩

सर्वरत्नानि राजा तु यथार्हं प्रतिपादयेत् ।
ब्राह्मणान्वेदविदुषो यज्ञार्थं चैव दक्षिणाम् ॥ ४ ॥

વેદવેત્તા બ્રાહ્મણોને રાજાએ યજ્ઞને માટેનું દક્ષિણાધન તથા સર્વ રત્નો એ યથાયોગ્ય જોઈને આપવાં. ૪

कृतदारोऽपरान्दारान्भिक्षित्वा योऽधिगच्छति ।
रतिमात्रं फलं तस्य द्रव्यदातुस्तु सन्ततिः ॥ ५ ॥

પત્નીવાળો જે માણસ દ્રવ્ય માગીને બીજી પત્નીઓ કરે છે, તે માત્ર રતિફલ પામે છે. તેની સંતતિ તો તેને દ્રવ્યનું દાન કરનારની કહેવાય છે. ૫

धनानि तु यथाशक्ति विप्रेषु प्रतिपादयेत् ।
वेदवित्सु विविक्तेषु प्रेत्य स्वर्गं समश्नुते ॥ ६ ॥

વેદજ્ઞ અને અનાસક્ત બ્રાહ્મણોને યથાશક્તિ ધન આપવું; તેથી મરણ પછી સ્વર્ગપ્રાપ્તિ થાય છે. ૬

यस्य त्रैवार्षिकं भक्तं पर्याप्तं भृत्यवृत्तये ।
अधिकं वापि विद्येत स सोमं पातुमर्हति ॥ ७ ॥

પોષ્યવર્ગના ભરણપોષણ માટે જે બ્રાહ્મણ પાસે ત્રણ વર્ષ ચાલે એટલું અથવા તેથી અધિક અન્ન હોય, તેણે સોમયાગ કરવો ઘટે છે. ૭

अतः स्वल्पीयसि द्रव्ये यः सोमं पिबति द्विजः ।
स पीतसोमपूर्वोऽपि न तस्याप्नोति तत्फलम् ॥ ८ ॥

જે દ્વિજ પાસે એથી ઓછું દ્રવ્ય હોય તે જો સોમયાગ કરે, તો તેણે પ્રથમથી સોમપાન કર્યું હોવા છતાં તેને તેનું ફળ મળતું નથી. ૮

शक्तः परजने दाता स्वजने दुःखजीविनि ।
मध्वापातो विषास्वादः स धर्मप्रतिरूपकः ॥ ९ ॥

જે સંપન્ન માણસ સ્વજનોને દુઃખમાં જીવતા રાખી પરજનોને દાન આપે છે, તે આરંભે મધ પીએ છે પણ પરિણામે વિષ ચાખે છે–તે ધર્મનો ઓળોજ સેવે છે. ૯

भृत्यानामुपरोधेन यत्करोत्यौर्ध्वदेहिकम् ।
तद्भवत्यसुखोदर्कं जीवतश्च मृतस्य च ॥ १० ॥

જે માણસ પોષ્યવર્ગને અવગણીને પારલૌકિક કર્મો કરે છે, તો તે ધર્મકાર્યો તેને જીવતાં અને મર્યા પછી દુઃખદાયી થાય છે. ૧૦

[ वृद्धौ च मातापितरौ साध्वी भार्या शिशुः सुतः ।
अप्यकार्यशतं कृत्वा भर्तव्या मनुरब्रवीत् ॥

ઘરડાં માબાપ, સાધ્વી પત્ની અને બાળક પુત્ર એમનું બીજાં

સો કામો પડતાં મૂકીને ભરણપોષણ કરવું, એમ મનુએ કહ્યું છે.]

યજ્ઞ માટે ધન હરી લાવવું—

यज्ञश्चेत्प्रतिरुद्धः स्यादेकेनाङ्गेन यज्वनः ।
ब्राह्मणस्य विशेषेण धार्मिके सति राजनि ॥ ११ ॥
यो वैश्यः स्याद्बहुपशुर्हीनक्रतुरसोमपः ।
कुटुम्बात्तस्य तद्द्रव्यमाहरेद्यज्ञसिद्धये ॥ १२ ॥

રાજા ધાર્મિક હોય ત્યારે યજમાનનો—ખાસ કરીને બ્રાહ્મણનો યજ્ઞ જો એક અંગ સારુ અટકી પડે તો જે વૈશ્ય ઘણાં ઢોરઢાંખરવાળો હોય અને જે યજ્ઞયાગ તથા સોમયજ્ઞ ન કરતો હોય, તેના કુટુંબમાંથી તે યજ્ઞની સિદ્ધિ અર્થે તેટલું ધન લઈ લેવું. ૧૧,૧૨

आहरेत्त्रीणि वा द्वे वा कामं शूद्रस्य वेश्मनः ।
न हि शूद्रस्य यज्ञेषु कश्चिदस्ति परिग्रहः ॥ १३ ॥

જો યજ્ઞનાં બે કે ત્રણ અંગ રહ્યાં હોય, તો કદી શૂદ્રને ઘેરથી તે જોઈતું લેવું; કારણકે શૂદ્રને યજ્ઞો વિષે કંઈજ સંબંધ હોતો નથી. ૧૩

योऽनाहिताग्निः शतगुरयज्वा च सहस्रगुः ।
तयोरपि कुटुम्बाभ्यामाहरेदविचारयन् ॥ १४ ॥

સો ગાયો છતાં જેણે અગ્નિહોત્ર ન રાખ્યો હોય અને હજાર ગાયો છતાં જેણે યજ્ઞ ન કર્યો હોય, તે બન્નેનાં કુટુંબોમાંથી વિચાર કર્યા વિના ધન લઇ લેવું. ૧૪

आदाननित्याच्चादातुराहरेदप्रयच्छतः ।
तथा यशोऽस्य प्रथते धर्मश्चैव प्रवर्धते ॥ १५ ॥

જે નિત્ય દાન લેતો હોય પણ દાન આપતો ન હોય, તે ધન ન આપે તો પણ તેની પાસેથી તે લઈ લેવું. તેમ કરવાથી એ ધન લાવનારનો જશ ફેલાય છે અને ધર્મ વૃદ્ધિ પામે છે. ૧૫

तथैव सप्तमे भक्ते भक्तानि षडनश्नता।
अश्वस्तनविधानेन हर्तव्यं हीनकर्मणः॥ १६॥

તેમજ જે માણસ છ ટંકથી ભૂખ્યો હોય તેણે ભોજનના સાતમા ટંકે, હીન કર્મ કરવાવાળાને ત્યાંથી પણ એક દિવસના પૂરા ભોજન પૂરતું અન્ન હરી લેવું ૧૬

खलात्क्षेत्रादगाराद्वा यतो वाऽप्युपलभ्यते।
आख्यातव्यन्तु तत्तस्मै पृच्छते यदि पृच्छति॥ १७॥

તેણે ખળામાંથી, ખેતરમાંથી, ઘરમાંથી અથવા જ્યાંથી મળે ત્યાંથી તે હરી લેવું. અને પૂછનાર જો પૂછે તો તેને સાચી વાત કહી દેવી. ૧૭

ब्राह्मणस्वं न हर्तव्यं क्षत्रियेण कदाचन।
दस्युनिष्क्रिययोस्तु स्वमजीवन्हर्तुमर्हति॥ १८॥

છતાં ક્ષત્રિયે ક્યારેય બ્રાહ્મણનું ધન હરવું નહિ. પોતાની આજીવિકા ન ચાલતી હોય, તો તેણે દસ્યુઓ અને ક્રિયાહીનો પાસેથી તે હરણ કરવું ૧૮

योऽसाधुभ्योऽर्थमादाय साधुभ्यः संप्रयच्छति।
स कृत्वा प्लवमात्मानं संतारयति तावुभौ॥ १९॥

જે અસાધુઓ પાસેથી લાવીને સાધુઓને આપે છે. તે પોતાને નૌકારૂપ કરીને એ બન્નેને તારે છે. ૧૯

यद्धनं यज्ञशीलानां देवस्वं तद्विदुर्बुधाः।
अयज्वनां तु यद्वित्तमासुरस्वं तदुच्यते॥ २०॥

[illegible]

न तस्मिन्धारयेद्दण्डं धार्मिकः पृथिवीपतिः ।
क्षत्रियस्य हि बालिश्याद्ब्राह्मणः सीदति क्षुधा ॥ २१ ॥

[illegible] ધાર્મિક રાજાએ શિક્ષા કરવી નહિ, [illegible] ક્ષત્રિયના મૂર્ખાઈને લીધે જ બ્રાહ્મણ ભૂખે મરાય છે. ૨૧

तस्य भृत्यजनं ज्ञात्वा स्वकुटुम्बान्महीपतिः ।
श्रुतशीले च विज्ञाय वृत्तिं धर्म्यां प्रकल्पयेत् ॥ २२ ॥

રાજાએ તો તે બ્રાહ્મણનાં આશ્રિતોને યોગ્ય કુટુંબીઓને જાણી લેવાં અને તેની વિદ્વત્તા તથા સદાચાર સમજી તેને ધર્મયુક્ત આજીવિકા કરી આપવી. ૨૨

कल्पयित्वाऽस्य वृत्तिं च रक्षेदेनं समन्ततः ।
राजा हि धर्मषड्भागं तस्मात्प्राप्नोति रक्षितात् ॥ २३ ॥

એને આજીવિકા બાંધી આપીને એનું સર્વ રીતે રક્ષણ કરવું; કારણ કે બ્રાહ્મણનું રક્ષણ કરવાથી રાજા તેના ધર્મનો છઠ્ઠો ભાગ મેળવે છે. ૨૩

न यज्ञार्थं धनं शूद्राद्विप्रो भिक्षेत कर्हिचित् ।
यजमानो हि भिक्षित्वा चण्डालः प्रेत्य जायते ॥ २४ ॥

બ્રાહ્મણે યજ્ઞને અર્થે કદી પણ શૂદ્ર પાસેથી ધનની ભિક્ષા માગવી નહિ. કારણ કે એમ ભીખીને યજ્ઞ કરનાર મરણ પછી ચંડાળ જન્મે છે. ૨૪

यज्ञार्थमर्थं भिक्षित्वा यो न सर्वं प्रयच्छति ।
स याति भासतां विप्रः काकतां वा शतं समाः ॥२५॥

યજ્ઞને માટે ભિક્ષા માગીને જે તે સર્વ યજ્ઞમાં આપતો નથી, તે બ્રાહ્મણ સો વરસ સુધી ભાસપક્ષીની કે કાગડાની જાતિને પામે છે. ૨૫

દેવનું ધન ખાઇ જનાર વગેરેની અધોગતિ—

देवस्वं ब्राह्मणस्वं वा लोभेनोपहिनस्ति यः ।
स पापात्मा परे लोके गृध्रोच्छिष्टेन जीवति ॥ २६ ॥

જે માણસ દેવધનને કે બ્રાહ્મણધનને લોભથી ઓળવી જાય છે, તે પાપાત્મા બીજા જન્મમાં ગીધની એંઠથી જીવે છે. ૨૬

इष्टिं वैश्वानरीं नित्यं निर्वपेदब्दपर्यये ।
क्लृप्तानां पशुसोमानां निर्वपेदब्दपर्यये ॥ २७ ॥

વરસ બદલાતાં સુધીમાં જો વિહિત પશુ અને સોમયાગો ન થઇ શક્યા હોય, તો બીજા વર્ષના આરંભમાં [illegible] પાપેથી મુક્ત થઇને વૈશ્વાનર યજ્ઞ કરે. ૨૭

आपत्कल्पेन यो धर्मं कुरुतेऽनापदि द्विजः ।
स नाप्नोति फलं तस्य परत्रेति विचारितम् ॥ २८ ॥

જે દ્વિજ અનાપત્તિના વખતમાં પણ આપત્કાળના ધર્મને અનુસરે છે, તે પરલોકમાં [illegible] ફળ પામતો [illegible] શાસ્ત્રનો નિર્ણય છે. ૨૮

विश्वैश्च देवैः साध्यैश्च ब्राह्मणैश्च महर्षिभिः ।
आपत्सु मरणाद्भीतैर्विधेः प्रतिनिधिः कृतः ॥ २९ ॥

[illegible]

प्रभुः प्रथमकल्पस्य योऽनुकल्पेन वर्तते ।
न साम्परायिकं तस्य दुर्मतेर्विद्यते फलम् ॥ ३० ॥

જે બ્રાહ્મણ મુખ્ય વિધિ કરવાને સમર્થ હોવા છતાં ગૌણ વિધિએ વર્તે છે, તે દુર્બુદ્ધિને પારલૌકિક ફળ સાંપડતું નથી. ૩૦

न ब्राह्मणो वेदयेत किंचिद्राजनि धर्मवित् ।
स्ववीर्येणैव ताञ्छिष्यान्मानवानपकारिणः ॥ ३१ ॥

ધર્મવેત્તા બ્રાહ્મણે રાજાને કોઈના અપરાધ વિષે કંઈ નિવેદન કરવું નહિ. પોતાના સામર્થ્યથીજ તેણે તે માણસોને શિક્ષા કરવી. ૩૧

स्ववीर्याद्राजवीर्याच्च स्ववीर्यं बलवत्तरम् ।
तस्मात्स्वेनैव वीर्येण निगृह्णीयादरीन्द्विजः ॥ ३२ ॥

પોતાનું સામર્થ્ય અને રાજાનું સામર્થ્ય એ બેમાં પોતાનું સામર્થ્ય વિશેષ બળવતું છે. તેથી બ્રાહ્મણે પોતાનાજ સામર્થ્યથી શત્રુઓને વશ કરવા. ૩૨

श्रुतीरथर्वाङ्गिरसीः कुर्यादित्यविचारयन् ।
वाक्शस्त्रं वै ब्राह्मणस्य तेन हन्यादरीन्द्विजः ॥ ३३ ॥

તેણે વિચારવા અટક્યા વિના જ અથર્વવેદના અંગિરા ઋષિએ કહેલા મંત્રો ભણી અભિચાર કરવો. મંત્ર એ જ બ્રાહ્મણનું શસ્ત્ર છે. તેનાથી બ્રાહ્મણે શત્રુઓને હણવા. ૩૩

क्षत्रियो बाहुवीर्येण तरेदापदमात्मनः ।
धनेन वैश्यशूद्रौ तु जपहोमैर्द्विजोत्तमः ॥ ३४ ॥

ક્ષત્રિય બાહુબળથી પોતાની આપત્તિને તરે; વૈશ્ય અને શૂદ્ર ધનથી આપત્તિ તરે; પણ દ્વિજવર જપહોમોથી આપત્તિ તરે. ૩૪

विधाता शासिता वक्ता मैत्रो ब्राह्मण उच्यते ।
तस्मै नाकुशलं ब्रूयान्न शुष्कां गिरमीरयेत् ॥ ३५ ॥

બ્રાહ્મણને વિહિત કર્મોના વિધાન કરનારો, પુત્ર તથા શિષ્ય આદિને શિક્ષણ આપનારો, પ્રાયશ્ચિત્ત વગેરે ધર્મોનો કહેનારો, તેમજ સકલ પ્રાણીઓ વિશે મૈત્રી રાખનારો કહ્યો છે. તેને અકુશળ કહેવું નહિ તેમ તેને કડવા બોલ કહેવા નહિ. ૩૫

न वै कन्या न युवतिर्नाल्पविद्यो न बालिशः ।
होता स्यादग्निहोत्रस्य नार्तो नासंस्कृतस्तथा ॥ ३६ ॥

કન્યા, યુવતી, અલ્પ વિદ્યાવાળો, મૂર્ખ, રોગી અને ઉપનયન સંસ્કારથી રહિત એટલાંએ અગ્નિહોત્રમાં હોમ કરવો નહિ. ૩૬

नरके हि पतन्त्येते जुह्वन्तः स च यस्य तत् ।
तस्माद्वैतानकुशलो होता स्याद्वेदपारगः ॥ ३७ ॥

કન્યા આદિ તેઓ જો આમ હોમ કરે છે, તો તેઓ અને જેની વતી તેઓ હોમે છે તે, એમ બધાં નરકમાં પડે છે. આથી શ્રૌતકર્મમાં કુશળ અને વેદમાં પારંગત એવાએ જ હોતા થવું. ૩૭

પુણ્યના કામ કરવા—

प्राजापत्यमदत्त्वाऽश्वमग्न्याधेयस्य दक्षिणाम् ।
अनाहिताग्निर्भवति ब्राह्मणो विभवे सति ॥ ३८ ॥

અગ્નિહોત્ર રાખીને જે બ્રાહ્મણ સંપન્ન હોવા છતાં પ્રજાપતિ દૈવતવાળા અશ્વની દક્ષિણા આપતો નથી, તે અગ્નિહોત્ર રાખ્યા છતાં અગ્નિહોત્રનું ફળ પામતો નથી. ૩૮

पुण्यान्यन्यानि कुर्वीत श्रद्दधानो जितेन्द्रियः ।
न त्वल्पदक्षिणैर्यज्ञैर्यजन्ते ह कथंचन ॥ ३९ ॥

શ્રદ્ધાસંપન્ન જિતેન્દ્રિય બ્રાહ્મણે ભલે બીજાં પુણ્યકાર્યો કરવાં, પણ ક્યારેય અલ્પ દક્ષિણાયુક્ત યજ્ઞોથી યજન ન કરવું.

**इन्द्रियाणि यशः स्वर्गमायुः कीर्तिं प्रजाः पशून् ।**
**हन्त्यल्पदक्षिणो यज्ञस्तस्मान्नाल्पधनो यजेत् ॥ ४० ॥**

અલ્પ દક્ષિણાવાળો યજ્ઞ ઇન્દ્રિયો, યશ, સ્વર્ગ, આયુ, કીર્તિ, પ્રજા અને પશુઓને હણે છે. તેથી અલ્પ ધનવાળાએ યજ્ઞ કરવો નહિ. ૪૦

**अग्निहोत्र्यपविध्याग्नीन्ब्राह्मणः कामकारतः ।**
**चान्द्रायणं चरेन्मासं वीरहत्यासमं हि तत् ॥ ४१ ॥**

જે અગ્નિહોત્રી બ્રાહ્મણ જાણીબૂઝીને સવારસાંજ અગ્નિનાં હોમ ન કરે, તેણે એક માસ ચાંદ્રાયણવ્રત આચરવું. કેમકે, હોમત્યાગ પુત્રહત્યા સમાન છે. ૪૧

**ये शूद्रादधिगम्यार्थमग्निहोत्रमुपासते ।**
**ऋत्विजस्ते हि शूद्राणां ब्रह्मवादिषु गर्हिताः ॥ ४२ ॥**

જે બ્રાહ્મણો શૂદ્ર પાસેથી ધન લઈને અગ્નિહોત્રને ઉપાસે છે, તેઓ શૂદ્રોના ઋત્વિજો છે અને તેઓ બ્રહ્મવાદીઓમાં નિંદાને પામે છે. ૪૨

**तेषां सततमज्ञानां वृषलाग्न्युपसेविनाम् ।**
**पदा मस्तकमाक्रम्य दाता दुर्गाणि संतरेत् ॥ ४३ ॥**

આમ શૂદ્રની પાસેથી ધન લઈને વ્રતબાહ્ય અગ્નિહોત્ર ઉપાસનારા તે અજ્ઞાની બ્રાહ્મણોનાં માથાં ઉપર શૂદ્ર દાતા સતત પગ મૂકી ચડે છે અને પરલોકમાં સર્વ સંકટો તરી જાય છે. (અર્થાત્ ફળ તે અગ્નિહોત્રીઓને મળતું નથી, પણ શૂદ્ર દાતાને મળે છે.) ૪૩

પતિતનુ લક્ષણ—

अकुर्वन्विहितं कर्म निन्दितं च समाचरन् ।
प्रसक्तश्चेन्द्रियार्थेषु प्रायश्चित्तीयते नरः ॥ ४४ ॥

જે માણસ વિહિત કર્મ કરતો નથી અને નિંદિત કર્મ આચરે છે, તેમજ જે ઇંદ્રિયોના વિષયોમાં લીન રહે છે તે પ્રાયશ્ચિત્તને પાત્ર છે. ૪૪

પાપનુ પ્રાયશ્ચિત્ત—

अकामतः कृते पापे प्रायश्चित्तं विदुर्बुधाः ।
कामकारकृतेऽप्याहुरेके श्रुतिनिदर्शनात् ॥ ४५ ॥

વિદ્વાનો અજાણતાં થયેલા પાપ સબંધમાં પ્રાયશ્ચિત્ત હોય એમ કહે છે. કેટલાક વિદ્વાનો શ્રુતિનુ ઉદાહરણ આપી જાણીજોઇને કરેલાં પાપ વિશેય પ્રાયશ્ચિત્ત કહે છે. ૪૫

अकामतः कृतं पापं वेदाभ्यासेन शुद्ध्यति ।
कामतस्तु कृतं मोहात्प्रायश्चित्तैः पृथग्विधैः ॥ ४६ ॥

અજાણતાં થયેલા પાપની શુદ્ધિ વેદના અભ્યાસથી થાય છે, પણ જાણીબૂઝીને મોહમાં કરેલા પાપની શુદ્ધિ તો જુદી જુદી જાતનાં પ્રાયશ્ચિત્તોથી થાય છે. ૪૬

प्रायश्चित्तीयतां प्राप्य दैवात्पूर्वकृतेन वा ।
न संसर्गं व्रजेत्सद्भिः प्रायश्चित्तेऽकृते द्विजः ॥ ४७ ॥

જે દ્વિજ દૈવે કરીને કે પૂર્વજન્મના કર્મ કરીને પ્રાયશ્ચિત્ત-ને પાત્ર થાય છે, તેણે પ્રાયશ્ચિત્ત કર્યા વિના સજ્જનોની સાથે સંસર્ગ કરવો નહિ. ૪૭

[ प्रायो नाम तपः प्रोक्तं चित्तं निश्चय उच्यते ।
तपो निश्चयसंयुक्तं प्रायश्चित्तमिति स्मृतम् ॥

'આગ' નામ પાપનું કહ્યું છે અને 'વિત' એટલે નિવૃત્ત કહેવાય છે. તેથી, નિવૃત્તપણું જે તે 'આગવિત' છે એમ કહ્યું છે.]

[illegible]

इह दुश्चरितैः केचित्केचित्पूर्वकृतैस्तथा ।
प्राप्नुवन्ति दुरात्मानो नरा रूपविपर्ययम् ॥ ४८ ॥

કેટલાક દુરાત્મા માણસો આ જન્મનાં તો કેટલાક આગલા જન્મનાં દુરાચરણોને લીધે રૂપની વિકૃતિને પામે છે. ૪૮

सुवर्णचौरः कौनख्यं सुरापः श्यावदन्तताम् ।
ब्रह्महा क्षयरोगित्वं दौश्चर्म्यं गुरुतल्पगः ॥ ४९ ॥
पिशुनः पौतिनासिक्यं सूचकः पूतिवक्त्रताम् ।
धान्यचौरोऽङ्गहीनत्वमातिरेक्यं तु मिश्रकः ॥ ५० ॥
अन्नहर्ताऽमयावित्वं मौक्यं वागपहारकः ।
वस्त्रापहारकः श्वैत्र्यं पङ्गुतामश्वहारकः ॥ ५१ ॥
एवं कर्मविशेषेण जायन्ते सद्विगर्हिताः ।
जडमूकान्धबाधिरा विकृताकृतयस्तथा ॥ ५२ ॥

સોનું ચોરનારના નખ ભૂંડા થાય, દારૂ પીનારના દાંત કાળા પડે; બ્રહ્મહત્યારાને ક્ષયરોગ લાગે, ગુરુપત્ની સાથે ગમન કરનારને ચામડીના રોગ થાય, ચૂગલીખોરનું નાક ગંધાય; ખોટી કૂથલી કરનારાનું મોં વાસ મારે, અનાજ ચોરનારો અંગે ન્યૂન થાય, ભેગસેગ કરનારો અંગે અધિક થાય, અન્ન હરનારને મંદાગ્નિ થાય, વાણી ચોરનારને ગૂંગાપણું મળે.
ચોરનારને સફેદ કોઢ થાય અને ઘોડો ચોરી જનાર પાંગળો

થાય છે. આમ ખાસ ખાસ કર્મે કરીને જડ, મૂંગા, આંધળા, બહેરા તેમજ વિકૃત આકૃતિવાળા જન્મે છે અને તેઓ સજ્જનોથી નિંદા પામે છે. ૪૯-૫૨

[ दीपहर्ता भवेदन्धः काणो निर्वापको भवेत् ।
हिंसया व्याधिभूयस्त्वमरोगित्वमहिंसया ॥

દીવો ચોરનારો આંધળો થાય છે, ત્યારે દીવો બુઝાવી દેનારો કાણો થાય છે. હિંસા કરનારો અનેક વ્યાધિવાળો થાય છે, પણ અહિંસાથી આરોગિતા રહે છે ]

चरितव्यमतो नित्यं प्रायश्चित्तं विशुद्धये ।
निन्द्यैर्हि लक्षणैर्युक्ता जायन्तेऽनिष्कृतैनसः ॥ ५३ ॥

આથી, વિશુદ્ધિ માટે નિત્ય પ્રાયશ્ચિત આચરવું. કારણ કે પાપનું પ્રાયશ્ચિત ન કરનારાઓ નિંદ્ય લક્ષણો સાથે જન્મે છે.

મહાપાપ—

ब्रह्महत्या सुरापानं स्तेयं गुर्वङ्गनागमः ।
महान्ति पातकान्याहुः संसर्गश्चापि तैः सह ॥ ५४ ॥

બ્રહ્મહત્યા, મદ્યપાન, સોના વગેરેની ચોરી, ગુરુપત્ની સાથે ગમન અને એ કરનારા સાથેનો સંસર્ગ, એને મહાપાપો કહ્યાં છે ૫૪

अनृतं च समुत्कर्षे राजगामि च पैशुनम् ।
गुरोश्चालीकनिर्बन्धः समानि ब्रह्महत्यया ॥ ५५ ॥

આપવડાઈમાં જૂઠાણું હાંકવું, રાજા આગળ ચાડીચૂગલી કરવી અને ગુરુને ખોટો દોષ લગાડવો, એ પાપો બ્રહ્મહત્યા સમાન છે. ૫૫

ब्रह्मोज्झता वेदनिन्दा कौटसाक्ष्यं सुहृद्वधः ।
गर्हितानाद्ययोर्जग्धिः सुरापानसमानि षट् ॥ ५६ ॥

વેદ વિસારે મૂકવા, વેદની નિંદા કરવી, ખોટી સાક્ષી પૂરવી, મિત્રનો વધ કરવો અને નિંદિત તથા નિષિદ્ધ વસ્તુઓ ખાવી—એ ૭ પાપો સુરાપાન સમાન છે. ૫૬

निक्षेपस्यापहरणं नराश्वरजतस्य च ।
भूमिवज्रमणीनां च रुक्मस्तेयसमं स्मृतम् ॥ ५७ ॥

કોઇની અનામત ઉચાપત કરવી તથા મનુષ્ય, અશ્વ, ચાંદી, ભૂમિ, હીરા અને મણિનું હરણ કરવું, એ પાપ સુવર્ણની ચોરી સમાન ગણ્યું છે. ૫૭

रेतःसेकः स्वयोनीषु कुमारीष्वन्त्यजासु च ।
सख्युः पुत्रस्य च स्त्रीषु गुरुतल्पसमं विदुः ॥ ५८ ॥

સગી બહેનોમાં, કુંવારી કન્યાઓમાં, અંત્યજ સ્ત્રીઓમાં તેમજ મિત્ર અને પુત્રની પત્નીઓમાં વીર્યસિંચન કરવું, એ ગુરુપત્ની સાથે ગમન કર્યા સમાન જાણવું. ૫૮

ઉપપાતક—

गोवधोऽयाज्यसंयाज्यपारदार्यात्मविक्रयाः ।
गुरुमातृपितृत्यागः स्वाध्यायाग्न्योः सुतस्य च ॥ ५९ ॥
परिवित्तितानुजेऽनूढे परिवेदनमेव च ।
तयोर्दानं च कन्यायास्तयोरेव च याजनम् ॥ ६० ॥
कन्याया दूषणं चैव वार्धुष्यं व्रतलोपनम् ।
तडागारामदाराणामपत्यस्य च विक्रयः ॥ ६१ ॥

ब्रात्यता बान्धवत्यागो भृत्याध्यापनमेव च ।
भृत्या चाध्ययनादानमपण्यानां च विक्रयः ॥ ६२ ॥
सर्वाकरेष्वधिकारो महायन्त्रप्रवर्तनम् ।
हिंसौषधीनां स्त्र्याजीवोऽभिचारो मूलकर्म च ॥ ६३ ॥
इन्धनार्थमशुष्काणां द्रुमाणामवपातनम् ।
आत्मार्थं च क्रियारम्भो निन्दितान्नादनं तथा ॥ ६४ ॥
अनाहिताग्निता स्तेयमृणानामनपक्रिया ।
असच्छास्त्राधिगमनं कौशीलव्यस्य च क्रिया ॥ ६५ ॥
धान्यकुप्यपशुस्तेयं मद्यपस्त्रीनिषेवणम् ।
स्त्रीशूद्रविट्क्षत्रवधो नास्तिक्यं चोपपातकम् ॥ ६६ ॥

ગાયનો વધ કરવો, યજ્ઞને યોગ્ય નથી એવાને યજ્ઞ કરાવવો, પરસ્ત્રી સાથે ગમન કરવું, પોતાની જાતનું વેચાણ કરવું, ગુરુ, માતા, પિતા, વેદનો સ્વાધ્યાય, શ્રૌતસ્માર્ત્ત અગ્નિઓ તથા પુત્રનો ત્યાગ કરવો, મોટાભાઈને કુંવારો રાખીને નાનાભાઈએ પરણી મોટાને *પરિવિત્તિ કરવો, આમ નાનાએ પરણીને અગ્નિહોત્ર રાખી પરિવેત્તા થવું, એ બન્નેને કન્યા આપવી, એ બેઉના યજ્ઞ કરાવવા, કન્યાને દૂષિત કરવી, અયોગ્ય વ્યાજ લેવું, વ્રતનો લોપ કરવો, જલાશય, બાગ, પત્ની તથા પુત્રને વેચવાં, ઉપનયન આદિ સંસ્કારો ન કરવા, બાંધવોનો ત્યાગ કરવો, પગારથી અધ્યાપન કરવું, પગાર આપી અધ્યયન કરવું, વેચાણને અયોગ્ય એવી વસ્તુઓ વેચવી, [illegible]

* નાનો પરણે ને મોટો કુંવારો રહે, તો મોટો [illegible] અને પરણનાર નાનો, તે પરિવેત્તા [illegible]

વગેરેની સર્વ ખાણો ઉપર અધિકાર કરવો, મોટાં યંત્રો ચલાવવાં, ઔષધિઓ વાઢવી, સ્ત્રી ઉપર ગુજરાન ચલાવવું, મારણ પ્રયોગ કરવા, વશીકરણાદિ કરવું, ઈંધણાં માટે લીલાં ઝાડ કાપી નાખવાં, આપહેતુથીજ પાકાદિ ક્રિયા કરવી, નિંદિત અન્ન ખાવું, અગ્નિહોત્રનો ત્યાગ કરવો, ચોરી કરવી ઋણ ન વાળવું, અસત્ શાસ્ત્રોનું સેવન કરવું, નાચ, નાટક આદિ તમાશા કરવા, ધાન્ય, સોનાચાંદી સિવાયની ધાતુઓ અને પશુઓની ચોરી કરવી, દારૂડિયણ સ્ત્રીનો સંગ કરવો, સ્ત્રી, શૂદ્ર, વૈશ્ય તથા ક્ષત્રિયનો વધ કરવો, અને નાસ્તિકતા—એ સર્વ ઉપપાતકો છે. ૫૯–૬૬

જાતિભ્રંશકરણ પાપ—

**ब्राह्मणस्य रुजःकृत्या घ्रातिरघ्रेयमद्ययोः ।**
**जैह्म्यं च मैथुनं पुंसि जातिभ्रंशकरं स्मृतम् ॥ ६७ ॥**

બ્રાહ્મણને પ્રહારપીડા આપવી, દુર્ગંધવાળા પદાર્થો અને મદ્ય સૂંઘવાં, કુટિલતા અને પુરુષની સાથે મૈથુન—એને જાતિભ્રંશકર (જાતિ ભ્રષ્ટ કરનાર) પાપ કહ્યાં છે. ૬૭

સંકરીકરણ પાપ—

**खराश्वोष्ट्रमृगेभानामजाविकवधस्तथा ।**
**संकरीकरणं ज्ञेयं मीनाहिमहिषस्य च ॥ ६८ ॥**

ગધેડાં, ઘોડાં, ઊંટ, મૃગ, હાથી, ઘેટાં, બકરાં, માછલાં, સાપ અને પાડા એટલાંનો વધ કરવો, એને સંકરીકરણ પાપ જાણવું. (એટલે, તે વધ કરનારો વર્ણસંકર થાય છે.) ૬૮

અપાત્રીકરણ પાપ—

निन्दितेभ्यो धनादानं वाणिज्यं शूद्रसेवनम् ।
अपात्रीकरणं ज्ञेयमसत्यस्य च भाषणम् ॥ ६९ ॥

નિંદિતો પાસેથી ધન લેવું, વેપાર કરવો, શૂદ્રની સેવા કરવી અને અસત્ય બોલવું, એને અપાત્રીકરણ પાપ જાણવું (અર્થાત્ એ કરનારને અપાત્ર જાણવો.) ૬૯

મલિનીકરણ પાપ—

कृमिकीटवयोहत्या मद्यानुगतभोजनम् ।
फलैधःकुसुमस्तेयमधैर्यं च मलावहम् ॥ ७० ॥

કૃમિ, કીટ અને પક્ષીની હત્યા, દારૂ સાથે ભળેલું ભોજન, ફળ, લાકડાં અને ફૂલની ચોરી અને અધીરતા—એટલાં મલિનીકરણ (મલિન કરવાવાળાં) પાપો છે ૭૦

एतान्येनांसि सर्वाणि यथोक्तानि पृथक्पृथक् ।
यैर्यैर्व्रतैरपोह्यन्ते तानि सम्यङ्निबोधत ॥ ७१ ॥

આ જે જુદાંજુદાં સર્વ પાપો કહ્યાં, તે જે જે વ્રતોથી નાશ પામે છે તે વિશે યથાવિધિ સાંભળો. ૭૧

મહાપાપનાં પ્રાયશ્ચિત્તો—

ब्रह्महा द्वादश समाः कुटीं कृत्वा वने वसेत् ।
भैक्षाश्यात्मविशुद्ध्यर्थं कृत्वा शवशिरोध्वजम् ॥ ७२ ॥

બ્રહ્મહત્યા કરનારાએ પોતાની વિશુદ્ધિ અર્થે બાર વરસ સુધી વનમાં ઝૂપડી બાંધી રહેવું, મારાં ગયેલા બ્રાહ્મણની ખોપરીનું કપાળે નિશાન રાખવું અને ભિક્ષાથી ભોજન કરવું.

लक्ष्यं शस्त्रभृतां वा स्याद्विदुषामिच्छयात्मनः ।
प्रास्येदात्मानमग्नौ वा समिद्धे त्रिरवाक्शिराः ॥ ७३ ।

અથવા પોતે સ્વેચ્છાથી શસ્ત્ર ધારણ કરનાર વિદ્વાનોનું નિશાનરૂપ થવું. અથવા પોતે ભડભડતા અગ્નિમાં ત્રણવાર ઊંધે માથે ઝંપલાવવું. ૭૩

**यजेत वाऽश्वमेधेन स्वर्जिता गोसवेन वा।**
**अभिजिद्विश्वजिद्भ्यां वा त्रिवृताग्निष्टुतापि वा ॥ ७४ ॥**

અથવા, તેણે અશ્વમેધ, સ્વર્ગજિત્, ગોસવ, અભિજિત્, વિશ્વજિત્ યજ્ઞ અથવા તો ત્રિવૃત્ કે અગ્નિષ્ટુત્ યજ્ઞ કરવો.

**जपन् वाऽन्यतमं वेदं योजनानां शतं व्रजेत्।**
**ब्रह्महत्यापनोदाय मितभुङ्नियतेन्द्रियः ॥ ७५ ॥**

અથવા બ્રહ્મહત્યા ટાળવા સારુ તેણે ઇંદ્રિયોને સંયમમાં રાખીને તથા પરિમિત ભોજન સેવીને ગમે તે વેદનો જપ કરતાં કરતાં સો યોજન જવું. ૭૫

**सर्वस्वं वेदविदुषे ब्राह्मणायोपपादयेत्।**
**धनं वा जीवनायालं गृहं वा सपरिच्छदम् ॥ ७६ ॥**

અથવા, તેણે વેદવેત્તા બ્રાહ્મણને પોતાનું સર્વસ્વ આપી દેવું અથવા તેને જીવન માટે પૂરું ધન આપવું અથવા તેને બધા રાચરચીલા સાથે ઘર આપવું. ૭૬

**हविष्यभुग्वाऽनुसरेत्प्रतिस्रोतः सरस्वतीम्।**
**जपेद्वा नियताहारस्त्रिर्वै वेदस्य संहिताम् ॥ ७७ ॥**

અથવા, હવિષ્યાન્નનું ભોજન રાખી, તેણે સરસ્વતીના પ્રવાહ સાથે ચાલ્યા કરવું; અથવા નિયમિત આહારવાળા રહી તેણે ત્રણવાર વેદની સંહિતા જપવી. ૭૭

कृतवापनो निवसेद्ग्रामान्ते गोव्रजेऽपि वा ।
आश्रमे वृक्षमूले वा गोब्राह्मणहिते रतः ॥ ७८ ॥

અથવા, મુંડન રાખી, ગાય અને બ્રાહ્મણના હિતમાં પરાયણ રહી તેણે ગામને છેડે, ગોંદરે, આશ્રમમાં, કે વૃક્ષના મૂળમાં વાસ કરવો. ૭૮

ब्राह्मणार्थे गवार्थे वा सद्यः प्राणान्परित्यजेत् ।
मुच्यते ब्रह्महत्याया गोप्ता गोर्ब्राह्मणस्य च ॥ ७९ ॥

અથવા તેણે ગાય કે બ્રાહ્મણને માટે તત્કાલ પ્રાણ ઓવારી નાખવા. ગાય અને બ્રાહ્મણનું રક્ષણ કરનારો બ્રહ્મહત્યાના પાપથી છૂટે છે. ૭૯

त्रिवारं प्रतिरोद्धा वा सर्वस्वमवजित्य वा ।
विप्रस्य तन्निमित्ते वा प्राणालाभे विमुच्यते ॥ ८० ॥

અથવા, કોઇ ચોર બ્રાહ્મણનું સર્વસ્વ હરી જતો હોય ત્યારે તેણે ત્રણવાર તેનો સામનો કરવો અથવા તે ધન પાછું મેળવી આપવા પ્રયત્ન કરવો અથવા તેને નિમિત્તે પોતાના પ્રાણ અળગા કરવા—આથી તે બ્રહ્મહત્યાના પાપથી મુક્ત થાય. ૮૦

एवं दृढव्रतो नित्यं ब्रह्मचारी समाहितः ।
समाप्ते द्वादशे वर्षे ब्रह्महत्यां व्यपोहति ॥ ८१ ॥

આમ દૃઢ વ્રત રાખતો, નિત્ય બ્રહ્મચર્ય પાળતો અને સ્વસ્થચિત્ત રહેતો તે બાર વર્ષ વીત્યે બ્રહ્મહત્યાના પાપથી મુક્ત થાય છે. ૮૧

शिष्ट्वा वा भूमिदेवानां नरदेवसमागमे ।
स्वमेनोऽवभृथस्नातो हयमेधे विमुच्यते ॥ ८२ ॥

અથવા અશ્વમેધ યજ્ઞ વખતે, બ્રાહ્મણો તથા રાજાઓના સંમેલન આગળ જે પોતાનું પાપ નિવેદિત કરી અવભૃથસ્નાન કરે છે, તે પોતાના બ્રહ્મહત્યાના પાપથી મુક્તિ પામે છે. ૮૨

**धर्मस्य ब्राह्मणो मूलमग्रं राजन्य उच्यते ।**
**तस्मात्समागमे तेषामेनो विख्याप्य शुद्ध्यति ॥ ८३ ॥**

બ્રાહ્મણ ધર્મના મૂળરૂપ છે અને ક્ષત્રિય તેના અગ્રભાગરૂપ કહેવાય છે. તેથી તેમના સંમેલન પ્રસંગે પાપનિવેદન કરવાથી વિશુદ્ધિ મેળવાય છે. ૮૩

**ब्राह्मणः संभवेनैव देवानामपि दैवतम् ।**
**प्रमाणं चैव लोकस्य ब्रह्मात्रैव हि कारणम् ॥ ८४ ॥**

જન્મથી જ બ્રાહ્મણ દેવોનુંય દૈવત છે. તે લોકમાં પ્રમાણરૂપ છે. આ વિષે વેદ જ કારણરૂપ છે. ૮૪

**तेषां वेदविदो ब्रूयुस्त्रयोऽप्येनः सुनिष्कृतिम् ।**
**सा तेषां पावनाय स्यात्पवित्रा विदुषां हि वाक् ॥ ८५ ॥**

તેમનામાંથી ત્રણ વેદવેત્તાઓ પણ પાપનું જે પ્રાયશ્ચિત બતાવે, તે પ્રાયશ્ચિત પાપીઓને પાવનકારી થાય છે; કેમકે વિદ્વાનોની વાણી પાવનકારી છે. ૮૫

**अतोऽन्यतममास्थाय विधिं विप्रः समाहितः ।**
**ब्रह्महत्याकृतं पापं व्यपोहत्यात्मवत्तया ॥ ८६ ॥**

સાવધાનચિત્ત બ્રાહ્મણ આમાંની ગમે તે વિધિ આચરી પ્રાયશ્ચિત્ત કરે અને આત્મજ્ઞાની થઈને બ્રહ્મહત્યાથી લાગેલું પાપ દૂર કરે. ૮૬

हत्वा गर्भमविज्ञातमेतदेव व्रतं चरेत्।
राजन्यवैश्यौ चेजानावात्रेयीमेव च स्त्रियम् ॥ ८७ ॥

અજાણ્યા ગર્ભનો, યજ્ઞમાં બેઠેલા ક્ષત્રિય અને વૈશ્યનો તેમજ આત્રેયી સ્ત્રી( રજસ્વલા, અથવા ગર્ભવતી, અથવા અત્રિ ગોત્રની )નો વધ કરીને આ જ પ્રાયશ્ચિતવ્રત આદરવું.

उक्त्वा चैवानृतं साक्ष्ये प्रतिरुध्य गुरुं तथा।
अपहृत्य च निःक्षेपं कृत्वा च स्त्रीसुहृद्वधम् ॥ ८८ ॥

ખોટી સાક્ષી પૂરીને, ગુરુને દોષ ચોંટાડીને, થાપણ પચાવી પાડીને, તેમજ સ્ત્રી તથા મિત્રનો વધ કરીને બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત કરવું. ૮૮

इयं विशुद्धिरुदिता प्रमाप्याकामतो द्विजम्।
कामतो ब्राह्मणवधे निष्कृतिर्न विधीयते ॥ ८९ ॥

વગર ઇરાદે બ્રાહ્મણને માર્યો હોય તો તેની ઉપર પ્રમાણે શુદ્ધિ કહી છે. ઇરાદાપૂર્વક બ્રાહ્મણવધ કરવામાં આવ્યો હોય, તો તે માટે ( મરણ સિવાય ) પ્રાયશ્ચિત્તનું વિધાન જ નથી. ૮૯

વ્યસનનિષેધ—

सुरां पीत्वा द्विजो मोहादग्निवर्णां सुरां पिबेत्।
तया स काये निर्दग्धे मुच्यते किल्बिषात्ततः ॥ ९० ॥

બ્રાહ્મણ મોહે કરીને મદિરા પીએ, તો તેણે અગ્નિના જેવી રાતીચોળ સુરા પીવી. એમ પીવાથી તેની કાયા બળી જાય છે ત્યારે તે સુરાપાનના પાપથી છૂટે છે ૯૦

गोमूत्रमग्निवर्णं वा पिबेदुदकमेव वा।
पयो घृतं वाऽऽमरणाद्गोशकृद्रसमेव वा ॥ ९१ ॥

અથવા તેણે મરણ આવે ત્યાં સુધી ગાયનું મૂતર, પાણી, દૂધ, ઘી, અથવા ગાયના છાણનો રસ એમને અગ્નિનાં જેવાં લાલચોળ કરી પીવાં. ૯૧

**कणान्वा भक्षयेदब्दं पिण्याकं वा सकृन्निशि।**
**सुरापानापनुत्त्यर्थं वालवासा जटी ध्वजी॥९२॥**

અથવા સુરાપાનનું પાપ દૂર કરવા સારુ તેણે એક વરસ સુધી રાતે એક વાર ચોખાની કણકી તથા તલનો ખોળ ખાવાં, તેમજ વાળનાં વસ્ત્ર પહેરવાં, જટા રાખવી અને મદ્યપાત્રના ચિહ્નવાળી ધજા રાખવી. ૯૨

**सुरा वै मलमन्नानां पाप्मा च मलमुच्यते।**
**तस्माद्ब्राह्मणराजन्यौ वैश्यश्च न सुरां पिबेत्॥९३॥**

સુરા એ અન્નનો મળ છે અને મળને પાપ કહે છે. તેથી બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યે સુરા પીવી નહિ. ૯૩

**गौडी पैष्टी च माध्वी च विज्ञेया त्रिविधा सुरा।**
**यथैवैका तथा सर्वा न पातव्या द्विजोत्तमैः॥९४॥**

* ગૌડી, પૈષ્ટી અને માધ્વી એ ત્રણ જાતની સુરા જાણવી. જેવી એક છે, તેવી બધી છે. તેથી દ્વિજવરોએ તે નજ પીવી.

**यक्षरक्षःपिशाचान्नं मद्यं मांसं सुरासवम्।**
**तद्ब्राह्मणेन नात्तव्यं देवानामश्नता हविः॥९५॥**

મદ્ય, માંસ, સુરા અને આસવ એ યક્ષ, રાક્ષસો અને પિશાચોનું ભોજન છે. તેથી દેવોના હવિષ ખાતા બ્રાહ્મણે તે ખાવાંપીવાં નહિ. ૯૫

---

* ગોળમાંથી જે દારૂ નીકળે તે ગૌડી, ઘઉં, ચોખા, જવ વગેરે લોટમાંથી જે નીકળે તે પૈષ્ટી, અને મહુડામાંથી જે થાય તે માધ્વી.

अमेध्ये वा पतेन्मत्तो वैदिकं वाप्युदाहरेत् ।
अकार्यमन्यत्कुर्याद्वा ब्राह्मणो मदमोहितः ॥ ९६ ॥

દારૂથી ગાંડો થયેલો બ્રાહ્મણ અપવિત્ર જગાએ પડી જાય, અગર તેના વેદના મંત્રો બબડી નાખે અથવા ન કરવાનાં કામ કરી બેસે. ૯૬

यस्य कायगतं ब्रह्म मद्येनाप्लाव्यते सकृत् ।
तस्य व्यपैति ब्राह्मण्यं शूद्रत्वं च स गच्छति ॥ ९७ ॥

બ્રાહ્મણની કાયામાં રહેલો જીવ એકવાર પણ જો મદ્યથી ભીંજાય, તો તેનું બ્રાહ્મણત્વ નાશ થાય છે અને તે શૂદ્રત્વને પામે છે. ૯૭

एषा विचित्राऽभिहिता सुरापानस्य निष्कृतिः ।
उत ऊर्ध्वं प्रवक्ष्यामि सुवर्णस्तेयनिष्कृतिम् ॥ ९८ ॥

સુરાપાન સંબંધી આ જુદાંજુદાં પ્રાયશ્ચિત્તવિધિ કહ્યો. હવે સુવર્ણની ચોરીના પ્રાયશ્ચિત્ત વિશે કહીશ. ૯૮

सुवर्णस्तेयकृद्विप्रो राजानमभिगम्य तु ।
स्वकर्म ख्यापयन्ब्रूयान्मां भवाननुशास्त्विति ॥ ९९ ॥

સુવર્ણની ચોરી કરનાર બ્રાહ્મણે રાજા પાસે જઇ પોતાનું કર્યું કામ નિવેદિત કરી કહેવું કે આપ મને શિક્ષા આપો. ૯૯

गृहीत्वा मुसलं राजा सकृद्धन्यात्तु तं स्वयम् ।
वधेन शुद्ध्यति स्तेनो ब्राह्मणस्तपसैव तु ॥ १०० ॥

રાજાએ પોતે હાથમાં મુશલ લઇને તેને એકવાર મારવો. ચોર મારથી અને બ્રાહ્મણ તપથીજ શુદ્ધ થાય છે ૧૦૦

तपसापनुनुत्सुस्तु सुवर्णस्तेयजं मलम् ।
चीरवासा द्विजोऽरण्ये चरेद्ब्रह्महणो व्रतम् ॥ १०१ ॥

સોનાની ચોરીને લીધે લાગેલા પાપને જે બ્રાહ્મણ તપથી દૂર કરવા ઇચ્છતો હોય, તેણે અરણ્યમાં ચીંથરાં પહેરીને બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત્ત કરવું. ૧૦૧

एतैर्व्रतैरपोहेत पापं स्तेयकृतं द्विजः।
गुरुस्त्रीगमनीयं तु व्रतैरेभिरपानुदेत् ॥ १०२ ॥

ચોરીથી લાગેલા પાપને દ્વિજ આ પ્રાયશ્ચિત્તવિધિથી દૂર કરે. પણ ગુરુપત્ની સાથે ગમન કર્યાના પાપને તે નીચેનાં વ્રતોથી નિવારે. ૧૦૨

गुरुतल्प्याभिभाष्यैनस्तप्ते स्वप्यादयोमये।
सूर्मीं ज्वलन्तीं स्वाश्लिष्येन्मृत्युना स विशुद्ध्यति ॥१०३॥

ગુરુપત્નીની સાથે ગમન કરનારે પોતાનું પાપ જાહેર કરવું, લોઢાની ધગધગતી શય્યા ઉપર સૂવું અને લાલચોળ બળતી લોઢાની બનાવેલી સ્ત્રીને બરાબર આલિંગી રહેવું. આમ મૃત્યુ પામીને તે પાપમુક્તિ પામે. ૧૦૩

स्वयं वा शिश्नवृषणावुत्कृत्याधाय चाञ्जलौ।
नैर्ऋतीं दिशमातिष्ठेदानिपातादजिह्मगः ॥ १०४ ॥

અથવા પોતેજ પોતાના ઉપસ્થને તથા વૃષણોને કાપી નાખે અને તેમને ખોબામાં રાખી તે શરીર પડે ત્યાં સુધી નૈર્ઋત્ય ખૂણામાં સીધો ચાલતો રહે. ૧૦૪

खट्वाङ्गी चीरवासा वा श्मश्रुलो विजने वने।
प्राजापत्यं चरेत्कृच्छ्रमब्दमेकं समाहितः ॥ १०५ ॥

અથવા, હાથમાં ખાટલાની ઈસ રાખી, ચીંથરાંનાં કપડાં પહેરી અને મૂંછદાઢી વધારીને તે નિર્જન વનમાં રહે અને

સાવધાન ચિત્તે એક વર્ષ સુધી પ્રાજાપત્ય વ્રત કરે. ૧૦૫

चान्द्रायणं वा त्रीन्मासानभ्यस्येन्नियतेन्द्रियः ।
हविष्येण यवाग्वा वा गुरुतल्पापनुत्तये ॥ १०६ ॥

અથવા ગુરુપત્ની સાથેના ગમનના પાપને દૂર કરવા તે જિતેન્દ્રિય રહીને હવિષ્યાન્ન કે જવની રાબડીથી ત્રણ માસ સુધી ચાંદ્રાયણવ્રત કરે. ૧૦૬

एतैर्व्रतैरपोहेयुर्महापातकिनो मलम् ।
उपपातकिनस्त्वेवमेभिर्नानाविधैर्व्रतैः ॥ १०७ ॥

મહાપાતક કરનારાઓએ પોતાના મળ આ વ્રતોથી શુદ્ધ કરવા. ઉપપાતક કરનારાઓ નીચેનાં વિવિધ વ્રતોથી પાપમુક્ત થાય છે. ૧૦૭

ઉપપાતકનું પ્રાયશ્ચિત્ત—

उपपातकसंयुक्तो गोघ्नो मासं यवान्पिबेत् ।
कृतवापो वसेद्गोष्ठे चर्मणा तेन संवृतः ॥ १०८ ॥
चतुर्थकालमश्नीयादक्षारलवणं मितम् ।
गोमूत्रेणाचरेत्स्नानं द्वौ मासौ नियतेन्द्रियः ॥ १०९ ॥
दिवाऽनुगच्छेद्गास्तास्तु तिष्ठन्नूर्ध्वं रजः पिबेत् ।
शुश्रूषित्वा नमस्कृत्य रात्रौ वीरासनं वसेत् ॥ ११० ॥
तिष्ठन्तीष्वनुतिष्ठेत्तु व्रजन्तीष्वप्यनुव्रजेत् ।
आसीनासु तथाऽऽसीनो नियतो वीतमत्सरः ॥ १११ ॥
आतुरामभिशस्तां वा चौरव्याघ्रादिभिर्भयैः ।
पतितां पङ्कलग्नां वा सर्वोपायैर्विमोचयेत् ॥ ११२ ॥
उष्णे वर्षति शीते वा मारुते वाति वा भृशम् ।
न कुर्वीतात्मनस्त्राणं गोरकृत्वा तु शक्तितः ॥ ११३

બ્રહ્મચર્યવ્રતમાં રહેલો દ્વિજ જો ઇચ્છાપૂર્વક વીર્યને સ્ખલિત કરે, તો ધર્મજ્ઞ બ્રહ્મવાદીઓ તેણે વ્રતનો ભંગ કર્યો કહે છે.

**मारुतं पुरुहूतं च गुरुं पावकमेव च।**
**चतुरो व्रतिनोऽभ्येति ब्राह्मं तेजोऽवकीर्णिनः ॥ १२१ ॥**

અવકીર્ણીવ્રતીનું વેદાધ્યયન આદિનું જે તેજ હોય, તે ઇન્દ્ર, વાયુ બૃહસ્પતિ તથા અગ્નિ એ ચારમાં ચાલ્યું જાય છે.

**एतस्मिन्नेनसि प्राप्ते वसित्वा गर्दभाजिनम्।**
**सप्तागारांश्चरेद्भैक्षं स्वकर्म परिकीर्तयन् ॥ १२२ ॥**

આ અવકીર્ણ પાતક લાગે ત્યારે તે અવકીર્ણીએ ગધેડાનું ચામડું ઓઢી, પોતાના પાપનો ઢંઢેરો કરતાં સાત ઘેરથી ભિક્ષા માગવી. ૧૨૨

**तेभ्यो लब्धेन भैक्षेण वर्तयन्नेककालिकम्।**
**उपस्पृशंस्त्रिषवणं त्वब्देन स विशुद्ध्यति ॥ १२३ ॥**

તે ઘરોથી મળેલી ભિક્ષા વડે તેણે એક વેળા ભોજન કરવું અને રોજ ત્રણવાર સ્નાન કરતા રહેવું. આમ તે એક વર્ષમાં વિશુદ્ધ થાય છે. ૧૨૩

જાતિભ્રંશકરનું પ્રાયશ્ચિત—

**जातिभ्रंशकरं कर्म कृत्वाऽन्यतममिच्छया।**
**चरेत्सांतपनं कृच्छ्रं प्राजापत्यमनिच्छया ॥ १२४ ॥**

કોઈ જાતિભ્રંશકર પાપ ઇચ્છાપૂર્વક કરાય, તો તે કરનારે સાંતપનવ્રત કરવું. તે પાપ જો અજાણતાં થઈ જાય, તો તેણે પ્રાજાપત્યવ્રત કરવું. ૧૨૪

સંકરીકરણ, મલિનીકરણ તથા અપાત્રીકરણનું પ્રાયશ્ચિત—

**संकरापात्रकृत्यासु मासं शोधनमैन्दवम् ।**
**मलिनीकरणीयेषु तप्तः स्याद्यावकैस्त्र्यहम् ॥ १२५ ॥**

સંકરીકરણ અને અપાત્રીકરણ એ પાપોમાંથી કોઈ પાપ કર્યું હોય, તો શુદ્ધિ માટે એક માસ ચાંદ્રાયણવ્રત કરવું. જો મલિનીકરણ પાપોમાંનું કોઈ પાપ કર્યું હોય, તો ત્રણ દહાડા સુધી જવની ઉકાળેલી રાબ પીવી. ૧૨૫

ક્ષત્રિયાદિ વર્ણની હત્યાનું પ્રાયશ્ચિત્ત—

**तुरीयो ब्रह्महत्यायाः क्षत्रियस्य वधे स्मृतः ।**
**वैश्येऽष्टमांशो वृत्तस्थे शूद्रे ज्ञेयस्तु षोडशः ॥ १२६ ॥**

ક્ષત્રિયના વધ સંબંધમાં બ્રહ્મહત્યાના પ્રાયશ્ચિત્તના ચોથા ભાગ (ત્રણ વર્ષ )નું પ્રાયશ્ચિત્ત કહ્યુ છે. વૈશ્યના વધ સંબંધમાં તે તેના આઠમા ભાગ (દોઢ વર્ષ )નું છે, ત્યારે વ્રતસ્થ શૂદ્રના વધ સંબંધમાં તે તેના સોળમા ભાગ ( નવ માસ ) નું જાણવું. ૧૨૬

**अकामतस्तु राजन्यं विनिपात्य द्विजोत्तमः ।**
**वृषभैकसहस्रा गा दद्यात्सुचरितव्रतः ॥ १२७ ॥**

જે દ્વિજવર વગર ઇરાદે ક્ષત્રિયનો વધ કરે, તેણે સારી રીતે પ્રાયશ્ચિત્તવ્રત આચરી એક બળદ અને એક હજાર ગાયો દાનમાં આપવાં ૧૨૭

**त्र्यब्दं चरेद्वा नियतो जटी ब्रह्महणो व्रतम् ।**
**वसन्दूरतरे ग्रामाद्वृक्षमूलनिकेतनः ॥ १२८ ॥**

[illegible] ॥ १२९ ॥

[illegible]

[illegible] ॥ १३० ॥

[illegible]

સાપને મારીને બ્રાહ્મણે લોઢાનો અણિદાર સળિયો દાનમાં આપવો. પંઢને મારીને તેણે એક ભાર પરાળ અથવા એક માસો સીસું દાન કરવું. ૧૩૩.

घृतकुम्भं वराहे तु तिलद्रोणं च तित्तिरौ।
शुके द्विहायनं वत्सं क्रौञ्चं हत्वा त्रिहायणम्॥ १३४॥

વરાહને મારીને ઘીનો એક ઘાડવો, તેતરને મારીને દ્રોણ-ભાર તલ, પોપટને મારીને બે વરસનો વાછરડો અને ક્રૌંચને મારીને ત્રણ વરસનો વાછરડો એમ દાન આપવાં. ૧૩૪

हत्वा हंसं बलाकां च बकं बर्हिणमेव च।
वानरं श्येनभासौ च स्पर्शयेद्ब्राह्मणाय गाम्॥ १३५॥

હંસ, બગલી, બગલો, મોર, વાંદરો, બાજ અને ભાસ એમાંથી કોઇને મારીને બ્રાહ્મણને ગાય આપવી. ૧૩૫

वासो दद्याद्धयं हत्वा पञ्च नीलान्वृषान्गजम्।
अजमेषावनड्वाहं खरं हत्वैकहायनम्॥ १३६॥

ઘોડાને મારીને વસ્ત્રદાન કરવું, હાથીને મારીને પાંચ નીલ બળદો દાન કરવા, મેઢાંબકરાંને મારીને એક બળદનું દાન આપવું અને ગધેડાને મારીને એક વર્ષનો વાછરડો દાનમાં આપવો. ૧૩૬

क्रव्यादांस्तु मृगान्हत्वा धेनुं दद्यात्पयस्विनीम्।
अक्रव्यादान्वत्सतरीमुष्ट्रं हत्वा तु कृष्णलम्॥ १३७॥

માંસાહારી પશુઓને મારી એક દૂધ દેતી ગાયનું દાન કરવું, માંસ ન ખાનારાં પશુઓને મારી વાછરડી દાનમાં આપવી અને ઊંટને મારીને એક એક રતી સોનાનું દાન દેવું.

जीनकार्मुकबस्तावीन्पृथग्दद्याद्विशुद्धये ।
चतुर्णामपि वर्णानां नारीर्हत्वाऽनवस्थिताः ॥ १३८ ॥

ચારે વર્ણોની ભ્રષ્ટ સ્ત્રીઓને મારતાં વિશુદ્ધિ માટે વર્ણક્રમે મૃગચર્મ, ધનુષ, બકરો અને ઘેટું એ દાનમાં આપવાં.

[ वर्णानामानुपूर्व्येण त्रयाणामविशेषतः ।
अमत्या च प्रमाप्य स्त्रीं शूद्रहत्याव्रतं चरेत् ॥

બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણોની સ્ત્રીને અજાણતાં મારીને શૂદ્રની હત્યા પ્રમાણેનું પ્રાયશ્ચિત્ત કરવું.]

दानेन वधनिर्णेकं सर्पादीनामशक्नुवन् ।
एकैकशश्चरेत्कृच्छ्रं द्विजः पापापनुत्तये ॥ १३९ ॥

સર્પાદિની હત્યાના પ્રાયશ્ચિત્ત સારુ જે બ્રાહ્મણ દાન કરવા અસમર્થ હોય, તે પાપશુદ્ધિ અર્થે એક એક કૃચ્છ્રવ્રત કરે.

अस्थिमतां तु सत्त्वानां सहस्रस्य प्रमापणे ।
पूर्णे चानस्यनस्थ्नां तु शूद्रहत्याव्रतं चरेत् ॥ १४० ॥

હાડકાંવાળા એક હજાર પ્રાણી માર્યાં હોય અને હાડકાં વિનાનાં એક ગાડું ભરીને પ્રાણી માર્યાં હોય, તો શૂદ્રની હત્યા પ્રમાણેનું પ્રાયશ્ચિત્ત કરવું. ૧૪૦

किंचिदेव तु विप्राय दद्यादस्थिमतां वधे ।
अनस्थ्नां चैव हिंसायां प्राणायामेन शुद्ध्यति ॥ १४१ ॥

હાડકાંવાળા જીવોને મારીને બ્રાહ્મણને કંઇક તો દાન કરવું જ. હાડકાંવિનાના જીવોની હિંસામાં પ્રાણાયામથી શુદ્ધ થવાય છે. ૧૪૧

फलदानां तु वृक्षाणां छेदने जप्यमृक्शतम् ।
गुल्मवल्लीलतानां च पुष्पितानां च वीरुधाम् ॥ १४२ ॥

ફળાઉ ઝાડોને, ગુચ્છોને, વેલાઓને, લતાઓને તેમજ ફૂલવાળી વેલીઓને છેદી હોય, તો સો ઋચાનો જપ કરવો.

**अन्नाद्यजानां सत्त्वानां रसजानां च सर्वशः ।**
**फलपुष्पोद्भवानां च घृतप्राशो विशोधनम् ॥ १४३ ॥**

અનાજમાં, રસમાં, ફ્લમાં અને ફૂલમાં થતા જીવોની હિંસા થાય, તો કેવળ ઘીનું પ્રાશન કરવાથી શુદ્ધિ મેળવાય છે.

**कृष्टजानामोषधीनां जातानां च स्वयं वने ।**
**वृथालम्भेऽनुगच्छेद्गां दिनमेकं पयोव्रतः ॥ १४४ ॥**

ખેતીથી થયેલી તથા વનમાં આપોઆપ થઈ આવેલી ઔષધિઓને જો નિરર્થક કાપવામાં આવે, તો એક દિવસ માત્ર દૂધ પીને રહેવું અને ગાયની પાછળ ફરવું. ૧૪૪

**एतैर्व्रतैरपोह्यं स्यादेनो हिंसासमुद्भवम् ।**
**ज्ञानाज्ञानकृतं कृत्स्नं शृणुतानाद्यभक्षणे ॥ १४५ ॥**

જાણ્યે-અજાણ્યે હિંસા કરવાને લીધે જે કંઇ પાપ થયું હોય, તે ઉપરનાં વ્રતોથી દૂર કરવામાં આવે. હવે અભક્ષ્ય ભક્ષણ સંબંધી પાપનું પ્રાયશ્ચિત્ત સાંભળો. ૧૪૫

અભક્ષ્ય ભક્ષણનું અને અપેયપાનનું પ્રાયશ્ચિત્ત—

**अज्ञानाद्वारुणीं पीत्वा संस्कारेणैव शुद्ध्यति ।**
**मतिपूर्वमनिर्देश्यं प्राणान्तिकमिति स्थितिः ॥ १४६ ॥**

વારુણી નામે મદિરા અજાણ્યે પીધી હોય, તો ફરી સંસ્કાર કરવાથી શુદ્ધ થવાય છે. પણ જાણીજોઈને તે પીવામાં આવી હોય, તો પ્રાણાન્તિક પ્રાયશ્ચિત્ત સિવાયનું આગમ કહ્યું પ્રાયશ્ચિત કરવું, એવી ધર્મમર્યાદા છે. ૧૪૬

अपः सुराभाजनस्था मद्यभाण्डस्थितास्तथा ।
पञ्चरात्रं पिबेत्पीत्वा शङ्खपुष्पीशृतं पयः ॥ १४७ ॥

સુરાના કે મદ્યના વાસણમાં રહેલું પાણી પીધું હોય, તો પાંચ રાત્રિ સુધી તેણે શંખાવલી સાથે વાટેલું પાણી પીવું.

स्पृष्ट्वा दत्त्वा च मदिरां विधिवत्प्रतिगृह्य च ।
शूद्रोच्छिष्टाश्च पीत्वापः कुशवारि पिबेत्त्र्यहम् ॥ १४८ ॥

જે મદિરાને અડ્યો હોય, જેણે તે આપી હોય અને જેણે તે વિધિપૂર્વક સ્વીકારી હોય, તેમજ જેણે શૂદ્રનું ઉચ્છિષ્ટ પાણી પીધું હોય, તેણે ત્રણ રાત સુધી દર્ભ સાથેનું પાણી પીવું.

ब्राह्मणस्तु सुरापस्य गन्धमाघ्राय सोमपः ।
प्राणानप्सु त्रिरायम्य घृतं प्राश्य विशुद्ध्यति ॥ १४९ ॥

સોમપાન કરનારો બ્રાહ્મણ જો સુરા પીનારની વાસ લે, તો તે પાણીમાં રહી ત્રણ પ્રાણાયામ કરવાથી તેમજ ઘીનું પ્રાશન કરવાથી વિશુદ્ધ થાય છે. ૧૪૯

अज्ञानात्प्राश्य विण्मूत्रं सुरासंस्पृष्टमेव च ।
पुनः संस्कारमर्हन्ति त्रयो वर्णा द्विजातयः ॥ १५० ॥

ત્રણે દ્વિજવર્ણોનો કોઈ માણસ નરક, મૂત્ર અને સુરાના સ્પર્શવાળી કોઈ ચીજને અજ્ઞાનમાં ખાય, તો તેને ફરી ઉપનયનસંસ્કાર કરવા ઘટે છે. ૧૫૦

वपनं मेखलादण्डौ भैक्षचर्या व्रतानि च ।
निवर्तन्ते द्विजातीनां पुनःसंस्कारकर्मणि ॥ १५१ ॥

દ્વિજોનાં ફરીનાં સંસ્કારકર્મોમાં મુંડન, મેખલાબંધન, દંડધારણ, ભિક્ષાચરણ તથા વ્રતો એ કંઈ કરવાં નહિ. ૧૫૧

अभोज्यानां तु भुक्त्वाऽन्नं स्त्रीशूद्रोच्छिष्टमेव च।
जग्ध्वा मांसमभक्ष्यं च सप्तरात्रं यवान्पिबेत्॥ १५२॥

અયોગ્યનુ ભોજન જમીને, સ્ત્રી તેમજ શૂદ્રનું ઉચ્છિષ્ટ ખાઇને અને અભક્ષ્ય માંસાહાર કરીને સાત રાત્રિ સુધી જવનો સાથવો પીવો. ૧૫૨

शुक्तानि च कषायांश्च पीत्वा मेध्यान्यपि द्विजः।
तावद्भवत्यप्रयतो यावत्तन्न व्रजत्यधः॥ १५३॥

આથાઓ અને શુદ્ધ કવાથો પીધા પછી, માણસ ત્યાં સુધી અશુદ્ધ રહે છે જ્યાં સુધી તે પદાર્થો પચીને નીચે ન જાય.

विड्वराहखरोष्ट्राणां गोमायोः कपिकाकयोः।
प्राश्य मूत्रपुरीषाणि द्विजश्चान्द्रायणं चरेत्॥ १५४॥

ગાય, ભૂંડ, ગધેડાં, ઊંટ, શિયાળ, વાંદરાં અને કાગડાંનાં મળમૂત્રને જે દ્વિજ આરોગે, તેણે ચાંદ્રાયણ વ્રત આચરવું.

शुष्काणि भुक्त्वा मांसानि भौमानि कवकानि च।
अज्ञातं चैव सूनास्थमेतदेव व्रतं चरेत्॥ १५५॥

સૂકાં માંસ, જમીનમાં થતા બિલાડીના ટોપ આદિ, અજાણ્યાં માંસ, તેમજ કસાઇખાનામાંનું માંસ એ ખાનારે પણ તેજ ચાંદ્રાયણવ્રત કરવું. ૧૫૫

क्रव्यादसूकरोष्ट्राणां कुक्कुटानां च भक्षणे।
नरकाकखराणां च तप्तकृच्छ्रं विशोधनम्॥ १५६॥

કાચું માંસ ખાનાર પ્રાણીઓ, સૂવરો, ઊંટો, કૂકડાં, માણસો, કાગડાઓ અને ગધેડાં, એમનું માંસ ખાઇને શુદ્ધિ માટે તપ્તકૃચ્છ્રવ્રત કરવું. ૧૫૬

मासिकान्नं तु योऽश्नीयादसमावर्तको द्विजः ।
स त्रीण्यहान्युपवसेदेकाहं चोदके वसेत् ॥ १५७ ॥

સમાવર્તન ન પામેલો દ્વિજ જો માસિયાનું ભોજન લે, તો તેણે ત્રણ દિવસ ઉપવાસ કરવા અને એક દિવસ પાણીમાં રહેવું. ૧૫૭

ब्रह्मचारी तु योऽश्नीयान्मधु मांसं कथंचन ।
स कृत्वा प्राकृतं कृच्छ्रं व्रतशेषं समापयेत् ॥ १५८ ॥

જે બ્રહ્મચારી ક્યારેય મદ્ય અને માંસ જમે, તેણે પ્રાજાપત્ય વ્રત કરીને શેષ વ્રતની સમાપ્તિ કરવી. ૧૫૮

बिडालकाकाखूच्छिष्टं जग्ध्वा श्वनकुलस्य च ।
केशकीटावपन्नं च पिबेद्ब्रह्मसुवर्चलाम् ॥ १५९ ॥

બિલાડાં, કાગડા, ઉંદર, કૂતરાં અને નોળિયા એમનું એંઠેલું તથા વાળ તેમજ કીડા પડેલું અન્ન ખાવામાં આવતાં બ્રહ્મસુવર્ચલા (બ્રાહ્મી)નો કાઢો પીવો. ૧૫૯

अभोज्यमन्नं नात्तव्यमात्मनः शुद्धिमिच्छता ।
अज्ञानभुक्तं तूत्तार्यं शोध्यं वाप्याशु शोधनैः ॥ १६० ॥

પોતાની શુદ્ધિ ઇચ્છનાર માણસે અભોજ્ય અન્ન જમવું નહિ. અજ્ઞાનમાં તે ખવાઈ ગયું હોય, તો ઊલટી કરીને કાઢી નાખવું અથવા પ્રાયશ્ચિત્ત વડે તરત શુદ્ધિ કરવી. ૧૬૦

एषोऽनाद्यादनस्योक्तो व्रतानां विविधो विधिः ।
स्तेयदोषापहर्तॄणां व्रतानां श्रूयतां विधिः ॥ १६१ ॥

અનાદ્ય ભોજન ખાનારનાં પ્રાયશ્ચિત્તોનો આ વિવિધ વિધિ કહ્યો. હવે ચોરીના દોષને હરનારાં પ્રાયશ્ચિત્તોનો વિધિ સાંભળો. ૧૬૧

—ચોરીનાં પ્રાયશ્ચિત્ત—

धान्यान्नधनचौर्याणि कृत्वा कामाद्द्विजोत्तमः ।
स्वजातीयगृहादेव कृच्छ्राब्देन विशुद्ध्यति ॥ १६२ ॥

જે બ્રાહ્મણ પોતાની નાતવાળાના ઘરથી ધાન્ય, અન્ન અને ધનની ઈચ્છાપૂર્વક ચોરી કરે, તે એક વર્ષ સુધી પ્રાજાપત્ય વ્રત કરીને શુદ્ધ થાય છે. ૧૬૨

मनुष्याणां तु हरणे स्त्रीणां क्षेत्रगृहस्य च ।
कूपवापीजलानां च शुद्धिश्चान्द्रायणं स्मृतम् ॥ १६३ ॥

જે માણસ, સ્ત્રી, ખેતર અને ઘરનું હરણ કરે, અથવા કૂવા અને વાવનાં પાણી ચોરે, તેને માટે ચાંદ્રાયણવ્રત કહ્યું છે.

द्रव्याणामल्पसाराणां स्तेयं कृत्वान्यवेश्मतः ।
चरेत्सांतपनं कृच्छ्रं तन्निर्यात्यात्मशुद्धये ॥ १६४ ॥

પારકાના ઘરમાંથી ઓછી કિંમતનાં દ્રવ્યોની ચોરી કરી હોય, તો તે પદાર્થો મૂળ ધણીને પાછા આપવા અને પોતે આત્મશુદ્ધિ માટે સાંતપન કૃચ્છ્ર આચરવું. ૧૬૪

भक्ष्यभोज्यापहरणे यानशय्यासनस्य च ।
पुष्पमूलफलानां च पञ्चगव्यं विशोधनम् ॥ १६५ ॥

લાડુ વગેરે ભક્ષ્યો અને ખીર આદિ ભોજ્યો, વાહન, શય્યા, આસન, ફૂલ, મૂળ અને ફળ એટલાંની ચોરીમાં પંચગવ્ય (ગાયનાં દૂધ, દહીં, ઘી, મૂત્ર અને છાણ)નું આશન કરી વિશુદ્ધ થવાય. ૧૬૫

तृणकाष्ठद्रुमाणां च शुष्कान्नस्य गुडस्य च ।
चेलचर्मामिषाणां च त्रिरात्रं स्यादभोजनम् ॥ १६६ ॥

ઘાસ, લાકડાં, ઝાડ, સૂકાં અન્ન, ગોળ, વસ્ત્ર, ચામડાં અને માંસ, એની ચોરી કરી હોય, તો ત્રણ રાત્રિ ઉપવાસ કરવા. ૧૬૬

मणिमुक्ताप्रवालानां ताम्रस्य रजतस्य च ।
अयःकांस्योपलानां च द्वादशाहं कणान्नता ॥ १६७ ॥

મણિ, મોતી, પરવાળાં, તાંબુ, રૂપું, લોઢું, કાંસું અને પથ્થર એટલાંની ચોરીમાં બાર દિવસ સુધી કણકી ખાવી. ૧૬૭

कार्पासकीटजोर्णानां द्विशफैकशफस्य च ।
पक्षिगन्धौषधीनां च रज्ज्वाश्चैव त्र्यहं पयः ॥ १६८ ॥

કપાસ, રેશમ, ઊન, બે ખરીનાં અને એક ખરીનાં પશુઓ, પક્ષીઓ, સુગંધી પદાર્થો, ઔષધિઓ, તેમજ દોરડાં [illegible] એની જે ચોરી કરે, તેણે ત્રણ દિવસ સુધી માત્ર દૂધ પીને રહેવું. ૧૬૮

पैतृष्वसेयीं भगिनीं स्वस्त्रीयां मातुरेव च ।
मातुश्च भ्रातुस्तनयां गत्वा चान्द्रायणं चरेत् ॥ १७१ ॥

જે ફોઈયાત, માસિયાત અને મોસાળ બહેન સાથે ગમનાગમન કરે, તેણે ચાંદ્રાયણ વ્રત આચરવું. ૧૭૧

एतास्तिस्रस्तु भार्यार्थे नोपयच्छेत्तु बुद्धिमान् ।
ज्ञातित्वेनानुपेयास्ताः पतति ह्युपयन्नधः ॥ १७२ ॥

બુદ્ધિમાન માણસે એ ત્રણને પત્ની તરીકે સ્વીકારવી નહિ; બંધુભાવને કારણે તેમની સાથે વિવાહ યોગ્ય નહિ; તેમને જે પરણે છે, તે અધોગતિને પામે છે. ૧૭૨

अमानुषीषु पुरुष उदक्यायामयोनिषु ।
रेतः सिक्त्वा जले चैव कृच्छ्रं सांतपनं चरेत् ॥ १७३ ॥

જે પુરુષ મનુષ્યેતર યોનિમાં, રજસ્વલા સ્ત્રીઓમાં, યોનિ સિવાયનાં અંગોમાં અને જલમાં વીર્યપાત કરે છે, તેણે સાંતપન વ્રત આચરવું. ૧૭૩

मैथुनं तु समासेव्य पुंसि योषिति वा द्विजः ।
गोयानेऽप्सु दिवा चैव सवासाः स्नानमाचरेत् ॥ १७४ ॥

બળદગાડીમાં, જળમાં અને દિવસે જે દ્વિજ સ્ત્રી સાથે કે પુરુષ સાથે મૈથુન કરે, તેણે વસ્ત્ર સાથે સ્નાન કરવું. ૧૭૪

चण्डालान्त्यस्त्रियो गत्वा भुक्त्वा च प्रतिगृह्य च ।
पतत्यज्ञानतो विप्रो ज्ञानात्साम्यं तु गच्छति ॥ १७५ ॥

જે બ્રાહ્મણ અજ્ઞાનમાં ચંડાળણ કે અંત્યજ સ્ત્રીનો સંગ કરે, તેમનું અન્ન જમે અને તેમની પાસેથી દાન લે, તે પતિત થાય છે. તે જો જાણીબૂજીને એ કાર્યો કરે, તો તે ચંડાળ અને અંત્યજ સમાન થાય છે. ૧૭૫

विप्रदुष्टां स्त्रियं भर्ता निरुन्ध्यादेकवेश्मनि ।
यत्पुंसः परदारेषु तच्चैनां चारयेद्व्रतम् ॥ १७६ ॥

વ્યભિચારથી ભ્રષ્ટ થયેલી સ્ત્રીને સ્વામીએ એક ઘરમાં કબજે રાખવી અને પુરુષ જે પરસ્ત્રીગમન કરે ત્યારે તેણે જે પ્રાયશ્ચિત્ત કરવાનું છે, તે તે સ્ત્રી પાસે કરાવવું. ૧૭૬

सा चेत्पुनः प्रदुष्येत्तु सदृशेनोपयन्त्रिता ।
कृच्छ्रं चान्द्रायणं चैव तदस्याः पावनं स्मृतम् ॥ १७७ ॥

તે સ્ત્રી જો સજાતિ પુરુષની સેટી ફરી ભ્રષ્ટ થાય, તો તેની શુદ્ધિ માટે ચાંદ્રાયણવ્રત કહ્યું છે. ૧૭૭

[ब्राह्मणक्षत्रियविशां स्त्रियः शूद्रेऽपसङ्गताः ।
अप्रजाता विशुध्येयुः प्रायश्चित्तेन नेतराः ॥

બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યની સ્ત્રીઓ શૂદ્ર સાથે સંગ પામી હોય, પણ તેમને જો ગર્ભ ન રહ્યો હોય, તો તેઓ પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થાય છે—ગર્ભ પામેલી સ્ત્રીઓ એ રીતે શુદ્ધ ન થાય.]

यत्करोत्येकरात्रेण वृषलीसेवनाद्द्विजः ।
तद्भैक्ष्यभुग्जपन्नित्यं त्रिभिर्वर्षैर्व्यपोहति ॥ १७८ ॥

દ્વિજને વૃષલીના એક રાતના સંગથી જે પાપ લાગે છે, તે ત્રણ વર્ષ સુધી ભિક્ષા માગી જમવાથી તથા નિત્ય ગાયત્રીજપ કરવાથી દૂર થાય છે. ૧૭૮

एषा पापकृतामुक्ता चतुर्णामपि निष्कृतिः ।
पतितैः संप्रयुक्तानामिमाः शृणुत निष्कृतीः ॥ १७९ ॥

આ ચારેના પાપ કરનારાઓના સંબંધમાં આ પ્રાયશ્ચિત્ત

રહ્યાં. હવે પતિતો સાથેના સંસર્ગ સંબંધી પ્રાયશ્ચિત્તો સાંભળો. ૧૭૯

સંસર્ગી ક્યારે પતિત થાય છે—

**संवत्सरेण पतति पतितेन सहाचरन् ।**
**याजनाध्यापनाद्यौनान्न तु यानासनाशनात् ॥ १८० ॥**

પતિત સાથે એક વર્ષ સુધી વાહન, આસન અને ભોજનમાં સહચાર રાખનારો પતિત થાય છે, પણ તેની સાથે યજ્ઞ કરાવવાનો, વેદ ભણાવવાનો તથા લગ્નસંબંધ રાખવાનો આચાર રાખનારો તો તુરતજ પતિત થાય છે. ૧૮૦

સંસર્ગીએ પ્રાયશ્ચિત્ત કરવું—

**यो येन पतितेनैषां संसर्गं याति मानवः ।**
**स तस्यैव व्रतं कुर्यात्तत्संसर्गविशुद्धये ॥ १८१ ॥**

જે માણસ એ પતિતોમાંથી જેની સાથે સંસર્ગ પામે, તે માણસે તે સંસર્ગથી શુદ્ધ થવા સારુ તે તે પતિત માટેનું પ્રાયશ્ચિત્ત કરવું. ૧૮૧

કાળે વડે સ્નાનનો વિધિ—

**पतितस्योदकं कार्यं सपिण्डैर्बान्धवैर्बहिः ।**
**निन्दितेऽहनि सायाह्ने ज्ञात्यृत्विग्गुरुसंनिधौ ॥ १८२ ॥**

પતિતના સપિંડીઓએ તથા બાંધવોએ નિન્દિત દિવસે સાંજે ગામબહાર, જ્ઞાતિજનો, ઋત્વિજો તથા ગુરુજનો સમક્ષ તે પતિતના જીવતાંજ તેની ઉદકક્રિયા કરવી. ૧૮૨

**दासी घटमपां पूर्णं पर्यस्येत्प्रेतवत्पदा ।**
**अहोरात्रमुपासीरन्नाशौचं बान्धवैः सह ॥ १८३ ॥**

દાસીએ પાણીથી ભર્યા ઘડાને તે પ્રેત હોય તેમ પગથી ફોડી નાખવો અને પતિતના સપિંડીઓ બાંધવો સાથે એક રાત્રિદિવસનું સૂતક પાળે. ૧૮૩

**निवर्तेरंश्च तस्मात्तु संभाषणसहासने।**
**दायाद्यस्य प्रदानं च यात्रा चैव हि लौकिकी॥ १८४॥**

તેઓ તે પતિત સાથે સંભાષણ ન કરે, તેની સાથે ન બેસે, તેને વારસાભાગ ન આપે, તેમજ તેની સાથે લૌકિક વહેવાર ન રાખે. ૧૮૪

**ज्येष्ठता च निवर्तेत ज्येष्ठावाप्यं च यद्धनम्।**
**ज्येष्ठांशं प्राप्नुयाच्चास्य यवीयान्गुणतोऽधिकः॥ १८५॥**

તે પતિતને મોટાપણું ન આપવું અને તેને મોટા તરીકેના ઉદ્ધારનું ધન આપવું નહિ, મોટા ભાઈ તરીકેનો ભાગ જે હોય તે તેને ન અપાય; પણ તેના અધિક ગુણવાન નાના ભાઈને આપવામાં આવે. ૧૮૫

**प्रायश्चित्ते तु चरिते पूर्णकुम्भमपां नवम्।**
**तेनैव सार्धं प्रास्येयुः स्नात्वा पुण्ये जलाशये॥ १८६॥**

પણ એ પતિત જો પ્રાયશ્ચિત્ત કરે, તો સપિંડીઓ તથા બાંધવોએ તેની સાથે પવિત્ર જલાશય ઉપર જઈ સ્નાન કરવું અને પાણીનો ભરેલો નવો ઘડો તેમાં નાખવો. ૧૮૬

**स त्वप्सु तं घटं प्रास्य प्रविश्य भवनं स्वकम्।**
**सर्वाणि ज्ञातिकार्याणि यथापूर्वं समाचरेत्॥ १८७॥**

તે પતિત તે ઘડાને પાણીમાં નાખીને પોતાને ઘેર આવે ને પોતાનાં સર્વ જ્ઞાતિકાર્યો પૂર્વની જેમ કરે. ૧૮૭

एतदेव विधिं कुर्याद्योषित्सु पतितास्वपि।
वस्त्रान्नपानं देयं तु वसेयुश्च गृहान्तिके॥ १८८॥

પતિત થયેલી સ્ત્રીઓના સંબંધમાં પણ આ વિધિ કરવો. તેમને વસ્ત્ર તથા ખાનપાન આપવાં અને પોતાના ઘરની પાસે એકાંતવાસ આપવો. ૧૮૮

एनस्विभिरनिर्णिक्तैर्नार्थं किंचित्सहाचरेत्।
कृतनिर्णेजनांश्चैव न जुगुप्सेत कर्हिचित्॥ १८९॥

પ્રાયશ્ચિત્ત ન કર્યું હોય એવા પાપીઓ સાથે કશોય વ્યવહારસંબંધ ન રાખવો; તેમ પ્રાયશ્ચિત્ત કર્યું હોય તેવાઓની ક્યારેય નિંદા કરવી નહિ. ૧૮૯

बालघ्नांश्च कृतघ्नांश्च विशुद्धानपि धर्मतः।
शरणागतहन्तॄंश्च स्त्रीहन्तॄंश्च न संवसेत्॥ १९०॥

બાલહત્યા કરનારાઓ, કૃતઘ્નો, શરણે આવેલાઓને હણનારાઓ, તેમજ સ્ત્રીહત્યારાઓ—એ પ્રાયશ્ચિત્ત વડે શુદ્ધ થાય તો પણ તેમની સાથે સહવાસ કરવો નહિ ૧૯૦

येषां द्विजानां सावित्री नानूच्येत यथाविधि।
तांश्चारयित्वा त्रीन्कृच्छ्रान्यथाविध्युपनाययेत्॥ १९१॥

જે દ્વિજોને યથાકાલે યથાવિધિ ગાયત્રી ઉપદેશ અપાયો હોય નહિ, તેમને ત્રણ પ્રાજાપત્ય કરાવીને યથાવિધિ ઉપનયનસંસ્કાર કરવો. ૧૯૧

प्रायश्चित्तं चिकीर्षन्ति विकर्मस्थास्तु ये द्विजाः।
ब्रह्मणा च परित्यक्तास्तेषामप्येतदादिशेत्॥ १९२॥

અન્ય કર્મોમાં રહેલા જે દ્વિજો પ્રાયશ્ચિત્ત ઇચ્છતા હોય

અને જેઓ વેદથી ત્યજાયેલા હોય, તેમને પણ આજ પ્રાયશ્ચિત્ત આપવું. ૧૯૨

यद्गर्हितेनार्जयन्ति कर्मणा ब्राह्मणा धनम् ।
तस्योत्सर्गेण शुद्ध्यन्ति जप्येन तपसैव च ॥ १९३ ॥

જે બ્રાહ્મણો નિંદિત કર્મથી ધન રળે છે, તેઓ તે ધનનો ત્યાગ કરીને તેમજ જપ અને તપ કરીને શુદ્ધ થાય છે. ૧૯૩

जपित्वा त्रीणि सावित्र्याः सहस्राणि समाहितः ।
मासं गोष्ठे पयः पीत्वा मुच्यतेऽसत्प्रतिग्रहात् ॥ १९४॥

અયોગ્યનું દાન લીધું હોય તો તે પુરુષે, સાવધાનચિત્તે ત્રણ હજાર ગાયત્રીનો જપ કરવો અને એક મહિનો ગાયની કોઢમાં રહી દૂધ પીને રહેવું; આમ તે પાપમુક્ત થાય છે. ૧૯૪

उपवासकृशं तं तु गोव्रजात्पुनरागतम् ।
प्रणतं प्रति पृच्छेयुः साम्यं सौम्येच्छसीति किम् ॥१९५॥

ઉપવાસથી દૂબળા થયેલા અને ગાયની કોઢમાંથી આવેલા તે વિનમ્રને બ્રાહ્મણોએ પૂછવું—'હે સૌમ્ય ! તું અમારી સાથે બરાબરી ઇચ્છે છે ને ?' ૧૯૫

सत्यमुक्त्वा तु विप्रेषु विकिरेद्यवसं गवाम् ।
गोभिः प्रवर्तिते तीर्थे कुर्युस्तस्य परिग्रहम् ॥ १९६ ॥

તેણે બ્રાહ્મણોને 'હા સત્ય છે' એમ કહી ગાયને ઘાસ નીરવું અને બ્રાહ્મણોએ ગાયની પગવાટના પવિત્ર તીર્થમાં તેનો સ્વીકાર કરવો. ૧૯૬

व्रात्यानां याजनं कृत्वा परेषामन्त्यकर्म च ।
अभिचारमहीनं च त्रिभिः कृच्छ्रैर्व्यपोहति ॥ १९७ ॥

વ્રાત્યોને યજ્ઞ કરાવીને, માતપિતા સિવાયના નિષિદ્ધોની ઉત્તરક્રિયા કરીને, મારણક્રિયા કરીને, તેમજ અહીન નામનો યાગ કરીને જે પાપ લાગે, તે ત્રણ પ્રાજાપત્ય વ્રત કરવાથી દૂર થાય છે. ૧૯૭

शरणागतं परित्यज्य वेदं विप्लाव्य च द्विजः।
संवत्सरं यवाहारस्तत्पापमपमेधति ॥ १९८ ॥

જે દ્વિજ શરણાગતનો ત્યાગ કરે છે અને અનધિકારીઓ-ને વેદ ભણાવે છે. તે એક વર્ષ સુધી જવનો આહાર રાખીને પાપમાંથી મુક્ત થાય છે. ૧૯૮

श्वसृगालखरैर्दष्टो ग्राम्यैः क्रव्याद्भिरेव च।
नराश्वोष्ट्रवराहैश्च प्राणायामेन शुद्ध्यति ॥ १९९ ॥

જેને ગામનું કૂતરું, શિયાળ, ગધેડું, માણસ, ઘોડું, ઊંટ, ડુક્કર કે માંસાહારી પશુ કરડે, તે પ્રાણાયામ કરવાથી શુદ્ધ થાય છે. ૧૯૯

[शुनाघ्रातोपलीढस्य दन्तैर्विदलितस्य च।
अद्भिः प्रक्षालनं प्रोक्तमग्निना चोपचूलनम् ॥

જે માંસને કૂતરાએ સૂંઘ્યું હોય, ચાટ્યું હોય કે દાંતે કરડ્યું હોય, તેને પાણીથી ધોઈ અગ્નિથી ઉકાળવું, એમ કહ્યું છે.]

षष्ठान्नकालता मासं संहिताजप एव वा।
होमाश्च सकला नित्यमपाङ्क्त्यानां विशोधनम् ॥२००॥

જે પંક્તિબાહ્ય છે તેણે એક માસ સુધી છઠ્ઠી છઠ્ઠી વેળે કાળે ભોજન કરવું. વેદસંહિતાનો નિત્ય પાઠ કરવો, અથવા

देवकृतस्यैनसोऽवयजनमसि स्वाहा વગેરે આઠ સાકલમંત્રોથી હોમ કરવા. એ તેમની શુદ્ધિ છે. ૨૦૦

उष्ट्रयानं समारुह्य खरयानं तु कामतः।
स्नात्वा तु विप्रो दिग्वासा प्राणायामेन शुद्ध्यति ॥ २०१ ॥

જે બ્રાહ્મણ ઇચ્છાપૂર્વક ઊંટ–ગધેડાની સવારી કરે અથવા જે નાગો નાગો નાહે તે પ્રાણાયામ કરીને શુદ્ધ થાય છે.

विनाऽद्भिरप्सु वाऽप्यार्तः शारीरं संनिवेश्य च।
सचैलो बहिराप्लुत्य गामालभ्य विशुद्ध्यति ॥ २०२ ॥

રોગી હોય તો પણ, જે વગર પાણીએ કે પાણીમાં શરીરનાં મળમૂત્રનું વિસર્જન કરે છે, તે તે બહાર આવીને સવસ્ત્ર સ્નાન કરે અને જળમાંથી બહાર આવીને ગાયને સ્પર્શે તો તેથી તે શુદ્ધ થાય છે. ૨૦૨

वेदोदितानां नित्यानां कर्मणां समतिक्रमे।
स्नातकव्रतलोपे च प्रायश्चित्तमभोजनम् ॥ २०३ ॥

જેણે વેદોક્ત નિત્ય કર્મોનો ત્યાગ કર્યો હોય અને જેણે સ્નાતકના વ્રતનો લોપ કર્યો હોય, તેને માટે એક દિવસનો ઉપવાસ એ પ્રાયશ્ચિત છે. ૨૦૩

हुंकारं ब्राह्मणस्योक्त्वा त्वंकारं च गरीयसः।
स्नात्वानश्नन्नहःशेषमभिवाद्य प्रसादयेत् ॥ २०४ ॥

બ્રાહ્મણને હુંકાર અને શ્રેષ્ઠને તુંકાર કર્યો હોય, તો તે દિવસે સ્નાન કરી, ઉપવાસ રાખી, તેમને વંદનાપૂર્વક પ્રસન્ન કરવા. ૨૦૪

ताडयित्वा तृणेनापि कण्ठे वाबध्य वाससा।
विवादे वा विनिर्जित्य प्रणिपत्य प्रसादयेत् ॥ २०५ ॥

બ્રાહ્મણને તણખલાથીયે માર્યો હોય, અથવા તેને ગળે લૂગડાથી બાંધ્યો હોય. અથવા વિવાદમાં તેને હરાવ્યો હોય, તો તેને પગે લાગીને પ્રસન્ન કરવો. ૨૦૫

अवगूर्य त्वब्दशतं सहस्रमभिहत्य च ।
जिघांसया ब्राह्मणस्य नरकं प्रतिपद्यते ॥ २०६ ॥

બ્રાહ્મણને મારવા માટે લાકડી ઉગામીને માણસને સો વર્ષ સુધીનો અને તેને મારીને હજાર વરસ સુધીનો નરકવાસ મળે છે. ૨૦૬

शोणितं यावतः पांसून्संगृह्णाति महीतले ।
तावन्त्यब्दसहस्राणि तत्कर्ता नरके वसेत् ॥ २०७ ॥

બ્રાહ્મણનું લોહી પૃથ્વીતલના જેટલા રજકણોને ભીંજવે છે તેટલાં હજાર વરસો સુધી તે કર્મનો કરનારો નરકવાસ સેવે છે.

अवगूर्य चरेत्कृच्छ्रमतिकृच्छ्रं निपातने ।
कृच्छ्रातिकृच्छ्रौ कुर्वीत विप्रस्योत्पाद्य शोणितम् ॥ २०८ ॥

બ્રાહ્મણને મારવા સારુ લાકડી ઉગામી હોય, તો પ્રાજાપત્યવ્રત કરવું, તેને લાકડી મારી હોય તો અતિકૃચ્છ્ર વ્રત કરવું; અને તેને લોહી કાઢ્યું હોય તો કૃચ્છ્ર અને અતિકૃચ્છ્ર બન્ને વ્રતો કરવાં ૨૦૮

अनुक्तनिष्कृतीनां तु पापानामपनुत्तये ।
शक्तिं चावेक्ष्य पापं च प्रायश्चित्तं प्रकल्पयेत् ॥ २०९ ॥

જે પાપોની શુદ્ધિ સારુ પ્રાયશ્ચિત્તો ન [illegible] હોય તે માટે શક્તિ જોઈને તથા પાપ તપાસીને પ્રાયશ્ચિત્ત [illegible] કરવી. ૨૦૯

यैरभ्युपायैरेनांसि मानवो व्यपकर्षति।
तान्वोऽभ्युपायान्वक्ष्यामि देवर्षिपितृसेवितान्॥ २१०॥

માણસો જે વ્રતઉપાયોથી પાપોને દૂર કરે છે, તે દેવ, ઋષિ તથા પિતૃઓએ સેવેલા વ્રતોપાયો વિશે હું તમને કહીશ. ૨૧૦

વ્રતો—

त्र्यहं प्रातस्त्र्यहं सायं त्र्यहमद्यादयाचितम्।
त्र्यहं परं च नाश्नीयात्प्राजापत्यं चरन्द्विजः॥ २११॥

પ્રાજાપત્ય વ્રત આચરનારા દ્વિજે ત્રણ દિવસ સવારે અને ત્રણ દિવસ સાંજે તથા ત્રણ દિવસ માગ્યા વિના મળેલું ભોજન લેવું, તેમજ ત્રણ દિવસ ઉપવાસ કરવા. ૨૧૧

गोमूत्रं गोमयं क्षीरं दधिः सर्पिः कुशोदकम्।
एकरात्रोपवासश्च कृच्छ्रं सांतपनं स्मृतम्॥ २१२॥

એક દિવસ ગાયનું મૂતર, ગાયનું છાણ, તેનું દૂધ, તેનું દહીં, તેનું ઘી તથા દર્ભનું જલ એનુંજ ભેગું ભોજન કરવું અને બીજે દિવસે ઉપવાસ કરવો: આને સાંતપન કૃચ્છ્ર કહ્યું છે. ૨૧૨

एकैकं ग्रासमश्नीयात्त्र्यहाणि त्रीणि पूर्ववत्।
त्र्यहं चोपवसेदन्त्यमतिकृच्छ्रं चरन्द्विजः॥ २१३॥

અતિકૃચ્છ્ર આચરતા દ્વિજે પહેલા ત્રણ દિવસે મધ્યાહ્નને, બીજા ત્રણ દિવસ સાંજે અને ત્રીજા ત્રણ દિવસ માગ્યા વિના એમ નવ દિવસ એકએક કોળિયો જમવું અને છેલ્લે ત્રણ દિવસ ઉપવાસ કરવા. ૨૧૩

तप्तकृच्छ्रं चरन्विप्रो जलक्षीरघृतानिलान्।
प्रतित्र्यहं पिबेदुष्णान्सकृत्स्नायी समाहितः ॥ २१४ ॥

તપ્તકૃચ્છ્ર કરતા દ્વિજે સાવધાન ચિત્તે સ્નાન કરીને પહેલા ત્રણ દિવસ ઊનું પાણી પીવું, બીજા ત્રણ દિવસ ઊનું દૂધ લેવુ અને ત્રીજા ત્રણ દિવસ ઊનું ઘી ચાટવું અને છેલ્લા ત્રણ દિવસ વાયુભક્ષી (ઉપવાસી) રહેવું. ૨૧૪

[ अपां पिबेच्च त्रिपलं पलमेकं च सर्पिषः।
पयः पिबेत्तु त्रिपलं त्रिमात्रं चोक्तमानतः ॥

એણે કહ્યા માપ પ્રમાણે ત્રણ દિવસ ત્રણ ત્રણ પલ પાણી પીવું, ત્રણ દિવસ એક એક પલ ઘી પીવુ અને ત્રણ દિવસ ત્રણ ત્રણ પલ દૂધ પીવુ. ]

यतात्मनोऽप्रमत्तस्य द्वादशाहमभोजनम्।
पराको नाम कृच्छ्रोऽयं सर्वपापापनोदनः ॥ २१५ ॥

સાવધ રહી, મનને નિયમમાં રાખી, બાર દિવસ સુધી અનશન કરવું, એ સર્વ પાપોનુ નાશ કરનારું પરાક નામે કૃચ્છ્ર છે ૨૧૫

एकैकं ह्रासयेत्पिण्डं कृष्णे शुक्ले च वर्धयेत्।
उपस्पृशंस्त्रिषवणमेतच्चान्द्रायणं स्मृतम् ॥ २१६ ॥

ભળકે, મધ્યાહ્નપોરે અને સાંજે એમ ત્રણવાર સ્નાન કરવુ તથા સુદમાં એક એક કોળિયો વધારતા જવુ અને વદમાં એક એક કોળિયો ઓછો કરતા રહેવુ, એને (પિપિલિકામધ્ય) ચાંદ્રાયણવ્રત કહ્યુ છે. ૨૧૬

एतमेव विधिं कृत्स्नमाचरेद्यवमध्यमे।
शुक्लपक्षादिनियतश्चरंश्चान्द्रायणं व्रतम् ॥ २१७ ॥

વમધ્યમ ચાંદ્રાયણવ્રત આચરનારા દ્વિજ સુખથી વ્રતા-
કરી, નિયમપરાયણ રહી, એજ સમગ્ર વિધિ આચરવો.

अष्टावष्टा समश्नीयात्पिण्डान्मध्यंदिने स्थिते।
नियतात्मा हविष्याशी यतिचान्द्रायणं चरन् ॥ २१८ ॥

યતિચાંદ્રાયણવ્રત કરતા દ્વિજ જિતેન્દ્રિય રહીને હવિષ્યા-
ન્નના રોજ મધ્યાહ્નને આઠ આઠ ગ્રાસ ખાવા. ૨૧૮

चतुरः प्रातरश्नीयात्पिण्डान्विप्रः समाहितः।
चतुरोऽस्तमिते सूर्ये शिशुचान्द्रायणं स्मृतम् ॥ २१९ ॥

સ્વસ્થચિત્ત બ્રાહ્મણ ચાર કોળિયા સવારે ખાય અને ચાર
સૂર્ય અસ્ત પામ્યે ખાય, તો તે શિશુચાંદ્રાયણવ્રત કહેવાય છે.

यथा कथंचित्पिण्डानां तिस्रोऽशीतीः समाहितः।
मासेनाश्नन्हविष्यस्य चन्द्रस्यैति सलोकताम् ॥२२०॥

જે દ્વિજ નિયમચિત્ત રહી, એક માસમાં હવિષ્યાન્નના
... બસો ચાલીશ કોળિયા ખાય છે, તે ચંદ્રના

...दित्या वसवश्चाचरन्व्रतम्।
...कुशलमोक्षाय मरुतश्च महर्षिभिः ॥ २२१ ॥

રુદ્રો, આદિત્યો, વસુઓ, મરુતો અને મહર્ષિઓએ સર્વ
અકુશલોથી છૂટવા માટે આ વ્રત આચર્યું છે. ૨૨૧

महाव्याहृतिभिर्होमः कर्तव्यः स्वयमन्वहम्।
अहिंसासत्यमक्रोधमार्जवं च समाचरेत् ॥ २२२ ॥

વ્રત કરનારે રોજરોજ મહાવ્યાહૃતિઓથી હોમ કરવો
અને અહિંસા, સત્ય, અક્રોધ તથા ઋજુતા રાખવાં. ૨૨૨

त्रिरह्नस्त्रिर्निशायां च सवासा जलमाविशेत् ।
स्त्रीशूद्रपतितांश्चैव नाभिभाषेत कर्हिचित् ॥ २२३ ॥

તેણે દિવસે અને રાતે ત્રણ ત્રણ વાર વસ્ત્ર સાથે જલમાં સ્નાન કરવું અને ક્યારેય સ્ત્રી, શૂદ્ર તથા પતિતો સાથે ભાષણ ન કરવું. ૨૨૩

स्थानासनाभ्यां विहरेदशक्तोऽधः शयीत वा ।
ब्रह्मचारी व्रती च स्याद्गुरुदेवद्विजार्चकः ॥ २२४ ॥

તેણે સ્થાન અને આસન સાથેજ ઊઠવું–બેસવું, અથવા અશક્ત હોય તો નીચે સૂવું. તેણે બ્રહ્મચારી અને વ્રતી રહેવું તેમજ ગુરુ, દેવ અને દ્વિજની અર્ચના કરવી. ૨૨૪

सावित्रीं च जपेन्नित्यं पवित्राणि च शक्तितः ।
सर्वेष्वेव व्रतेष्वेवं प्रायश्चित्तार्थमादृतः ॥ २२५ ॥

તેણે શક્તિ અનુસાર નિત્ય ગાયત્રીજપ કરવો તથા અઘમર્ષણ આદિ પવિત્ર મંત્રો જપવા. પ્રાયશ્ચિત્ત અર્થે સર્વ વ્રતોમાં આજ રીતે કરવું. ૨૨૫

एतैर्द्विजातयः शोध्या व्रतैराविष्कृतैनसः ।
अनाविष्कृतपापांस्तु मन्त्रैर्होमैश्च शोधयेत् ॥ २२६ ॥

જેમનાં પાપ પ્રસિદ્ધ થયાં હોય, એવા દ્વિજો આ વ્રતોથી શુદ્ધ થાય પણ જેમનાં પાપ પ્રકટ થયાં ન હોય તેમને મંત્રો અને હોમોથી શુદ્ધ કરાય. ૨૨૬

ख्यापनेनानुतापेन तपसाध्ययनेन च ।
पापकृन्मुच्यते पापात्तथा दानेन चापदि ॥ २२७ ॥

પાપ પ્રકટ કરવાથી, પશ્ચાત્તાપથી, તપથી, અધ્યયનથી અને આપત્કાળે દાનથી પણ પાપ કરનારો પાપથી મુક્ત થાય છે

यथा यथा नरोऽधर्मं स्वयं कृत्वानुभाषते ।
तथा तथा त्वचेवाहिस्तेनाधर्मेण मुच्यते ॥ २२८ ॥

માણસ અધર્મ કરીને જેમ જેમ પોતાની મેળેજ તે પ્રકટ કરી દે છે, તેમ તેમ તે તે અધર્મથી મુક્ત થાય છે—માનો, સાપ કાંચળીથી છૂટે છે. ૨૨૮

यथा यथा मनस्तस्य दुष्कृतं कर्म गर्हति ।
तथा तथा शरीरं तत्तेनाधर्मेण मुच्यते ॥ २२९ ॥

તેનું મન જેમ જેમ પોતાના દુષ્કૃત્યને નિંદે છે, તેમતેમ તેનું શરીર તે તે અધર્મથી મુક્ત થાય છે. ૨૨૯

कृत्वा पापं हि संतप्य तस्मात्पापात्प्रमुच्यते ।
नैवं कुर्यां पुनरिति निवृत्त्या पूयते तु सः ॥ २३० ॥

પાપ કરીને સંતાપ કરનારો માણસ પાપમાંથી મુક્ત થાય છે. 'આવું ફરી નહિ કરું' એમ નિવૃત્તિરૂપી નિશ્ચય કરવાથી તે પવિત્ર થાય છે. ૨૩૦

एवं संचिन्त्य मनसा प्रेत्य कर्मफलोदयम् ।
मनोवाङ्मूर्तिभिर्नित्यं शुभं कर्म समाचरेत् ॥ २३१ ॥

મરણ પછી કર્મનું ફલ આવું મળશે એમ મનથી વિચારીને માણસે મન, વાણી અને કાયાથી નિત્ય શુભ કર્મ આચરવું.

अज्ञानाद्यदि वा ज्ञानात्कृत्वा कर्म विगर्हितम् ।
तस्माद्विमुक्तिमन्विच्छन्द्वितीयं न समाचरेत् ॥ २३२ ॥

અજ્ઞાનથી કે જ્ઞાનથી નિંદિત કર્મ કર્યા પછી તેમાંથી મુક્તિ મેળવવા ઇચ્છનારે ફરીને એવું બીજું કર્મ ન આચરવું.

ગુપ્ત પાપના પ્રાયશ્ચિત્ત—

सव्याहृतिप्रणवकाः प्राणायामास्तु षोडश ।
अपि भ्रूणहणं मासात्पुनन्त्यहरहः कृताः ॥ २४८ ॥

જો રોજરોજ વ્યાહૃતિ અને ઓંકાર સાથે સોળ પ્રાણાયામ એક માસ સુધી કરવામાં આવે, તો ભ્રૂણહત્યારાને પણ તે શુદ્ધ કરે. ૨૪૮

कौत्सं जप्त्वाप इत्येतद्वासिष्ठं च प्रतीत्यृचम् ।
माहित्रं शुद्धवत्यश्च सुरापोऽपि विशुद्ध्यति ॥ २४९ ॥

કૌત્સઋષિ જેના દ્રષ્ટા છે તે 'अप नःशोशुचदघम्' એ સૂક્તનો, વસિષ્ઠ જેના દ્રષ્ટા છે તે 'प्रतिस्तोमेभिरुषसं' એ ઋચાનો, 'महित्रीणामवोऽस्तु' એ સૂક્તનો, તેમજ 'एतोन्विन्द्रं स्तवाम शुद्धम्' એ ત્રણ ઋચાઓનો જો એક માસ સુધી જપ કરવામાં આવે, તો તેથી સુરા પીનારોય શુદ્ધ થાય છે.

सकृज्जप्त्वास्य वामीयं शिवसंकल्पमेव च ।
अपहृत्य सुवर्णं तु क्षणाद्भवति निर्मलः ॥ २५० ॥

એક માસ સુધી 'अस्य वामस्य पलितस्य' એ સૂક્તનો તેમજ 'यज्जाग्रतो दूरमुदैति' એ શિવસંકલ્પ સૂક્તનો રોજ એકએક પાઠ કરવામાં આવે, તો તેથી સોનાની ચોરી કરનારો નિર્મલ થાય છે. ૨૫૦

हविष्यन्तीयमभ्यस्य न तमंह इतीति च ।
जपित्वा पौरुषं सूक्तं मुच्यते गुरुतल्पगः ॥ २५१ ॥

ગુરુપત્નીની સાથે ગમન કરનારો પાતકી 'हविष्पान्तमजरं स्वर्विदि' એ ઓગણીસ ઋચાઓનો, અથવા 'न तमंहो न

दुरितम्' એ આઠ ઋચાઓનો અથવા तन्मे मनः शिवसंकल्पमस्तु એ સૂક્તનો, અથવા 'सहस्रशीर्षा पुरुषः' એ પૂરુષસૂક્તનો એક માસ સુધી જપ કરે, તો તે પાપથી તે મુક્ત થાય છે. ૨૫૧

एनसां स्थूलसूक्ष्माणां चिकीर्षन्नपनोदनम् ।
अवेत्यृचं जपेदब्दं यत्किंचेदमितीति वा ॥ २५२ ॥

સ્થુલ અને સૂક્ષ્મ મહાપાતકોની શુદ્ધિ ઇચ્છતા માણસે 'अव ते हेळो वरुण नमोभिः' એ ઋચાનો, અથવા 'यत्किंचेदं वरुण दैव्ये जने' એ ઋચાનો અથવા તો 'शिवसंकल्पमस्तु' એ સૂક્તનો એક વરસ સુધી નિત્ય જપ કરવો. ૨૫૨

प्रतिगृह्याप्रतिग्राह्यं भुक्त्वा चान्नं विगर्हितम् ।
जपंस्तरत्समन्दीयं पूयते मानवस्त्र्यहात् ॥ २५३ ॥

જેણે અયોગ્ય દાન લીધું હોય અથવા નિંદિત ભોજન કર્યું હોય, તે માણસ 'तरत्समन्दी धावति' એ ચાર ઋચાઓ જપવાથી ત્રણ દિવસમાં શુદ્ધ થાય છે. ૨૫૩

सोमारौद्रं तु बह्वेना मासमभ्यस्य शुद्ध्यति ।
स्रवन्त्यामाचरन्स्नानमर्यम्णामिति च तृचम् ॥ २५४ ॥

અનેક પાપો કરનારો માણસ જો 'सोमारुद्रा धारयेथामसुर्यम्' એ ચાર ઋચાઓનો અથવા 'अर्यमणं वरुणं मित्रं च' એ ત્રણ ઋચાઓનો એક માસ સુધી સ્નાન કરીને નિત્ય અભ્યાસ કરે તો તે તે પાપોમાંથી શુદ્ધ થાય છે. ૨૫૪

अब्दार्धमिन्द्रमित्येतदेनस्वी सप्तकं जपेत् ।
अप्रशस्तं तु कृत्वाप्सु मासमासीत भैक्षभुक् ॥ २५५ ॥

પાપી માણસ ૭ માસ સુધી 'इन्द्रं मित्रं वरुणमग्निम्' એ સાત ઋચાઓનો જપ કરે. તેણે જલમાં અયોગ્ય ક્રિયા કરી હોય, તો તે એક માસ સુધી ભિક્ષા માગી જમે. ૨૫૫

**मन्त्रैः शाकलहोमीयैरब्दं हुत्वा घृतं द्विजः ।**
**सुगुर्वप्यपहन्त्येनो जप्त्वा वा नम इत्यृचम् ॥ २५६ ॥**

'**देवकृतस्य**' વગેરે શાકલ હોમના મંત્રોથી દ્વિજ જો ઘી હોમે, તેમજ '**नमः इन्द्रश्च**' એ ઋચાનો એક વર્ષ સુધી જપ કરે, તો તેનું મહાપાપ દૂર થાય છે. ૨૫૬

**महापातकसंयुक्तोऽनुगच्छेद्गाः समाहितः ।**
**अभ्यस्याब्दं पावमानीर्भैक्षाहारो विशुद्ध्यति ॥ २५७ ॥**

મહાપાતકવાળો પુરુષ સાવધાનચિત્ત થઇ જો એક વર્ષ સુધી ભિક્ષાથી આહાર કરે, નિત્ય ગાયનું અનુગમન કરે, અને '**यः पावमानीरध्येति**' વગેરે પવમાન ઋચાઓનો અભ્યાસ કરે, તો તે તેથી શુદ્ધ થાય છે. ૨૫૭

**अरण्ये वा त्रिरभ्यस्य प्रयतो वेदसंहिताम् ।**
**मुच्यते पातकैः सर्वैः पराकैः शोधितस्त्रिभिः ॥ २५८ ॥**

ત્રણ પરાક વ્રતોથી શુદ્ધ થયેલો માણસ અરણ્યમાં પ્રયત્નપૂર્વક વેદસંહિતાનો ત્રણ વાર અભ્યાસ કરે, તો તે સર્વ પાપોથી મુક્ત થાય છે. ૨૫૮

**त्र्यहं तूपवसेद्युक्तस्त्रिरह्नोऽभ्युपयन्नपः ।**
**मुच्यते पातकैः सर्वैस्त्रिर्जपित्वाघमर्षणम् ॥ २५९ ॥**

નિયમયુક્ત રહી, ત્રણ દિવસ ઉપવાસ કરી અને ત્રણ કાલ

પાણીમાં સ્નાન કરી જે 'ऋतं च सत्यं च' એ અઘમર્ષણ મંત્રનો ત્રણ વાર જપ કરે છે, તે બધાં પાપોથી છૂટે છે. ૨૫૯

यथाऽश्वमेधः क्रतुराट् सर्वपापापनोदनः ।
तथाघमर्षणं सूक्तं सर्वपापापनोदनम् ॥ २६० ॥

સર્વ યજ્ઞોમાં શ્રેષ્ઠ એવો અશ્વમેધ જેમ સર્વ પાપોનો નાશ કરે છે, તેમ આ અઘમર્ષણ સૂક્ત સર્વ પાપોને દૂર કરી દે છે. ૨૬૦

हत्वा लोकानपीमांस्त्रीनश्नन्नपि यतस्ततः ।
ऋग्वेदं धारयन्विप्रो नैनः प्राप्नोति किञ्चन ॥ २६१ ॥

ઋગ્વેદને ધારણ કરનારો વિપ્ર કદી આ ત્રણે લોકોને હણે અને ગમે ત્યાંથી ભોજન કરે, તો પણ તેને કશુંય પાપ લાગતું નથી. ૨૬૧

ऋक्संहितां त्रिरभ्यस्य यजुषां वा समाहितः ।
साम्नां वा सरहस्यानां सर्वपापैः प्रमुच्यते ॥ २६२ ॥

જે સમચિત્ત મનુષ્ય ઋક્, યજુર્ અને સામ એ વેદોનો અથવા બ્રાહ્મણ તથા ઉપનિષદ્ સાથેની સામસંહિતાનો ત્રણ-વાર અભ્યાસ કરે છે, તે સર્વ પાપોથી મુક્ત થાય છે. ૨૬૨

यथा महाह्रदं प्राप्य क्षिप्तं लोष्टं विनश्यति ।
तथा दुश्चरितं सर्वं वेदे त्रिवृति मज्जति ॥ २६३ ॥

જેમ મોટા ધરામાં નાખેલું માટીનું ઢેફું નાશ પામે છે, તેમ ત્રિવૃત્ વેદમાં સર્વ દુશ્ચરિતો ડૂબી જાય છે. ૨૬૩

ऋचो यजूंषि चान्यानि सामानि विविधानि च ।
एष ज्ञेयस्त्रिवृद्वेदो यो वेदैनं स वेदवित् ॥ २६४ ॥

ઋક્, યજુર્ અને સામ તથા એ ત્રણેનાં વિવિધ બ્રાહ્મણાદિ શાસ્ત્ર એને ત્રિવૃત્‌વેદ જાણવા. જે એ ત્રિવૃત્‌વેદને જાણે છે, તે વેદજ્ઞ છે. ૨૬૪

**आद्यं यत्त्र्यक्षरं ब्रह्म त्रयी यस्मिन्प्रतिष्ठिता ।**
**स गुह्योऽन्यस्त्रिवृद्वेदो यस्तं वेद स वेदवित् ॥ २६५ ॥**

જે ત્રણ અક્ષરવાળો (ૐ) આદ્ય બ્રહ્મરૂપ છે અને જેમાં ત્રણ વેદ સમાયેલા છે, તે ગુહ્ય એવો બીજો ત્રિવૃત્‌વેદ છે. જે એને જાણે છે, તે વેદવેત્તા છે. ૨૬૫

[ **पृथग् ब्राह्मणकल्पाभ्यां स हि वेदस्त्रिवृत्स्मृतः ॥**


સંહિતા, બ્રાહ્મણ અને કલ્પ એ ત્રણ ભેગાં ત્રિવૃત્‌વેદ કહેવાય છે. ]

[ **एष वोभिहितः कृत्स्नः प्रायश्चित्तस्य निर्णयः ।**
**निःश्रेयसं धर्मविधिं विप्रस्येमं निबोधत ॥**

પ્રાયશ્ચિત્તનો આ સમગ્ર નિર્ણય તમને કહ્યો. હવે બ્રાહ્મણને કલ્યાણકારી એવો આ ધર્મવિધિ સાંભળો. ]

**इतिश्री मानवधर्मशास्त्रे भृगुप्रोक्तायां संहितायां एकादशोऽध्यायः॥**

ઇતિશ્રી માનવધર્મશાસ્ત્રે ભૃગુકથિત સંહિતામાં અધ્યાય ૧૧ મો સમાપ્ત



# अध्याय १२ मो

चातुर्वर्ण्यस्य कृत्स्नोऽयमुक्तो धर्मस्त्वयाऽनघ ।
कर्मणां फलनिर्वृत्तिं शंस नस्तत्त्वतः पराम् ॥ १ ॥

હે નિષ્પાપ! તમે ચાતુર્વર્ણ્યનો આ સમગ્ર ધર્મ કહ્યો. હવે તમે અમને કર્મની પરમ ફળપ્રાપ્તિ વિશે યથાર્થ કહો. ૧

स तानुवाच धर्मात्मा महर्षीन्मानवो भृगुः ।
अस्य सर्वस्य शृणुत कर्मयोगस्य निर्णयम् ॥ २ ॥

ધર્માત્મા તે મનુપુત્ર ભૃગુએ તે મહર્ષિઓને કહ્યુ કે આ સર્વ કર્મયોગનો નિર્ણય તમે સાંભળો ૨

ત્રણ જાતનાં કર્મ—

शुभाशुभफलं कर्म मनोवाग्देहसंभवम् ।
कर्मजा गतयो नृणामुत्तमाधममध्यमाः ॥ ३ ॥

મન, વાણી અને દેહે કરીને થયેલાં કર્મનું શુભ કે અશુભ ફળ મળે છે, અને તે તે કર્મ પ્રમાણે મનુષ્યોને ઉત્તમ, મધ્યમ અને અધમ ગતિઓ આવે છે. ૩

तस्येह त्रिविधस्यापि त्र्यधिष्ठानस्य देहिनः ।
दशलक्षणयुक्तस्य मनो विद्यात्प्रवर्तकम् ॥ ४ ॥

દેહધારીઓનાં દશ લક્ષણવાળાં અને ત્રણ જાતની ઉત્તમ, મધ્યમ અને અધમ ગતિ આપનારાં ત્રણ જાતનાં જે કર્મો છે તેમના પ્રવર્તક તરીકે મનને જાણવું. ૪

परद्रव्येष्वभिध्यानं मनसानिष्टचिन्तनम् ।
वितथाभिनिवेशश्च त्रिविधं कर्म मानसम् ॥ ५ ॥

ઋક, યજુર અને સામ એ ત્રણ વેદોનાં વિવિધ બ્રાહ્મણાદિ ભાગ એને ત્રિવૃત્વેદ જાણવા. જે એ ત્રિવૃત્વેદને જાણે છે, તે વેદજ્ઞ છે. ૨૬૪

आद्यं यत्त्र्यक्षरं ब्रह्म त्रयी यस्मिन्प्रतिष्ठिता ।
स गुह्योऽन्यस्त्रिवृद्वेदो यस्तं वेद स वेदवित् ॥ २६५ ॥

જે ત્રણ અક્ષરવાળો (ॐ) આદ્ય બ્રહ્મરૂપ છે અને જેમાં ત્રણ વેદ સમાયેલા છે, તે ગુહ્ય એવો બીજો ત્રિવૃત્વેદ છે. જે એને જાણે છે, તે વેદવેત્તા છે. ૨૬૫

[ पृथग् ब्राह्मणकल्पाभ्यां स हि वेदस्त्रिवृत्स्मृतः ॥


સંહિતા, બ્રાહ્મણ અને કલ્પ એ ત્રણ ભેગાં ત્રિવૃત્વેદ કહેવાય છે. ]

[ एष वोऽभिहितः कृत्स्नः प्रायश्चित्तस्य निर्णयः ।
निःश्रेयसं धर्मविधिं विप्रस्येमं निबोधत ॥

પ્રાયશ્ચિત્તનો આ સમગ્ર નિર્ણય તમને કહ્યો. હવે બ્રાહ્મણને કલ્યાણકારી એવો આ ધર્મવિધિ સાંભળો. ]

**इतिश्री मानवधर्मशास्त्रे भृगुप्रोक्तायां संहितायां एकादशोऽध्यायः॥**

ઇતિશ્રી માનવધર્મશાસ્ત્રે ભૃગુકથિત સંહિતામાં અધ્યાય ૧૧ મો સમાપ્ત



शरीरजैः कर्मदोषैर्याति स्थावरतां नरः ।
वाचिकैः पक्षिमृगतां मानसैरन्त्यजातिताम् ॥ ९ ॥

શરીરથી થયેલા કર્મદોષોએ કરીને માણસ સ્થાવરતા (વૃક્ષો, પર્વત વગેરેને) પામે છે. વાણીથી થયેલા દોષોને લીધે પશુપક્ષીનો અવતાર પામે છે; અને માનસિક કર્મદોષોથી તે અંત્યજ જાતિમાં જન્મ ધરે છે. ૯

[ शुभैः प्रयोगैर्देवत्वं व्यामिश्रैर्मानुषो भवेत् ।
अशुभैः केवलैश्चैव तिर्यग्योनिषु जायते ॥

શુભ કર્મયોગોથી માણસ દેવત્વ મેળવે છે, મિશ્રિત કર્મયોગોથી તે માનવ જન્મે છે અને કેવળ અશુભ કર્મયોગથી તે પક્ષીયોનિમાં જન્મ પામે છે. ]

[ वाग्दण्डोथ भवेन्मौनं मनोदण्डस्त्वनाशनम् ।
शारीरस्य हि दण्डस्य प्राणायामो विधीयते ॥

મૌન એ વાગ્દંડરૂપ છે; અનશન એ મનોદંડરૂપ છે અને પ્રાણાયામ એ શારીર દંડરૂપ છે. ]

[ वाग्दण्डो हन्ति विज्ञानं मनोदण्डः परां गतिम् ।
कर्मदंडस्तु लोकांस्त्रीन्हन्यादपरिरक्षितः ॥

દંડને બરાબર રક્ષિત રાખ્યા હોય નહિ, તો વાગ્દંડ વિજ્ઞાનને હણે છે, મનોદંડ પરમગતિને હણે છે અને કર્મદંડ ત્રણે લોકોને હણે છે. ]

[ त्रिदण्डं धारयेद्योगी शारीरं न तु वैणवम् ।
वाचिकं कायिकं चैव मानसं च यथाविधि ॥

યોગીએ આ શારીર આદિનો નહિ કે વાંસનો ત્રિદંડ ધારવો.

પરદ્રવ્ય વિશે નજર બગાડવી, મનથી અનિષ્ટ ચિંતવવું, અને નાસ્તિક વિચારગ્રહ રાખવો, એ ત્રણ જાતનાં માનસિક પાપકર્મો છે. ૫

**पारुष्यमनृतं चैव पैशून्यं चापि सर्वशः ।**
**असंबद्धप्रलापश्च वाङ्मयं स्याच्चतुर्विधम् ॥ ६ ॥**

કઠોર ભાષણ, અસત્ય વચન, બધી બાજુથી ચાડી-ચૂગલી અને ફાવે તેમ બકવાદ, એ ચાર જાતનાં વાણી સંબંધી પાપકર્મો છે. ૬

**अदत्तानामुपादानं हिंसा चैवाविधानतः ।**
**परदारोपसेवा च शारीरं त्रिविधं स्मृतम् ॥ ७ ॥**

આપ્યા વિનાનું પરદ્રવ્ય લઇ લેવું, શાસ્ત્રવિધાન વિનાની હિંસા કરવી અને પરપત્નીગમન કરવું, એ ત્રણ જાતનાં શરીરવિષયક પાપકર્મો છે. ૭

**मानसं मनसैवायमुपभुंक्ते शुभाशुभम् ।**
**वाचा वाचा कृतं कायेनैव च कायिकम् ॥ ८ ॥**

શુભ અને અશુભ એવાં માનસ કર્મોનું ફલ માણસ મનથીજ ભોગવે છે, તેમ તેવાં વાચિક કર્મોનું ફલ તે વાચાથી ભોગવે છે અને તેવાં કાયિક કર્મોનું ફલ તે કાયાથી ભોગવે છે.

[ **त्रिविधं च शरीरेण वाचा चैव चतुर्विधम् ।**
**मनसा त्रिविधं कर्म दशाधर्मपथांस्त्यजेत् ॥**

આ ત્રણ જાતનાં કાયિક કર્મ, ચાર જાતનાં વાચિક કર્મ અને ત્રણ જાતનાં માનસિક કર્મ એમ દશ પ્રકારનાં આ અધર્મ કર્મોને મનુષ્યે તજવાં. ]

મહાન (સૂક્ષ્મ શરીર) અને ક્ષેત્રજ્ઞ (જીવાત્મા) તે બન્ને પંચ મહાભૂતો સાથે જોડાઈ રહીને નાનાંમોટાં સર્વ પ્રાણીઓમાં રહેલા તે પરમાત્માના આશ્રયથી રહે છે. ૧૪

[ उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ।
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ॥

ઉત્તમ પુરુષ તો બીજોજ છે—તે પરમાત્મા કહેવાય છે, તે અવિનાશી ઈશ્વર ત્રણે લોકમાં પ્રવેશીને તેમનું ભરણપોષણ કરે છે. ]

असंख्या मूर्तयस्तस्य निष्पतन्ति शरीरतः ।
उच्चावचानि भूतानि सततं चेष्टयन्ति याः ॥ १५ ॥

તે પરમાત્માના શરીરમાંથી અસંખ્ય જીવો નીકળીને ઉચનીચ સર્વ ભૂતોને સતત ચેષ્ટામય કરે છે. ૧૫

ધર્માધર્મનું ફળ—

पञ्चभ्य एव मात्राभ्यः प्रेत्य दुष्कृतिनां नृणाम् ।
शरीरं यातनार्थीयमन्यदुत्पद्यते ध्रुवम् ॥ १६ ॥

દુષ્કૃત્ય કરનારા માણસોને મરણ પછી, કર્મની યાતના ભોગવવા સારુ પંચ તન્માત્રાઓમાંથી બીજું (સૂક્ષ્મ) શરીર ઉપજે છે. ૧૬

तेनानुभूय ता यामीः शरीरेणेह यातनाः ।
तास्वेव भूतमात्रासु प्रलीयन्ते विभागशः ॥ १७ ॥

તે શરીરથી યમલોકની યાતનાઓ ભોગવીને તેઓ પાછા ભૂતોની માત્રાઓમાં વિભાગ પ્રમાણે લય પામે છે.

તેણે યથાવિધિ વાચિક, કાયિક અને માનસિક એ ત્રણ દંડ ધારણ કરવા. ]

वाग्दण्डोऽथ मनोदण्डः कायदण्डस्तथैव च।
यस्यैते निहिता बुद्धौ त्रिदण्डीति स उच्यते ॥ १० ॥

વાગ્દંડ, મનોદંડ, અને કાયિક દંડ એ જેની બુદ્ધિમાં નિયમપૂર્વક રહ્યા છે, તે ત્રિદંડી કહેવાય છે. ૧૦

त्रिदण्डमेतन्निक्षिप्य सर्वभूतेषु मानवः।
कामक्रोधौ तु संयम्य ततः सिद्धिं नियच्छति ॥ ११ ॥

જે માણસ આ ત્રણે દંડોથી પ્રાણીમાત્ર પ્રત્યે વ્યવહાર કરે છે અને જે કામક્રોધને સંયમમાં રાખે છે, તે પરમસિદ્ધિ પામે છે. ૧૧

ક્ષેત્રજ્ઞ અને ભૂતાત્મા—

योऽस्यात्मनः कारयिता तं क्षेत्रज्ञं प्रचक्षते।
यः करोति तु कर्माणि स भूतात्मोच्यते बुधैः ॥ १२ ॥

જે આ શરીરને કર્મ કરાવનારો છે તેને ક્ષેત્રજ્ઞ કહે છે અને જે કર્મો કરે છે તેને પંડિતો ભૂતાત્મા (શરીર) કહે છે.

जीवसंज्ञोऽन्तरात्माऽन्यः सहजः सर्वदेहिनाम्।
येन वेदयते सर्वं सुखं दुःखं च जन्मसु ॥ १३ ॥

સર્વ દેહધારીઓની સાથેજ બીજો જીવ સંજ્ઞાવાળો અંતરાત્મા ઉત્પન્ન થાય છે અને તેથી જન્મજન્મમાં સર્વ સુખદુઃખો જાણવામાં આવે છે. ૧૩

तावुभौ भूतसंपृक्तौ महान्क्षेत्रज्ञ एव च।
उच्चावचेषु भूतेषु स्थितं तं व्याप्य तिष्ठतः ॥ १४ ॥

મહાન (સૂક્ષ્મ શરીર) અને ક્ષેત્રજ્ઞ (જીવાત્મા) તે બન્ને પંચ મહાભૂતો સાથે જોડાઈ રહીને નાનાંમોટાં સર્વ પ્રાણીઓમાં રહેલા તે પરમાત્માના આશ્રયથી રહે છે. ૧૪

[ उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ।
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ॥

ઉત્તમ પુરુષ તો બીજોજ છે–તે પરમાત્મા કહેવાય છે, તે અવિનાશી ઈશ્વર ત્રણે લોકમાં પ્રવેશીને તેમનું ભરણપોષણ કરે છે. ]

असंख्या मूर्तयस्तस्य निष्पतन्ति शरीरतः ।
उच्चावचानि भूतानि सततं चेष्टयन्ति याः ॥ १५ ॥

તે પરમાત્માના શરીરમાંથી અસંખ્ય જીવો નીકળીને ઊંચનીચ સર્વ ભૂતોને સતત ચેષ્ટામય કરે છે ૧૫

ધર્માધર્મનું ફળ —

पञ्चभ्य एव मात्राभ्यः प्रेत्य दुष्कृतिनां नृणाम् ।
शरीरं यातनार्थीयमन्यदुत्पद्यते ध्रुवम् ॥ १६ ॥

દુષ્કૃત્ય કરનારા માણસોને મરણ પછી, કર્મની [illegible] ભોગવવા સારુ પંચ તન્માત્રાઓમાંથી બીજું ([illegible]) શરીર ઉપજે છે. ૧૬

तेनानुभूय ता यामीः शरीरेणेह यातनाः ।
तास्वेव भूतमात्रासु प्रलीयन्ते विभागशः ॥ १७ ॥

તે શરીરથી યમલોકની [illegible]
[illegible] પંચભૂતોની માત્રાઓમાં [illegible]

सोऽनुभूयासुखोदर्कान्दोषान्विषयसङ्गजान् ।
व्यपेतकल्मषोऽभ्येति तावेवोभौ महौजसौ ॥ १८ ॥

વિષયસંગથી જન્મેલા દુઃખપરિણામી દોષોને અનુભવીને તે જીવ પાપમુક્ત થઇને પાછા તેજ બે મહાઓજસ્વી (મહત્તત્ત્વ અને ક્ષેત્રજ્ઞ) નો આશ્રય લે છે. ૧૮

तौ धर्मं पश्यतस्तस्य पापं चातन्द्रितौ सह ।
याभ्यां प्राप्नोति संपृक्तः प्रेत्येह च सुखासुखम् ॥ १९ ॥

તંદ્રારહિત તે બેઉ જીવનાં પાપ અને પુણ્ય વિચારે છે, અને જીવ એ પાપપુણ્યથી જોડાઇને આ લોક તથા પરલોકમાં સુખ ને દુઃખ પામે છે. ૧૯

यद्याचरति धर्मं स प्रायशोऽधर्ममल्पशः ।
तैरेव चावृतो भूतैः स्वर्गे सुखमुपाश्नुते ॥ २० ॥

જીવ જો અલ્પ એવોજ અધર્મ કરે છે અને મોટે ભાગે ધર્મજ આચરે છે, તો એ પંચમહાભૂતોથી વીંટાઈને તે સ્વર્ગમાં સુખ ભોગવે છે. ૨૦

यदि तु प्रायशोऽधर्मं सेवते धर्ममल्पशः ।
तैर्भूतैः स परित्यक्तो यामीः प्राप्नोति यातनाः ॥ २१ ॥

પણ, તે જો મોટે ભાગે અધર્મનેજ સેવે છે અને ધર્મને અલ્પ પ્રમાણમાંજ આચરે છે, તો એ પંચમહાભૂતોથી છૂટો પડીને તે યમલોકની યાતનાઓને પામે છે. ૨૧

यामीस्ता यातनाः प्राप्य स जीवो वीतकल्मषः ।
तान्येव पञ्च भूतानि पुनरप्येति भागशः ॥ २२ ॥

તે જીવ યમલોકની એ યાતનાઓ ભોગવીને અને પાપ-મુક્ત થઈને, ફરીથી તેજ પંચમહાભૂતોને વિભાગવાર ધારે છે.

एता दृष्ट्वास्य जीवस्य गतीः स्वेनैव चेतसा ।
धर्मतोऽधर्मतश्चैव धर्मे दध्यात्सदा मनः ॥ २३ ॥

ધર્મ અને અધર્મ પ્રમાણેની જીવની આ ગતિને સ્વ-બુદ્ધિથી જોઈને મનુષ્યે મનને સદાય ધર્મમાં જોડવું. ૨૩

સત્ત્વ, રજ અને તમોગુણના લક્ષણ—

सत्त्वं रजस्तमश्चैव त्रीन्विद्यादात्मनो गुणान् ।
यैर्व्याप्येमान्स्थितो भावान्महान्सर्वानशेषतः ॥ २४ ॥

સત્ત્વ, રજ અને તમ એ ત્રણ આત્મા ([illegible])ના ગુણો જાણવા. મહાન તે ગુણો વડે આ સર્વ પદાર્થોને અશેષે વ્યાપીને રહ્યું છે. ૨૪

यो यदैषां गुणो देहे साकल्येनातिरिच्यते ।
स तदा तद्गुणप्रायं तं करोति शरीरिणम् ॥ २५ ॥

જે ગુણોમાંથી જીવના શરીરમાં [illegible] હોય છે, તે ગુણ શરીરધારીને [illegible] પોતાનાં [illegible] કરે છે. ૨૫

सत्त्वं ज्ञानं तमोऽज्ञानं रागद्वेषौ रजः स्मृतम् ।
एतद्व्याप्तिमदेतेषां सर्वभूताश्रितं वपुः ॥ २६ ॥

[illegible] છે. [illegible] છે. [illegible] શરી[illegible]

सोऽनुभूयासुखोदर्कान्दोषान्विषयसङ्गजान् ।
व्यपेतकल्मषोऽभ्येति तावेवोभौ महौजसौ ॥ १८ ॥

વિષયસંગથી જન્મેલા દુ:ખપરિણામી દોષોને અનુભવીને તે જીવ પાપમુક્ત થઇને પાછા તેજ બે મહાઓજસ્વી (મહત્તત્ત્વ અને ક્ષેત્રજ્ઞ) નો આશ્રય લે છે. ૧૮

तौ धर्मं पश्यतस्तस्य पापं चातन्द्रितौ सह ।
याभ्यां प्राप्नोति संपृक्तः प्रेत्येह च सुखासुखम् ॥ १९ ॥

તંદ્રારહિત તે બેઉ જીવનાં પાપ અને પુણ્ય વિચારે છે, અને જીવ એ પાપપુણ્યથી જોડાઇને આ લોક તથા પરલોકમાં સુખ ને દુ ખ પામે છે. ૧૯

यद्याचरति धर्मं स प्रायशोऽधर्ममल्पशः ।
तैरेव चावृतो भूतैः स्वर्गे सुखमुपाश्नुते ॥ २० ॥

જીવ જો અલ્પ એવોજ અધર્મ કરે છે અને મોટે ભાગે ધર્મજ આચરે છે, તો એ પંચમહાભૂતોથી વીંટાઈને તે સ્વર્ગમાં સુખ ભોગવે છે. ૨૦

यदि तु प्रायशोऽधर्मं सेवते धर्ममल्पशः ।
तैर्भूतैः स परित्यक्तो यामीः प्राप्नोति यातनाः ॥ २१ ॥

પણ, તે જો મોટે ભાગે અધર્મનેજ સેવે છે અને ધર્મને અલ્પ પ્રમાણમાંજ આચરે છે, તો એ પંચમહાભૂતોથી વિખૂટો પડીને તે યમલોકની યાતનાઓને પામે છે. ૨૧

यामीस्ता यातनाः प्राप्य स जीवो वीतकल्मषः ।
तान्येव पञ्च भूतानि पुनरप्येति भागशः ॥ २२ ॥

તે જીવ યમલોકની એ યાતનાઓ ભોગવીને અને પાપમુક્ત થઈને, ફરીથી તેજ પંચમહાભૂતોને વિભાગવાર ધારે છે.

**एता दृष्ट्वास्य जीवस्य गतीः स्वेनैव चेतसा ।**
**धर्मतोऽधर्मतश्चैव धर्मे दध्यात्सदा मनः ॥ २३ ॥**

ધર્મ અને અધર્મ પ્રમાણેની જીવની આ ગતિને સ્વબુદ્ધિથી જોઇને મનુષ્યે મનને સદાય ધર્મમાં જોડવું. ૨૩

સત્ત્વ, રજ અને તમોગુણના લક્ષણ—

**सत्त्वं रजस्तमश्चैव त्रीन्विद्यादात्मनो गुणान् ।**
**यैर्व्याप्येमान्स्थितो भावान्महान्सर्वानशेषतः ॥ २४ ॥**

સત્ત્વ, રજ અને તમ એ ત્રણ આત્મા (મહત્)ના ગુણો જાણવા. મહત્તત્ત્વ તે ગુણો વડે આ સર્વ પદાર્થોને અશેષે વ્યાપીને રહ્યું છે. ૨૪

**यो यदैषां गुणो देहे साकल्येनातिरिच्यते ।**
**स तदा तद्गुणप्रायं तं करोति शरीरिणम् ॥ २५ ॥**

એ ગુણોમાંથી જીવના શરીરમાં જે ગુણ વિશેષે કરીને હોય છે, તે ગુણ શરીરધારી જીવને પોતાનાં લક્ષણોથી યુક્ત કરે છે. ૨૫

**सत्त्वं ज्ञानं तमोऽज्ञानं रागद्वेषौ रजः स्मृतम् ।**
**एतद्व्याप्तिमदेतेषां सर्वभूताश्रितं वपुः ॥ २६ ॥**

જ્ઞાન સત્ત્વગુણ છે, અજ્ઞાન તમોગુણ છે અને રાગદ્વેષ રજોગુણ છે, એમ કહ્યું છે. પ્રાણીમાત્રને આશ્રયે રહેલું આ શરીર આ ગુણોની વ્યાપ્ત છે. ૨૬

तत्र यत्प्रीतिसंयुक्तं किंचिदात्मनि लक्षयेत् ।
प्रशान्तमिव शुद्धाभं सत्त्वं तदुपधारयेत् ॥ २७ ॥

તેમાં આત્મામાં જે કંઈ પ્રીતિયુક્ત, પ્રશાંત અને શુદ્ધ પ્રકાશરૂપ જણાય, તેને સત્ત્વગુણ જાણવો. ૨૭

यत्तु दुःखसमायुक्तमप्रीतिकरमात्मनः ।
तद्रजोऽप्रतिपं विद्यात्सततं हारि देहिनाम् ॥ २८ ॥

પણ જે દુઃખયુક્ત હોય, આત્માને જે અપ્રીતિકર હોય અને દેહધારીઓને જે સતત પ્રતિકૂળ (વિષયો) તરફ ખેંચતો હોય, તેને રજોગુણ જાણવો. ૨૮

यत्तु स्यान्मोहसंयुक्तमव्यक्तं विषयात्मकम् ।
अप्रतर्क्यमविज्ञेयं तमस्तदुपधारयेत् ॥ २९ ॥

વળી, જે મોહયુક્ત હોય, જે અપ્રકટ વિષયાત્મક હોય, જેને વિશે તર્ક ન કરી શકાય અને જેને વિશે જાણી ન શકાય, તેને તમોગુણ માનવો. ૨૯

त्रयाणामपि चैतेषां गुणानां यः फलोदयः ।
अग्र्यो मध्यो जघन्यश्च तं प्रवक्ष्याम्यशेषतः ॥ ३० ॥

આ ત્રણે ગુણોની ઉત્તમ, મધ્યમ અને અધમ એવી જે ફલપ્રાપ્તિ છે, તે હું સંપૂર્ણતાએ કહીશ. ૩૦

वेदाभ्यासस्तपो ज्ञानं शौचमिन्द्रियनिग्रहः ।
धर्मक्रियाऽऽत्मचिन्ता च सात्त्विकं गुणलक्षणम् ॥ ३१ ॥

વેદાભ્યાસ, તપ, જ્ઞાન, શૌચ, ઇન્દ્રિયનિગ્રહ, ધર્મક્રિયા અને આત્મચિંતન એ સત્ત્વગુણનાં લક્ષણ છે. ૩૧

आरम्भरुचिताऽधैर्यमसत्कार्यपरिग्रहः ।
विषयोपसेवा चाजस्रं राजसं गुणलक्षणम् ॥ ३२ ॥

આરંભમાં રુચિ, અધીરતા. અસત્કાર્યોનો સ્વીકાર અને નિત્ય વિષયોનું સેવન એ રજોગુણનાં લક્ષણ છે. ૩૨

लोभःस्वप्नोऽधृतिः क्रौर्यं नास्तिक्यं भिन्नवृत्तिता ।
याचिष्णुता प्रमादश्च तामसं गुणलक्षणम् ॥ ३३ ॥

લોભ, ઊંઘણશીપણું, અધીરાઈ, ક્રૂરતા, નાસ્તિકતા, આચારભ્રષ્ટતા, માગણવૃત્તિ અને પ્રમાદ એ તમોગુણનાં લક્ષણ છે. ૩૩

त्रयाणामपि चैतेषां गुणानां त्रिषु तिष्ठताम् ।
इदं सामासिकं ज्ञेयं क्रमशो गुणलक्षणम् ॥ ३४ ॥

ત્રણે કાલમાં રહેવાવાળા આ સત્ત્વાદિ ત્રણ ગુણોના આ અનુક્રમે સંક્ષેપમાં ગુણ તથા લક્ષણો જાણવાં. ૩૪

यत्कर्म कृत्वा कुर्वंश्च करिष्यंश्चैव लज्जति ।
तज्ज्ञेयं विदुषा सर्वं तामसं गुणलक्षणम् ॥ ३५ ॥

જે કર્મ કરીને, કરતી વખતે અને કર્યા પછી [illegible] છે, તે સર્વ કર્મને વિદ્વાને તમોગુણનાં લક્ષણમાં [illegible]

येनास्मिन्कर्मणा लोके ख्यातिमिच्छति पुष्कलाम् ।
न च शोचत्यसंपत्तौ तद्विज्ञेयं तु राजसम् ॥ ३६ ॥

જે કર્મથી મનુષ્ય આ લોકમાં [illegible]

यत्सर्वेणेच्छति ज्ञातुं यन्न लज्जति चाचरन् ।
येन तुष्यति चात्मास्य तत्सत्त्वगुणलक्षणम् ॥ ३७ ॥

જે કર્મથી મનુષ્ય જ્ઞાન ઇચ્છે છે, જે આચરતાં તેને લજવાપણું નથી અને જેથી એના આત્માને સંતોષ થાય છે, તે સર્વ કર્મ સત્ત્વગુણનાં લક્ષણવાળાં છે. ૩૭

तमसो लक्षणं कामो रजसस्त्वर्थ उच्यते ।
सत्त्वस्य लक्षणं धर्मः श्रैष्ठ्यमेषां यथोत्तरम् ॥ ३८ ॥

તમોગુણનું મુખ્ય લક્ષણ કામ છે, રજોગુણનું મુખ્ય લક્ષણ અર્થ છે અને સત્ત્વગુણનું મુખ્ય લક્ષણ ધર્મ છે; એમાં ઉત્તરોત્તર શ્રેષ્ઠતા છે. ૩૮

સત્ત્વાદિક ગુણોથી થનારી ગતિઓ—

येन यस्तु गुणेनैषां संसारान्प्रतिपद्यते ।
तान्समासेन वक्ष्यामि सर्वस्यास्य यथाक्रमम् ॥ ३९ ॥

એ ગુણોમાંથી જે ગુણથી જીવ સંસારને પ્રાપ્ત કરે છે, તે એ સર્વની ગતિઓને હું યથાક્રમે સંક્ષેપમાં કહીશ. ૩૯

देवत्वं सात्त्विका यान्ति मनुष्यत्वं च राजसाः ।
तिर्यक्त्वं तामसा नित्यमित्येषा त्रिविधा गतिः ॥ ४० ॥

સાત્ત્વિક દેવપણું પામે છે, રાજસીઓ મનુષ્યપણું પામે છે અને તામસીઓ તિર્યગ્યોનિપણું પામે છે. આમ [illegible] ૪૦

त्रिविधा त्रिविधैषा तु विज्ञेया गौणिकी गतिः ।
अधमा मध्यमाग्र्या च कर्मविद्याविशेषतः ॥ ४१ ॥

વળી કર્મ અને વિદ્યાના વિશેષે કરીને એ ત્રિવિધ ગતિ પાછી અધમ, મધ્યમ અને ઉત્તમ એમ ત્રણ પ્રકારની જાણવી.

स्थावराः कृमिकीटाश्च मत्स्याः सर्पाः सकच्छपाः ।
पशवश्च मृगाश्चैव जघन्या तामसी गतिः ॥ ४२ ॥

વૃક્ષાદિ સ્થાવરો, કૃમિઓ, કીડાઓ, માછલાં, સર્પો, કાચબાઓ, પશુઓ અને મૃગો એ તમોગુણની અધમ ગતિ છે. ૪૨

हस्तिनश्च तुरंगाश्च शूद्रा म्लेच्छाश्च गर्हिताः ।
सिंहा व्याघ्रा वराहाश्च मध्यमा तामसी गतिः ॥ ४२ ॥

હાથીઓ, ઘોડાઓ, શૂદ્રો, નિંદિત મ્લેચ્છો, સિંહો, વાઘો અને ભૂંડો એ તમોગુણની મધ્યમ ગતિ છે. ૪૩

चारणाश्च सुपर्णाश्च पुरुषाश्चैव दाम्भिकाः ।
रक्षांसि च पिशाचाश्च तामसीषूत्तमा गतिः ॥ ४४ ॥

ચારણો, ગરુડ આદિ પક્ષીઓ, દાંભિક પુરુષો, રાક્ષસો અને પિશાચો એ તમોગુણની ઉત્તમ ગતિ છે. [illegible]

झल्ला मल्ला नटाश्चैव पुरुषाः शस्त्रवृत्तयः ।
द्यूतपानप्रसक्ताश्च जघन्या राजसी गतिः ॥ ४५ ॥

[illegible] પીનારાઓ [illegible]

राजानः क्षत्रियाश्चैव राज्ञां चैव पुरोहिताः ।
वादयुद्धप्रधानाश्च मध्यमा राजसी गतिः ॥ ४६ ॥

[illegible]

गन्धर्वा गुह्यका यक्षा विबुधानुचराश्च ये।
तथैवाप्सरसः सर्वा राजसीषूत्तमा गतिः ॥ ४७ ॥

ગન્ધર્વો, ગુહ્યકો, યક્ષો, દેવોના અનુચરો અને અપ્સરાઓ, એ સર્વ રજોગુણની ઉત્તમ ગતિ છે. ૪૭

तापसा यतयो विप्रा ये च वैमानिका गणाः।
नक्षत्राणि च दैत्याश्च प्रथमा सात्त्विकी गतिः ॥ ४८ ॥

તાપસો, યતિઓ, બ્રાહ્મણો, વિમાનચારી ગણો, નક્ષત્રો અને દૈત્યો, એ સત્ત્વગુણની પ્રથમ ગતિ છે. ૪૮

यज्वान ऋषयो देवा वेदा ज्योतींषि वत्सराः।
पितरश्चैव साध्याश्च द्वितीया सात्त्विकी गतिः ॥ ४९ ॥

યજમાનો, ઋષિઓ, દેવો, વેદો, નક્ષત્રો, વર્ષો, પિતૃઓ અને સાધ્યો, એ સત્ત્વગુણની મધ્યમ ગતિ છે. ૪૯

ब्रह्मा विश्वसृजो धर्मो महानव्यक्तमेव च।
उत्तमां सात्त्विकीमेतां गतिमाहुर्मनीषिणः ॥ ५० ॥

બ્રહ્મા, પ્રજાપતિઓ, ધર્મ, મહત્તત્ત્વ અને અવ્યક્ત (પ્રકૃતિ) અને પંડિતો સત્ત્વગુણની ઉત્તમ ગતિ કહે છે. ૫૦

एष सर्वः समुद्दिष्टस्त्रिप्रकारस्य कर्मणः।
त्रिविधस्त्रिविधः कृत्स्नः संसारः सार्वभौतिकः ॥ ५१ ॥

ત્રણ પ્રકારના કર્મનાં ત્રણ પ્રકારનાં ફળ અને એમનો પાછો ત્રણત્રણ જાતનો સર્વ પ્રાણીઓનો આ સંસાર, સંપૂર્ણ રીતે કહ્યો. ૫૧

इन्द्रियाणां प्रसङ्गेन धर्मस्यासेवनेन च।
[illegible] संसारानविद्वांसो नराधमाः ॥ ५२ ॥

મૂર્ખ નરાધમો ઇન્દ્રિયોના અતિસંગથી અને ધર્મના અસેવનથી પાપી સંસારગતિને પામે છે. ૫૨

કર્મવિપાક—

यां यां योनिं तु जीवोऽयं येन येनेह कर्मणा ।
क्रमशो याति लोकेऽस्मिंस्तत्तत्सर्वं निबोधत ॥ ५३ ॥

આ જીવ અહીં આ લોકમાં જે જે કર્મથી જે જે યોનિને ક્રમાનુસારે પામે છે, તે તે સર્વ સાંભળો. ૫૩

बहून्वर्षगणान्घोरान्नरकान्प्राप्य तत्क्षयात् ।
संसारान्प्रतिपद्यन्ते महापातकिनस्त्विमान् ॥ ५४ ॥

મહાપાતકીઓ અનેકાનેક વર્ષો સુધી નરકમાં પડ્યા રહે છે અને પાપક્ષય થતાં તેઓ ફરી આ સંસારોને પામે છે. ૫૪

श्वसूकरखरोष्ट्राणां गोजाविमृगपक्षिणाम् ।
चण्डालपुक्कसानां च ब्रह्महा योनिमृच्छति ॥ ५५ ॥

બ્રહ્મહત્યા કરનારો માણસ કૂતરાં, ભૂંડ, ગધેડાં, ઊંટ, બળદ, બકરાં, ઘેટાં, મૃગ, પંખી, ચંડાલ અને પુક્કસ એ યોનિઓને પામે છે. ૫૫

कृमिकीटपतङ्गानां विड्भुजां चैव पक्षिणाम् ।
हिंस्राणां चैव सत्त्वानां सुरापो ब्राह्मणो व्रजेत् ॥ ५६ ॥

સુરાપાન કરનારો બ્રાહ્મણ કૃમિ, કીટ, પતંગિયાં, વિષ્ઠા ખાનારાં પક્ષીઓ અને હિંસક પ્રાણીઓની યોનિમાં જાય છે.

लूताहिसरटानां च तिरश्चां चाम्बुचारिणाम् ।
हिंस्राणां च पिशाचानां स्तेनो विप्रः सहस्रशः ॥ ५७ ॥

धान्यं हृत्वा भवत्याखुः कांसं हंसो जलं प्लवः ॥
मधु दंशः पयः काको रसं श्वा नकुलो घृतम् ॥ ६२ ॥
मांसं गृध्रो वपां मद्गुस्तैलं तैलपकः खगः ।
चीरीवाकस्तु लवणं बलाका शकुनिर्दधि ॥ ६३ ॥
कौशेयं तित्तिरिर्हृत्वा क्षौमं हृत्वा तु दर्दुरः ।
कार्पासतान्तवं क्रौञ्चो गोधा गां वाग्गुदो गुडम् ॥ ६४ ॥
छुच्छुन्दरिः शुभान् गन्धान् पत्रशाकं तु बर्हिणः ।
श्वावित्कृतान्नं विविधमकृतान्नं तु शल्यकः ॥ ६५ ॥

અનાજ ચોરવાથી ઉંદર, કાંસું ચોરવાથી હંસ, જલ ચોરવાથી પ્લવપક્ષી, મધ ચોરવાથી ડાંસ, દૂધ ચોરવાથી કાગડો, રસ ચોરવાથી કૂતરો, ઘી ચોરવાથી નોળિયો, માંસ ચોરવાથી ગીધ, ચરબી ચોરવાથી જલકૂકડી. તેલ ચોરવાથી તૈલપ (તેલ પીનારું) પક્ષી, મીઠું ચોરવાથી ચીરીવાક (ઊંચા સ્વરવાળું) પક્ષી, દહીં ચોરવાથી બલાકા પક્ષી, રેશમી વસ્ત્ર ચોરવાથી તેતર, અળસીનું વસ્ત્ર ચોરવાથી દેડકા, સુતરાઉ વસ્ત્ર ચોરવાથી સારસ, ગાય ચોરવાથી ઘો, ગોળ ચોરવાથી વાગ્ગુદ પક્ષી, શુભ સુગંધી પદાર્થો ચોરવાથી છછૂંદર, શાકપાન ચોરવાથી મોર, વિવિધ પકવાન્ન ચોરવાથી શ્વાવિધ (મોટી સેહાઇ) અને કાચાં અન્ન ચોરવાથી શલ્યક (નાની સેહાઇ)—એ પ્રમાણે તે તે યોનિઓમાં જન્મ થાય છે. ૬૨–૬૫

बको भवति हृत्वाऽग्निं गृहकारी ह्युपस्करम् ।
रक्तानि हृत्वा वासांसि जायते जीवजीवकः ॥ ६६ ॥

અગ્નિ ચોરવાથી બગલાનો, ઘરરચીલું ચોરવાથી ગૃહ-

કારી (ગિંધેલ) નો અને રંગેલાં વસ્ત્રો ચોરવાથી ચકોરપક્ષીનો જન્મ આવે છે. ૬૬

वृको मृगेभं व्याघ्रोऽश्वं फलमूलं तु मर्कटः ।
स्त्रीमृक्षः स्तोकको वारि यानान्युष्ट्रः पशूनजः ॥ ६७ ॥

મૃગ તથા હાથીને ચોરનારો વરુનો, ઘોડા ચોરનારો વાઘનો, ફલમૂળ ચોરનારો માંકડાનો, સ્ત્રીહરણ કરનારો રીંછનો, પાણી ચોરનારો બપૈયાનો, વાહન ચોરનારો ઊંટનો અને પશુ ચોરનારો બકરાનો અવતાર પામે છે. ૬૭

यद्वा तद्वा परद्रव्यमपहृत्य बलान्नरः ।
अवश्यं याति तिर्यक्त्वं जग्ध्वा चैवाहुतं हविः ॥ ६८ ॥

જે માણસ ગમે તેવું તોપણ પરદ્રવ્યનું હરણ કરે છે તેમજ જે હોમ્યા વિનાનું હવિ ખાય છે, તે અવશ્ય પશુપંખીની યોનિને પામે છે. ૬૮

स्त्रियोऽप्येतेन कल्पेन हृत्वा दोषमवाप्नुयुः ।
एतेषामेव जन्तूनां भार्यात्वमुपयान्ति ताः ॥ ६९ ॥

સ્ત્રીઓ ચોરી કરે, તો તેમને પણ આ પ્રમાણે દોષ લાગે છે અને તેઓ તે તે જીવોની નારી થઈ જન્મે છે. ૬૯

स्वेभ्यः स्वेभ्यस्तु कर्मभ्यश्च्युता वर्णा ह्यनापदि ।
पापान्संसृत्य संसारान् प्रेष्यतां यान्ति शत्रुषु ॥ ७० ॥

આપત્તિરહિત સમયમાં પણ પોતપોતાના સ્વકર્મથી ભ્રષ્ટ થયેલા ચારે વર્ણવાળાઓ પાપી યોનિઓમાં અવતરી ને શત્રુઓનું દાસપણું પામે છે. ૭૦

वान्ताश्युल्कामुखः प्रेतो विप्रो धर्मात्स्वकाच्च्युतः ।
अमेध्यकुणपाशी च क्षत्रियः कटपूतनः ॥ ७१ ॥

સ્વધર્મથી ભ્રષ્ટ થયેલો વિપ્ર ઓકેલું ખાનારો ઉલ્કામુખ (જ્વાલામુખ) નામે પ્રેત થાય છે, તેમ તેવો ક્ષત્રિય વિષ્ટા અને શબ ખાનારો કટપૂતન નામે પ્રેત થાય છે. ૭૧

मैत्राक्षज्योतिकः प्रेतो वैश्यो भवति पूयभुक् ।
चैलाशकश्च भवति शूद्रो धर्मात्स्वकाच्च्युतः ॥ ७२ ॥

સ્વકર્મથી ભ્રષ્ટ વૈશ્ય પરુનું ભોજન કરનારો મૈત્રાક્ષજ્યોતિક નામે પ્રેત થાય છે; તેમ સ્વધર્મથી ચૂકેલો શૂદ્ર લૂગડાંમાંની જૂ વગેરે ખાનારો ચૈલાશક નામે પ્રેત થાય છે. ૭૨

यथा यथा निषेवन्ते विषयान्विषयात्मिकाः ।
तथा तथा कुशलता तेषां तेषूपजायते ॥ ७३ ॥

વિષયચિત્ત માણસો જેમ જેમ વિષયોને સેવે છે. તેમ તેમ તેઓ તેમાં કુશલતા આણે છે. ૭૩

तेऽभ्यासात्कर्मणां तेषां पापानामल्पबुद्धयः ।
संप्राप्नुवन्ति दुःखानि तासु तास्विह योनिषु ॥ ७४ ॥

તે ટૂંકી બુદ્ધિવાળાઓ પાપી કર્મોના અભ્યાસે કરીને તે તે યોનિઓમાં દુઃખ પામે છે. ૭૪

तामिस्रादिषु चोग्रेषु नरकेषु विवर्तनम् ।
असिपत्रवनादीनि बन्धनच्छेदनानि च ॥ ७५ ॥

તેઓ તામિસ્ર આદિ ઘોર નરકોમાં ફેરા લે છે, તેમજ અસિપત્ર વન આદિ બંધનો અને છેદન આદિ યાતનાઓ પામે છે. ૭૫

विविधाश्चैव संपीडाः काकोलूकैश्च भक्षणम् ।
करम्भवालुकातापान् कुंभीपाकांश्च दारुणान् ॥ ७६ ॥

તેઓ વિવિધ પીડાઓ ભોગવે છે, તેમને કાગડાઓ અને ઘુવડો ખાય છે, તેમને ધગધગતી રેતીના તાપ સહેવા પડે છે, તેમજ તેમને કુંભીપાક વગેરે દારુણ નરકો મળે છે. ૭૬

संभवाश्च वियोनीषु दुःखप्रायासु नित्यशः ।
शीतातपाभिघातांश्च विविधानि भयानि च ॥ ७७ ॥

તેઓ મુખ્યત્વે દુ:ખભરી એવી તિર્યક્ આદિ યોનિઓમાં વારંવાર જન્મ પામે છે અને ટાઢતડકાની પીડાઓ તથા વિવિધ ભય ભોગવે છે. ૭૭

असकृद्गर्भवासेषु वासं जन्म च दारुणम् ।
बन्धनानि च काष्ठानि परप्रेष्यत्वमेव च ॥ ७८ ॥

તેમને વારવાર ગર્ભવાસમાં રહેવાનું આવે છે, દારુણ જન્મ લેવા પડે છે, કષ્ટદાયી બંધનો પડે છે, તેમજ પારકાની ચાકરી કરવાની આવે છે. ૭૮

बन्धुप्रियवियोगांश्च संवासं चैव दुर्जनैः ।
द्रव्यार्जनं च नाशं च मित्रामित्रस्य चार्जनम् ॥ ७९ ॥

તેમને બંધુઓ અને પ્રિયજનોના વિયોગો આવે છે, દુર્જનો સાથે સહવાસ આવે છે, ધન રળવાને મથવું પડે છે, ધનનો નાશ આવે છે, મુશ્કેલીએ મિત્ર મળે છે અને અકારણ શત્રુઓ થાય છે. ૭૯

जरां चैवाप्रतीकारां व्याधिभिश्चोपपीडनम् ।
क्लेशांश्च विविधांस्तांस्तान्मृत्युमेव च दुर्जयम् ॥ ८० ॥

તેમને અટળ ઘડપણ આવે છે, વ્યાધિઓથી પીડા થાય છે, વિવિધ ક્લેશો આવે છે અને તેઓ દુર્જય મરણને પ્રાપ્ત થાય છે. ૮૦

यादृशेन तु भावेन यद्यत्कर्म निषेवते ।
तादृशेन शरीरेण तत्तत्फलमुपाश्नुते ॥ ८१ ॥

જે જે ભાવથી મનુષ્ય જેવું જેવું કર્મ કરે છે, તેવું તેવું શરીર પામીને તે તે કર્મનું ફળ ભોગવે છે. ૮૧

एष सर्वः समुद्दिष्टः कर्मणां वः फलोदयः ।
नैःश्रेयसकरं कर्म विप्रस्येदं निबोधत ॥ ८२ ॥

આ તમને કર્મોની સર્વ ફલપ્રાપ્તિ વિશે કહ્યું. હવે જે કર્મોથી બ્રાહ્મણનો મોક્ષ થાય છે તે સાંભળો. ૮૨

બ્રાહ્મણનાં શ્રેયસ્કર કર્મ—

वेदाभ्यासस्तपो ज्ञानमिन्द्रियाणां च संयमः ।
अहिंसा गुरुसेवा च निःश्रेयसकरं परम् ॥ ८३ ॥

વેદાભ્યાસ, તપ, જ્ઞાન, ઇંદ્રિયસંયમ, અહિંસા અને ગુરુસેવા એ બ્રાહ્મણોનાં પરમ કલ્યાણકારી કર્મ છે. ૮૩

सर्वेषामपि चैतेषां शुभानामिह कर्मणाम् ।
किंचिच्छ्रेयस्करतरं कर्मोक्तं पुरुषं प्रति ॥ ८४ ॥

આ લોકમાં આ સર્વ શુભ કર્મોમાંથી એક કર્મ પુરુષને વિશે વિશેષ શ્રેયસ્કર કહ્યું છે. ૮૪

सर्वेषामपि चैतेषामात्मज्ञानं परं स्मृतम् ।
तद्ध्यग्र्यं सर्वविद्यानां प्राप्यते ह्यमृतं ततः ॥ ८५ ॥

આ સૌ કર્મોમાં આત્મજ્ઞાનને શ્રેષ્ઠ કહ્યું છે. કેમકે તે સર્વ વિદ્યાઓમાં ઉત્તમ છે અને તેથીજ મોક્ષપ્રાપ્તિ થાય છે. ૮૫

षण्णामेषां तु सर्वेषां कर्मणां प्रेत्य चेह च ।
श्रेयस्करतरं ज्ञेयं सर्वदा कर्म वैदिकम् ॥ ८६ ॥

આ સર્વ ખટકર્મોમાં આ લોક તેમજ પરલોકમાં વૈદિક કર્મને સર્વદા અધિક કલ્યાણકારી જાણવું. ૮૬

वैदिके कर्मयोगे तु सर्वाण्येतान्यशेषतः ।
अन्तर्भवन्ति क्रमशस्तस्मिंस्तस्मिन्क्रियाविधौ ॥ ८७ ॥

વૈદિક કર્મયોગ(જ્યોતિષ્ટોમાદિ)ના તે તે ક્રિયાવિધિમાં બાકીનાં સર્વ કર્મો, ક્રમપૂર્વક અંતર્ગત થાય છે. ૮૭

सुखाभ्युदयिकं चैव नैःश्रेयसिकमेव च ।
प्रवृत्तं च निवृत्तं च द्विविधं कर्म वैदिकम् ॥ ८८ ॥

સ્વર્ગાદિ સુખનો અભ્યુદય કરનારું 'પ્રવૃત્ત કર્મ' અને મોક્ષ આપનારું 'નિવૃત્ત કર્મ'—આમ વૈદિક કર્મ બે પ્રકારનાં છે. ૮૮

इह चामुत्र वा काम्यं प्रवृत्तं कर्म कीर्त्यते ।
निष्कामं ज्ञानपूर्वं तु निवृत्तमुपदिश्यते ॥ ८९ ॥

આ લોક તથા પરલોકના સુખની કામના માટેનું કર્મ 'પ્રવૃત્ત' કહેવાય છે, અને જ્ઞાનપૂર્વક નિષ્કામ કર્મ 'નિવૃત્ત' મનાય છે. ૮૯

[अकामोपहतं नित्यं निवृत्तं च विधीयते ।
कामतस्तु कृतं कर्म प्रवृत्तमुपदिश्यते ॥

નિત્ય નિષ્કામભાવે કરેલું કર્મ નિવૃત્ત કર્મ છે. ત્યારે કામનાપૂર્વક કરેલું કર્મ પ્રવૃત્ત કહેવાય છે. ]

प्रवृत्तं कर्म संसेव्य देवानामेति साम्यताम् ।
निवृत्तं सेवमानस्तु भूतान्यत्येति पञ्च वै ॥ ९० ॥

પ્રવૃત્ત કર્મ સેવીને માણસ દેવોનું સામ્યત પામે છે, ત્યારે નિવૃત્ત કર્મ સેવનારો પંચમહાભૂતોને વટાવીને મોક્ષ મેળવે છે. ૯૦

सर्वभूतेषु चात्मानं सर्वभूतानि चात्मनि ।
समं पश्यन्नात्मयाजी स्वाराज्यमधिगच्छति ॥ ९१ ॥

પ્રાણીમાત્રને વિશે જ પોતાના આત્માને જુએ છે, તેમ જ જે પોતાના આત્મામાં પ્રાણીમાત્રને જુએ છે, એમ સમ દૃષ્ટિથી જોનારો ને આત્મયજ્ઞ કરનાર પુરુષ સ્વારાજ્ય (મોક્ષ) ને પામે છે. ૯૧

यथोक्तान्यपि कर्माणि परिहाय द्विजोत्तमः ।
आत्मज्ञाने शमे च स्याद्वेदाभ्यासे च यत्नवान् ॥ ९२ ॥

શાસ્ત્રમાં કહેલાં કર્મોને પણ છોડીને બ્રાહ્મણે આત્મજ્ઞાન, ઇંદ્રિયજય અને વેદાભ્યાસ વિશે પ્રયત્નવાન રહેવું. ૯૨

एतद्धि जन्मसाफल्यं ब्राह्मणस्य विशेषतः ।
प्राप्यैतत्कृतकृत्यो हि द्विजो भवति नान्यथा ॥ ९३ ॥

બ્રાહ્મણની એજ વિશેષે કરીને જન્મસફલતા છે. તે એને પામીને કૃતાર્થ થાય છે; બીજી રીતે નહિ ૯૩

વેદનું માહાત્મ્ય—

पितृदेवमनुष्याणां वेदश्चक्षुः सनातनम्।
अशक्यं चाप्रमेयं च वेदशास्त्रमिति स्थितिः॥ ९४॥

વેદ એ પિતૃઓ, દેવો અને મનુષ્યોનું સનાતન નેત્ર છે. વેદશાસ્ત્ર અશક્ય (અપૌરુષેય) અને અપ્રમેય (મીમાંસા તથા ન્યાયશાસ્ત્ર વિના માપી શકાય નહિ એવું) છે, એવી વ્યવસ્થા છે. ૯૪

या वेदबाह्याः स्मृतयो याश्च काश्च कुदृष्टयः।
सर्वास्ता निष्फलाः प्रेत्य तमोनिष्ठा हि ताः स्मृताः॥ ९५॥

જે સ્મૃતિઓ વેદબાહ્ય છે અને જે શાસ્ત્રો વેદવિરુદ્ધ કુતર્કમૂલક છે. તે સૌ પરલોકમાં અફળ જનારાં છે. કેમકે સ્મૃતિશાસ્ત્રો નરકવાસ આપનારાં છે. ૯૫

उत्पद्यन्ते च्यवन्ते च यान्यतोऽन्यानि कानिचित्।
तान्यर्वाक्कालिकतया निष्फलान्यनृतानि च॥ ९६॥

વેદમૂલક નહિ એવાં જે કોઈ શાસ્ત્રો રચાય છે, તેઓ નાશ પામે છે. તેમની અર્વાચીનતાને લીધે તેઓ નિષ્ફળ અને અસત્ય છે. ૯૬

चातुर्वर्ण्यं त्रयो लोकाश्चत्वारश्चाश्रमाः पृथक्।
भूतं भव्यं भविष्यं च सर्वं वेदात्प्रसिध्यति॥ ९७॥

ચાર વર્ણ, ત્રણ લોક (સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ), ચાર જુદા જુદા આશ્રમો, ભૂત, વર્તમાન અને ભવિષ્ય એ સર્વ વેદ ઉપરથી સિદ્ધ થાય છે. ૯૭

शब्दः स्पर्शश्च रूपं च रसो गंधश्च पञ्चमः ।
वेदादेव प्रसूयन्ते प्रसूतिगुणकर्मतः ॥ ९८ ॥

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને પાંચમો ગંધ, એ સત્વાદિ ગુણોના કર્મો વડે વેદમાંથીજ પ્રસવ પામે છે. ૯૮

बिभर्ति सर्वभूतानि वेदशास्त्रं सनातनम् ।
तस्मादेतत्परं मन्ये यज्जन्तोरस्य साधनम् ॥ ९९ ॥

સનાતન વેદશાસ્ત્ર ભૂતમાત્રોનું ધારણપોષણ કરે છે; તેથી હું એને પ્રાણીના પરમ કલ્યાણકારી સાધનરૂપ માનું છું. ૯૯

सैनापत्यं च राज्यं च दण्डनेतृत्वमेव च ।
सर्वलोकाधिपत्यं च वेदशास्त्रविदर्हति ॥ १०० ॥

વેદશાસ્ત્રને જાણનારો માણસ સેનાપતિપણું, રાજ્ય, દંડનું નેતાપણું, તેમજ સર્વ લોક ઉપર આધિપત્ય પામવાને યોગ્ય છે. ૧૦૦

यथा जातबलो वह्निर्दहत्यार्द्रानपि द्रुमान् ।
तथा दहति वेदज्ञः कर्मजं दोषमात्मनः ॥ १०१ ॥

જેમ ભડભડ થયેલો અગ્નિ લીલાં ઝાડોને પણ બાળી નાખે છે, તેમ વેદજ્ઞ મનુષ્ય કર્મથી થયેલા પોતાના દોષને ખાખ કરે છે. ૧૦૧

[ न वेदबलमाश्रित्य पापकर्मरुचिर्भवेत् ।
अज्ञानाच्च प्रमादाच्च दहते कर्म नेतरत् ॥

વેદના બળનો આશ્રય કરી પાપી [illegible] થવી નહીં. [illegible] ]

वेदशास्त्रार्थतत्त्वज्ञो यत्र तत्राश्रमे वसन् ।
इहैव लोके तिष्ठन्स ब्रह्मभूयाय कल्पते ॥ १०२ ॥

વેદના શાસ્ત્રાર્થનો તત્ત્વજ્ઞ માણસ ગમે તે કોઇ આશ્રમમાં વસતો હોય, તો પણ આ લોકમાં રહેતો ને બ્રહ્મરૂપને યોગ્ય છે.

अज्ञेभ्यो ग्रन्थिनः श्रेष्ठा ग्रन्थिभ्यो धारिणो वराः ।
धारिभ्यो ज्ञानिनः श्रेष्ठा ज्ञानिभ्यो व्यवसायिनः ॥ १०३ ॥

વેદના અજ્ઞાનીઓ કરતાં વેદગ્રંથનો પાઠ કરનારા શ્રેષ્ઠ છે; એ ગ્રંથપાઠીઓ કરતાં વેદને સ્મરણમાં ધારણ કરનારા શ્રેષ્ઠ છે; એ સ્મરણમાં ધારણ કરનારા કરતાં વેદના જ્ઞાનવાળા શ્રેષ્ઠ છે; અને એ જ્ઞાનવાળાઓ કરતાં તદ્વત્ આચરનારાઓ શ્રેષ્ઠ છે.

तपो विद्या च विप्रस्य निःश्रेयसकरं परम् ।
तपसा किल्बिषं हन्ति विद्ययाऽमृतमश्नुते ॥ १०४ ॥

તપ અને વિદ્યા એ બ્રાહ્મણને પરમ કલ્યાણકારી છે. તપથી તે પાપ નાશ કરે છે અને વિદ્યાથી તે અમૃત (મોક્ષ) ભોગવે છે. ૧૦૪

प्रत्यक्षं चानुमानं च शास्त्रं च विविधागमम् ।
त्रयं सुविदितं कार्यं धर्मशुद्धिमभीप्सता ॥ १०५ ॥

ધર્મતત્ત્વને જાણવા ઇચ્છનારાએ પ્રત્યક્ષ (શ્રુતિ), અનુમાન (સ્મૃતિ) અને વિવિધ આગમશાસ્ત્રો—એ ત્રણને સારી રીતે જાણવાં જોઇએ. ૧૦૫

आर्षं धर्मोपदेशं च वेदशास्त्राविरोधिना ।
यस्तर्केणानुसंधत्ते स धर्मं वेद नेतरः ॥ १०६ ॥

*ઋષિસેવિત વેદનું અને સ્મૃતિ આદિ ધર્મોપદેશનું જે

વેદને અવિરોધી એવા તર્કથી (ન્યાયથી) અનુસંધાન કરે છે, તે ધર્મને જાણે છે, બીજો તેને જાણતો નથી. ૧૦૬

नैःश्रेयसमिदं कर्म यथोदितमशेषतः ।
मानवस्यास्य शास्त्रस्य रहस्यमुपदिश्यते ॥ १०७ ॥

મોક્ષદાયી સર્વ કર્મો આ યથાશાસ્ત્ર કહ્યાં હવે આ માનવશાસ્ત્રનું રહસ્ય ઉપદેશું છું. ૧૦૭

अनाम्नातेषु धर्मेषु कथं स्यादिति चेद्भवेत् ।
यं शिष्टा ब्राह्मणा ब्रूयुः स धर्मः स्यादशङ्कितः ॥ १०८ ॥

અહીં નહિ કહેવાયેલા ધર્મો સંબંધી જો 'શું કરવું' એવી શંકા થાય, તો શિષ્ટ બ્રાહ્મણો જેને ધર્મ કહે તે નિઃશંક રીતે ધર્મ જાણવો. ૧૦૮

શિષ્ટ બ્રાહ્મણો—

धर्मेणाधिगतो यैस्तु वेदः सपरिबृंहणः ।
ते शिष्टा ब्राह्मणा ज्ञेयाः श्रुतिप्रत्यक्षहेतवः ॥ १०९ ॥

જેમણે ધર્મપૂર્વક સર્વાંગસમેત વેદનું અધ્યયન કર્યું હોય, તે શ્રુતિને પ્રત્યક્ષ કરવામાં કારણરૂપ એવા બ્રાહ્મણોને શિષ્ટ જાણવા ૧૦૯

दशावरा वा परिषद्यं धर्मं परिकल्पयेत् ।
त्र्यवरा वापि वृत्तस्था तं धर्मं न विचालयेत् ॥ ११० ॥

દશ શ્રેષ્ઠ બ્રાહ્મણોની પરિષદ્ અથવા ત્રણ સદાચારી બ્રાહ્મણો જે ધર્મ ઠરાવે, તે ધર્મને ઉથાપવો નહિ. ૧૧૦

[ पुराणं मानवो धर्मः साङ्गो वेदश्चिकित्सितम् ।
आज्ञासिद्धानि चत्वारि न हन्तव्यानि हेतुभिः ॥

અને જાતિના નામ માત્રે પેટ ભરનારાઓ હજારોની સંખ્યામાં ભેગા થાય, તો પણ તે પરિષદ નથી બની. ૧૧૪

यं वदन्ति तमोभूता मूर्खा धर्ममतद्विदः।
तत्पापं शतधा भूत्वा तद्वक्तॄननुगच्छति ॥ ११५ ॥

વેદને યથાર્થ નહિ જાણનારા તમોગુણી મૂર્ખાઓ જે પ્રાયશ્ચિત્તાદિક ધર્મ કહે છે, તેનું પાપ સેંકડો ગણું થઇને તેના બોલનારાઓને લાગે છે. ૧૧૫

एतद्वोऽभिहितं सर्वं निःश्रेयसकरं परम्।
अस्मादप्रच्युतो विप्रः प्राप्नोति परमां गतिम् ॥ ११६ ॥

આ તમને પરમ કલ્યાણકારી સર્વ સાધન કહ્યું. જે બ્રાહ્મણ આમાંથી ચલિત થતો નથી, તે પરમ ગતિને પામે છે. ૧૧૬

एवं स भगवान्देवो लोकानां हितकाम्यया।
धर्मस्य परमं गुह्यं ममेदं सर्वमुक्तवान् ॥ ११७ ॥

આ પ્રકારે, તે ભગવાન મનુદેવે લોકોના હિતની ઇચ્છાથી ધર્મનું આ સર્વ પરમરહસ્ય કહ્યું છે. ૧૧૭

દ્વિજને ઉપદેશ—

सर्वमात्मनि संपश्येत्सच्चासच्च समाहितः।
सर्वं ह्यात्मनि संपश्यन्नाधर्मे कुरुते मनः ॥ ११८ ॥

સાવધાન ચિત્તે સત્ અને અસત એ સર્વને આત્મામાં જોવાં. કેમકે એમ સર્વને આત્મામાં જોનાર અધર્મમાં મન કરતો નથી. ૧૧૮

आत्मैव देवताः सर्वाः सर्वमात्मन्यवस्थितम्।
आत्मा हि जनयत्येषां कर्मयोगं शरीरिणाम् ॥ ११९ ॥

પુરાણો, માનવધર્મશાસ્ત્ર, ષડંગ વેદ, તેમજ આયુર્વેદ એ ચાર આજ્ઞાસિદ્ધ છે, કુતર્કોથી તેમનો નાશ કરાય નહિ. ]

પરિષદ—

**त्रैविद्यो हेतुकस्तर्की नैरुक्तो धर्मपाठकः ।**
**त्रयश्चाश्रमिणः पूर्वे परिषत्स्याद्दशावरा ॥ १११ ॥**

ત્રણ વેદોને જાણનારા, ન્યાયશાસ્ત્ર જાણનાર, મીમાંસાના તર્કને જાણનાર, નિરુક્ત જાણનાર, ધર્મશાસ્ત્ર જાણનાર, બ્રહ્મચારી, ગૃહસ્થી અને વાનપ્રસ્થી એ ત્રણ આશ્રમીઓ એમ ઓછામાં ઓછા દશ વિદ્વાનોની પરિષદ થાય છે. ૧૧૧

**ऋग्वेदविद्यजुर्विच्च सामवेदविदेव च ।**
**त्र्यवरा परिषज्ज्ञेया धर्मसंशयनिर्णये ॥ ११२ ॥**

અથવા ધર્મના સંશય વગેરેને નિર્ણય કરવા માટે ઋગ્વેદ જાણનાર, યજુર્વેદ જાણનાર અને સામવેદ જાણનાર એ ત્રણની પરિષદ જાણવી. ૧૧૨

**एकोऽपि वेदविद्धर्मं यं व्यवस्येद्द्विजोत्तमः ।**
**स विज्ञेयः परो धर्मो नाज्ञानामुदितोऽयुतैः ॥ ११३ ॥**

અથવા એક પણ વેદના જાણનાર દ્વિજવર જે ધર્મ ઠરાવે તેને પરમ ધર્મ જાણવો. ૧૦ હજાર અજ્ઞાનીઓ જેનો નિર્ણય કરે તેને ધર્મરૂપ નહિ જાણવો. ૧૧૩

**अव्रतानाममन्त्राणां जातिमात्रोपजीविनाम् ।**
**सहस्रशः समेतानां परिषत्त्वं न विद्यते ॥ ११४ ॥**

[illegible]

અને જાતિના નામ માત્રે પેટ ભરનારાઓ હજારોની સંખ્યામાં ભેગા થાય, તો પણ તે પરિષદ નથી થતી. ૧૧૪

यं वदन्ति तमोभूता मूर्खा धर्ममतद्विदः।
तत्पापं शतधा भूत्वा तद्वक्तॄननुगच्छति ॥ ११५ ॥

વેદને યથાર્થ નહિ જાણનારા તમોગુણી મૂર્ખાઓ જે પ્રાયશ્ચિત્તાદિક ધર્મ કહે છે, તેનું પાપ સેંકડો રૂપો લઈને તેના બોલનારાઓને લાગે છે. ૧૧૫

एतद्वोऽभिहितं सर्वं निःश्रेयसकरं परम्।
अस्मादप्रच्युतो विप्रः प्राप्नोति परमां गतिम् ॥ ११६ ॥

આ તમને પરમ કલ્યાણકારી સર્વ સાધન કહ્યું. જે બ્રાહ્મણ આમાંથી ચલિત થતો નથી, તે પરમ ગતિને પામે છે. ૧૧૬

एवं स भगवान्देवो लोकानां हितकाम्यया।
धर्मस्य परमं गुह्यं ममेदं सर्वमुक्तवान् ॥ ११७ ॥

આ પ્રકારે, તે ભગવાન મનુદેવે લોકોના હિતની ઇચ્છાથી ધર્મનું આ સર્વ પરમરહસ્ય કહ્યું છે. ૧૧૭

દ્વિજને ઉપદેશ—

सर्वमात्मनि संपश्येत्सच्चासच्च समाहितः।
सर्वं ह्यात्मनि संपश्यन्नाधर्मे कुरुते मनः ॥ ११८ ॥

સાવધાન ચિત્તે સત્ અને અસત્ એ સર્વને આત્મામાં જોવાં. કેમકે એમ સર્વને આત્મામાં જોનાર અધર્મમાં મન કરતો નથી. ૧૧૮

आत्मैव देवताः सर्वाः सर्वमात्मन्यवस्थितम्।
आत्मा हि जनयत्येषां कर्मयोगं शरीरिणाम् ॥ ११९ ॥

પુરાણો, માનવધર્મશાસ્ત્ર, ષડંગ વેદ, તેમજ આયુર્વેદ એ ચાર આજ્ઞાસિદ્ધ છે, કુતર્કોથી તેમનો નાશ કરાય નહિ. ]

પરિષદ—

त्रैविद्यो हेतुकस्तर्की नैरुक्तो धर्मपाठकः ।
त्रयाश्चाश्रमिणः पूर्वे परिषत्स्याद्दशावरा ॥ १११ ॥

ત્રણ વેદોને જાણનારા, ન્યાયશાસ્ત્ર જાણનાર, મીમાંસાના તર્કને જાણનાર. નિરુક્ત જાણનાર, ધર્મશાસ્ત્ર જાણનાર, બ્રહ્મચારી, ગૃહસ્થી અને વાનપ્રસ્થી એ ત્રણ આશ્રમીઓ એમ ઓછામાં ઓછા દશ વિદ્વાનોની પરિષદ થાય છે. ૧૧૧

ऋग्वेदविद्यजुर्विच्च सामवेदविदेव च ।
त्र्यवरा परिषज्ज्ञेया धर्मसंशयनिर्णये ॥ ११२ ॥

અથવા ધર્મના સંશય વખતે નિર્ણય કરવા માટે ઋગ્વેદ જાણનાર, યજુર્વેદ જાણનાર અને સામવેદ જાણનાર એ ત્રણની પરિષદ જાણવી. ૧૧૨

एकोऽपि वेदविद्धर्मं यं व्यवस्येद्द्विजोत्तमः ।
स विज्ञेयः परो धर्मो नाज्ञानामुदितोऽयुतैः ॥ ११३ ॥

અથવા એક પણ વેદજ્ઞ દ્વિજવર જે ધર્મ ઠરાવે તેને પરમ ધર્મ જાણવો. પણ દશ હજાર અજ્ઞાનીઓ જેનો નિર્ણય કરે તેને ધર્મરૂપ નહિ જાણવો. ૧૧૩

अव्रतानाममन्त्राणां जातिमात्रोपजीविनाम् ।
सहस्रशः समेतानां परिषत्त्वं न विद्यते ॥ ११४ ॥

બ્રહ્મચર્યાદિ વ્રત વિનાના, વેદમંત્રના અધ્યયનથી રહિત

અને જાતિના નામ માત્રે પેટ ભરનારાઓ હજારોની સંખ્યામાં ભેગા થાય, તો પણ તે પરિષદ્ નથી થતી. ૧૧૪

यं वदन्ति तमोभूता मूर्खा धर्ममतद्विदः ।
तत्पापं शतधा भूत्वा तद्वक्तृननुगच्छति ॥ ११५ ॥

વેદને યથાર્થ નહિ જાણનારા તમોગુણી મૂર્ખાઓ જે પ્રાયશ્ચિત્તાદિક ધર્મ કહે છે, તેનું પાપ સેંકડો રૂપો લઈને તેના બોલનારાઓને લાગે છે. ૧૧૫

एतद्वोऽभिहितं सर्वं निःश्रेयसकरं परम् ।
अस्मादप्रच्युतो विप्रः प्राप्नोति परमां गतिम् ॥ ११६ ॥

આ તમને પરમ કલ્યાણકારી સર્વ સાધન કહ્યું. જે બ્રાહ્મણ આમાંથી ચલિત થતો નથી, તે પરમ ગતિને પામે છે. ૧૧૬

एवं स भगवान्देवो लोकानां हितकाम्यया ।
धर्मस्य परमं गुह्यं ममेदं सर्वमुक्तवान् ॥ ११७ ॥

આ પ્રકારે, તે ભગવાન મનુદેવે લોકોના હિતની ઇચ્છાથી ધર્મનું આ સર્વ પરમરહસ્ય કહ્યું છે. ૧૧૭

દ્વિજને ઉપદેશ—

सर्वमात्मनि संपश्येत्सच्चासच्च समाहितः ।
सर्वं ह्यात्मनि संपश्यन्नाधर्मे कुरुते मनः ॥ ११८ ॥

સાવધાન ચિત્તે સત્ અને અસત એ સર્વને આત્મામાં જોવાં. કેમકે એમ સર્વને આત્મામાં જોનાર અધર્મમાં મન કરતો નથી. ૧૧૮

आत्मैव देवताः सर्वाः सर्वमात्मन्यवस्थितम् ।
आत्मा हि जनयत्येषां कर्मयोगं शरीरिणाम् ॥ ११९ ॥

આત્માજ સર્વ દેવતાઓ છે. આત્મામાંજ સૌ કાંઈ રહેલું છે. આત્માજ આ શરીરધારીઓના કર્મયોગને ઉત્પન્ન કરે છે.

**खं संनिवेशयेत्खेषु चेष्टनस्पर्शनेऽनिलम् ।**
**पंक्तिदृष्ट्योः परं तेजः स्नेहेऽपो गां च मूर्तिषु ॥ १२० ॥**
**मनसीन्दुं दिशः श्रोत्रे क्रान्ते विष्णुं बले हरम् ।**
**वाच्यग्निं मित्रमुत्सर्गे प्रजने च प्रजापतिम् ॥ १२१ ॥**

બાહ્ય આકાશને અંદરના આકાશોમાં, વાયુને ચેષ્ટા અને સ્પર્શોમાં, અગ્નિના તેજને જઠરાગ્નિમાં, સૂર્યના તેજને નેત્રમાં, જલને સ્નેહમાં, પૃથ્વીને શરીરોમાં, ચંદ્રને મનમાં, દિશાઓને કાનોમાં, વિષ્ણુને ચરણગતિમાં, હરને બળમાં, અગ્નિને વાણીમાં, મિત્રને ગુદામાં અને પ્રજાપતિને જનનેન્દ્રિયમાં એમ એકભાવ કરવો. ૧૨૦,૧૨૧

**प्रशासितारं सर्वेषामणीयांसमणोरपि ।**
**रुक्माभं स्वप्नधीगम्यं विद्यात्तं पुरुषं परम् ॥ १२२ ॥**

તે પરમ પુરુષને પ્રીછવો–જે સર્વનો નિયંતા છે. જે અણુથી પણ અણુ છે, જે સુવર્ણ કાંતિવાળો છે અને જે સ્વપ્નની બુદ્ધિ ( નિર્વિકલ્પ જ્ઞાન )થી સાક્ષાત્કાર યોગ્ય છે. ૧૨૨

**एनमेके वदन्त्यग्निं मनुमन्ये प्रजापतिम् ।**
**इन्द्रमेके परे प्राणमपरे ब्रह्म शाश्वतम् ॥ १२३ ॥**

એને કોઇક અગ્નિ કહે છે, તો કોઇક મનુ કહે છે; કોઇક પ્રજાપતિ કહે છે, તો કોઇક ઇંદ્ર કહે છે, કોઇક વળી એને પ્રાણ કહે છે, તો વળી બીજા એને શાશ્વત બ્રહ્મ કહે છે. ૧૨૩

एष सर्वाणि भूतानि पञ्चभिर्व्याप्य मूर्तिभिः ।
जन्मवृद्धिक्षयैर्नित्यं संसारयति चक्रवत् ॥ १२४ ॥

એ પરમાત્મા સર્વ ભૂતોને પંચમહાભૂતો વડે વ્યાપ્ત કરે છે અને નિત્ય ઉત્પત્તિ, સ્થિતિ તથા લય કરીને તેમને ચક્રની જેમ સંસારમાં ઘુમાવે છે. ૧૨૪

एवं यः सर्वभूतेषु पश्यत्यात्मानमात्मना ।
स सर्वसमतामेत्य ब्रह्माभ्येति परं पदम् ॥ १२५ ॥

આ રીતે જે માણસ પ્રાણીમાત્રને વિશે પોતાના આત્માએ કરીને પોતાનાજ આત્માને જુએ છે, તે સર્વને વિશે સમતા પામીને પરમપદરૂપ બ્રહ્મને પામે છે. ૧૨૫

મનુસ્મૃતિ ભણવાનું ફળ—

[ चतुर्वेदसमं पुण्यमस्य शास्त्रस्य धारणात् ।
भूयोवाप्यतिरिच्येत पापनिर्यातनं महत् ॥

આ શાસ્ત્રનું અધ્યયન કરવાથી ચાર વેદોનાં અધ્યયન જેટલું પુણ્ય મળે છે. વિશેષમાં આ છે કે, તેથી પાપનો પણ નાશ થાય છે. ]

इत्येतन्मानवं शास्त्रं भृगुप्रोक्तं पठन्द्विजः ।
भवत्याचारवान्नित्यं यथेष्टां प्राप्नुयाद्गतिम् ॥ १२६ ॥

ભૃગુએ કહેલા આ માનવશાસ્ત્રનો જે દ્વિજ પાઠ કરે છે, તે નિત્ય આચારસંપન્ન થાય છે અને ઇચ્છિત ગતિને પ્રાપ્ત કરે છે. ૧૨૬

[ मनुः स्वायंभुवो देवः सर्वशास्त्रार्थपारगः ।
तस्यास्यान्निर्गतं धर्मं विचार्य बहुविस्तरम् ॥

ये पठन्ति द्विजाः केचित्सर्वपापोपशान्तिदम् ।
ते गच्छन्ति परं स्थानं ब्रह्मणः सद्म शाश्वतम् ॥

સ્વયંભૂના પુત્ર મનુદેવ સર્વ શાસ્ત્રોના અર્થોના પારગામી હતા. તેમના મુખમાંથી નીકળેલા ખૂબ વિસ્તારવાળા અને સર્વ પાપોની શાંતિ કરનારા આ ધર્મશાસ્ત્રને જે કોઇ દ્વિજો વિચારપૂર્વક ભણે છે, ને પરમસ્થાનને—બ્રહ્મના સનાતન ધામને—પામે છે.]

**इतिश्री मानवधर्मशास्त्रे भृगुप्रोक्तायां संहितायां द्वादशोऽध्यायः ॥**

ઇતિશ્રી માનવધર્મશાસ્ત્રે ભૃગુકથિત સંહિતામા અધ્યાય ૧૨ મો સમાપ્ત

